
# ભાષ્યત્રિક - ભાવત્રિક


## ચૈત્યવંદન ભાષ્ય, ગુરુવંદન ભાષ્ય
## પચ્ચક્ખાણ ભાષ્ય આધારિત

ભાવ ગુરુવંદના





૨૪ દ્વાર =
૨૦૭૪ ઉત્તરદ્વાર

ભાવ ગુરુવંદના




૨૨ દ્વાર =
૪૯૨ ઉત્તરદ્વાર

ભાવ પચ્ચક્ખાણ




૯ દ્વાર = ૯૦ ઉત્તરદ્વાર

સંપાદક

પૂ. મુનિરાજશ્રીપુણ્યકીર્તિવિજય મ.સા.

॥ ટીંટોઈમંડન-શ્રીમુહરીપાર્શ્વનાથાય નમઃ ॥

॥ નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્ ॥

# ભાષ્યત્રિક-ભાવત્રિક

**ચૈત્યવંદનભાષ્ય-ગુરુવંદનભાષ્ય-પચ્ચક્ખાણભાષ્ય આધારિત**

**: દિવ્યકૃપા :**

દીક્ષાયુગપ્રવર્તક પૂજ્યપાદ આચાર્ય દેવેશ

શ્રીમદ્ વિજય **રામચંદ્ર સૂરીશ્વરજી** મહારાજા

સમતાનિધિ પૂ.મુનિરાજશ્રી **દર્શનભૂષણ** વિ.મ.સા.

**: સંપાદક :**

સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મ. સા. ના

શિષ્યરત્ન સમતાનિધિ પૂ.મુનિરાજશ્રી **દર્શનભૂષણ** વિ. મ. સા. ના

શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ. મુનિરાજશ્રી **દિવ્યકીર્તિ** વિ. મ. સા. ના શિષ્યરત્ન

પૂ.મુનિરાજશ્રી **પુણ્યકીર્તિ** વિજય મહારાજ સાહેબ

**: પ્રાપ્તિસ્થાન :**

*સન્માર્ગ પ્રકાશન*

શ્વે. મૂ. તપ. જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ,

અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન-ફેક્સ : ૫૩૫૨૦૭૨

Email : sanmargp@icenet.net

**ભાષ્યત્રિક-ભાવત્રિક**

**નકલ** : ૩૦૦૦

**પ્રથમાવૃત્તિ** : સંવત-૨૦૬૩

**મૂલ્ય** : રૂપિયા ૩૦/-

## આ પુસ્તકમાં આંશિક લાભ લેનાર

- **શ્રીયુત દીપચંદ છગનલાલ પરિવાર**

  સમતાનિધિ પૂ. મુનિરાજશ્રી **દર્શનભૂષણ** વિ.મ.સા.ના શિષ્ય પ્રશિષ્યરત્નો
  અમારા કુળદીપકો
  પ્રવચન પ્રભાવક પૂ.મુનિરાજ શ્રી **દિવ્યકીર્તિ** વિ.મ.સા. તથા
  તપસ્વી પૂ. મુનિરાજશ્રી **પુણ્યકીર્તિ** વિ.મ.સાના
  સંયમજીવનના ૨૫ વર્ષની પૂર્ણાહૂતિ તથા શ્રી જૈનશાસનના
  ગૌરવવંતા ગરિમા સંપન્ન શ્રી ગણિપદ ઉપર આરૂઢ થઈ રહ્યા છે તે નિમિત્તે

- **કુસુમબેન બાબુલાલ નાગરદાસ શાહ પટોસણવાળા**

- **એક સદ્‌ગૃહસ્થ**

: મુદ્રણ વ્યવસ્થા :

***સન્માર્ગ પ્રકાશન***

શ્વે. મૂ. તપ. જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન-ફેક્સ : ૫૩૫૨૦૭૨
Email : sanmargp@icenet.net

॥ ટીંટાઈમંડન-શ્રીમુહરીપાર્શ્વનાથાય નમઃ ॥

।। ज्ञानक्रियाभ्यां मोक्षः ।।

પરમાત્માનું શાસન સ્યાદ્વાદમય છે. આત્માના શુદ્ધિકરણ માટે જેટલી જ્ઞાનની જરૂર છે એટલી જ ક્રિયાની જરૂર છે અને ક્રિયાની જેમ જરૂર છે તેમ એટલી જ જ્ઞાનની પણ જરૂર છે. આ વાતને બરાબર સમજી લેવામાં આવે તો આપણું એક એક નાનું પણ અનુષ્ઠાન આત્માને લાભદાયી બને છે. આજના જમાનામાં કેટલાક ફક્ત જ્ઞાનને આગળ કરે છે તો કેટલાક ફક્ત ક્રિયાને આગળ કરે છે પણ આ બંને રથના બે પૈડા જેવા છે. બંને પૈડા ચાલે તો જ રથ આગળ ગતિ કરી શકે છે. એટલે બંનેનું મહત્વ છે.

જેમ એક આંધળો અને એક લંગડો બંને જંગલમાં આવી ગયા હોય અને ચારે બાજુ આગ લાગી હોય એક જ દિશા એવી છે કે ત્યાંથી ભાગી જવામાં આવે તો બચી શકાય. લંગડો જોઈ શકે કે કઈ દિશામાં ભાગી જઈએ તો બચી જવાય પણ દોડવા માટે પગ નથી. આંધળા પાસે પગ છે એટલે દોડી શકે છે પણ કઈ દિશામાં ભાગી જઉં તો બચી જવાય એ જાણતો નથી અને ગમે તે દિશામાં ભાગે તો આગમાં ભડથું થઈ જાય. આ બંને સ્વતંત્ર રીતે બચવા માટે અશક્તિમાન છે. બચવાનો ઉપાય એક છે કે આંધળો વ્યક્તિ લંગડાને ખભા પર બેસાડી તે જે દિશા બતાવે તે પ્રમાણે ચાલી જાય તો બંને બચી શકે.

લંગડો જ્ઞાનશક્તિ સહિત છે પણ ક્રિયાશક્તિ રહિત છે અને આંધળો ક્રિયાશક્તિ સહિત છે પણ જ્ઞાનશક્તિ રહિત છે એટલે બંને ભેગા થાય તો ઇચ્છિત સ્થાને પહોંચી શકે. એવી રીતે જ્ઞાન અને ક્રિયા બંને ભેગા મળી મોક્ષ આપવા સમર્થ છે.

જૈન કુળમાં જન્મેલ આત્મા ત્રણ લોકના નાથ દેવાધિદેવના દર્શન-પૂજાની ક્રિયામાં જોડાય છે પણ તે દર્શન-પૂજા શા માટે અને કેવી રીતે કરવાના તે જ્ઞાનથી રહિત હોય તો તે ક્રિયા તેને જોઈએ તેવો લાભ કરનારી બનતી નથી માટે પૂજાદિ ક્રિયામાં ૧-૨ કલાકનો સમય આપવા છતાં કેવી વિધિથી પૂજા કે ચૈત્યવંદન કરવું જોઈએ એનો ખ્યાલ ન હોય તો સુંદર ભાવ પણ આવતો નથી માટે દર્શન - અષ્ટપ્રકારીપૂજા - નવાંગપૂજા - ચૈત્યવંદન વગેરે વિધિ કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન ભવ્યજીવોને મળે તે માટે ૨૪દ્વાર અને ૨૦૭૪ ઉત્તરદ્વાર બતાવ્યા છે.

જૈનકુળમાં જન્મેલ વ્યક્તિને પંચ મહાવ્રતધારી, નિગ્રંથ એવા સદ્ગુરુ જન્મથી મળેલ છે. એમનો વિનય કરવા માટે વંદનવિધિ છે. "ગુરુ વિના જ્ઞાન નથી" એ ઉક્તિથી પણ જ્ઞાન માટે વિનય આવશ્યક છે. જ્ઞાન સમ્યગ્ બને માટે સુગુરુ પાસે ભણવું જરૂરી છે. એટલે વંદનીક-અવંદનીક સાધુના ભેદ બતાવી કેવી રીતે ક્યારે

વંદન કરવું ? ક્યારે ન કરવું વગેરે માહિતિ પણ ૨૨ દ્વાર અને ૪૯૨ ઉત્તરદ્વાર દ્વારા ગુરુવંદન ભાષ્યમાં મળશે.

ગુરુ પાસેથી જે જ્ઞાન મળ્યું તેનું ફળ વિરતિ છે અને એ વિરતિ પચ્ચક્ખાણને આધારિત છે. વિરતિ એ ધર્મ છે એટલે ધર્મ પચ્ચક્ખાણને આધારિત છે એ પચ્ચક્ખાણ કેટલા પ્રકારના છે ? કેવી રીતે લેવા ? વિગઈ કોને કહેવાય ? નીવિયાતા કેવી રીતે થાય ? આગારના અર્થ શું ? પચ્ચક્ખાણ શુદ્ધ ક્યારે થાય ? વગેરે ૯ દ્વાર અને ૯૦ ઉત્તરદ્વાર દ્વારા પચ્ચક્ખાણ ભાષ્યમાં મળશે.

આ પ્રમાણે ત્રણ ભાષ્ય દેવ-ગુરુ-ધર્મ સ્વરૂપ તત્ત્વત્રયીની આરાધના કેવી રીતે કરવી તેનું સૂચક છે. તત્ત્વત્રયી એ આરાધનાનો સાર છે.

આ તત્ત્વત્રયીની સાધના કરી તેને આત્મસાત્ કરી આત્મતત્ત્વને શુદ્ધ કરી મુક્તિને નજીક બનાવો એ જ સદાની શુભાભિલાષા....

**મુનિ પુણ્યકીર્તિ વિ.**
**ચૈત્ર સુદ-૧૦ કલિકુંડ**

# વિષયાનુક્રમ

## ભાવ ચૈત્યવંદના


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ચૈત્ય વંદનાના ૨૪ દ્વાર-૨૦૭૪ ઉત્તરદ્વાર | ૧ |
| ૨ | દશત્રિક | ૧-૫ |
| ૩ | પાંચ અભિગમ-બે દિશા-ત્રણ અવગ્રહ-ત્રણ વંદન | ૬-૭ |
| ૪ | પ્રતિપાત નમસ્કાર | ૮ |
| ૫ | ચૈત્યવંદન સૂત્રના વર્ણ-પદ-સંપદા | ૮-૧૬ |
| ૬ | પાંચ દંડકના નામ | ૧૭ |
| ૭ | ૧૨ અધિકાર | ૧૭-૨૦ |
| ૮ | ચાર વંદનીય-ચાર સ્મરણીય | ૨૧ |
| ૯ | ચાર પ્રકારના જિન-ચાર થોય | ૨૨-૨૩ |
| ૧૦ | ચૈત્યવંદન કરવાના ૮ નિમિત્ત ૧૨ હેતુ | ૨૩-૨૪ |
| ૧૧ | કાયોત્સર્ગના ૧૬ આગાર-૧૯ દોષ | ૨૪-૨૬ |
| ૧૨ | કાયોત્સર્ગના કાળનું પ્રમાણ - સ્તવન | ૨૭ |
| ૧૩ | સાત વાર ચૈત્યવંદન | ૨૮ |
| ૧૪ | દેરાસરની ૧૦ મોટી આશાતના | ૨૮-૨૯ |
| ૧૫ | ચૈત્યવંદન ભાષ્ય મૂળ ગાથા અને અર્થ | ૩૦-૪૪ |
| ૧૬ | પૂજા વિધિ - પ્રદક્ષિણાના દુહા | ૪૪-૪૬ |
| ૧૭ | અષ્ટ પ્રકારી પૂજાના દુહા તથા અર્થ<br>નવ અંગના પૂજાના દુહા તથા અર્થ | ૪૭-૫૫ |
| ૧૮ | ચૈત્યવંદન વિધિ | ૫૬-૬૧ |
| ૧૯ | સવારના પચ્ચક્ખાણો | ૬૨-૬૩ |


## ભાવ ગુરુવંદના


| | | |
|---|---|---|
| ૨૦ | ગુરુવંદનના પ્રકાર - ઇચ્છકાર સુહરાઈ<br>તથા અબ્ભુટ્ઠિઓ સૂત્ર અર્થ સહિત | ૬૪-૬૬ |
| ૨૧ | ગુરુવંદન ૨૨ દ્વાર ૪૯૨ ઉત્તરદ્વાર | ૬૭-૬૮ |
| ૨૨ | ગુરુવંદનના પાંચ નામ - પાંચ ઉદાહરણ | ૬૯-૭૨ |

| | | |
|---|---|---|
| ૨૩ | પાંચ અવંદનીક પાંચ વંદનીક | ૭૩-૭૪ |
| ૨૪ | ચાર પાસે વંદના ન કરાવવી ચારે વંદના કરવી | ૭૫ |
| ૨૫ | વંદનના ૫ નિષેધ સ્થાન અને ૪ અનિષેધ સ્થાન | ૭૫-૭૬ |
| ૨૬ | વંદન કરવાના ૮ કારણો | ૭૬ |
| ૨૭ | વંદનના ૨૫ આવશ્યક વાંદણા સૂત્ર-અર્થ સહિત | ૭૬-૮૧ |
| ૨૮ | મુહપત્તિની ૨૫ પડિલેહણા | ૮૧-૮૩ |
| ૨૯ | શરીરની ૨૫ પડિલેહણા | ૮૪-૮૫ |
| ૩૦ | વંદનના ૩૨ દોષ | ૮૫-૮૯ |
| ૩૧ | વંદન કરવાથી છ ગુણ | ૮૯ |
| ૩૨ | ગુરુની સ્થાપના | ૮૯-૯૦ |
| ૩૩ | બે પ્રકારનો અવગ્રહ | ૯૦ |
| ૩૪ | ગુરુવંદન સૂત્રના અક્ષર અને પદ | ૯૦-૯૧ |
| ૩૫ | વંદન કરનાર અને ગુરુના ૬ સ્થાન અને વચન | ૯૧-૯૨ |
| ૩૬ | ગુરુની ૩૩ આશાતના | ૯૩-૯૬ |
| ૩૭ | ગુરુવંદનની બે વિધિ | ૯૬-૯૮ |
| ૩૮ | ગુરુવંદન ભાષ્ય મૂળ ગાથા અર્થ | ૯૯-૧૦૬ |

## ભાવ પચ્ચક્ખાણ

| | | |
|---|---|---|
| ૩૯ | પચ્ચક્ખાણના નવ દ્વાર-૯૦ ઉત્તર દ્વાર | ૧૦૭ |
| ૪૦ | દશ પચ્ચક્ખાણ | ૧૦૭-૧૧૨ |
| ૪૧ | ૪ પ્રકારની ઉચ્ચાર વિધિ | ૧૧૨-૧૧૮ |
| ૪૨ | ચાર પ્રકારનો આહાર | ૧૧૯-૧૨૨ |
| ૪૩ | ૨૨ આગાર | ૧૨૩-૧૩૬ |
| ૪૪ | દશ વિગઈ | ૧૩૬-૧૩૭ |
| ૪૫ | ત્રીશ નીવિયાતાં | ૧૩૭-૧૪૬ |
| ૪૬ | બે ભાંગા | ૧૪૬-૧૪૯ |
| ૪૭ | છ પ્રકારની શુદ્ધિ | ૧૫૦-૧૫૧ |
| ૪૮ | ફળ | ૧૫૨-૧૫૭ |
| ૪૯ | પચ્ચક્ખાણ ભાષ્ય મૂળગાથા અર્થ | ૧૫૮-૧૭૧ |
| ૫૦ | પ્રશ્નોત્તરી | ૧૭૨-૧૮૦ |
| ૫૧ | આપણે કરી શકીએ તેવા નિયમો | ૧૮૦-૧૮૧ |



જૈન શાસનશિરતાજ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન



પરમ પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનભૂષણવિજયજી મ.

।। टीण्टोईमण्डन-श्रीमुहरीपार्श्वनाथाय नमः ।।

।। श्रीमद्विजयदान-प्रेम-रामचन्द्र-दर्शनभूषणविजयसद्गुरुभ्यो नमः ।।

# ભાવ ચૈત્યવંદના

વંદન કરવા યોગ્ય સર્વજ્ઞ ભગવંતાદિ સર્વેને વંદન કરીને ઘણી વૃત્તિ, (ટીકા) ભાષ્ય અને ચૂર્ણિ રૂપ શ્રુતજ્ઞાનને અનુસારે ચૈત્યવંદનાદિ સુવિચારને કહીશ.

ભાવ ચૈત્યવંદન કરવા માટે પૂ.આ. દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ 'ચૈત્યવંદન ભાષ્ય' સૂત્રમાં ૨૪ દ્વારો બતાવ્યા છે અને તેના ઉત્તરભેદ ૨૦૭૪ બતાવ્યાં છે તે સમજીને ક્રિયા કરવામાં આવે તો ચૈત્યવંદન ભાવ ચૈત્યવંદન બને છે. તે દ્વારો નીચે મુજબ છે.

(૧) દશ ત્રિક [૩૦] (૨) પાંચ અભિગમ [૫] (૩) બે દિશા [૨] (૪) ત્રણ અવગ્રહ [૩] (૫) ત્રણ વંદન [૩] (૬) પ્રણિપાત [૧] (૭) નમસ્કાર [૧] (૮) વર્ણ [૧૬૪૭] (૯) પદ [૧૮૧] (૧૦) સંપદા [૯૭] (૧૧) દંડક [૫] (૧૨) અધિકાર [૧૨] (૧૩) વંદન કરવા યોગ્ય [૪] (૧૪) સ્મરણ કરવા યોગ્ય [૧] (૧૫) ચાર જિન [૪] (૧૬) થોય [૪] (૧૭) નિમિત્ત [૮] (૧૮) હેતુ [૧૨] (૧૯) આગાર [૧૬] (૨૦) કાયોત્સર્ગ દોષ [૧૯] (૨૧) કાયોત્સર્ગ પ્રમાણ [૧] (૨૨) સ્તવન [૧] (૨૩) સાત વાર [૭] (૨૪) આશાતના [૧૦]

૩૦+૫+૨+૩+૩+૧+૧+૧૬૪૭+૧૮૧+૯૭+૫+૧૨+૪+૧+૪+૪+૮+૧૨ +૧૬+૧૯+૧+૧+૭+૧૦=૨૦૭૪

## (૧) દશ ત્રિક [૧] નિસીહિત્રિક : ત્રણ નિસીહિ [૩૦]

(૧) પ્રથમ નિસીહિ જિનાલયના અગ્રદ્વાર એટલે મુખ્યદ્વારમાં પ્રવેશ કરતી વખતે બોલાય છે. તે ઘર, દુકાનાદિ સંસારના વ્યાપારનો મન-વચન-કાયાથી

ત્યાગ સૂચવે છે. અહીં જિનાલયની વ્યવસ્થા અને વહીવટ સંબંધી વાત કરવાની છૂટ રહે છે.

(૨) બીજી નિસીહિ ગભારામાં પ્રવેશ કરતાં બોલવાની છે. જેમાં જિનાલય સંબંધી વ્યાપારનો પણ ત્યાગ થાય છે. હવે પોતે અને ભગવાન બે એકલા છે એમ ચિંતવી પરમાત્માની અંગપૂજા દ્વારા પરમાત્માના ગુણોમાં ઓતપ્રોત બનવાનું છે.

એ પરમાત્માના ગુણોમાં ઓતપ્રોત થવા માટે પાના નં. ૪૭ ઉપરના અષ્ટપ્રકારી પૂજાના. દુહા અને અર્થ ચિંતવી પ્રભુ પૂજા કરવી.

(૩) ત્રીજી નિસીહિ દ્રવ્યપૂજા પૂર્ણ કર્યા બાદ એટલે ધૂપ-દીપ-અક્ષતાદિ, ચામર, દર્પણાદિ પૂજા કર્યા બાદ ચૈત્યવંદન કરતા પહેલાં ત્રીજી નિસીહિ બોલી દ્રવ્યપૂજાનો ત્યાગ કરવાનો છે.

**[૨] પ્રદક્ષિણાત્રિક :**

ભગવાનના ગભારાની ચારે બાજુ ભમતીમાં અથવા ભગવાનની ચારે બાજુ ૩ વાર પ્રદક્ષિણાવર્ત (ભગવાનની જમણી બાજુએથી શરૂ કરી ભગવાન હંમેશાં જમણા હાથે રહે તે રીતે ફરવું) તે જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિની સૂચક છે. તે પ્રદક્ષિણાના દુહા તથા તેના અર્થનું ચિંતન પાના નં. ૪૫-૪૬ ઉપર જોવું.

**[૩] પ્રણામત્રિક :**

**૧. અંજલિ સહિત પ્રણામ ૨. અર્ધાવનત પ્રણામ ૩. પંચાંગ પ્રણામ.**

૧. જિનાલયમાં મુખ્ય દ્વારે પ્રવેશ કરી નિસીહિ બોલી જ્યાં પરમાત્માના બિંબના દર્શન થાય ત્યાં અંજલિ જોડી "નમો જિણાણં" કહી પ્રણામ કરવા.

૨. પ્રદક્ષિણા કરી કેડ સુધી નમી પરમાત્માને પ્રણામ કરવા તે અર્ધાવનત પ્રણામ કહેવાય છે. તે પછી સ્તુતિ કહેવી.

૩. ચૈત્યવંદન કરતાં પહેલાં ખમાસમણ દેવા તે પંચાંગ પ્રણામ છે.

**[૪] પૂજાત્રિક :**

**૧. અંગપૂજા :** જલ-ચંદન-પુષ્પપૂજા-જે પરમાત્માના અંગ ઉપર થાય છે.

**૨. અગ્રપૂજા :** ધૂપ દીપ અક્ષત નૈવેદ્ય ફળ જે પરમાત્માની આગળ કરવામાં આવે છે.

**૩. ભાવપૂજા :** પ્રભુની આગળ ચૈત્યવંદન કરવું તે.

**[૫] અવસ્થાત્રિક :**

**૧. પિંડસ્થ અવસ્થા** - ભગવાનની છદ્મસ્થ અવસ્થા ચિંતવવી. એના ત્રણ ભેદ છે.

**(૧) જન્મ અવસ્થા** : પ્રભુપ્રતિમાનું જે પરિકર હોય છે તે પરિકરમાં પ્રભુના મસ્તક ઉપર હાથી ઉપર બેઠેલા અને હાથમાં કળશો લઈને દેવો પ્રભુને અભિષેક કરતા હોય છે, તેનું ધ્યાન કરી જન્મ અવસ્થા ભાવવી. કારણ કે જન્મ વખતે દેવો તથા ૬૪ ઇન્દ્રો મેરુ પર્વત ઉપર પ્રભુને લઈ જઈ મોટા કળશોમાં અનેક તીર્થનાં જળ ભરી પ્રભુનો જન્માભિષેક કરે છે.

**(૨) રાજ્ય અવસ્થા :** પાષાણના પરિકરમાં કોતરેલા માલાધારી દેવોનું ધ્યાન કરી રાજ્ય અવસ્થા ભાવવી. પ્રભુ નીરાગપણે રાજ્ય પદ ગ્રહણ કરે છે. પુષ્પમાળાએ રાજભૂષણ છે. પુષ્પમાળા શબ્દથી આભરણો એ પણ રાજભૂષણ છે.

**(૩) શ્રમણ અવસ્થા :** પ્રતિમાજીનું મસ્તક અને મુખ એટલે દાઢી મૂછનો ભાગ કેશરહિત હોય છે તેનું ધ્યાન કરી શ્રમણ અવસ્થા ભાવવી. પ્રભુ જ્યારે દીક્ષા ગ્રહણ કરે ત્યારે પંચમુષ્ટિ લોચ કરે છે.

**૨. પદસ્થ અવસ્થા :** પાષાણના પ્રતિમા ઉપર ૧. કળશધારી દેવની બે બાજુએ કોતરેલાં પાંદડાનો આકાર તે **અશોકવૃક્ષ.** ૨. માલાને ધારણ કરનાર દેવ વડે પુષ્પની વૃષ્ટિ થાય છે તે **પુષ્પવૃષ્ટિ** ૩. વીણા અને વાંસળી વગાડતા દેવોના **દિવ્યધ્વનિ** ૪. પ્રતિમાજીના મસ્તક પાછળના ભાગમાં રહેલું તેજની રાશિ સૂચવતું **ભામંડલ.** ૫. ત્રણ છત્ર ઉપર ભેરી વગાડતા દેવો તે **દેવદુંદુભિ.** ૬ બે ચામર વીંજતા બે દેવ તે **ચામર** ૭. સિંહના આકારવાળું બેસવાનું આસન તે **સિંહાસન.** ૮. **ત્રણ છત્ર** (મસ્તક ઉપર મોટું તેનાથી ઉપર એનાથી નાનું તેની ઉપર સૌથી નાનું) એ આઠ પ્રાતિહાર્યને ધ્યાનમાં લઈ પરમાત્માની પદસ્થ અવસ્થા એટલે કેવલી અવસ્થા ભાવવી.

**૩. રૂપાતીત અવસ્થા :** બે જમણી જંઘાઓમાં ડાબો પગ સ્થાપવો અને બે ડાબી જંઘાઓમાં જમણો પગ સ્થાપવો તે પર્યંકાસન. પ્રભુ પર્યંકાસને અથવા કાઉસ્સગ્ગ મુદ્રામાં મોક્ષે જાય છે એટલે તેવા બંને આકારવાળી પ્રભુની પ્રતિમા હોય છે તેનું ધ્યાન કરી રૂપાતીત અવસ્થા એટલે સિદ્ધત્વ અવસ્થા ભાવવી.

**[૬] દિશા નિરીક્ષણ વિરતિત્રિક :**

ત્રણ દિશામાં જોવાનો ત્યાગ. તે બે રીતે છે.

૧. પ્રભુની સન્મુખ દૃષ્ટિ રાખવી. ઉપર, નીચે અને આડી એ ત્રણ દિશામાં જોવાનો ત્યાગ કરવો.

૨. જમણી તથા ડાબી બાજુ અને પાછળ એમ ત્રણ દિશામાં જોવાનો ત્યાગ.

**[૭] પદભૂમિપ્રમાર્જનત્રિક :**

જે ભૂમિ ઉપર બેસીને તેમ જ ઉભા રહીને ચૈત્યવંદન કરવાનું હોય ત્યાં કોઈપણ ત્રસ જીવની હિંસા ન થાય તે માટે વસ્ત્રાદિથી ત્રણવાર પ્રમાર્જન (સાફ કરી) કરી જીવરહિત કરવી. ગૃહસ્થ ખેસથી, પૌષધવાળા ચરવળાથી અને સાધુ ભગવંતો રજોહરણથી પ્રમાર્જન કરે.

**[૮] વર્ણત્રિક :**

**૧. વર્ણાલંબન :** ચૈત્યવંદન સૂત્રના અક્ષરો અતિસ્પષ્ટ, શુદ્ધ, સ્વર તથા વ્યંજનના ભેદ સહિત સમજાય તેમ, શબ્દો છૂટા છૂટા સમજાય તથા સંપદાઓ સમજી શકાય તેવી રીતે ઉચિત ધ્વનિપૂર્વક એટલે બહુ મોટા સ્વરે તેમ જ બહુ મંદ સ્વરે નહિ તે રીતે બોલવા. તે વર્ણ આલંબન અથવા સૂત્ર આલંબન.

**૨. અર્થ આલંબન :** સૂત્રો બોલતી વખતે તેના અર્થ પોતાના જ્ઞાનને અનુસારે વિચારવા તે અર્થ આલંબન.

**૩. પ્રતિમાદિ આલંબન :** સૂત્રોના અર્થમાં આવતા ભાવાદિ અરિહંતનું સ્મરણ કરવું તેમ જ જે પ્રતિમા આગળ ચૈત્યવંદન કરીએ તેમનું પણ આલંબન લેવું એટલે તે સ્મૃતિ બહાર ન થવા જોઈએ એ પ્રમાણે ભાવ અરિહંત અને સ્થાપના અરિહંતમાં ઉપયોગ રાખવો તે પ્રતિમાદિ આલંબન છે.

**[૯] મુદ્રાત્રિક :**

**૧. યોગમુદ્રા :** બે હથેળીઓને કમળના ડોળાના આકારે ભેગી મેળવી ડાબા હાથની આંગળીઓ જમણા હાથની આંગળીઓમાં એવી રીતે અંતરિત કરવી એટલે કે ભરાવવી કે જેથી ડાબો અને જમણો અંગુઠો સામસામે રહે અને ડાબા હાથની તર્જની આંગળી જમણા હાથની તર્જની અને મધ્યમા આંગળીની વચ્ચે રહે એટલે કે જમણા હાથની તર્જની આંગળી ઉપર રહે પછી ડાબા હાથની તર્જની, પછી જમણા હાથની મધ્યમા પછી ડાબા હાથની મધ્યમા આંગળી રહે તે રીતે ક્રમસર ગોઠવવી. તથા બંને હાથના કાંડાથી કોણી સુધીના ભેગા કરી કોણીને પેટ ઉપર સ્થાપન કરવી તે. હથેળીઓનો રચેલો કોશાકાર નમાવેલા મસ્તકથી કંઈક દૂર રાખવો. આ મુદ્રા

ઉભા રહેતાં તેમ જ બેઠા પણ કરવાની હોય છે. યોગ એટલે બે હાથનો સંયોગ અથવા યોગ એટલે સમાધિ, તેની મુખ્યતાવાળી યોગમુદ્રા વિઘ્નવિશેષને દૂર કરનારી છે.

**૨. જિનમુદ્રા :** જે મુદ્રામાં બે પગનો આગળનો ભાગ ચાર અંગુલ અંતરવાળો રહે અને પાછલો ભાગ તેથી ઓછા અંતરવાળો રહે તે જિનમુદ્રા. કાઉસ્સગ્ગ વગેરેમાં ઉભા રહેતી વખતે પગ એવી રીતે રાખવા કે જેથી અંગુલીઓ તરફના આગળના બે ભાગ વચ્ચે ચાર આંગળનું અંતર રહે અને પાછળનો ભાગ એટલે બે એડીઓ પરસ્પર ચાર આંગળથી ઓછી રહે. કાઉસ્સગ્ગ કરતાં જિનેશ્વરની જે મુદ્રા તે જિનમુદ્રા અથવા જિન એટલે વિઘ્નોને જીતનારી મુદ્રા તે જિનમુદ્રા.

**૩. મુક્તાશુક્તિમુદ્રા :** મુક્તા એટલે મોતી અને શુક્તિ એટલે ઉત્પત્તિ સ્થાન = મોતીના ઉત્પત્તિ સ્થાન, છીપ જેવી મુદ્રા તે મુક્તાશુક્તિ મુદ્રા. જે મુદ્રામાં બંને હાથ સમ-સરખા અને ગર્ભિત એટલે મધ્યમાં ઉન્નત રાખ્યા હોય તેવા બંને હાથ કપાળે લગાડ્યા હોય તે મુક્તાશુક્તિમુદ્રા. આ મુદ્રામાં બંને હથેળીને સમ એટલે આંગળીઓને પરસ્પર અંતરિત કર્યા વિના રાખવાના હોય છે. તેવી રીતે સમસ્થિતિમાં રહેલી હથેળીને ગર્ભિત કરવી એટલે હથેળી અંદરથી પોલાણવાળી રહે તેવી રીતે કાચબાની પીઠની જેમ મધ્યભાગમાં ઉન્નત રાખવી, પરંતુ ચિપકાવેલી ન રાખવી. એવી સ્થિતિવાળી બે હથેળીને કરી તેને કપાળે લગાડવી તે મુક્તાશુક્તિમુદ્રા.

**ત્રણ મુદ્રાઓ વિષે :** યોગમુદ્રા અને મુક્તાશુક્તિમુદ્રા એ બે હાથની મુદ્રા છે અને જિનમુદ્રા તે પગની મુદ્રા છે.

ખમાસમણ અને સ્તવનપાઠ યોગમુદ્રા વડે બોલાય છે. તથા અરિહંત ચેઈઆણં૦, તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ તથા દંડક સૂત્ર - ૧. નમુત્થુણં (શક્રસ્તવ) ૨. અરિહંત ચેઈઆણં. [ચૈત્યસ્તવ] ૩. લોગસ્સ [નામસ્તવ] ૪. પુક્ખરવરદ્દી [શ્રુતસ્તવ] ૫. સિદ્ધાણં બુદ્ધાણં [સિદ્ધસ્તવ] ઇરિયાવહિયં, થોય-જોડા એ સર્વે હાથની યોગમુદ્રા અને પગની જિનમુદ્રા યુક્ત કહેવા. જ્યારે પ્રણિધાન સૂત્ર જાવંતિ ચેઈઆઈ, જાવંત કે વિ સાહૂ અને જય વીયરાય સૂત્રો મુક્તાશુક્તિ મુદ્રા વડે કહેવાય છે.

### [૧૦] પ્રણિધાનત્રિક :

ત્રણે લોકમાં રહેલા ચૈત્યોને નમસ્કાર રૂપ ચૈત્યવંદન સ્વરૂપ 'જાવંતિ ચેઈઆઇં' અઢી દ્વીપમાં રહેલ સાધુઓને નમસ્કાર રૂપ મુનિવંદન સ્વરૂપ 'જાવંત કે વિ સાહૂ' અને ભવ વૈરાગ્ય આદિ ૯ વસ્તુની પ્રાર્થનાસ્વરૂપ 'જય વીયરાય' સૂત્ર એ ત્રણ સૂત્રને પ્રણિધાનસૂત્ર કહેવાય છે તે પ્રણિધાનત્રિક.

અથવા મન-વચન-કાયાની એકાગ્રતા એ પ્રણિધાનત્રિક છે.

**૨. અભિગમ પંચક :** **૧. સચિત્ત દ્રવ્યનો ત્યાગ :** પોતાના સૂંઘવાના ફૂલ અથવા પહેરેલી ફૂલની માળા આદિ, સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરી દેરાસરમાં પ્રવેશ કરવો.

**૨. અચિત્તનો અત્યાગ**[1] : આભૂષણ, વસ્ત્ર અને નાણા આદિ સહિત પ્રભુના દર્શન કરવા જવું.

**૩. મનની એકાગ્રતા :** દેરાસરની દરેક વિધિમાં મનની એકાગ્રતા રાખવી.

**૪. ઉત્તરાસંગ**[2] **:** બંને છેડે દશીવાળુ અને સાંધા વગરનું અખંડ ઉત્તરાસંગ (ખેસ) રાખવું.

**૫ અંજલિપૂર્વક પ્રણામ**[3] : પ્રભુના દર્શન થતાં જ 'નમો જિણાણં' કહી અંજલિપૂર્વક મસ્તકે પ્રણામ કરવો.

આ પાંચ અભિગમ પ્રભુ પાસે જતાં સાચવવા અથવા દર્શન કરવા આવનાર રાજા વગેરે હોય તો તલવાર-છત્ર-મોજડી-મુકુટ અને ચામર એ પાંચ રાજચિહ્નો છોડીને દેરાસરમાં પ્રવેશ કરવો. દેવાધિદેવ આગળ પોતાનું રાજાપણું બતાવવું તે અત્યંત અવિનય છે. પ્રભુ પાસે સેવક ભાવ દર્શાવવાનો છે.

**૩. બે દિશા :** પુરુષોએ જિનેશ્વરની જમણી બાજુ રહી અને સ્ત્રીઓ જિનેશ્વરની ડાબી બાજુ રહી દર્શન વંદન કરે, એટલે કે પુરુષો પોતાની ડાબી બાજુ અને બહેનો પોતાની જમણી બાજુ ઉભા રહી પરમાત્માના દર્શન-વંદનાદિ કરે.

**૪. ત્રણ અવગ્રહ :** અવગ્રહ ત્રણ પ્રકારના છે. (૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ - અવગ્રહ એટલે જગા - અંતર, પરમાત્માના દર્શન ચૈત્યવંદન કરતી વખતે

---

૧. પોતાની ખાવાની પીવાની અને સૂંઘવાની ચીજો અચિત્ત હોય તો પણ પ્રભુની દૃષ્ટિ ન પડે તે રીતે દેરાસરની બહાર ત્યાગ કરી પ્રવેશ કરવો જો દૃષ્ટિ પડી હોય તો તે ચીજો ઉપયોગમાં લઈ શકાય નહિ એવી પ્રાચીન આચરણા - પ્રભુનો વિનય સાચવવા રૂપ છે.

૨. આ વિધિ અંગપૂજા તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરનાર માટે છે, છતાં બીજા પુરુષે પણ પાઘડી અને ખેસ સહિત પ્રભુ પાસે જવું નહિતર અવિનય ગણાય. પૂજા વખતે પુરુષે ૨ વસ્ત્ર અને સ્ત્રીએ જઘન્યથી ૩ વસ્ત્ર રાખવા.

૩. સ્ત્રીઓએ અંજલિ જોડી મસ્તક નમાવવું પણ અંજલિ સહ હાથ ઉંચા કરી મસ્તકે લગાવવા નહિ. તેમ જ સ્ત્રીઓ વસ્ત્રાવૃત્ત અંગવાળી જ હોય એટલે ૪થા અને ૫મા અભિગમનો યથાયોગ્ય નિષેધ જાણવો.

પરમાત્મા અને આપણા વચ્ચે ઓછામાં ઓછું ૯ હાથનું અંતર રહેવું જોઈએ તે જઘન્ય અવગ્રહ અને ૬૦ હાથનું અંતર રહે તે ઉત્કૃષ્ટ અવગ્રહ છે. ૧૦ હાથથી માંડીને ૫૯ હાથ સુધીનું અંતર રહે તે મધ્યમ અવગ્રહ જાણવો. દહેરાસર ઘણું નાનું હોય તો ૯ હાથથી પણ ઓછું અંતર રહે તે કારણથી બીજા આચાર્યોએ ૧૨ પ્રકારના અવગ્રહ પણ જણાવ્યા છે તે આ પ્રમાણે ૦॥-૧-૨-૩-૯-૧૦-૧૫-૧૭-૩૦-૪૦-૫૦-૬૦ હાથ. પ્રભુને પોતાના ઉચ્છ્વાસાદિ ન લાગે તે પ્રમાણે વર્તવું.

**૫. ત્રણ વંદન :** ચૈત્યવંદના ત્રણ પ્રકારની છે. (૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ

**[૧] જઘન્ય :** એક નમસ્કાર વડે જઘન્ય ચૈત્યવંદના થાય. એ જઘન્ય ચૈત્યવંદના પાંચ પ્રકારે થાય છે. (૧) અંજલિબદ્ધ પ્રણામ વડે (૨) 'નમો જિણાંણ' એક પદ રૂપ નમસ્કાર વડે (૩) એક શ્લોક વડે (૪) ૧૦૮ સુધીના ઘણા શ્લોકો વડે (૫) એક નમુત્થુણં સ્વરૂપ નમસ્કાર વડે.

**[૨] મધ્યમ :** મધ્યમ ચૈત્યવંદન દંડક અને સ્તુતિ રૂપ યુગલ વડે થાય છે આ ચૈત્યવંદના ત્રણ પ્રકારે થાય છે.

(૧) દંડક એટલે અરિહંત ચેઈઆણં અને સ્તુતિ એટલે અન્નત્થ કહી ૧ નવકારનો કાઉસ્સગ્ગ પાર્યા પછી કહેવાતી એક થોય તે દંડક અને સ્તુતિ.

(૨) યુગલ શબ્દ બંને સાથે જોડવાથી બીજો અર્થ થાય છે. એટલે બે દંડક અને બે સ્તુતિ... શક્રસ્તવ અને ચૈત્યસ્તવ એ બે દંડક તથા અધ્રુવ સ્તુતિ તથા ધ્રુવસ્તુતિ તે ચૈત્યસંબંધિ પ્રથમ થોય તે અધ્રુવસ્તુતિ અને 'લોગસ્સ' ઇત્યાદિ ૨૪ પ્રભુના નામની ઉચ્ચારવાળી સ્તુતિ તે ધ્રુવ સ્તુતિ એ પ્રમાણે બે દંડક અને બે સ્તુતિ વડે મધ્યમ ચૈત્યવંદન.

(૩) દંડ-થુઈ-જુઅલા નો ત્રીજો અર્થ દંડ એટલે નમુત્થુણં-ચૈત્યસ્તવ (અરિહંત-ચેઈઆણં) નામસ્તવ-લોગસ્સ-શ્રુતસ્તવ-પુક્ખરવરદી-સિદ્ધસ્તવ એ પાંચ દંડક તથા ચાર થોયનો એક જોડો તે સ્તુતિયુગલ. આ પ્રમાણે જે ચૈત્યવંદનમાં પાંચ દંડક અને ચાર થોયનો જોડો હોય તે મધ્યમ ચૈત્યવંદન જાણવું.

**[૩] ઉત્કૃષ્ટ ચૈત્યવંદન :** પાંચ દંડક અને સ્તુતિચતુષ્ક વડે એટલે સિદ્ધાંતની પરિભાષા પ્રમાણે ૪ સ્તુતિ, પરંતુ રૂઢ ગણત્રી પ્રમાણે ૮ થોય વડે તેમ જ સ્તવન-જાવંતિ ચેઈઆઇં-જાવંત કે વિ સાહૂ અને જય વીયરાય વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે.

અન્ય આચાર્યોના મતે એક શક્રસ્તવ - નમુત્થુણં વડે જઘન્ય ચૈત્યવંદન, બે તથા

ત્રણ શક્રસ્તવ - નમુત્થુણં વડે મધ્યમ ચૈત્યવંદન, ચાર અથવા પાંચ શક્રસ્તવ - નમુત્થુણં વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે.

**૬. પ્રણિપાત :** પ્રણિપાત એટલે કાયિક નમસ્કાર અને તે પાંચ અંગ વડે નમસ્કાર કરવો તે પંચાંગ પ્રણિપાત કહેવાય છે.

૨. ઢીંચણ - ૨ હાથ અને મસ્તક એ પાંચ અંગને ભૂમિ ઉપર લગાડવા રૂપ 'ઇચ્છામિ ખમાસમણો' સૂત્રથી બતાવેલ છે.

**૭. નમસ્કાર :** અતિ મોટા અર્થવાળા ૧-૨-૩ યાવત્ ૧૦૮ સુધીના વાચિક નમસ્કાર તે પ્રભુના ગુણોની પ્રશંસા રૂપ ગંભીર અને પ્રશસ્ત-શ્રેષ્ઠ અર્થવાળા શ્લોકથી સ્તુતિ કરવી તે.

**૮. વર્ણ :** ચૈત્યવંદનમાં આવતા સૂત્રોના વર્ણો નીચે મુજબ છે.

(૧) નવકાર - ૬૮ (૨) ખમાસમણ ૨૮ (૩) ઇરિયાવહિયા - ૧૯૯ (૪) શક્રસ્તવ - ૨૯૭ (૫) અરિહંત ચેઈઆણં - ૨૨૯ (૬) લોગસ્સ - ૨૬૦ પુક્ખરવરદ્દી - ૨૧૬ (૮) સિદ્ધાણં બુદ્ધાણં ૧૯૮ (૯) જાવંતિ. - જાવંત. જયવીયરાય એ ત્રણ પ્રણિધાન સૂત્ર = ૧૫૨ એમ કુલ ૬૮+૨૮ + ૧૯૯ + ૨૯૭ + ૨૨૯ + ૨૬૦ + ૨૧૬ + ૧૯૮ + ૧૫૨ = ૧૬૪૭ અક્ષર

અહીં નવકાર એટલે 'નમો અરિહંતાણં'થી 'પઢમં હવઈ મંગલં' સુધી

ખમાસમણ એટલે 'ઈચ્છામિ ખમાસમણો'થી 'મત્થએણ વંદામિ' સુધી

ઈરિયાવહિ એટલે 'ઇચ્છામિ પડિક્કમિઉં'થી "ઠામિ કાઉસ્સગ્ગં' સુધી (અન્નત્થ નહિ)

નમુત્થુણં - શક્રસ્તવ એટલે 'નમુત્થુણં' થી 'સવ્વે તિવિહેણ વંદામિ' સુધી.

ચૈત્યસ્તવ - અરિહંત ચેઈઆણં એટલે 'અરિહંત ચેઈ૦ થી અન્નત્થ ઉસસિએણં યાવત્ 'અપ્પાણં વોસિરામિ' સુધી.

નામસ્તવ - લોગસ્સ એટલે 'લોગસ્સ ઉજ્જોઅગરે'થી સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' તથા 'સવ્વલોએ' રૂપ ચાર અક્ષર સુધી. (અરિહંત ચેઈઆણં સિવાય)

શ્રુતસ્તવ - પુક્ખરવરદ્દી એટલે 'પુક્ખરવરદીવઢ્ઢે' થી 'ધમ્મુત્તરં વઢ્ઢઉ' તથા 'સુઅસ્સ ભગવઓ' રૂપ ૭ અક્ષર સુધી. (કરેમિ કાઉસ્સગ્ગં સિવાય)

સિદ્ધસ્તવ - સિદ્ધાણં બુદ્ધાણં એટલે 'સિદ્ધાણં બુદ્ધાણં પારગયાણં'થી 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' તથા ' વેયાવચ્ચગરાણં સંતિગરાણં સમ્મદિટ્ઠિ સમાહિગરાણં' રૂપ ૧૫ અક્ષર સુધી. (કરેમિ કાઉસ્સગ્ગં સિવાય)

પ્રણિધાનસૂત્ર - જાવંતિ૦-જાવંત૦ અને જય વીયરાયમાં આભવમખંડા સુધી બે ગાથા. આ પ્રમાણે ૯ સૂત્રોના વર્ણ ૧૬૪૭ થાય છે.

**૯. પદ :** કુલ ૧૮૧ પદ નીચે પ્રમાણે છે.

(૧) નવકારના - ૯ પદ (૨) ઇરિયાવહિના ૩૨ પદ (૩) શક્રસ્તવના ૩૩ પદ (૪) ચૈત્યસ્તવના ૪૩ પદ (૫) નામસ્તવના ૨૮ પદ (૬) શ્રુતસ્તવના ૧૬ પદ અને (૧) સિદ્ધસ્તવના ૨૦ પદ એમ કુલ ૧૮૧ પદ છે.

અહીં વિશેષતા એ છે કે વર્ણોની ગણત્રી જ્યાં સુધી કરી છે ત્યાં સુધી પદોની ગણત્રી કરી નથી. કેટલા સૂત્રોમાં ભિન્ન રીતે ગણત્રી કરી છે. જેમ કે નવકારમાં સંપૂર્ણ, ઇરિયાવહીમાં 'ઠામિ કાઉસ્સગ્ગં' સુધી જ્યારે નમુત્થુણંમાં 'જિઅભયાણં' સુધી (જે અ અઈઆ. નહિ), ચૈત્યસ્તવમાં સંપૂર્ણ અનત્થ સુધી. જ્યારે લોગસ્સમાં 'મમ દિસંતુ' સુધી (સવ્વલોએ નહિ) પુક્ખરવરદ્દીમાં 'ધમ્મુત્તરં વઢ્ઢઉ' સુધી (સુઅસ્સ ભગવઓ નહિ) તથા સિદ્ધાણં બુદ્ધાણંમાં 'મમ દિસંતુ' સુધી (વેયાવચ્ચગરાણં નહિ) આ પદની ગણત્રી પ્રાય: સંપદાને અનુસરીને કરેલી છે.

**૧૦. સંપદા :** કુલ ૯૭ સંપદા નીચે પ્રમાણે છે.

(૧) નવકારની ૮ સંપદા (૨) ઇરિયાવહિની ૮ સંપદા (૩) નમુત્થુણંની ૯ સંપદા (૪) અરિહંત ચેઈઆણંની ૮ સંપદા (૫) લોગસ્સની ૨૮ સંપદા (૬) પુક્ખરવરદ્દીની ૧૬ સંપદા અને (૭) સિદ્ધાણં બુદ્ધાણંની ૨૦ સંપદા થઈ કુલ ૯૭ સંપદાઓ છે.

સંપદા એટલે વિશ્રામસ્થાન - સૂત્ર બોલતી વખતે અટકવાનું સ્થાન - તેની ગણત્રી પણ પદને અનુસારે છે. જેના પદ ગણ્યા નથી તેની સંપદા પણ ગણી નથી. જેથી 'ઇચ્છામિ ખમા૦' 'જે અ અઈઆ સિદ્ધા' અને 'સવ્વલોએ' 'સુઅસ્સ ભગવઓ' 'વેયાવચ્ચગરાણં' ઇત્યાદિની સંપદાઓ પણ અહિં ગણી નથી. નવકારના ચૂલિકા શ્લોકને છોડીને જ્યાં જ્યાં ચાર ચરણવાળી એકેક ગાથા હોય ત્યાં સર્વસ્થાને ૧ ચરણનું ૧ પદ અને ૧ સંપદા ગણવી.

હવે દરેક સૂત્રમાં અક્ષર - પદ - સંપદાનું કોષ્ટક જણાવે છે.

| | સૂત્ર | અક્ષર | ગુરુ | લઘુ | પદ | સંપદા |
|---|---|---|---|---|---|---|
| ૧. | નવકાર | ૬૮ | ૭ | ૬૧ | ૯ | ૮ |
| ૨. | ખમાસમણ | ૨૮ | ૩ | ૨૫ | | |
| ૩. | ઇરિયાવહિ +તસ્સ ઉત્તરી | ૧૯૯ (૧૫૦+૪૯) | ૨૪ (૧૪+૧૦) | ૧૭૫ (૧૩૬+૩૯) | ૩૨ (૨૬+૬) | ૮ (૭+૧) |
| ૪. | નમુત્થુણં | ૨૯૭ | ૩૩ | ૨૬૪ | ૩૩ | ૯ |
| ૫. | અરિહંત ચેઈઆણં + અન્નત્થ | ૨૨૯ (૮૯+૧૪૦) | ૨૯ ૧૬+૧૩ | ૨૦૦ (૭૩+૧૨૭) | ૪૩ (૧૫+૨૮) | ૮ (૩+૫) |
| ૬. | લોગસ્સ | ૨૫૬ | ૨૭ | ૨૨૯ | ૨૮ | ૨૮ |
| ૭. | પુક્ખરવરદ્દી | -૨૧૬ | ૩૪ | ૧૮૨ | ૧૬ | ૧૬ |
| ૮. | સિદ્ધાણં બુદ્ધાણં | ૧૯૮ (૧૭૬+૨૨) | ૨૫ | ૧૫૧ | ૨૦ | ૨૦ |
| ૯. | જાવંતિ | ૩૫ } ૧૫૨ | ૩ | ૩૨ | ૪ | ૪ |
| | જાવંત | ૩૮ | ૧ | ૩૭ | ૪ | ૪ |
| | જય વીયરાય આભવમખંડાસુધી | ૭૯ | ૮ | ૭૧ | ૮ | ૮ |

■ નવકારમાં પદ ૯ છે અને સંપદા ૮ છે એટલે ૭ સંપદાઓ ૭ પદ પ્રમાણે જાણવી અને ૮મી સંપદા ૨ પદની ૧૭ અક્ષરવાળી એટલે કે 'મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં'ની ૧ સંપદા જાણવી.

■ ખમાસમણના ૨૮ અક્ષર છે તે સૂત્રની પદ અને સંપદાની ગણત્રી કરી નથી.

■ ઇરિયાવહિ સૂત્રમાં ૧૯૯ અક્ષર, ૩૨ પદ અને ૮ સંપદા છે તો તેમાં કયા કયા પદની ભેગી એક સંપદા ગણી છે તે બતાવે છે.

**'ઇરિયાવહિયં'ની સંપદાઓ :**

| | સંપદાનાં પ્રથમાદિ પદ | પદ | સંપદા | સંપદાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | ઈચ્છામિ[૧] પડિક્કમિઉં[૨] | ૨ | ૧ | અભ્યુપગમ સંપદા |
| ૨. | ઈરિયાવહિયાએ[૧] વિરાહણાએ[૨] | ૨ | ૧ | નિમિત્ત સંપદા |
| ૩. | ગમણાગમણે[૧] | ૧ | ૧ | ઓઘહેતુ સંપદા |
| ૪. | પાણક્કમણે[૧] બીઅક્કમણે[૨] હરિઅક્કમણે[૩] ઓસા-ઉત્તિંગ-પણગ-દગમટ્ટીમક્કડા સંતાણા સંકમણે[૪] | ૪ | ૧ | વિશેષહેતુ સંપદા. |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | જે મે જીવા વિરાહિયા[1] | ૧ | ૧ | સંગ્રહ સંપદા |
| ૬ | એગિંદિયા[1] બેઇંદિયા,[2] તેઇંદિયા[3] ચઉરિંદિયા[4] પંચિંદિયા[5] | ૫ | ૧ | જીવ સંપદા |
| ૭ | અભિહયા[1] વત્તિયા[2] લેસિયા[3] સંઘાઈયા[4] સંઘટ્ટિયા[5] પરિયાવિયા[6] કિલામિયા[7] ઉદ્દવિયા[8] ઠાણાઓ ઠાણં સંકામિયા[9] જીવિયાઓ વવરોવિયા[10] તસ્સ મિચ્છામિ દુક્કડં[11] | ૧૧ | ૧ | વિરાધના સંપદા |
| ૮ | તસ્સ ઉત્તરી કરણેણં[1] પાયચ્છિત્તકરણેણં[2] વિસોહીકરણેણં[3] વિસલ્લીકરણેણં[4] પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ[5] ઠામિ કાઉસ્સગ્ગં[6] | ૬ | ૧ | પ્રતિક્રમણ સંપદા |

આમાં પ્રથમની ૫ સંપદા એ ઇરિયાવહિ સૂત્રની મુખ્ય સંપદા કહેવાય છે અને પછીની જીવસંપદા, વિરાધના સંપદા અને પ્રતિક્રમણ સંપદા એ ચૂલિકા સંપદા કહેવાય છે.

૧. પ્રથમ જે અભ્યુપગમ = સ્વીકાર સંપદા છે તેમાં આલોચના = પ્રતિક્રમણ રૂપ પ્રાયશ્ચિત્તનું અંગીકાર કરવાપણું હોવાથી બે પદની અભ્યુપગમ સંપદા છે.

૨. આલોચના કયા નિમિત્તની એટલે કયા પાપ કાર્યની કરવાની છે ? તે પાપકાર્ય જેમાં દર્શાવાય તે બીજી નિમિત્ત સંપદા છે.

૩. પાપકાર્યનો હેતુ એટલે પાપકાર્યનું કારણ ઓઘથી દર્શાવેલું છે એટલે ૧ પદની ઓઘહેતુસંપદા

૪. કયું કયું પાપકાર્ય થયું છે ? તે પાપકાર્યના વિશેષ હેતુ દર્શાવેલ છે માટે ૪ પદની વિશેષહેતુ સંપદા

૫. કયા જીવોની વિરાધના થઈ ? તે જીવભેદની વિરાધનાનો સંગ્રહ “જીવા” પદ વડે કરેલો છે તે ૧ પદની સંગ્રહ સંપદા.

૬. ઇન્દ્રિયના ભેદથી જીવના ભેદ પાંચ જણાવેલ છે. તેની વિરાધના થતી હોય છે એટલે તે જીવના ભેદ સ્વરૂપ ૫ પદની છટ્ઠી જીવસંપદા.

૭. વિરાધના કેવી કેવી રીતે થઈ શકે છે તેને દર્શાવતા ૧૧ પદોની સાતમી વિરાધના સંપદા.

૮. પ્રતિક્રમણ રૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારેલું હોવાથી ૬ પદ વડે પ્રતિક્રમણ સંપદા.

■ શક્રસ્તવ એટલે નમુત્થુણં સૂત્રના ૨૯૭ અક્ષર ૩૩ પદ અને ૯ સંપદા છે. તેમાં કયા કયા પદની ભેગી એક સંપદા થાય છે તથા તે સંપદાના નામ જણાવે છે.

કુલ ૨-૩-૪-૫-૫-૫-૨-૪-૩ પદોની એક એક સંપદા છે.

## શક્રસ્તવની સંપદાઓ

| ક્રમ | સંપદાના પ્રથમાદિ પદ | પદ | સંપદાનું નામ |
|---|---|---|---|
| ૧. | નમુત્થુણં અરિહંતાણં[૧] ભગવંતાણં[૨] | ૨ | સ્તોતવ્ય સંપદા |
| ૨. | આઇગરાણં[૧] તિત્થયરાણં[૨] સયંસંબુદ્ધાણં[૩] | ૩ | ઓઘહેતુ સંપદા |
| ૩. | પુરિસુત્તમાણં[૧], પુરિસસીહાણં[૨], પુરિસવર પુંડરીઆણં[૩] પુરિસવરગંધહત્થીણં[૪] | ૪ | વિશેષહેતુ સંપદા |
| ૪. | લોગુત્તમાણં[૧], લોગનાહાણં[૨], લોગહિયાણં[૩], લોગપઈવાણં[૪], લોગપજ્જોઅગરાણં[૫] | ૫ | સામાન્યોપયોગ સંપદા |
| ૫. | અભયદયાણં[૧], ચક્ખુદયાણં[૨], મગ્ગદયાણં[૩], સરણદયાણં[૪], બોહિદયાણં[૫] | ૫ | તદ્ધેતુ સંપદા |
| ૬. | ધમ્મદયાણં[૧], ધમ્મદેસયાણં[૨], ધમ્મનાયગાણં[૩] ધમ્મસારહીણં[૪], ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં[૫] | ૫ | વિશેષોપયોગ સંપદા |
| ૭. | અપ્પડિહયવરનાણ દંસણધરાણં[૧] વિઅટ્ટછઉમાણં[૨] | ૨ | સ્વરૂપ સંપદા |
| ૮. | જિણાણં જાવયાણં[૧], તિન્નાણં તારયાણં[૨] બુદ્ધાણં બોહયાણં[૩], મુત્તાણં મોઅગાણં[૪] | ૪ | નિજસમફલ સંપદા |
| ૯. | સવ્વન્નૂણં[૧] સવ્વદરિસિણં સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં[૨] નમો જિણાણં જિઅભયાણં[૩] | ૩ | મોક્ષ સંપદા |

નમુત્થુણં સૂત્રના ૩૩ પદોમાં ૯ સંપદા કેવી રીતે સમાયેલ છે તે સંપદાના નામથી જાણી શકાય છે તેની સમજ નીચે પ્રમાણે -

૧. સ્તોતવ્ય એટલે સ્તવના કરવા યોગ્ય - સ્તુતિ કરવા યોગ્ય એક અરિહંત પરમાત્મા જ છે. જેથી તેમને નમસ્કાર કર્યો છે. તેથી એ બે પદની પ્રથમ સ્તોતવ્ય સંપદા છે.

૨. અરિહંત ભગવંતને જ નમસ્કાર શા માટે કરવો તેના ત્રણ સામાન્ય હેતુઓ ત્રણ પદમાં જણાવ્યા છે એટલે એ ત્રણ પદની બીજી સામાન્ય હેતુ સંપદા છે.

૩. અરિહંત પરમાત્મા જ સ્તુતિ કરવા યોગ્ય છે તે કયા હેતુથી ? તે વિશેષ હેતુઓ ૪ પદ વડે જણાવ્યા છે તે ૪ પદવાળી ત્રીજી વિશેષહેતુ સંપદા છે.

૪. પહેલી સંપદા જે સ્તોતવ્ય સંપદાના સામાન્ય ઉપયોગ સ્વરૂપ એટલે પ્રભુ સામાન્યપણે સર્વ લોકને પરાર્થ અને પરમાર્થ કરવા વડે ઉપકારી હોવાથી લોકોત્તમ આદિ પાંચ પદમાં પરાર્થપણારૂપ ઉપયોગ કરાયેલો હોવાથી એ ૫ પદની સમાન્યોપયોગ સંપદા છે.

૫ તદ્ધેતુ સંપદા એટલે સામાન્ય ઉપયોગમાં હેતુભૂત સંપદા. સર્વ લોકનો પરમાર્થ કરવાનું કારણભૂત પાંચ પદની સંપદા તે તદ્ધેતુ સંપદા છે.

૬. પહેલી સ્તોતવ્ય સંપદાનો જ વિશેષ ઉપયોગ - પ્રયોજન રૂપ અર્થ પાંચ પદોમાં વર્ણવેલો છે તે પાંચ પદોની વિશેષ ઉપયોગ સંપદા છે.

૭. અરિહંત ભગવંતનું સ્વરૂપ કેવું છે ? કે જેથી તે સ્તુતિ રૂપ નમસ્કાર કરવા યોગ્ય બને છે તે સર્વજ્ઞપણાનું સ્વરૂપ જેમાં બતાવેલ છે તે ૨ પદવાળી સ્વરૂપ સંપદા છે.

૮. અરિહંત પરમાત્માનું પોતાનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ અન્ય જીવોને પણ આપે છે તેને દર્શાવતી ૪ પદવાળી નિજસમફલદ = પોતાના સમાન ફળ આપવાવાળી સંપદા છે.

૯. પ્રભુની મોક્ષ અવસ્થા દર્શાવતી ૩ પદવાળી મોક્ષ સંપદા છે. જેમાં મોક્ષનું સ્વરૂપ બતાવેલું છે.

ચૈત્યસ્તવના ૨૨૯ અક્ષર, ૪૩ પદ અને ૮ સંપદા છે. તેમાં કયા કયા પદની ભેગી સંપદા છે તે જણાવે છે.

કુલ ૨-૬-૭-૯-૩-૬-૪-૬ પદોની એક સંપદા છે.

## ચૈત્યસ્તવની સંપદાઓ

| | સંપદાના પ્રથમાદિ પદ | પદ | સંપદાનું નામ |
|---|---|---|---|
| ૧. | અરિહંત ચેઈઆણં[૧] કરેમિ કાઉસ્સગ્ગં[૨] | ૨ | અભ્યુપગમ સંપદા |
| ૨. | વંદણવત્તિયાએ[૧] પૂઅણવત્તિયાએ[૨], સક્કારવત્તિયાએ[૩] સમ્માણવત્તિયાએ[૪] બોહિલાભવત્તિયાએ[૫] નિરુવસગ્ગવત્તિયાએ[૬] | ૬ | નિમિત્ત સંપદા |
| ૩. | સદ્ધાએ[૧] મેહાએ[૨] ધિઈએ[૩] ધારણાએ[૪] અણુપ્પેહાએ[૫] વઢ્ઢમાણીએ[૬] ઠામિ કાઉસ્સગ્ગં[૭] | ૭ | હેતુ સંપદા |
| ૪. | અન્નત્થ ઉસસિએણં[૧], નિસસિએણં[૨], ખાસિએણં[૩] છીએણં[૪] જંભાઈએણં[૫] ઉડુએણં[૬] વાયનિસગ્ગેણં[૭] ભમલીએ[૮] પિત્તમુચ્છાએ[૯] | ૯ | એકવચનાન્ત આગાર સંપદા |

| | | | |
|---|---|---|---|
| ૫. | સુહમેહિં અંગસંચાલેહિં[1] સહુમેહિં ખેલસંચાલેહિં[2] સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં[3] | ૩ | બહુવચનાન્ત આગાર સંપદા |
| ૬. | એવમાઈ એહિં[1] આગારેહિં[2] અભગ્ગો[3] અવિરાહિઓ[4] હુજ્જ[5] મે કાઉસ્સગ્ગો[6] | ૬ | આગંતુક આગાર સંપદા |
| ૭. | જાવ[1] અરિહંતાણં ભગવંતાણં[2] નમુક્કારેણં[3] ન પારેમિ[4] | ૪ | ઉત્સર્ગાવધિ સંપદા |
| ૮. | તાવ[1] કાયં[2] ઠાણેણં[3] મોણેણં[4] ઝાણેણં[5] અપ્પાણં વોસિરામિ[6] | ૬ | સ્વરૂપ સંપદા |

અહીં અરિહંત ચેઈઆણં સૂત્ર અન્નત્થ સહિત ગણાય છે. એટલે અરિહંત ચેઈઆણંની ૩ સંપદા અને અન્નત્થની ૫ સંપદા કુલ ૮ સંપદા છે.

૧. એક ચૈત્યમાં રહેલી પ્રતિમાઓની આરાધના કરવા માટે કાયોત્સર્ગ કરવાનું અંગીકાર કરેલું હોવાથી ૨ પદની અભ્યુપગમ સંપદા.

૨. કાયોત્સર્ગ કરવાનું નિમિત્ત એટલે પ્રયોજન જેમાં જણાવેલું છે તેવા ૬ પદ છે. તેથી તે ૬ પદની નિમિત્ત સંપદા છે.

૩. શ્રદ્ધાદિ વિના કરેલો કાઉસ્સગ્ગ ઇષ્ટની સિદ્ધિવાળો થતો નથી. તે કારણથી કાઉસ્સગ્ગનો હેતુ જણાવતી ૭ પદવાળી હેતુસંપદા છે.

૪. કરેલો કાયોત્સર્ગ પણ આગાર એટલે કે છૂટ વિના નિર્દોષ થઈ શકતો નથી. તેથી તે છૂટને જણાવનારા ૯ પદો એકવચનવાળા છે તેથી ૯ પદવાળી એકવચન આગારસંપદા છે.

૫. નિર્દોષ કાયોત્સર્ગ કરવા માટે છૂટને જણાવનારા ૩ પદો બહુવચનવાળા છે તેથી ૩ પદવાળી બહુવચન આગાર સંપદા છે.

૬. અન્નત્થ સૂત્રમાં કહેલા આગારોથી પણ કેટલાક એવા પ્રસંગો બની જાય અને કાયોત્સર્ગનો ભંગ થાય તેવું ન થાય એટલા માટે અન્નત્થ સૂત્રમાં જેનો નિર્દેશ નથી કર્યો તેવા બીજા ચાર આગાર છે તે ૬ પદવાળી આગંતુક આગાર સંપદા છે.

૭. કાયાનો ઉત્સર્ગ કેટલા સમય માટે કરવાનો છે એટલે કે કાયોત્સર્ગમાં કેટલી વાર રહેવું તેનો અવધિ ૪ પદમાં બતાવેલ છે.

૮ કાયોત્સર્ગનું સ્વરૂપ શું ? એટલે કાયોત્સર્ગ કેવી રીતે કરવો તેનું સ્વરૂપ જેમાં બતાવ્યું છે તેવા ૬ પદની કાયોત્સર્ગસ્વરૂપ સંપદા છે.

નામસ્તવ એટલે લોગસ્સ સૂત્રના અક્ષર ૨૬૦ સંપદા ૨૮ અને પદ પણ ૨૮ છે.

શ્રુતસ્તવ એટલે પુક્ખરવરદ્દી સૂત્રના અક્ષર ૨૧૬ સંપદા ૧૬ અને પદ પણ ૧૬ છે.

સિદ્ધસ્તવ એટલે સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રના અક્ષર ૧૯૮ સંપદા ૨૦ અને પદ પણ ૨૦ છે.

આ ત્રણે સૂત્રમાં લોગસ્સની ૭ ગાથા, પુક્ખરવરદ્દીની ૪ ગાથા અને સિદ્ધાણં બુદ્ધાણંની ૫ ગાથા છે. દરેક ગાથાનું એકેક ચરણ (પાદ-ચોથો ભાગ) તે એકેક પદ તે એકેક સંપદા રૂપ ગણવાથી આ પ્રમાણે થાય છે. આ ત્રણે સૂત્રોમાં વંદણવત્તિયાએ-અન્નત્થ૦ આદિ સૂત્રોચ્ચાર થાય છે તેના અક્ષર ફરી ગણવા નહિ.

લોગસ્સમાં 'સવ્વલોએ.' પુક્ખરવરદ્દીમાં 'સુઅસ્સ ભગવઓ.' સિદ્ધાણં બુદ્ધાણંમાં વેયાવચ્ચગરાણં૦ એટલા અક્ષરો ગણવાથી ઉપરના ૨૬૦-૨૧૬ અને ૧૯૮ અક્ષર થાય છે. પરંતુ તેની સંપદા કે પદમાં ગણત્રી કરી નથી.

ત્રણ પ્રણિધાનસૂત્રો એટલે કે જાવંતિ ચેઈઆઇં. જાવંત કે વિ સાહૂ, અને જય વીયરાય, આ ત્રણ પ્રણિધાન સૂત્રોના અનુક્રમે ૩૫, ૩૮ અને ૭૯ અક્ષર મળી ૧૫૨ અક્ષર છે.

હવે દરેક સૂત્રના ગુરુ અક્ષર જણાવે છે જેથી બાકીના ❖લઘુ અક્ષર જાણવા જે નીચે પ્રમાણે છે.

---

❖ ૧. નવકારમાં 'પ્પણાસણો' ને સ્થાને 'પણાસણો'નો મત હોવાથી ૭ને બદલે ૬ ગુરુ અક્ષર થાય છે.
२. ઇરિયાવહિમાં 'ઠાણાઓ ઠાણં' ને બદલે 'ઠાણાઓ ટ્ઠાણં'નો મત હોવાથી ૨૪ને બદલે ૨૫ ગુરુ અક્ષર થાય છે.
૩. નમુત્થુણંમાં 'વિઅટ્ટ છઉમાણં'ને બદલે 'વિઅટ્ટચ્છઉમાણં'નો મત હોવાથી ૩૩ને બદલે ૩૪ ગુરુ અક્ષર થાય છે.
૪. ચૈત્યસ્તવમાં 'કાઉસ્સગ્ગ' શબ્દ ૩ વાર આવે છે તેમાં 'સ્સ' ને સ્થાને 'સ' નો મત હોવાથી ૩ ગુરુ ઓછા થવાથી ૨૯ને બદલે ૨૬ ગુરુ અક્ષર થાય છે.
૫. લોગસ્સ સૂત્રમાં ચઉવિસંપિને સ્થાને ચઉવ્વીસંનો મત હોવાથી ૨૮ને બદલે ૨૯ ગુરુ અક્ષર થાય છે.
૬. પુક્ખરવરદ્દી સૂત્રમાં 'દેવં નાગ' ના સ્થાને દેવન્નાગનો મત હોવાથી ૩૪ને બદલે ૩૫ ગુરુ અક્ષર થાય છે.

આ પ્રમાણે ૬ સૂત્રમાં મતાંતર જાણવો.

| | સૂત્ર | ગુરુ | લઘુ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | નવકાર | ૭ | ૬૧ | ૬૮ |
| ૨. | ખમાસમણ | ૩ | ૨૫ | ૨૮ |
| ૩. | ઇરિયાવહિ | ૨૪ | ૧૭૫ | ૧૯૯ |
| ૪. | શક્રસ્તવ | ૩૩ | ૨૬૪ | ૨૯૭ |
| ૫. | ચૈત્ય સ્તવ | ૨૯ | ૨૦૦ | ૨૨૯ |
| ૬. | નામસ્તવ | ૨૮ | ૨૩૨ | ૨૬૦ |
| ૭. | શ્રુતસ્તવ | ૩૪ | ૧૮૨ | ૨૧૬ |
| ૮. | સિદ્ધસ્તવ | ૩૧ | ૧૬૭ | ૧૯૮ |
| ૯. | પ્રણિધાન | ૧૨ | ૧૪૦ | ૧૫૨ |

આ સિવાય ચૈત્યવંદનમાં ચૈત્યવંદન - સ્તવન અને થોય પણ આવે છે પરંતુ તે નિયત ન હોવાથી તેના અક્ષરોની ગણત્રી થઈ શકે નહિ.

| સૂત્રના આદાન નામ | સૂત્રના ગૌણનામ | પદ | સંપદા | ગુરુઅક્ષર | લઘુઅક્ષર | સર્વઅક્ષર |
|---|---|---|---|---|---|---|
| [1]નવકાર | પંચમંગળ શ્રુતસ્કંધ | ૯ | ૮ | ૭ | ૬૧ | ૬૮ |
| ઇચ્છામિ ખમાસમણો | પ્રણિપાત સૂત્ર વા છોભસૂત્ર | ૦ | ૦ | ૩ | ૨૫ | ૨૮ |
| ઇરિયાવહિયં (તસ્સ ઉત્તરી સહિત) | પ્રતિક્રમણ શ્રુતસ્કંધ | ૩૨ | ૮ | ૨૪ | ૧૭૫ | ૧૯૯ |
| નમુત્થુણં | શક્રસ્તવ વા પ્રણિપાત દંડક | ૩૩ | ૯ | ૩૩ | ૨૬૪ | ૨૯૭ |
| અરિહંત ચેઇયાણં (અન્નત્થ સહિત) | ચૈત્યસ્તવ વા કાયોત્સર્ગ દંડક | ૪૩ | ૮ | ૨૯ | ૨૦૦ | ૨૨૯ |
| લોગસ્સ | નામસ્તવ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૩૨ | ૨૬૦ |
| પુક્ખરવરદ્દી | શ્રુતસ્તવ | ૧૬ | ૧૬ | ૩૪ | ૧૮૨ | ૨૧૬ |
| સિદ્ધાણં બુદ્ધાણં | સિદ્ધસ્તવ | ૨૦ | ૨૦ | ૩૧ | ૧૬૭ | ૧૯૮ |
| જાવંતિ ચેઇયાઇં | ચૈત્યવંદન સૂત્ર | ૦ | ૦ | ૩ | ૩૨ | ૩૫ |
| જાવંત કેવિસાહૂ | મુનિવંદન સૂત્ર | ૦ | ૦ | ૧ | ૩૭ | ૩૮ |
| જયવીયરાય પહેલી બીજી ગાથા | પ્રાર્થનાસૂત્ર | ૦ | ૦ | ૮ | ૭૧ | ૭૯ |

૧. અનુયોગ દ્વાર સૂત્રમાં જણાવ્યું છે કે સૂત્રના આદિ પદવાળું નામ તે આદાનનામ અને ગુણવાચક નામ તે ગૌણનામ અહીં નવકાર એ આદાન નામ નથી પરંતુ અનાદિ નામ સંભવે છે.

## ૧૧. પાંચ દંડકના નામ :

(૧) શક્રસ્તવ (૨) ચૈત્યસ્તવ (૩) નામસ્તવ (૪) શ્રુતસ્તવ (૫) સિદ્ધસ્તવ.

## ૧૨. અધિકાર :

આ પાંચ દંડકમાં અનુક્રમે ૨-૧-૨-૨-૫ અધિકાર થઈ કુલ ૧૨ અધિકાર થાય છે. અને તે ૧૨ અધિકારના શરૂઆતના પદ જણાવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | શક્રસ્તવ | - ૨ અધિકાર | - નમુત્થુણં[1].... - જેઅ અઈઆ[2]. |
| ૨ | ચૈત્યસ્તવ | - ૧ અધિકાર | - અરિહંત ચેઈઆણં.[3] |
| ૩ | નામસ્તવ | - ૨ અધિકાર | - લોગસ્સ૦[4] - સવ્વલોએ અરિહંત[5] |
| ૪ | શ્રુતસ્તવ | - ૨ અધિકાર | - પુક્ખરવરદ્દી[6] - તમતિમિરપડલવિદ્ધં.[7] |
| ૫ | સિદ્ધસ્તવ | - ૫ અધિકાર | - સિદ્ધાણં બુદ્ધાણં[8] - જો દેવાણ વિ દેવો[9] ઉજ્જિંતસેલ[10] ચત્તારિઅટ્ઠ[11].. વૈયાવચ્ચગરાણં[12]. |

૧. તીર્થંકર પદવી પહેલાં પણ ચ્યવન કલ્યાણક પ્રસંગે સૌધર્મ દેવલોકનો શક્ર નામનો ઇંદ્ર નમુત્થુણં સૂત્ર વડે પ્રભુની સ્તુતિ કરે છે. માટે નમુત્થુણંનું શક્રસ્તવ એ ગૌણનામ છે અને નમુત્થુણં એ આદાનનામ છે.

૨. ચૈત્યસંબંધી સ્તુતિ અને કાઉસ્સગ્ગ બતાવનાર હોવાથી અરિહંત ચેઇઆણંનું ગૌણનામ ચૈત્યસ્તવ છે અને અરિહંત ચેઈઆણં આદાનનામ છે.

૩. વર્તમાન અવસર્પિણીના ત્રીજા અને ચોથા આરાની વચ્ચે થયેલા ૨૪ ભગવંતના નામની સ્તવના હોવાથી લોગસ્સનું નામસ્તવ એવું ગૌણનામ છે અને લોગસ્સ એ આદાનનામ છે.

૪ શ્રુતની એટલે સિદ્ધાંતની સ્તુતિરૂપ હોવાથી પુક્ખરવરદ્દીનું શ્રુતસ્તવ એ ગૌણનામ છે અને પુક્ખરવરદ્દી એ આદાનનામ છે.

૫. સિદ્ધ ભગવંતની સ્તુતિ હોવાથી સિદ્ધાણં બુદ્ધાણંનું ગૌણનામ સિદ્ધ સ્તવ છે અને સિદ્ધાણં બુદ્ધાણં એ આદાનનામ છે.

આ પાંચ સૂત્ર ચૈત્યવંદનમાં મુખ્ય હોવાથી અને દંડની જેમ સરળ હોવાથી દંડક કહેવાય છે. બીજા સૂત્રોની અપેક્ષાએ દીર્ઘ હોવાથી પણ દંડક કહેવાય છે.

ભાષ્યની અવચૂરીમાં જણાવ્યું છે કે 'કહેલી મુદ્રાઓ વડે અસ્ખલિત ઉચ્ચારાતા હોવાથી, તેમજ દંડની જેમ સરલ હોવાથી તેને દંડક કહેવાય છે એ પાંચ દંડકમાં ૧૨ અધિકાર નીચે મુજબ છે.

**પ્રથમ અધિકાર :** નમુત્થુણં સૂત્રમાં નમુત્થુણંથી જિઅભયાણં સુધીના પાઠમાં ભાવજિનને એટલે તીર્થંકર નામકર્મના વિપાકોદયવાળા કેવળજ્ઞાની તીર્થંકરો કે જેઓ દેશનાદિ વડે ભવિકજનનો ઉદ્ધાર કરતા અને વિહાર વડે પૃથ્વીતલને પાવન કરતા હોય છે તે અવસ્થાને લક્ષ્યમાં રાખી વંદના કરી છે.

**બીજો અધિકાર :** બીજા અધિકારમાં જે અ અઇઆ સિદ્ધા સૂત્રથી દ્રવ્યજિનને વંદના કરી છે. પૂર્વના ત્રીજા ભવે નિકાચિત તીર્થંકર નામકર્મ બાંધીને તેના પ્રદેશોદયમાં વર્તતા એવા જે તીર્થંકરો હજી કેવળજ્ઞાન પામ્યા નથી પરંતુ જેઓ ભવિષ્યમાં પામશે તે દ્રવ્યજિન, તેમ જ ભાવતીર્થંકરપણું પ્રાપ્ત કરીને જેઓ સિદ્ધિ પદને પ્રાપ્ત કર્યું છે તે સિદ્ધાવસ્થાવાળા પણ દ્રવ્યજિન કહેવાય છે, એ પ્રમાણે ભાવજિનની ઉભય પાર્શ્વવર્તી અવસ્થા રૂપ બંને પ્રકારના દ્રવ્ય જિનને વંદના કરી છે.

**ત્રીજો અધિકાર :** અરિહંત ચેઇઆણં૦ થી ઠામિ કાઉસ્સગ્ગં સુધીના સંપૂર્ણ સૂત્રમાં જે ચૈત્યમાં ચૈત્યવંદના કરવાની છે તે ચૈત્યમાં રહેલા સર્વ સ્થાપના જિનને એટલે સર્વ પ્રતિમાઓને વંદના કરી છે.

**ચોથો અધિકાર :** લોગસ્સ સૂત્રમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલા ૨૪ જિનેશ્વરોની નામથી સ્તવના હોવાથી નામ જિનેશ્વરની વંદનાનો અધિકાર છે.

**પાંચમો અધિકાર :** સવ્વલોએ૦ સૂત્રથી ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોક રૂપ ત્રણે ભુવનના સ્થાપના જિનેશ્વરને વંદના કરી છે.

**છઠ્ઠો અધિકાર :** પુક્ખરવરદી સૂત્રમાં અઢી દ્વીપને વિષે રહેલી ૫ મહાવિદેહ સંબંધી ૧૬૦ વિજયમાંની ૨૦ વિજયમાં એકેક જિનેશ્વર વર્તમાન સમયે પોતાની પવિત્ર દેશનાથી ત્યાંના ભવ્ય પ્રાણીઓ ઉપર ઉપકાર કરે છે તે વિહરમાન જિનને વંદના કરેલ છે.

**સાતમો અધિકાર :** 'તમતિમિર'થી આખા સૂત્રમાં તથા સુઅસ્સ ભગવઓથી યાવત્ ત્રીજી થોય સુધી શ્રુતજ્ઞાનને વંદના કરેલ છે.

**આઠમો અધિકાર :** સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં સર્વ સિદ્ધ ભગવંતોની સ્તુતિ છે.

**નવમો અધિકાર :** 'જો દેવાણ વિ દેવો' તથા 'ઇક્કો વિ નમુક્કારો' ગાથાથી વર્તમાન તીર્થના અધિપતિ શ્રીવીર જિનેશ્વરની સ્તુતિ છે.

**દશમો અધિકાર :** ઉજ્જિંત સેલ સિહરે પદવાળી સિદ્ધાણં બુદ્ધાણંની ૪થી ગાથામાં

શ્રી ગિરનાર પર્વત ઉપર થયેલા દીક્ષાદિ ત્રણ કલ્યાણકવાળા શ્રીનેમનાથ પ્રભુની સ્તવના રૂપ અધિકાર છે.

**અગ્યારમો અધિકાર :** 'ચત્તારિ અટ્ઠ દસ દોય' પદવાળી પાંચમી ગાથામાં અષ્ટાપદાદિ તીર્થોની તથા [1]ભિન્ન ભિન્ન સંખ્યાવાળા જિનેશ્વરોની સ્તુતિ છે.

આ પ્રમાણે સિદ્ધાણં બુદ્ધાણંમાં ૮-૯-૧૦-૧૧ ચાર અધિકાર છે જેમાં પહેલા બે અધિકારની ૩ ગાથા શ્રી ગણધરકૃત છે તે પ્રાચીન કાળમાં ચૈત્યવંદનના પર્યન્તે કહેવાતી ૩ સ્તુતિરૂપે એ જ સ્તુતિઓ હતી. ત્યાર પછીની બે અધિકારની બે ગાથા શ્રી ગીતાર્થોએ ચૈત્યવંદનના સંબંધમાં સંયુક્ત કરી છે.

**બારમો અધિકાર :** વૈયાવચ્ચગરાણંથી પ્રારંભીને સંપૂર્ણ અન્નત્થ અને તે ઉપરાંત ૧ નવકારના કાઉસ્સગ્ગના અંતે કહેવાતી થોય સુધીનો પાઠ સમ્યગ્દ્રષ્ટિ દેવને સ્મરણ કરવા અને તેનો કાઉસ્સગ્ગ કરવા સંબંધી છે.

---

૧. અહિં ૧૧મા અધિકારમાં ભિન્ન ભિન્ન સંખ્યાઓ જિનેશ્વરોને તીર્થાદિ આશ્રયી કરેલી વંદના સંક્ષેપમાં આ પ્રમાણે -

(૪+૮+૧૦+૨=૨૪) એ પ્રમાણે ૨૪ તીર્થંકરની પ્રતિમા ભરતચક્રીએ અષ્ટાપદ પર્વત ઉપર ભરાવી છે તે અષ્ટાપદ તીર્થના ૨૪ ભગવંતને વંદના થઈ. એ ગાથામાં મુખ્ય વંદના **અષ્ટપદતીર્થની** ગણાય છે. તથા ૪x૮=૩૨ અને ૧૦x૨=૨૦ જેથી ૩૨ અને ૨૦ મળીને ૫૨ ચૈત્યયુક્ત શ્રી **નંદીશ્વરતીર્થ** ને વંદના થઈ. તથા **ચત્ત** એટલે ત્યાગ કર્યો છે. **અરિ**=અંતરંગ શત્રુ (કષાય) જેણે એવા ૮+૧૦+૨=૨૦ તીર્થંકરો શ્રીસમ્મેતશિખરગિરિ ઉપર નિર્વાણ પામેલા હોવાથી **શ્રીસમ્મેતશિખર** ને વંદના થઈ, અથવા ઉત્કૃષ્ટથી સમકાળે જન્મ પામતા ૨૦ **તીર્થંકરને** વંદના થઈ. અથવા વર્તમાનકાળમાં વિચરતા ૨૦ **વિહરમાનને** વંદના થઈ. તથા એજ ૨૦ ને ૪ વડે ભાગતાં ૫ આવે તેને અટ્ઠદસ એટલે ૧૮માં ઉમેરતાં શ્રી શંત્રુજયગિરિ ઉપર સમવસરેલા ૨૩ તીર્થંકરને એટલે **શ્રી શત્રુંજયગિરિને** વંદના થઈ. તથા ૮X૧૦=૮૦X૨= ૧૬૦ **તીર્થંકર** ઉત્કૃષ્ટથી મહાવિદેહમાં વિચરતા હોય છે તેમને વંદના થઈ. તથા ૮+૧૦=૧૮X૪= ૭૨ તીર્થંકર ત્રણ કાળની **ત્રણચોવીસી**ના ભરત અને ઐરાવત એ ૨ ક્ષેત્રમાં જૂદા જૂદા થાય તે સર્વને વંદના થઈ. તથા ૪+૮=૧૨X૧૦=૧૨૦X૨= ૨૪૦ **તીર્થંકર** ભરતાદિ ૧૦ ક્ષેત્રની ૧૦ ચોવીસીના થાય તેમને વંદના થઈ. તથા ૮ ના વર્ગ ૬૪માં ૧૦નો વર્ગ ૧૦૦ મેળવતાં ૧૬૪ થાય તેમાં ૪ અને ૨ મેળવતાં **૧૭૦ તીર્થંકર** તીર્થંકર અઢી દ્વીપમાં ઉત્કૃષ્ટથી વિચરે તે સર્વને વંદના થઈ. તથા ચત્તારિ એટલે અનુત્તર ગ્રૈવેયક કલ્પ અને જ્યોતિષી એ ૪ દેવલોકમાં, **અટ્ઠ** એટલે ૮ વ્યન્તરનિકાયમાં, **દસ** એટલે ૧૦ ભવનપતિમાં અને **દોય** એટલે અધોલોકવર્તી તથા તિર્યગ્લોકવવર્તી એ બે પ્રકારના મનુષ્યલોકમાં શાશ્વત અને અશાશ્વત બન્ને પ્રકારની પ્રતિમાઓને એટલે **ત્રણે લોકની** સર્વ પ્રતિમાઓને વંદના થઈ. (આ ગાથાની વૃત્તિ) હજી બીજો પણ વિશેષ અર્થ આ ગાથાની વૃત્તિમાં કહ્યો છે ત્યાંથી જાણવો.

ચૈત્યવંદનના ૧૨ અધિકારનો યંત્ર.

| અધિકાર | ક્યાંથી ક્યાં સુધી ? | કોને વંદના | કયા દંડકમાં | પ્રથમપદ |
|---|---|---|---|---|
| ૧લો અધિકાર | નમુત્થુણંથી જીઅભયાણં | ભાવજિનને | નમુત્થુણંમાં | નમુત્થુણં |
| ૨જો અધિકાર | નમુત્થુણંની છેલ્લી ગાથા | દ્રવ્યજિનને | નમુત્થુણંમાં | જે અ અઇયા |
| ૩જો અધિકાર | અરિહંત ચે૦થી૧ લી થોય સુધી | સ્થાપના જિનને | ચૈત્યસ્તવમાં | અરિહંત ચે. |
| ૪થો અધિકાર | લોગસ્સ સંપૂર્ણ | નામ જિનને | નામસ્તવમાં | લોગસ્સ |
| ૫મો અધિકાર | સવ્વલોએ અરિહંત ચે૦થી ૨જી થોય સુધી | ત્રણે ભુવનના સ્થાપના જિનને | નામસ્તવમાં | સવ્વલોએ |
| ૬ઠ્ઠો અધિકાર | પુક્ખરવરદ્દીની ૧લી ગાથા | ૨૦ વિહરમાન જિનને | શ્રુતસ્તવમાં | પુક્ખરવરદ્દી |
| ૭મો અધિકાર | પુક્ખરવરદ્દીની ૨જી ગાથાથી ૩જી થોય સુધી | શ્રુત જ્ઞાનને | શ્રુતસ્તવમાં | તમતિમિર૦ |
| ૮મો અધિકાર | સિદ્ધાણંની ૧લી ગાથા | સર્વ સિદ્ધને | સિદ્ધસ્તવમાં | સિદ્ધાણં |
| ૯મો અધિકાર | સિદ્ધાણંની ૨-૩-ગાથા | શ્રી મહાવીર પ્રભુને | સિદ્ધસ્તવમાં | જો દેવાણ વિ |
| ૧૦મો અધિકાર | સિદ્ધાણંની ૪થી ગાથા | શ્રી ગિરનાર તીર્થને | સિદ્ધસ્તવમાં | ઉજ્જિંતસેલ |
| ૧૧મો અધિકાર | સિદ્ધાણંની ૫મી ગાથા | શ્રી અષ્ટાપદાદિ તીર્થોને | સિદ્ધસ્તવમાં | ચત્તારિ અઠ. |
| ૧૨મો અધિકાર | વેયાવચ્ચગરા૦ થી ૪થી થોય સુધી | શાસનદેવનું સ્મરણ | સિદ્ધસ્તવમાં | વેયાવચ્ચ. |

અહીં ૯ અધિકાર લલિત વિસ્તરા ગ્રંથની ટીકાના આધારે છે. અને બીજો એટલે જે અ અઈઆ સિદ્ધા. દશમો એટલે ઉજ્જિંતસેલસિહરે ગાથા અને અગિયારમો એટલે ચત્તારિ અઠ દસ દોય ગાથા એમ કુલ ત્રણ અધિકાર શ્રુતપરંપરાથી એટલે ગીતાર્થ પૂર્વાચાર્યના સંપ્રદાયથી કહેવાય છે. અથવા શ્રુત એટલે સૂત્ર અને સૂત્રની પરંપરા એટલે સૂત્રની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા આદિ પંચાંગીની પરંપરાથી કહેવાય છે.

જેમ સૂત્રમાં ચૈત્યવંદન પુક્ખરવરદ્દી સુધી કહેલું છે.

નિર્યુક્તિમાં પુક્ખરવરદ્દી ઉપરાંત સિદ્ધાણં બુદ્ધાણંની ૧ ગાથા કહેલી છે. ચૂર્ણિમાં સિદ્ધાણં બુદ્ધાણંની એ પછીની ૨ ગાથા જે શ્રીમહાવીરસ્વામીની સ્તુતિ રૂપે છે તે પણ જણાવેલી છે. બાકીની ૨ ગાથાઓ સ્વરૂપ દશમો અને અગિયારમો અધિકાર યથેચ્છાએ કહેવા યોગ્ય છે.

આવશ્યક ચૂર્ણિમાં ઉજ્જિંતસેલસિહરે આદિ ત્રણ અધિકાર યથેચ્છાએ

ભણવાના કહ્યા તે ૩ અધિકાર પૂર્વાચાર્યકૃત નિર્યુક્તિ અને ચૂર્ણિમાં કહેલ હોવાથી શ્રુતપરંપરાવાળા એટલે શ્રુતમય જ જાણવા, પરંતુ શ્રુતબાહ્ય નહિ. કારણ કે આવશ્યકચૂર્ણિનું વચન તે શ્રુતબાહ્ય ન ગણાય.

બીજો અધિકાર દ્રવ્યજિનનો તે 'જે અ અઈઆ સિદ્ધા' સૂત્રથી જણાવેલ છે તે અધિકાર અર્થથી શ્રુતસ્તવ એટલે પુક્ખરવરદ્દીની શરૂઆતમાં કહેલો છે તે જ અધિકાર પૂર્વાચાર્યોએ ત્યાંથી ખેંચીને નમુત્થુણંના છેડે દ્રવ્ય અરિહંતની વંદનાને અવસરે કહ્યો છે અને ત્યાંથી ખેંચીને નમુત્થુણંના અંતે મૂકવાનું પ્રયોજન એ છે કે નમુત્થુણમાં ભાવ અરિહંતને વંદના કરી પછી પશ્ચાનુપૂર્વી ક્રમથી દ્રવ્ય અરિહંતની વંદના આવે એટલે દ્રવ્ય અરિહંતની વંદના નમુત્થુણંના છેડે સ્થાપના કરી છે.

**પ્રશ્ન :** ૯ અધિકાર સૂત્રોક્ત હોવાથી પ્રમાણ છે. બાકીના ૩ અધિકાર પૂર્વાચાર્યોએ કહેલા હોવાથી તે પૂર્વાચાર્યોની આચરણા સૂત્રાનુસારી કેમ ગણાય ?

**જવાબ :** જે આચરણા અશઠ ગીતાર્થે આચરેલી હોય, નિરવદ્ય (નિષ્પાપ) હોય તેવી આચરણાનો મધ્યસ્થ ગીતાર્થો નિષેધ કરતા નથી. પરંતુ એવી આચરણા તે પ્રભુની જ આજ્ઞા છે એમ શાસ્ત્રમાં કહેલું હોવાથી આચાર્યો તેવી આચરણાને સન્માને છે - આદરે છે.

**૧૩. ચાર વંદનીય :** ચૈત્યવંદનામાં વંદના કોને કોને થાય છે ?

તે આ દ્વાર સૂચન કરે છે. ચૈત્યવંદનામાં જિનેશ્વર મુનિ - શ્રુતજ્ઞાન અને સિદ્ધ પરમાત્મા એ ચાર વંદન કરવા યોગ્ય છે.

ચૈત્યવંદનામાં મુખ્યત્વે જો કે અરિહંતની પ્રતિમાને વંદના છે. તો પણ પ્રસંગથી શ્રુતસ્તવમાં શ્રુતજ્ઞાનને, સિદ્ધાણં૦ માં સિદ્ધ પરમાત્માને અને પ્રણિધાનસૂત્ર 'જાવંત કે વિ સાહૂ'માં મુનિને પણ વંદના કરી છે. તેથી ચૈત્યવંદનામાં વંદન કરવા યોગ્ય સર્વેને વંદના કરી છે.

**૧૪. સ્મરણીય :** શાસનના અધિષ્ઠાયક સમ્યગ્દૃષ્ટિ દેવ સ્મરણ કરવા યોગ્ય છે. શાસનદેવ અવિરત સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાને હોવાથી દેશવિરતિ અને સર્વવિરતિને જે પાંચમા કે છઠ્ઠા અથવા સાતમા ગુણઠાણે રહેલાને વંદન કરવા યોગ્ય ન હોય તે કારણથી તેમનું સ્મરણ માત્ર કરાય છે. શાસનપ્રેમી દેવો શાસનમાં થતા ઉપદ્રવોને દૂર કરે છે, કર્યા છે અને કરશે માટે ચૈત્યવંદનાથી જે ઇષ્ટની સિદ્ધિ પ્રાપ્ત કરવી છે, તેમાં નડતા વિઘ્નોને દૂર કરવા તેમ જ શાસનનું પ્રભાવિક કાર્ય કરાવવાના હેતુથી તેમનું સ્મરણ કરાય

છે. આવું કોઈ કાર્ય ન હોય તો પણ પ્રતિક્રમણાદિ ક્રિયામાં ચોથી થોયપૂર્વક દેવનું સ્મરણ વિરતિવંત પણ કરે છે તે નિરર્થક નથી. પ્રતિક્રમણાદિ પ્રસંગે દરરોજ કરાતા કાઉસ્સગ્ગથી શાસનપ્રેમી દેવોનો પ્રતિદિન સત્કાર થાય છે. તે ઉચિત છે. તેમ જ દેવ કદાચ સ્વસ્મરણ ન જાણે તો પણ વેયાવચ્ચગરાણં સૂત્રથી પણ મન્ત્રાક્ષરની જેમ વિઘ્નોપશાન્તિ કહેલી છે.

અહીં મુનિ વિના ૩ વંદનીય અને ૧ સ્મરણીય એ ૪ તે ૧૨ અધિકારની અંતર્ગત થાય છે. ૪થા અધિકારમાં નામજિનને ૩-૫ અધિકારમાં સ્થાપના જીનને, ૨જામાં દ્રવ્યજિનને અને ૧-૬-૯-૧૦-૧૧ એ પાંચ અધિકારમાં ભાવજિનને વંદના કરી છે. ૭મામાં શ્રુતજ્ઞાનને અને ૮મામાં સિદ્ધને વંદના કરી છે અને ૧૨મા અધિકારમાં સમ્યગ્દૃષ્ટિ દેવોનું સ્મરણ છે. એમ ૧-૨-૩-૪-૫-૬-૯-૧૦-૧૧ એ ૯ અધિકારમાં જિનને વંદના, ૭માં શ્રુતજ્ઞાનને અને ૮મા માં સિદ્ધોને અને ૧૨મામાં સમ્યગ્દૃષ્ટિ દેવોનું સ્મરણ છે. અહિં મુનિવંદન ૧૨ અધિકારમાં નથી.

**૧૫. ચાર પ્રકારના જિન :** (૧) નામજિન (૨) સ્થાપના જિન (૩) દ્રવ્ય જિન (૪) ભાવ જિન.

**નામજિન** - કોઈ સજીવ અથવા નિર્જીવ વસ્તુનું 'જિન' એવું નામ પાડીએ તે નામજિન. ઋષભદેવ ઇત્યાદિ તીર્થંકરનું જે નામ તે નામજિન.

**સ્થાપનાજિન :** જિનેન્દ્ર ભગવંતની પ્રતિમા અથવા પગલાં વગેરે તે સ્થાપના જિન.

**દ્રવ્યજિન :** જિનેશ્વરનો જીવ તે દ્રવ્યજિન. જિનેશ્વરનો કેવળજ્ઞાન પામ્યા પહેલાંનો તથા સિદ્ધિગતિ પામેલો જીવ તે દ્રવ્યજિન. કારણ કે ભાવનું કારણ તે દ્રવ્ય કહેવાય. તીર્થંકરના ભવથી ત્રીજા પૂર્વભવમાં જ્યારથી જિન નામકર્મનો વિપાકોદય શરૂ ન થાય ત્યાં સુધીની અવસ્થામાં ભાવિકાળે તીર્થંકરપદની પ્રાપ્તિ ચોક્કસ થવાની હોવાથી દ્રવ્યજિન *કહેવાય.

**ભાવજિન :** જ્યારથી તીર્થંકર નામકર્મનો વિપાકોદય શરૂ થાય એટલે કેવળજ્ઞાન પામે ત્યારથી નિર્વાણ ન પામે ત્યાં સુધી તીર્થંકર નામકર્મના ઉદય વડે

---

* વર્તમાનકાળમાં પહેલી નરકમાં શ્રેણિક રાજાનો જીવ તથા ત્રીજી નરકમાં રહેલો કૃષ્ણનો જીવ આવતી ચોવીશીમાં ૧લા અને ૧૨મા (મતાંતરે ૧૩મા) તીર્થંકર થવાના છે. માટે તે બંને વર્તમાનકાળમાં દ્રવ્યજિન છે. એ પ્રમાણે ૨૨ તીર્થંકર માટે યથાયોગ્ય જાણવું.

ભાવજિન કહેવાય. સમવસરણમાં બેસીને દેશના-ઉપદેશ આપે તે ભાવજિન એવું જણાવેલું છે તે તીર્થંકરની પુણ્યાઈનો મહિમા દર્શાવવા માટે છે. સમવસરણ ન હોય ત્યારે ઘણીવાર આઠ પ્રતિહાર્યયુક્ત સિંહાસન ઉપર બેસીને જ દેશના આપે તો પણ તે ભાવજિન કહેવાય. ત્યાર બાદ નિર્વાણ પામી સિદ્ધિપદ પામે ત્યારે તે જિનેશ્વર દ્રવ્યજિન કહેવાય. આ પ્રમાણે ભાવજિનની ઉભયપાર્શ્વવર્તી બંને અવસ્થાઓ દ્રવ્યજિન કહેવાય છે.

**૧૬. ચાર થોય :** પ્રથમ થોય અધિકૃત એટલે મુખ્ય એક જિનેશ્વરની, બીજી થોય સર્વ જિનેશ્વરની, ત્રીજી થોય જ્ઞાનની અને ચોથી થોય વૈયાવચ્ચ કરનારા દેવોના ઉપયોગને માટે સ્મરણાર્થે છે.

ચાર થોયના જોડાથી અથવા આઠ થોયના બે જોડાથી જે ચૈત્યવંદન થાય છે તેમાં અરિહંત ચેઇઆણંના ૧ નવકારના કાયોત્સર્ગને અંતે જે ૧ થોય કહેવાય છે તે પહેલી થોય અધિકૃત એક જિનેશ્વરની હોય છે. દેરાસરમાં મૂળનાયકની અથવા અન્યસ્થાને ચોવીશમાંથી કોઈપણ એક જિનેશ્વરની હોય છે, અથવા પંચતીર્થીની વંદનામાં અધિકૃત ૫ મુખ્ય જિનેશ્વરોની હોય છે. જેમ કે 'કલ્યાણ કંદ'માં આદિનાથ-શાંતિનાથ-પાર્શ્વનાથ-નેમનાથ-મહાવીરસ્વામી એમ ૫ જિનેશ્વરની છે. જ્યારે 'સંસારદાવા.'માં શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ છે. 'સવ્વલોએ અરિહંત ચેઈ૦'ના ૧ નવકાર કાયોત્સર્ગને અંતે કહેવાતી બીજી થોયમાં સર્વ જિનેશ્વરોની સ્તુતિ હોય છે. ત્યાર બાદ શ્રુતસ્તવના ૧ નવકારના કાયોત્સર્ગને અંતે કહેવાતી ત્રીજી થોયમાં શ્રુતજ્ઞાનની સ્તુતિ હોય છે અને ત્યાર બાદ 'વૈયાવચ્ચગરાણં'ના ૧ નવકારના અંતે સમ્યગ્દૃષ્ટિ શાસનદેવને પોતાના વેયાવચ્ચાદિ કાર્યમાં ઉપયોગ આપવા એટલે સાવધાન કરવા માટે ચોથી થોય છે. આ પ્રમાણે જેવો અધિકાર તેને અનુસરતી થોય હોય છે. આ ચાર થોયો સ્વસ્વ અધિકારના અંતે હોવાથી ચૂલિકાસ્તુતિ કહેવાય છે. ચાર થોયમાંની પહેલી ૩ થોય વંદનાસ્તુતિ અને ચોથી થોય અનુશાસન રૂપ - શાસનદેવના સ્મરણ રૂપ હોવાથી અનુશાસ્તિસ્તુતિ કહેવાય છે. આ બે ભેદ વડે ૪ થોયનો એક જોડો ગણાય છે.

## ૧૭. ચૈત્યવંદન કરવાના ૮ નિમિત્ત :

(૧) પાપ ખપાવવાને માટે 'ઇરિયાવહિયં'નો કાયોત્સર્ગ કરવો તે પ્રથમ નિમિત્ત.

(૨) થી (૭) - 'વંદણવત્તિયાએ' આદિ ૬ પદમાં કહ્યા પ્રમાણે પ્રભુનું વંદન[1]-

પૂજા[૨]-સત્કાર[૩]-સન્માનથી થતા લાભ[૪] તથા સમ્યક્ત્વ લાભ[૫] અને નિરુપસર્ગપણું પ્રાપ્ત થવું એ ૬ નિમિત્તને માટે કાયોત્સર્ગ કરવો.

(૮) સમ્યગ્દૃષ્ટિ શાસનદેવનું સ્મરણ કરવાને માટે થતો છેલ્લો કાયોત્સર્ગ તે આઠમું નિમિત્ત.

આ પ્રકારે ચૈત્યવંદના કરવાના ૮ નિમિત્ત છે અને તે કરવાથી ૮ પ્રકારના ફળ પ્રાપ્ત થાય છે.

**(૧૮) ૧૨ હેતુ :** તસ્સ ઉત્તરીકરણ વગેરે ૪ હેતુ, શ્રદ્ધા વગેરે ૫ હેતુ અને વૈયાવચ્ચ કરવાપણું વગેરે ૩ હેતુ સહિત ચૈત્યવંદના કરવાની છે.

'ઇરિયાવહિયં'ના કાયોત્સર્ગથી પાપના ક્ષયરૂપ કાર્ય-ફળ થાય છે 'ઇરિયાવહિયં'માં પ્રાયશ્ચિત્તના દશ પ્રકારમાંથી આલોચના પ્રાયશ્ચિત્ત અને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કર્યા છે. તે પ્રાયશ્ચિત્તથી ઉત્તરકરણ એટલે કાયોત્સર્ગ કરવો[૧] તે પણ પાપ ખપાવવાનો હેતુ છે. એટલે કે અતિચાર દૂર કરવાનો હેતુ છે. હવે કાયોત્સર્ગની સિદ્ધિમાં પ્રાયશ્ચિત્ત એટલે પશ્ચાત્તાપ કરવો[૨] તે હેતુ છે પ્રાયશ્ચિત્તની શુદ્ધિમાં આત્માના શુદ્ધ પરિણામરૂપ વિશુદ્ધિ[૩] તે હેતુ છે અને તે પરિણામ માયાશલ્ય નિયાણશલ્ય અને મિથ્યાત્વશલ્ય રૂપ ત્રણ શલ્યથી રહિત હોય તો શુદ્ધ છે, એટલે નિઃશલ્યકરણ[૪] તે હેતુ છે. આ પ્રમાણે 'ઇરિયાવહિ' સંબંધી અતિચારોની શુદ્ધિમાં કાયોત્સર્ગ-પ્રાયશ્ચિત્ત-આત્મશુદ્ધિ-નિઃશલ્યતા એ ૪ હેતુ છે.

અરિહંત ચેઈઆણં સૂત્ર દ્વારા જે વંદન વગેરે કાર્ય કરાય છે તેની સિદ્ધિમાં શ્રદ્ધા[૧]-મેધા[૨] (વિશિષ્ટ બુદ્ધિ) ધૃતિ[૩] (ધૈર્ય) ધારણા[૪] (અરિહંતના ગુણની અવિસ્મૃતિ) અને અનુપ્રેક્ષા[૫] (ગુણનું ચિંતન) એ ૫ હેતુ છે. આ ૫ હેતુપૂર્વક કરેલો કાયોત્સર્ગ વંદનાદિ ૬ ફળને આપે છે. માટે એ ૫ હેતુ ગણાય છે એ પાંચ હેતુમાં પૂર્વ હેતુ પણ પાછળના હેતુ માટે કારણભૂત છે.

ચૈત્યવંદનામાં સમ્યગ્દૃષ્ટિ શાસનદેવનું સ્મરણ ૩ હેતુથી કરેલ છે. શાસનદેવ અથવા દેવી સંઘની વૈયાવચ્ચ કરે, સંઘમાં શાંતિ કરે અને સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિ કરે આ ત્રણ હેતુથી તેમનું સ્મરણ કરવામાં આવે છે. આમ ચૈત્યવંદનના ૧૨ હેતુ છે.

**૧૯. ૧૬ આગાર :** કાયોત્સર્ગના ૧૨ આગાર અથવા સોલ આગાર કહેવાય છે. આગાર એટલે છૂટ. કાયોત્સર્ગમાં રાખેલા ૧૨ આગારથી એટલે છૂટથી કાયોત્સર્ગનો ભંગ ન થાય. જો આગાર રાખ્યા વિના કાયોત્સર્ગ કરે તો કુદરતી રીતે થતી ૧૨ ક્રિયાઓથી કાયોત્સર્ગનો ભંગ થાય કારણ કે કાયાનો

ઉત્સર્ગ એટલે ત્યાગ કર્યા પછી કોઈ ક્રિયા કરવાની હોતી નથી છતાં કુદરતી જે ૧૨ ક્રિયાઓ થાય છે તેની છૂટ રાખવામાં આવે છે. અને તે આગાર એક સ્થાને ઉભા રહેવાને આશ્રયી છે. કાયાનો ત્યાગ કરવા છતાં નીચેની કુદરતી ક્રિયાઓના ૧૨ આગાર છે.

(૧) ઉંચો શ્વાસ લેવો. (૨) નીચો શ્વાસ મૂકવો. (૩) ખાંસી ખાવી (૪) છીંક ખાવી (૫) બગાસું ખાવું. (૬) ઓડકાર થવો (ઉર્ધ્વવાયુ થવો) (૭) વાછૂટ થવી. (અધોવાયુ થવો) (૮) ભમરી ખાવી (ચક્કર આવવા) (૯) વમન થવું - પિત્તથી મૂર્ચ્છા આવવી (૧૦) સૂક્ષ્મ કાયકંપ થવો (૧૧) સૂક્ષ્મ શ્લેષ્મ સંચાર થવો (૧૨) સૂક્ષ્મ દૃષ્ટિસંચાર થવો.

કાયોત્સર્ગના નિયત સ્થાનથી બીજે સ્થાને જવા છતાં પણ કાયોત્સર્ગ અખંડ ગણાય તેવા ૪ મુખ્ય આગાર નીચે પ્રમાણે છે.

**(૧) અગણિ :** વીજળી દીપક વગેરે અગ્નિનો પ્રકાશ શરીર ઉપર પડવાથી અગ્નિના જીવોનો શરીરના સ્પર્શથી નાશ થાય છે. તે જીવોને બચાવવા વસ્ત્ર ઓઢવું પડે અથવા ખસીને અપ્રકાશ સ્થાને જવું પડે તેથી તેમ જ અગ્નિનો ઉપદ્રવ થાય અને બીજે સ્થાને જવું પડે તો કાયોત્સર્ગનો ભંગ ન થાય.

**(૨) પણિંદિ છિંદણ :** સ્થાપનાચાર્યજી અને પોતાની વચ્ચે ઉંદર વગેરે પંચેન્દ્રિય જીવો આડા ઉતરતા હોય તો તે આડનું નિવારણ કરવા અન્યસ્થાને જતાં કાયોત્સર્ગનો ભંગ ન થાય.

**(૩) બોહીખોભાઈ :** બોધિક એટલે ચોર, તેનાથી ક્ષોભ આદિ થાય તો અન્યસ્થાને જવામાં કાયોત્સર્ગનો ભંગ નથી. અહીં આદિ પદથી રાજા વગેરેથી ક્ષોભ એટલે સંભ્રમ-ભય-ઉપદ્રવ થાય તો ખસીને અન્યસ્થાને જવામાં કાયોત્સર્ગનો ભંગ નથી.

**(૪) ડક્કો :** પોતાને અથવા પરને એટલે સાધુ વગેરેને સર્પ વગેરેએ ડંશ દીધો હોય એટલે સર્પ કરડ્યો હોય તેના ઉપચાર માટે કાયોત્સર્ગ પૂર્ણ થયા વિના પારે તો કાયોત્સર્ગનો ભંગ ન થાય.

**૨૦. કાયોત્સર્ગના ૧૯ દોષ :** કાયોત્સર્ગ કરતી વખતે ૧૯ દોષનો ત્યાગ કરવો જોઈએ. તેમાં સાધ્વીઓને લંબુત્તર દોષ, સ્તનદોષ અને સંયતિદોષ એ ૩ દોષ ન હોવાથી ૧૬ દોષ હોય છે તથા શ્રાવિકાને વધૂ દોષ સહિત ૪ દોષ ન હોય તેથી તેમને ૧૫ દોષ હોય છે. ૧૯ દોષનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) ઘોટક દોષ : ઘોડાની જેમ એક પગ વાંકો અથવા ઉંચો રાખે.

(૨) લતા દોષ : પવનથી હાલતી વેલડીની જેમ શરીર ધુણાવે તે.

(૩) સ્તંભાદિદોષ - થાંભલા વગેરેનો ટેકો લઈ કાયોત્સર્ગ કરે તે.

(૪) માલદોષ : માળને મસ્તક લગાડી ઉભો રહે તે.

(૫) ઉદ્ધીદોષ : ગાડાની ઉદ્ધીની જેમ પગના બે અંગુઠા અને બે એડી એટલે પાની મેળવીને ઉભો રહે તે.

(૬) નિગડદોષ : બેડીમાં જકડેલા કેદીની માફક બે પગ પહોળા કરીને અથવા બે પગ સંકોચીને ઉભી રહે તે પ્રમાણે ઉભો રહે તે.

(૭) શબરીદોષ : શબરી એટલે નગ્ન ભીલડી જેમ ગુપ્ત અવયવ આગળ બે હાથ રાખીને ઉભી રહે તે પ્રમાણે ઉભો રહે તે.

(૮) ખલિન દોષ : ખલિન એટલે ઘોડાની લગામની જેમ ઓઘા અથવા ચરવળાના દાંડી પાછળ રાખી દશીને 'આગળ કરે તે.

(૯) વધૂદોષ : વહુની જેમ મસ્તક નીચું રાખે તે.

(૧૦) લંબુત્તરદોષ : ધોતિયું અથવા ચોલપટ્ટો નાભિથી ૪ આંગળ નીચે અને ઢીંચણથી ૪ આંગળ ઉપર રાખવાને બદલે વિશેષ લાંબો રાખે તે.

(૧૧) સ્તનદોષ : ડાંસ મચ્છર વગેરેના ઉપદ્રવના ભયથી અથવા અજ્ઞાનથી સ્ત્રીની જેમ હૃદય ઢાંકી રાખે એટલે છાતી ઉપર વસ્ત્ર રાખે તે.

(૧૨) સંયતિ દોષ : સાધ્વીની માફક સર્વ શરીર ઢાંકી રાખે તે.

(૧૩) ભ્રમિતાંગુલિ દોષ : નવકારની સંખ્યા અથવા આલાવાની સંખ્યા ગણવા આંગળી હલાવે અથવા નેત્રના ભવાં હલાવે તે.

(૧૪) વાયસ દોષ : વાયસ એટલે કાગડાની જેમ આંખના ડોળા આમતેમ હલાવે તે.

(૧૫) કપિત્થ દોષ : પહેરેલા વસ્ત્રને મલિન થવાના ભય વગેરે કારણથી સંકોચી રાખે તે. કોઠું (કવિઠ) જેમ ગોળાકાર હોય તેમ કાછોટીવાળા ભાગમાં પહેરેલા ધોતીયામાં પાટલીવાળા ભાગને નાખી ગોળ પિંડો કરી બે જંઘા વચ્ચે દબાવે તે.

(૧૬) શિર:કંપ : શરીરમાં ભૂતના પ્રવેશની માફક મસ્તક ધુણાવે તે.

(૧૭) મૂકદોષ : મૂંગાની જેમ કાયોત્સર્ગમાં હું હું કરે તે.

(૧૮) વારુણી દોષ : વારુણી એટલે મદિરા, તે પાકે ત્યારે તેમાં થતા શબ્દની જેમ બુડબુડ કરે તે.

(૧૯) વાનર દોષ : વાનરની જેમ આમતેમ જોતો હોઠ હલાવ્યા કરે તે.

૧૯ દોષમાંથી લંબુત્તર દોષ, સ્તન દોષ અને સંયતિ દોષ સાધ્વીજીને ન હોય કારણ કે તેમનું શરીર વસ્ત્રથી ઢંકાયેલું જ રહેવું જોઈએ, પરંતુ પ્રતિક્રમણાદિ ક્રિયા વખતે મસ્તક ઉઘાડું રાખવું જોઈએ.

વધૂદોષ સહિત ૪ દોષ શ્રાવિકાને ન હોય કારણ કે સ્ત્રીએ મસ્તક સહિત સર્વ અંગ ઢાકેલું રાખવું તેમ જ દૃષ્ટિ નીચે રાખવી તે સ્ત્રીનું ભૂષણ છે.

**૨૧. કાયોત્સર્ગના કાળનું પ્રમાણ :** ચૈત્યવંદનમાં 'ઇરિયાવહિયં' ના કાયોત્સર્ગનું પ્રમાણ ૨૫ શ્વાસોચ્છ્વાસના કાળ જેટલું છે. લોગસ્સમાં ચંદેસુ નિમ્મલયરા સુધી ૬ગાથા + ૧ ચરણ સુધી ૨૫ ચરણ-પાદ જેટલો કાળ છે. ૧ ગાથા = ૪ ચરણ થાય છે. અહીં શ્વાસોચ્છ્વાસ એટલે નાક દ્વારા જે શ્વાસોચ્છ્વાસ લેવાય છે, તે અહીં ગણવાનો નથી. કારણ કે 'पाय समा उस्सासा' એ વચનથી ઉચ્છ્વાસનું પ્રમાણ ૧ પાદના ઉચ્ચાર જેટલું ગણાય છે.

અરિહંત ચેઈઆણંના ૩ કાયોત્સર્ગ અને વૈયાવચ્ચગરાણંનો ૧ કાયોત્સર્ગ એ જ કાયોત્સર્ગ ૧-૧ નવકારના છે ત્યાં એક નવકારની ૮ સંપદા છે તે ૧-૧ સંપદા એક એક પાદતુલ્ય = એકેક શ્વાસોચ્છ્વાસ પ્રમાણની ગણાય છે માટે તે ચાર કાયોત્સર્ગ ૮-૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ જાણવા.

**૨૨. સ્તવન :** જાવંતિ ચેઈઆઈ અને જાવંત કે વિ સાહૂ પછી જે સ્તવન બોલવામાં આવે છે તે મેઘ જેવા ગંભીર તેમ જ મધુર *ધ્વનિપૂર્વક કહેવું. તે પણ મહાન અર્થવાળું એટલે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવું, થોડા અક્ષરમાંથી ઘણો અર્થ નીકળે એવું હોવું જોઈએ. આ જ સ્તવન બોલવું એવું નિયમ નથી. જુદા જુદા આચાર્યોએ તથા મુનિવરોએ બનાવેલા કહેવાય છે એટલે નિયતપણું ન હોવાથી ચૈત્યવંદન ભાષ્યાદિ સૂત્રોમાં સાથે ગણત્રીમાં ગણ્યું નથી.

---

* ચૈત્યવંદન અથવા સ્તવન મનમાં જ કહેવું અથવા અન્ય ન સાંભળે એવો વિધિ નથી. પરંતુ ઘણા મોટા સ્વરે ન બોલતાં મધુરતાથી મધ્યમ સ્વરે બોલે તો સ્વ અને પરને ઘણો અલ્હાદ ઉપજે જેથી ઉભયને નિર્જરા થાય.

**૨૩. સાત વાર ચૈત્યવંદન :** સાત વાર ચૈત્યવંદન મુનિઓને અને શ્રાવકને ક્યારે કરવાના હોય છે તે બતાવે છે.

મુનિઓને (૧) સવારના પ્રતિક્રમણમાં વિશાલ લોચનનું* (૨) દહેરાસરમાં પ્રભુના દર્શન કરતી વખતે (૩) ગોચરી પહેલાં પચ્ચક્ખાણ પારતી વખતે (૪) સાંજના પ્રતિક્રમણમાં ચાર થોય પૂર્વે જ ચૈત્યવંદન કરાય છે તે વખતે (૫) સાંજના પ્રતિક્રમણમાં નમોઽસ્તુ વર્ધમાનાયનું (૬) સંથારો કરતા પહેલા સૂતી વખતે ચઉક્કસાયનું (૭) સવારે જાગીને કુસુમિણ દુસુમિણનો કાયોત્સર્ગ કર્યા પછી જગચિંતામણિનું... આ પ્રમાણે દિવસરાતમાં થઈ ૭ ચૈત્યવંદન કરવા. આઠમ આદિ પર્વતિથિઓમાં સર્વ દેરાસરમાં દર્શન કરવા તે વખતે સાતથી અધિક પણ ચૈત્યવંદન કરવા કહ્યું છે. આ સાત ચૈત્યવંદનો જુદી જુદી વિધિથી થાય છે.

હવે પ્રતિક્રમણ કરતા શ્રાવકને સાધુની જેમ ૭ વાર ચૈત્યવંદન કરવું અથવા ૫ વાર ચૈત્યવંદન કરવું. તેમાં બે વાર પ્રતિક્રમણ કરનારને ૭ ચૈત્યવંદન - સવારના પ્રતિક્રમણમાં જગચિંતામણિ તથા વિશાલલોચન એમ બે + ત્રણ સંધ્યા ચૈત્યવંદન + સાંજના પ્રતિક્રમણનું ૧ + સૂતી વખતે મુનિ પાસે સંથારા પોરિસિ સાંભળ્યાનું ૧ એમ સાત વાર ચૈત્યવંદન થાય છે.

એક વાર પ્રતિક્રમણ કરનારને ત્રણ સંધ્યાના ચૈત્યવંદન ૩ + સંથારા પોરિસી સાંભળતાં ૧ + ૧ પ્રતિક્રમણનું એમ ૫ વાર ચૈત્યવંદન થાય છે.

જઘન્યથી ત્રણ સંધ્યાની પૂજાના સમયના ત્રણ ચૈત્યવંદન અવશ્ય થવા જોઈએ. પૌષધરહિત શ્રાવક પોરિસિ પોતે ભણાવે નહિ પરંતુ મુનિ ભગવંત પાસે સાંભળે.

**૨૪. દશ આશાતના :** અહીં आ = આય એટલે લાભ (જ્ઞાનાદિકનો) તેની

शातना = ખંડના.... એટલે કે જેમાં જ્ઞાનાદિકના લાભનું ખંડન થાય તે આશાતના તે અવિનયવાળા આચારણથી થાય તેવા અવિનયી આચરણનું નામ આશાતના છે. તે જઘન્યથી મોટી દશ આશાતનાઓ છે. મધ્યમથી ૪૨ આશાતના છે અને ઉત્કૃષ્ટથી ૮૪ આશાતના છે. અહીં દશ બતાવે છે.

શ્રી જિનેશ્વરના દહેરાસરની જગતીમાં-કોટમાં પ્રવેશતાં (૧) મુખવાસ ખાવો (૨) પાણી પીવું (૩) ભોજન કરવું (૪) પગરખાં પહેરવાં, બૂટ-ચંપલ સ્લીપર વગેરે

* વર્તમાનમાં સવારના પ્રતિક્રમણમાં જે પહેલું જગચિંતામણીનું ચૈત્યવંદન થાય છે તે જાગીને કરવાનું સાતમું ચૈત્યવંદન છે તેને પ્રતિક્રમણ સાથે જોડેલું છે. સાંજના પ્રતિક્રમણમાં જે પહેલું ચૈત્યવંદન થાય છે તે દિવસચરિમ પચ્ચક્ખાણ સંબંધી ચોથું ચૈત્યવંદન છે તેને સાંજના પ્રતિક્રમણ સાથે જોડેલું છે.

(૫) મૈથુન સેવવું (૬) શયન કરવું - સૂઈ જવું (૭) થૂંકવું અથવા કાન-નાકનો મેલ કાઢવો (૮) મૂત્ર-પેશાબ કરવો-લઘુનીતિ કરવી (૯) ઝાડે જવું વડીનીતિ કરવી (૧૦) જુગાર રમવું આ દશ આશાતનાઓનો અવશ્ય ત્યાગ કરવો.

આ પ્રમાણે ૨૪ દ્વારમાં ૨૦૭૪ ચૈત્યવંદન સ્થાન પૂર્ણ થાય છે.

હવે ઉત્કૃષ્ટ ચૈત્યવંદનની વિધિ જણાવે છે.

સૌ પ્રથમ ઇરિયાવહિયં કરી એટલે ખમાસમણ દઈ આદેશ પૂર્વક ઇરિ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી ૧ લોગસ્સનો કાયોત્સર્ગ પારી પ્રગટ લોગસ્સ કહેવો. ત્યાર બાદ એક ખમાસમણ દઈ ચૈત્યવંદનનો આદેશ માગી જઘન્યથી ૩ ગાથાવાળુ અને ઉત્કૃષ્ટથી ૧૦૮ કે તેથી અધિક ગાથાનું દેશી-સંસ્કૃત-પ્રાકૃતાદિ ભાષાનું ચૈત્યવંદન કહી જંકિંચિ૦* કહેવું.

ત્યાર બાદ નમુત્થુણં૦ (૧, ૨જો અધિકાર) કહેવું. પછી અરિહંત ચેઈ૦ અન્નત્થ૦ કહી ૧ નવકારનો કાયોત્સર્ગ કરી અધિકૃત જિનની થોય કહેવી (૩જો અધિકાર) ત્યાર બાદ લોગસ્સ૦ (૪થો અધિકાર) કહી સવ્વલોએ અરિહંત ચેઇઆણં. અન્નત્થ૦ કહી એક નવકારનો કાયોત્સર્ગ કરી પારીને સર્વજિન સંબંધી થોય કહેવી (૫મો અધિકાર) ત્યાર બાદ પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી ૧ નવકારનો કાયોત્સર્ગ કરી પારીને સિદ્ધાંતની વંદના સંબંધી ત્રીજી થોય કહેવી (૬,૭મો અધિકાર) ત્યાર બાદ સિદ્ધાણં બુદ્ધાણં (૮-૯-૧૦-૧૧મો અધિકાર) કહી વેયાવચ્ચગરાણં કહી વંદણવત્તિયાએ કહ્યા વગર સીધું અન્નત્થ૦ કહી ૧ નવકારનો કાયોત્સર્ગ કરી પારીને શાસનદેવીના સ્મરણ સંબંધી ચોથી થોય કહેવી (૧૨મો અધિકાર)

ત્યાર બાદ નમુત્થુણં-જાવંતિ૦-ખમા૦-જાવંત૦-કહી નમોઽર્હત્ કહી જઘન્યથી પાંચ ગાથાવાળું સ્તવન કહેવું. ત્યાર બાદ જય વીયરાય કહેવા.

આ પ્રમાણે ચાર થોયવાળું દેવવંદન જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું અને પ્રચલિત ૮ થોયવાળું દેવવંદન ઉત્કૃષ્ટોત્કૃષ્ટ જાણવું.

આ પ્રમાણે સર્વ ઉપાધિ એટલે સર્વ ધર્મચિંતન વડે વિશુદ્ધ રીતે જે મનુષ્ય જિનેશ્વરદેવને પ્રતિદિન વંદના કરે તે મનુષ્ય દેવેન્દ્રોના સમૂહ વડે પૂજિત એવા મોક્ષપદને જલ્દીથી પામે છે.

આપણે પણ આ વિધિને હૃદયસ્થ બનાવી જિનાલયમાં શુદ્ધવિધિનું પાલન કરી ચૈત્યવંદન કરીને શીઘ્ર મોક્ષપદને પામીએ એ જ એકની એક શુભાભિલાષા....

---

* જંકિંચિ૦ સૂત્ર ભાષ્યાદિમાં કહ્યું નથી, પણ વૃદ્ધ સંપ્રદાયથી બોલાય છે.

# ચૈત્યવંદન ભાષ્ય-સાર્થ

**વંદિત્તુ વંદણિજ્જે સવ્વે ચિઇવંદણાઇ-સવિયારં ।**
**બહુ વિત્તિ-ભાસ-ચુણ્ણી, સુયાણુસારેણ વુચ્છામિ ।।૧।।**

વંદન કરવા યોગ્ય સર્વજ્ઞ ભગવંતોને વંદન કરીને ચૈત્યવંદનાદિના ઉત્તમ વિચારને ઘણી વૃત્તિ, ભાષ્ય અને ચૂર્ણિવાળા શ્રુતજ્ઞાનને અનુસારે કહીશ. ।।૧।।

**દહતિગ-અહિગમપણગં, દુદિસિ-તિહુગ્ગહ-તિહા ઉ વંદણયા ।**
**પણિવાય-નમુક્કારા, વન્ના સોલ-સય-સીયાલા ।।૨।।**

**ઇગસીઈસયં તુ પયા, સગનઉઈ સંપયાઉ પણદંડા ।**
**બાર અહિગાર ચઉ વંદણિજ્જ, સરણિજ્જ ચઉહ જિણા ।।૩।।**

**ચઉરો થુઈ નિમિત્તટ્ઠ, બાર હેઊ અ સોલ આગારા ।**
**ગુણવીસ દોસ ઉસ્સગ્ગ-માણ થુત્તં ચ સગવેલા ।।૪।।**

**દસ આસાયણ-ચાઓ, સવ્વે ચિઈવંદણાઈ ઠાણાઈં ।**
**ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉસયરા ।।૫।।**

અર્થ : દશ ત્રિક[૧], પાંચ અભિગમ[૨], બે દિશા[૩], ત્રણ અવગ્રહ[૪], ત્રણ વંદન[૫], પ્રણિપાત[૬], નમસ્કાર[૭], ૧૬૪૭ વર્ણ[૮], ૧૮૧ પદ[૯], ૯૭ સંપદા[૧૦], ૫ દંડક[૧૧], ૧૨ અધિકાર[૧૨], ૪ વંદનીય[૧૩], શરણ કરવા યોગ્ય[૧૪], ૪ જિન[૧૫], ૪ થોય [૧૬] ૮ નિમિત્ત[૧૭], ૧૨ હેતુ[૧૮], ૧૬ આગાર[૧૯], ૧૯ દોષ[૨૦], કાયોત્સર્ગનું પ્રમાણ[૨૧], સ્તવન[૨૨], ૭વાર ચૈત્યવંદન[૨૩], ૧૦ આશાતના ત્યાગ[૨૪], આ પ્રમાણે ૨૪ દ્વાર વડે સર્વે ૨૦૭૪ ચૈત્યવંદનના સ્થાન થાય છે. ।।૨-૫।।

**તિન્નિ નિસીહિ તિન્નિ ઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા ।**
**તિવિહા પૂયા ય તહા, અવત્થ-તિય-ભાવણં ચેવ ।।૬।।**

**તિદિસિ નિરિક્ખણ-વિરઈ, પયભૂમિ-પમજ્જણં ચ તિક્ખુત્તો ।**
**વન્નાઈ-તિયં મુદ્દા-તિયં ચ તિવિહં ચ પણિહાણં ।।૭।।**

પહેલા દ્વારમાં જે દશ ત્રિકની વાત જણાવી તે નામથી જણાવે છે.

ત્રણ નિસીહિ[૧], ત્રણ પ્રદક્ષિણા[૨], ત્રણ પ્રણામ[૩], ત્રણ પૂજા[૪], ત્રણ અવસ્થાની[૫] ભાવના, ત્રણ દિશામાં જોવાનો ત્યાગ[૬], ત્રણ વાર પગ મૂકવાની ભૂમિનું પ્રમાર્જન[૭],

વર્ણ-અર્થ-આલંબનત્રિક[૮], મુદ્રાત્રિક[૯] (જિનમુદ્રા, યોગમુદ્રા મુક્તાશુક્તિમુદ્રા), ત્રણ પ્રણિધાન[૧૦]. ॥૬-૭॥

**ઘર-જિણહર-જિણપૂયા, વાવારચ્ચાયઓ નિસીહિ-તિગં ।**
**અગ્ગ-દારે મજ્ઝે, તઈયા ચિઈ-વંદણા-સમએ ॥૮॥**

**૧** ત્રણ નિસીહિ ક્યારે બોલાય છે તે જણાવે છે.

[૧] ત્રણ નિસીહિમાં ઘરના વ્યાપારના ત્યાગ માટે પ્રથમ નિસીહિ જિનાલયના અગ્રદ્વારે બોલાય છે. જિનાલય સંબંધી વ્યાપારના ત્યાગ માટે બીજી નિસીહિ મધ્યદ્વાર એટલે ગભારાના દ્વાર ઉપર બોલાય છે. અને જિનેશ્વરની દ્રવ્યપૂજાના ત્યાગ માટે ત્રીજી નિસીહિ ચૈત્યવંદન સમયે કહેવાય છે. ॥૮॥

[૨] પ્રદક્ષિણા ત્રિક સુગમ છે.

**અંજલિબદ્ધો અદ્ધો-ણઓ અ પંચંગઓ અ તિપણામા ।**
**સવ્વત્થ વા તિવારં, સિરાઈ-નમણે પણામ-તિયં ॥૯॥**

[૩] (૧) અંજલિબદ્ધ પ્રણામ (૨) અર્ધાવનત પ્રણામ (૩) પંચાંગ પ્રણિપાત એમ ૩ પ્રણામ છે. અથવા ભૂમિ આદિ સર્વ સ્થાનમાં મસ્તક નમાવતી વખતે મસ્તક સન્મુખ રહેલી અંજલિને દક્ષિણાવર્ત જમણી પદ્ધતિએ મંડલાકારે ત્રણ વાર ભમાવવી તે પણ ૩ પ્રણામ કહેવાય છે. ॥૯॥

**અંગગ્ગભાવ-ભેયા, પુપ્ફાહારથુઈહિં પૂયતિગં ।**
**પંચુવયારા અટ્ઠો-વયાર સવ્વોવયારા વા ॥૧૦॥**

[૪] પુષ્પ વડે, નૈવેદ્ય વડે અને સ્તુતિ વડે અનુક્રમે અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એમ ત્રણ પૂજાના ભેદ થાય છે. અથવા પંચપ્રકારી પૂજા, અષ્ટપ્રકારી પૂજા, અને સર્વોપચારી પૂજાના ભેદથી પૂજાના ત્રણ ભેદ થાય છે. ॥૧૦॥

**ભાવિજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવ-રહિયત્તં ।**
**છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્તં ચેવ તસ્સત્થો ॥૧૧॥**

[૫] પિંડસ્થ પદસ્થ અને રૂપાતીત એમ ત્રણ અવસ્થા ભાવવી જોઈએ. તેનો અર્થ એ જ છે કે પ્રભુનું છદ્મસ્થપણું, કેવલીપણું અને સિદ્ધપણું વિચારવું. ॥૧૧॥

આ ત્રણ અવસ્થા કેવી રીંતે ભાવવી ? તે જણાવે છે.

**ન્હવણચ્ચગેહિં છઉમત્થ-વત્થપડિહારગેહિં કેવલિયં ।**
**પલિયંકુસ્સગ્ગેહિ અ, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં ॥૧૨॥**

પરિકરમાં રહેલા સ્નાન અને પૂજા કરનારાઓ વડે છદ્મસ્થ અવસ્થા, ૮ પ્રાતિહાર્યો વડે કેવલી અવસ્થા અને પર્યંકાસન અથવા કાઉસ્સગ્ગના આકાર વડે જિનેશ્વરની સિદ્ધત્વ અવસ્થા ભાવવી. ॥૧૨॥

**ઉઢ્ઢાહો તિરિઆણં, તિદિસાણ નિરિક્ખણં ચઈજ્જહવા ।**
**પચ્છિમ-દાહિણ-વામાણ, જિણમુહનન્નત્થ-દિટ્ઠિ-જુઓ ॥૧૩॥**

[૬] જિનેશ્વરના મુખ ઉપર સ્થાપેલ દૃષ્ટિવાળો પુરુષ ઉર્ધ્વદિશા, અધોદિશા અને તિરછીદિશામાં અથવા પાછલી અને જમણી તથા ડાબી એમ ત્રણ દિશામાં જોવાનો ત્યાગ કરે. ॥૧૩॥

[૭] પગ મૂકવાની ભૂમિનું ત્રણ વાર પ્રમાર્જન કરવું એ સુગમ છે એટલે ગાથામાં નથી આપ્યું.

ચૈત્યવંદન કરતી વખતે શાનું આલંબન લેવું ? અને તે કઈ મુદ્રામાં કરવું તે જણાવે છે.

**વન્નતિયં વન્નત્થા-લંબણમાલંબણં તુ પડિમાઈ ।**
**જોગ-જિણ-મુત્તસુત્તી, મુદ્દાભેએણ મુદ્દતિયં ॥૧૪॥**

[૮] વર્ણ આલંબન, અર્થ આલંબન જિનપ્રતિમાના આલંબનપૂર્વક ચૈત્યવંદન કરવું.

[૯] એ ચૈત્યવંદન યોગમુદ્રા, જિનમુદ્રા, અને મુક્તાશુક્તિ મુદ્રા એમ ત્રણ મુદ્રા વડે કરવું. ॥૧૪॥

યોગમુદ્રાનું સ્વરૂપ

**અન્નુન્નંતરિઅંગુલિ-કોસાગાહેરિ દોહિં હત્થેહિં ।**
**પિટ્ટોવરિ કુપ્પર, સંઠિએહિં તહ જોગમુદ્દત્તિ ॥૧૫॥**

આંગળીઓને એકબીજાને અંતરિત કરવાથી (એટલે બે અંગુઠા સામસામે જોડાયેલા રહે અને ડાબી પહેલી તર્જની આંગળી જમણી ૧લી અને ૨જી એટલે તર્જની અને મધ્યમાની વચ્ચે આવે તેમ ક્રમસર ગોઠવવું. કમળના ડોડાના આકારે થયેલા બે હાથ વડે કોણીને પેટ ઉપર સ્થાપવાથી યોગમુદ્રા થાય. ॥૧૫॥

જિનમુદ્રા સ્વરૂપ

**ચત્તારિ અંગુલાઈ, પુરઓ ઊણાઈ જત્થ પચ્છિમઓ ।**
**પાયાણં ઉસ્સગ્ગો, એસા પુણ હોઈ જિણમુદ્દા ॥૧૬॥**

બે પગનો આગળનો ભાગ ચાર આંગળ અંતરવાળો રહે અને પાછલો ભાગ તેનાથી કાંઈક ઓછા અંતરવાળો રહે તે જિનમુદ્રા કહેવાય. ॥૧૬॥

મુક્તાશુક્તિમુદ્રા સ્વરૂપ

**મુત્તાસુત્તી મુદ્દા, જત્થ સમા દોવિ ગબ્ભિઆ હત્થા ।**
**તે પુણ નિલાડદેસે, લગ્ગા અન્ને અલગ્ગત્તિ ॥૧૭॥**

બંને હાથ સરખા એટલે સામસામી આંગળીઓ આવે તે રીતે અને ગર્ભિત એટલે મધ્યમાં ઉંચા હોય તેવા બંને હાથને કપાળ સાથે લગાડ્યા હોય તે મુક્તાશુક્તિ મુદ્રા કહેવાય. કેટલાક આચાર્યો કહે છે તેવા હાથ કપાળે રાખ્યા હોય અને કપાળને લગાડ્યા ન હોય તે મુક્તાશુક્તિ મુદ્રા કહેવાય. ॥૧૭॥

કઈ મુદ્રા વડે કયા સૂત્ર કહેવાય ?

**પંચંગો પણિવાઓ, થયપાઢો હોઈ જોગમુદ્દાએ ।**
**વંદણ જિણમુદ્દાએ, પણિહાણં મુત્તસુત્તીએ ॥૧૮॥**

નમસ્કાર અથવા ખમાસમણ રૂપ પંચાંગ પ્રણિપાત પાંચ અંગને નમાવવા સ્વરૂપ પંચાંગી મુદ્રા વડે થાય છે. સ્તવપાઠ - નમુત્થુણં આદિ યોગમુદ્રા વડે થાય છે. અરિહંત ચેઈઆણં૦ આદિ વંદનસૂત્ર જિનમુદ્રા વડે અને પ્રણિધાનસૂત્ર મુક્તાશુક્તિ મુદ્રા વડે થાય છે. ॥૧૮॥

પ્રણિધાનત્રિકનું સ્વરૂપ.

**પણિહાણતિગં ચેઈઅ-મુણિવંદણ-પત્થણાસરૂવં વા ।**
**મણ-વય-કાએગત્તં, સેસ-તિયત્થો ય પયડુત્તિ ॥૧૯॥**

[૧૦] ચૈત્યવંદના સ્વરૂપ 'જાવંતિ ચેઇઆઇં', મુનિવંદન સ્વરૂપ 'જાવંત કેવિ સાહૂ' અને પ્રાર્થના સ્વરૂપ 'જય વીયરાય' એ ત્રણ પ્રણિધાન સૂત્રો છે. અથવા મન-વચન-કાયાની એકાગ્રતા એ ત્રણ પ્રણિધાન છે. બાકીની ત્રિકનો અર્થ સુગમ છે. ॥૧૯॥

આ પ્રમાણે દશ ત્રિકનું દ્વાર પૂરું થયું.

**૨** પાંચ અભિગમ - અલ્પ ઋદ્ધિવાળા શ્રાવક માટે.

**સચ્ચિત્તદવ્વમુજ્ઝણ - મચ્ચિત્તમણુજ્ઝણં મણેગત્તં ।**
**ઈગ-સાડિ ઉત્તરાસંગુ અંજલી સિરસિ જિણ-દિટ્ઠે ॥૨૦॥**

સચિત્ત દ્રવ્યનો ત્યાગ[૧], અચિત્તદ્રવ્યનો અત્યાગ[૨], મનની એકાગ્રતા રાખવી[૩], બંને છેડે દશીવાળું, નહિ સાંધેલો અખંડ ખેસ રાખવો[૪], પરમાત્માના દર્શન થતાં મસ્તક પર અંજલિ કરવી[૫]. ॥૨૦॥

મોટી ઋદ્ધિવાળા શ્રાવક (રાજા) માટે પાંચ અભિગમનું સ્વરૂપ

**ઈઅ પંચવિહાભિગમો, અહવા મુચ્ચંતિ રાયચિણ્હાઈં ।**
**ખગ્ગં છત્તોવાણહ, મઉડં ચમરે અ પંચમએ ॥૨૧॥**

ઉપરની ગાથામાં બતાવેલા પાંચ અભિગમ અથવા તલવાર, છત્ર, પગરખા, મુકુટ અને ચામર એ પાંચનો રાજચિહ્નો ત્યાગ કરે. ॥૨૧॥

**૩** બે દિશા અને **૪** ત્રણ અવગ્રહ.

**વંદંતિ જિણે દાહિણ, દિસિટ્ઠિઆ પુરિસ વામદિસિ નારી ।**
**નવકર જહન્ન સટ્ઠિકર, જિટ્ઠ મજ્ઝુગ્ગહો સેસો ॥૨૨॥**

પુરુષો પરમાત્માની જમણી બાજુ અને બહેનો ડાબી બાજુ ઉભા રહી પરમાત્માને વંદન કરે. નવ હાથનો અવગ્રહ (પરમાત્માથી કેટલે દૂર રહી દર્શન ચૈત્યવંદન કરવું તે) જઘન્ય છે અને ૬૦ હાથનો અવગ્રહ ઉત્કૃષ્ટ છે. અને મધ્મય અવગ્રહ ૧૦ થી ૫૯ હાથ છે. ॥૨૨॥

**૫** ત્રણ પ્રકારની વંદના બતાવે છે.

**નમુકારેણ જહન્ના, ચિઈવંદણ મજ્ઝ દંડ-થુઈ-જુઅલા ।**
**પણ દંડ-થુઈ-ચઉક્કગ, થયપણિહાણેહિં ઉક્કોસા ॥૨૩॥**

એક નમસ્કાર વડે જઘન્ય ચૈત્યવંદન થાય - દંડક અને સ્તુતિના યુગલ વડે મધ્યમ ચૈત્યવંદના થાય અને પાંચ દંડક-૪ થોય - સ્તવન - ત્રણ પ્રણિધાન સૂત્રો વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે. ॥૨૩॥

બીજા મત વડે ચૈત્યવંદનાના ત્રણ પ્રકાર બતાવે છે.

**અન્ને બિંતિ ઈગેણં, સક્ક-ત્થએણં જહન્ન-વંદણયા ।**
**તદ્દુગ-તિગેણ મજ્ઝા, ઉક્કોસા ચઉહિં પંચહિં વા ॥૨૪॥**

બીજા આચાર્યો કહે છે એક નમુત્થુણં વડે જઘન્ય ચૈત્યવંદના, બે કે ત્રણ વડે મધ્યમ ચૈત્યવંદના અને ચાર કે પાંચ નમુત્થુણં વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના થાય છે. ॥૨૪॥

**૬** પ્રણિપાત અને **૭** નમસ્કાર દ્વાર બતાવે છે.

**પણિવાઓ પંચંગો, દો જાણુ કરદુગુત્તમંગં ચ ।**
**સુમહત્થ નમુક્કારા, ઈગ દુગ તિગ જાવ અટ્ઠસયં ॥૨૫॥**

બે ઢીંચણ, બેહાથ અને એક મસ્તક એ પાંચ અંગનો પ્રણિપાત એટલે ભૂમિ ઉપર લગાડવા તે કાયિક નમસ્કાર છે.

અતિ મોટા અર્થવાલી ૧-૨-૩ થી યાવત્ ૧૦૮ સ્તુતિઓ બોલવી તે વાચિક નમસ્કાર છે. ॥૨૫॥

**૮** બે ગાથામાં ચૈત્યવંદના સૂત્ર સંબંધી ૧૬૪૭ અક્ષરનું દ્વાર જણાવે છે -

**અડસટ્ઠિ અટ્ઠવીસા, નવનઉયસયં ચ દુસય-સગનઉયા ।**
**દોગુણતીસ દુસટ્ઠા, દુસોલ અડનઉયસય દુવન્નસયં ॥૨૬॥**
**ઈઅ નવકાર-ખમાસમણ, ઇરિઅ-સક્કત્થયાઇદંડેસુ ।**
**પણિહાણેસુ અ અદુરુત્ત, વન્ન સોલસય સીયાલા ॥૩૦॥**

જે સૂત્રો એક વાર ગણાઈ ગયા હોય તેના વર્ણોને બીજી વાર ન ગણીએ તો તેવી ગણત્રી પ્રમાણે

| | | | | |
|---|---|---|---|---|
| ૧ નવકાર | ૬૮ વર્ણ | ૫ | ચૈત્યસ્તવ | ૨૨૯ વર્ણ |
| ૨ ખમાસમણ | ૨૮ વર્ણ | ૬ | નામસ્તવ | ૨૬૦ વર્ણ |
| ૩ ઇરિયાવહિયા (તસ્સ ઉત્તરી સહિત) | ૧૯૯ વર્ણ | ૭ | શ્રુતસ્તવ | ૨૧૬ વર્ણ |
| | | ૮ | સિદ્ધસ્તવ | ૧૯૮ વર્ણ |
| ૪ શક્રસ્તવ | ૨૯૭ વર્ણ | ૯ | ત્રણ પ્રણિધાન સૂત્ર | ૧૫૨ વર્ણ |

૫૯૨ + ૧૦૫૫

=૧૬૪૭ અક્ષર ॥૨૬,૨૭॥

**૯** ૧૮૧ પદનું દ્વાર :

**નવ બત્તીસ તિત્તીસા, તિચત્ત અડવીસ સોલ વીસ પયા ।**
**મંગલ ઈરિયા-સક્કત્થયાઈસુ એગસીઇસયં ॥૨૮॥**

| | | | |
|---|---|---|---|
| ૧ | નવકાર | - ૯ પદ | ૫ નામસ્તવ - ૨૮ પદ |
| ૨ | ઇરિયાવહિયા | - ૩૨ પદ | ૬ શ્રુતસ્તવ - ૧૬ પદ |
| ૩ | શક્રસ્તવ | - ૩૩ પદ | ૭ સિદ્ધસ્તવ - ૨૦ પદ |
| ૪ | ચૈત્યસ્તવ [અન્નત્થ સહિત] | - ૪૩ પદ | |

૧૧૭ પદ + ૬૪ = ૧૮૧ પદ ॥૨૮॥

**૧૦** ૯૭ સંપદાનું દ્વાર :

**અટ્ઠટ્ઠ નવટ્ઠ ય અટ્ઠવીસ, સોલસ ય વીસ વીસામા ।**
**કમસો મંગલ-ઈરિયા, સક્કત્થયાઈસુ સગનઉઈ ॥૨૯॥**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | નવકાર | - ૮ સંપદા | ૫ | નામસ્તવ | - ૨૮ સંપદા |
| ૨ | ઇરિયાવહિયા | - ૮ સંપદા | ૬ | શ્રુતસ્તવ | - ૧૬ સંપદા |
| ૩ | શક્રસ્તવ | - ૯ સંપદા | ૭ | સિદ્ધસ્તવ | - ૨૦ સંપદા |
| ૪ | ચૈત્યસ્તવ | - ૮ સંપદા | | | |

૩૩ + ૬૪ = ૯૭ + સંપદા ॥૨૯॥

દરેક સૂત્રોના વર્ણ-પદ-સંપદા ભેગી જણાવે છે.

**વણણટ્ઠસટ્ઠિ નવ પય, નવકારે અટ્ઠ સંપયા તત્થ ।**
**સગ સંપય પય તુલ્લા, સતરક્ખર અટ્ઠમી દુ પયા ॥૩૦॥**

નવકારના ૬૮ વર્ણ ૯ પદ ૮ સંપદા છે. જેમાં ૭ સંપદા પદ પ્રમાણે જાણવી. અને આઠમી સંપદા મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં એ ૧૭ અક્ષરની બે પદવાળી આઠમી સંપદા જાણવી. ॥૩૦॥

**પણિવાય અક્ખરાઈ, અટ્ઠાવીસં તહા ય ઈરિયાએ ।**
**નવનઉઅ-મક્ખરસયં, દુતીસ પય સંપયા અટ્ઠ ॥૩૧॥**

પ્રણિપાત એટલે ખમાસમણ સૂત્રના અક્ષર ૨૮ છે. તથા ઇરિયાવહિયા સૂત્રના - ૧૯૯ અક્ષર - ૩૨ પદ - ૮ સંપદા છે.

ઇરિયાવિહિયં સૂત્રની ૮ સંપદામાં પ્રત્યેકની પદ સંખ્યા તથા સંપદાનું આદિ શરૂઆતનું પદ તથા સંપદાનું નામ જણાવે છે.

**દુગ દુગ ઈગ ચઉ ઈગ પણ, ઈગાર છગ ઈરિય-સંપયાઈપયા**
**ઈચ્છા ઈરિ ગમ પાણા, જે મે એગિંદિ અભિ તસ્સ ॥૩૨॥**

**અબ્ભુવગમો નિમિત્તં, ઓહે-અરહેઉ-સંગહે પંચ ।**
**જીવ-વિરાહણ-પડિક્કમણભેયઓ તિન્નિ ચૂલાએ ॥૩૩॥**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ સંપદા | બે પદની | ઇચ્છામિ પડિક્કમિઉં | - અભ્યુપગમ સપંદા |
| બીજી સંપદા | બે પદની | ઇરિયાવહિયાએ વિરાહણાએ | - નિમિત્તસંપદા |
| ત્રીજી સંપદા | એક પદની | ગમણાગમણે | - ઓઘહેતુ સંપદા |
| ચોથી સંપદા | ચાર પદની | પાણક્કમણે.... સંતાણાસંકમણે | - ઇતરહેતુસંપદા |
| પાંચમી સંપદા | એક પદની | જે મે જીવા વિરાહિયા. | - સંગ્રહ સંપદા |
| છઠ્ઠી સંપદા | પાંચ પદની | એગિંદિયા પંચિદિયા | - જીવ સંપદા |
| ૭મી સંપદા | અગ્યાર પદની | અભિહયા મિચ્છામિ દુક્કડં | - વિરાધના સંપદા |
| ૮મી સંપદા | છ પદની | તસ્સઉત્તરી કાઉસ્સગ્ગં | - પડિક્કમણસંપદા ॥૩૨,૩૩॥ |
| | ૩૨ | | |

નમુત્થુણં સૂત્રની ૯ સંપદામાં પ્રત્યેક સંપદાની પદ સંખ્યા તથા સંપદાનું શરૂઆતનું પદ તથા સંપદાનું નામ જણાવે છે.

**દુ-તિ-ચઉ પણ પણ પણ દુ, ચઉતિપયસક્કત્થયસંપયાઈપયા ।**
**નમુ-આઈગ પુરિસો લોગુ અભય ધમ્મપ્પજિણસવ્વં ॥૩૪॥**

**થોઅવ્વ સંપયા ઓહ, ઈયરહેઊ-વઓગ તદ્ધેઊ ।**
**સવિસેસુવઓગ સરૂવહેઉ નિયસમ-ફલય મુક્ખે ॥૩૫॥**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ સંપદા | બે પદની | **નમુત્થુણં**.... ભગવંતાણં | સ્તોતવ્ય સંપદા |
| બીજી સંપદા | ત્રણ પદની | **આઈગરાણં**-સંયંસંબુદ્ધાણં | ઓઘહેતુ સંપદા |
| ત્રીજી સંપદા | ચાર પદની | **પુરિસુત્તમાણં** - ગંધહત્થીણં | વિશેષહેતુ સંપદા |
| ચોથી સંપદા | પાંચ પદની | **લોગુત્તમાણં** - લોગપજ્જોઅગરાણં | ઉપયોગ સંપદા |
| પાંચમી સંપદા | પાંચ પદની | **અભયદયાણં** - બોહિદયાણં | તદ્ધેતુ સંપદા |
| છઠ્ઠી સંપદા | પાંચ પદની | **ધમ્મદયાણં**... ચક્કવટ્ટીણં - | સવિશેષોપયોગ સંપદા |
| સાતમી સંપદા | બે પદની | **અપ્પડિહય**.... છઉમાણં | સ્વરૂપ સંપદા |
| આઠમી સંપદા | ચાર પદની | **જિણાણં**.... મોઅગાણં | નિજસમફલદ સંપદા |
| નવમી સંપદા | ત્રણ પદની | **સવ્વન્નૂણં**.... જિઅભયાણં | મોક્ષ સંપદા ॥૩૪,૩૫॥ |

૩૩ પદ

ચૈત્યસ્તવની વર્ણ - સંપદા - પદ કહેવાય છે.

**દો સગનઉઆ વન્ના, નવસંપય પય તિત્તીસ સક્કત્થએ ।**
**ચેઈયથયટ્ઠ-સંપય, તિચત્ત-પય વન્ન-દુસયગુણતીસા ॥૩૬॥**

નમુત્થુણં સૂત્રના ૨૯૭ વર્ણ - ૯ સંપદા અને ૩૩ પદ છે.

ચૈત્યસ્તવના ૨૨૯ વર્ણ - ૮ સંપદા અને ૪૩ પદ છે. ॥૩૬॥

ચૈત્યસ્તવની પ્રત્યેક સંપદામાં પદની સંખ્યા, સંપદાનું શરૂઆતનું પદ અને સંપદાનું નામ જણાવે છે.

**દુ છ સગ નવ તિયછ ચ્ચઉ-છપ્પય ચિઈસંપયા પયા પઢમા ।**
**અરિહં વંદણ સદ્ધા, અન્ન સુહુમ એવ જા તાવ ॥૩૭॥**

**અબ્ભુવગમો નિમિત્તં, હેઉ ઈગબહુવયંતઆગારા ।**
**આગંતુગ આગારા, ઉસ્સગ્ગાવહિ સરૂવટ્ઠ ॥૩૮॥**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ સંપદા | બે પદની | અરિહંત.... કાઉસ્સગ્ગં | અભ્યુપગમ સંપદા |
| બીજી સંપદા | છ પદની | વંદણવત્તિયાએ નિરુવસગ્ગવત્તિયાએ | નિમિત્ત સંપદા |
| ત્રીજી સંપદા | સાત પદની | સદ્ધાએ કાઉસ્સગ્ગં | હેતુ સંપદા |
| ચોથી સંપદા | નવ પદની | અન્નત્થ. મુચ્છાએ | એકવચનાન્ત આગર સંપદા |
| પાંચમી સંપદા | ત્રણ પદની | સહુમેહિં અંગ... સંચાલેહિં | બહુવચનાન્ત આગાર સંપદા |
| છઠ્ઠી સંપદા | છ પદની | એવમાઈ.....કાઉસ્સગ્ગો | આગંતુક આગાર સંપદા |
| સાતમી સંપદા | ચાર પદની | જાવ અરિહંતાણં.. ન પારેમિ | ઉત્સર્ગાવધિસંપદા |
| આઠમી સંપદા | છ પદની | તાવ કાયં... વોસિરામિ | સ્વરૂપસંપદા. ॥૩૭,૩૮॥ |
| | ૪૩ પદ | | |

નામસ્તવ શ્રુતસ્તવ, સિદ્ધસ્તવ એ ૩ સૂત્રની સંપદા પદ અક્ષર જણાવે છે.

**નામથયાઈસુ સંપય, પયસમ અડવીસ સોલ વીસ કમા ।**
**અદુરુત્ત-વન્ન દોસટ્ઠ દુસયસોલ-ટ્ઠનઉઅસયં ॥૩૯॥**

| | | |
|---|---|---|
| નામસ્તવના વર્ણ ૨૬૦ | સંપદા ૨૮ | પદ ૨૮ છે. |
| શ્રુતસ્તવના વર્ણ ૨૧૬ | સંપદા ૧૬ | પદ ૧૬ છે. |
| સિદ્ધસ્તવના વર્ણ ૧૯૮ | સંપદા ૨૦ | પદ ૨૦ છે. ॥૩૯॥ |

પ્રણિધાન સૂત્રના અક્ષર તેમ જ ચૈત્યવંદનાના દરેક સૂત્રના ગુરુ અક્ષર જણાવે છે જેથી સંખ્યાના મૂળ અક્ષરમાંથી તે બાદ કરતાં લઘુ અક્ષર પણ પ્રાપ્ત થાય છે.

**પણિહાણિ દુવન્નસયં, કમેણ સગતિ ચઉવીસ તિત્તીસા ।**
**ગુણતીસ અટ્ઠવીસા, ચઉતી-સિગતીસ બાર ગુરુ વન્ના ॥૪૦॥**

પ્રણિધાનસૂત્ર જાવંતિ૦ - જાવંત૦ - જય વીયરાય સૂત્રમાં અનુક્રમે ૩૫-૩૮-૭૯ મળી ૧૫૨ અક્ષર થાય છે. તથા નવકારમાં - ૭, ખમાસમણમાં - ૩ ઇરિયાવહિયામાં ૨૪ શક્રસ્તવમાં ૩૩, ચૈત્યસ્તવમાં ૨૯, નામસ્તવમાં ૨૮, શ્રુતસ્તવમાં ૩૪ અને સિદ્ધસ્તવમાં ૩૧ અને પ્રણિધાનસૂત્રમાં અનુક્રમે ૩-૧-૮= ૧૨ ગુરુ અક્ષર છે. ॥૪૦॥ એટલે નવકારમાં ૬૧, ખમાસમણમાં ૨૫, ઇરિયાવહિયામાં ૧૭૫, નમુત્થુણંમાં ૨૬૪, ચૈત્યસ્તવમાં ૨૦૦, લોગસ્સમાં ૨૩૨ શ્રુતસ્તવમાં ૧૮૨ સિદ્ધસ્તવમાં ૧૬૭ અને પ્રાણિધાનસૂત્રમાં અનુક્રમે ૩૨-૩૭-૭૧=૧૪૦ લઘુ અક્ષર છે.

**૧૧ હવે પાંચ દંડક અને ૧૨ ૧૨ અધિકાર એ દ્વારનું સ્વરૂપ :**

**પણદંડા સક્કત્થય, ચેઈઅ નામ સુઅ સિદ્ધથય ઈત્થ ।**
**દો ઈગ દો દો પંચ ય, અહિગારા બારસ કમેણ ॥૪૧॥**

શક્રસ્તવ, ચૈત્યસ્તવ, નામસ્તવ, શ્રુતસ્તવ, અને સિદ્ધસ્તવ એ પાંચ દંડક છે અને એમાં અનુક્રમે ૨-૧-૨-૨-૫ અધિકાર છે એટલે કુલ ૧૨ અધિકાર છે. ॥૪૧॥

૧૨ અધિકારના શરૂઆતના ૫દ જણાવે છે.

**નમુ જેઅ અરિહં લોગ, સવ્વ પુક્ખ તમ સિદ્ધ જો દેવા ।**
**ઉજ્જિં ચત્તા વેઆ, વચ્ચગ અહિગાર પઢમપયા ॥૪૨॥**

**નમુત્થુણં**[૧]**-જે અ** અઈઆ સિદ્ધા[૨]**-અરિહંત** ચેઇઆણં૩-**લોગસ્સ**

ઉજ્જોઅગરે[૪]**-સવ્વલોએ**[૫]**-પુક્ખરવરદ્દી**[૬]**-તમતિમિરપડલ૦**[૭]-

**સિદ્ધાણં** બુદ્ધાણં[૮]- **જો દેવાણ** વિ દેવો[૯]-**ઉજ્જિંત** સેલ સિહરે[૧૦] **ચત્તારિ** અઠ૦૧૧ - **વેયાવચ્ચગ**રાણં[૧૨] આ અધિકારના પ્રથમ ૫દ છે. ॥૪૨॥

કયા અધિકારમાં કોની સ્તવના છે તેનું સ્વરૂપ

**પઢમ-હિગારે વંદે, ભાવજિણે બીયએ ઉ દવ્વજિણે ।**
**ઈગચેઈય-ઠવણ જિણે, તઈય ચઉત્થંમિ નામજિણે ॥૪૩॥**

પ્રથમ અધિકાર નમુત્થુણંમાં ભાવજિનનો અધિકાર જે અ અઇઆ સૂત્રમાં દ્રવ્યજિનને નમસ્કાર થાય છે. ત્રીજા અધિકાર અરિહંત ચેઈઆણં દ્વારા એક ચૈત્યમાં રહેલા સ્થાપના જિનને વંદના થાય છે. અને ચોથા અધિકાર લોગસ્સ સૂત્રમાં નામ જિનને વંદના થાય છે. ॥૪૩॥

**તિહુઅણ-ઠવણ જિણે પુણ, પંચમએ વિહરમાણ-જિણ છટ્ઠે ।**
**સત્તમએ સુયનાણં, અટ્ઠમએ સવ્વ-સિદ્ધથુઈ ॥૪૪॥**
**તિત્થાહિવ-વીરથુઈ, નવમે દસમે ય ઉજ્જયંત થુઈ ।**
**અટ્ઠાવયાઈ ઈગદિસિ, સુદિટ્ઠિસુર-સમરણા ચરિમે ॥૪૫॥**

પાંચમા અધિકાર સવ્વલોએ સૂત્રમાં ત્રણ લોકમાં રહેલા સ્થાપના જિનને વંદના કરી છે. છઠ્ઠા અધિકારમાં પુક્ખરવરદ્દી૦ સૂત્રની પહેલી ગાથાથી વિહરમાન જિનને વંદના કરી છે. સાતમા અધિકારમાં તમતિમિર૦ સૂત્રથી શ્રુતજ્ઞાનને વંદના કરી છે. આઠમા અધિકારમાં સિદ્ધાણં સૂત્રથી સર્વ સિદ્ધોની સ્તુતિ કરી છે.

નવમા અધિકારમાં જો દેવાણ વિ દેવો૦ સૂત્રથી તીર્થના અધિપતિ શ્રી મહાવીર સ્વામીને વંદના કરી છે. દશમા અધિકારમાં 'ઉજ્જિંત સેલ૦ સૂત્રથી ગિરનાર તીર્થને વંદના કરી છે. અગિયારમાં અધિકારમાં 'ચત્તારિ અટ્ઠ.' સૂત્રથી અષ્ટાપદાદિ તીર્થને વંદના કરી છે. અને બારમા છેલ્લા અધિકારમાં સમ્યગ્દૃષ્ટિ દેવતાનું સ્મરણ કરેલ છે. ||૪૪,૪૫||

**નવ અહિગારા ઈહ લલિઅવિત્થરાવિત્તિમાઈઅણુસારા ।**
**તિન્નિ સુય-પરંપરયા, બીઓ દસમો ઈગારસમો ||૪૬||**

અહીં બીજો - દશમો અને અગિયારમો એ ત્રણ અધિકાર શ્રુતની પરંપરાથી છે અને બાકીના નવ અધિકારો લલિત વિસ્તરા નામની વૃત્તિ આદિના અનુસારે છે. ||૪૬||

**આવસ્સય-ચુણ્ણીએ, જં ભણિયં સેસયા જહિચ્છાએ ।**
**તેણં ઉજ્જિંતાઈ વિ, અહિગારા સુયમયા ચેવ ||૪૭||**

જે કારણથી આવશ્યક ચૂર્ણિમાં શેષ અધિકાર વંદન કરનારની ઇચ્છાને અનુસારે એમ કહ્યું છે. તેથી ઉજ્જિંતસેલસિહરે વગેરે ૩ અધિકાર પણ શ્રુતમય એટલે શ્રુતની પરંપરાવાળા જાણવા. ||૪૭||

**બીઓ સુયત્થયાઈ, અત્થઓ વન્નિઓ તહિં ચેવ ।**
**સક્કત્થયંતે પઢિઓ, દવ્વારિહ-વસરિ પયડત્થો ||૪૮||**

'જે અ અઈઆ સિદ્ધા' એ ગાથા રૂપ બીજો અધિકાર આવશ્યક ચૂર્ણિમાં અર્થથી શ્રુતસ્તવના પ્રારંભમાં કહેલો છે. તે જ અધિકારને પૂર્વાચાર્યોએ દ્રવ્ય અરિહંતની વંદનાના અવસરે શક્રસ્તવને અંતે કહેલો છે. ||૪૮||

**અસઢાઈન્નણવજ્જં, ગીઅત્થ-અવારિઅંતિ મજ્ઝત્થા ।**
**આયરણા વિ હુ આણત્તિ વયણઓ સુબહુ મન્નંતિ ||૪૯||**

જે આચરણા અશઠ ગીતાર્થે આચરેલી હોય અને તે નિરવદ્ય હોય તેવી આચરણાને મધ્યસ્થ ગીતાર્થો અટકાવતા નથી. પરંતુ તેવી આચરણા પ્રભુની આજ્ઞા જ છે એમ શાસ્ત્રમાં કહેલું હોવાથી તે આચરણાને ઘણી રીતે સન્માન આપે છે. ||૪૯||

**૧૩** ચૈત્યવંદનામાં કોને કોને વંદના થાય છે ? તે વંદનીય તથા **૧૪** સ્મરણ કરવા યોગ્ય અને **૧૫** ચાર પ્રકારના જિનનું અનુક્રમે દ્વાર જણાવે છે.

**ચઉ વંદણિજ્જ જિણ મુણિ, સુય સિદ્ધા ઈહ સુરાઈ સરણિજ્જા ।**
**ચઉહ જિણા નામઠવણદવ્વભાવજિણ-ભેએણં ॥૫૦॥**

જિન-મુનિ-શ્રુત અને સિદ્ધ એ ચારને ચૈત્યવંદનામાં વંદના થાય છે.

શાસનના અધિષ્ઠાયક સમ્યગ્દૃષ્ટિ દેવ સ્મરણ કરવા યોગ્ય છે.

ચાર પ્રકારના જિન નામજિન-સ્થાપનાજિન-દ્રવ્ય જિન અને ભાવિજન હોય છે. તેનું સ્વરૂપ કહેવાય છે. ॥૫૦॥

**નામજિણા જિણનામા, ઠવણજિણા પુણ જિણિંદપડિમાઓ ।**
**દવ્વજિણા જિણજીવા, ભાવજિણા સમવસરણત્થા ॥૫૧॥**

ઋષભદેવ આદિ તીર્થંકરનું નામ તે નામજિન અને જિનેન્દ્ર ભગવંતની પ્રતિમા પગલાં વગેરે તે સ્થાપના જિન તથા જીનેશ્વરના જીવ તે દ્રવ્યજિન અને સમવસરણમાં બેઠેલા તે ભાવજિન કહેવાય છે. ॥૫૧॥

**૧૬** ૪ થોયનું દ્વાર -

**અહિગય-જિણ-પઢમથુઈ, બીયા સવ્વાણ તઈઅ નાણસ્સ ।**
**વેયાવચ્ચગરાણં, ઉવઓગત્થં ચઉત્થથુઈ ॥૫૨॥**

પ્રથમ થોય અધિકૃત જિન અથવા મૂળ નાયકની, બીજી થોય સર્વ જિનની ત્રીજી થોય જ્ઞાનની અને ચોથી થોય વૈયાવચ્ચ કરનારા દેવોના ઉપયોગને માટે સ્મરણાર્થે છે. ॥૫૨॥

**૧૭** ચૈત્યવંદન કરવાના ૮ નિમિત્ત જણાવે છે.

**પાવખવણત્થ ઈરિઆઈ, વંદણવત્તિઆઈ છ નિમિત્તા ।**
**પવયણ-સુર-સરણત્થં, ઉસ્સગ્ગો ઈઅ નિમિત્તટ્ઠ ॥૫૩॥**

પાપ ખપાવવા માટે ઇરિયાવહિયા, વંદન, પૂજા, સત્કાર, સન્માન, સમ્યક્ત્વનો લાભ અને નિરુપસર્ગના છ નિમિત્ત તથા પ્રવચનસુર એટલે સમ્યગ્દૃષ્ટિ શાસનને સ્મરણ કરવા માટે એમ આઠ નિમિત્ત કાઉસ્સગ્ગના છે. ॥૫૩॥

**૧૮** ચૈત્યવંદનના ૧૨ હેતુ

**ચઉ તસ્સ ઉત્તરીકરણ - પમુહસદ્ધાઈઆ ય પણ હેઊ ।**
**વેયાવચ્ચગરત્તાઈ તિન્નિ ઈઅ હેઉ બારસગં ॥૫૪॥**

તસ્સ ઉત્તરીકરણ આદિ ૪ હેતુ - પાપની વિશેષ શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરવા માટે

પરિણામ રૂપ વિશુદ્ધિ માટે, માયા-નિયાણ-મિથ્યાત્વ શલ્યથી નિ:શલ્ય કરણ કરવા માટે, તથા શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા અને અનુપ્રેક્ષા પૂર્વક એમ ૫ હેતુ તથા વૈયાવચ્ચ કરનાર સંઘમાં શાંતિ કરનાર અને સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિ કરનાર એ ૩ હેતુ એમ ૧૨ હેતુ છે. ।।૫૪।।

**૧૯** કાઉસ્સગ્ગના ૧૬ આગારનું સ્વરૂપ

**અન્નત્થયાઈ બારસ, આગારા એવમાઈયા ચઉરો ।**
**અગણી-પણિંદિ છિંદણ-બોહિ-ખોભાઈ ડક્કો ય ।।૫૫।।**

અન્નત્થ ઉસસિએણં વગેરે ૧૨ આગાર (૧) ઉંચો શ્વાસ લેવો (૨) નીચો શ્વાસ મૂકવો (૩) ખાંસી આવવી (૪) છીંક ખાવી (૫) બગાસું ખાવું (૬) ઓડકાર આવવો (૭) અધોવાયુ થવો (૮) ચકરી-ચક્કર આવવા (૯) ઉલટી થવી (૧૦) સૂક્ષ્મ અંગનો સંચાર થવો (૧૧) સૂક્ષ્મ શ્લેષ્મનો સંચાર થવો (૧૨) સૂક્ષ્મ દૃષ્ટિનો સંચાર થવો એ ૧૨ તથા (૧) અગ્નિ (૨) પંચેન્દ્રિયની આડ (૩) ચોર-રાજા વગેરેથી ઉપદ્રવ અને સર્પનો દંશ થાય એ સિવાય કાયાનો ત્યાગ એમ ૧૬ આગાર છે.

**૨૦** કાઉસ્સગ્ગના ૧૯ દોષ

**ઘોડગ-લય-ખંભાઈ, માલુ-દ્ધી નિઅલ સબરિ ખલિણ વહૂ ।**
**લંબુત્તર થણ સંજઈ, ભમુહંગુલિ વાયસ કવિટ્ઠો ।।૫૬।।**

**સિરકંપ મૂઅ વારુણિ, પેહત્તિ ચઈજ્જ દોસ ઉસ્સગ્ગે ।**
**લંબુત્તર થણ સંજઈ, ન દોસ સમણીણ સવહુ સઢ્ઢીણં ।।૫૭।।**

(૧) ઘોટક (૨) લતા (૩) સ્તંભાદિ (૪) માલ (૫) ઉદ્ધી (૬) નિગડ (૭) શબરી (૮) ખલિન (૯) વધૂ (૧૦) લંબુત્તર (૧૧) સ્તન (૧૨) સંયતિ (૧૩) આંગળી હલાવવી (૧૪) કાગડાની જેમ (૧૫) કોઠાના ફળની જેમ (૧૬) માથાને હલાવવું (૧૭) મૂંગાની જેમ (૧૮) દારૂની જેમ (૧૯) પ્રેક્ષાદોષ - વાનરની જેમ એ ૧૯ દોષ કાયોત્સર્ગમાં ત્યાગ કરવા. સાધ્વીઓને લંબુત્તર દોષ, સ્તનદોષ અને સંયતિ દોષ સિવાયના ૧૬ દોષ અને શ્રાવિકાને વધૂદોષ સહિત (સિવાય) ૧૫ દોષ હોય છે. ।।૫૬,૫૭।।

**૨૧** કાયોત્સર્ગના કાળનું પ્રમાણ અને **૨૨** સ્તવનના સ્વરૂપનું દ્વાર.

**ઈરિ ઉસ્સગ્ગપમાણં, પણવીસુસ્સાસ અટ્ઠ સેસેસુ ।**
**ગંભીર-મહુર-સદ્દં, મહત્થ-જુત્તં હવઈ થુત્તં ।।૫૮।।**

ઇરિયાવહિયંના કાયોત્સર્ગનું પ્રમાણ ૨૫ શ્વાસોચ્છ્વાસ છે. અને ૧-૧ નવકારના કાયોત્સર્ગનું પ્રમાણ ૮ શ્વાસોચ્છ્વાસ છે. સ્તવન ગંભીર અને મધુર ધ્વનિપૂર્વક કહેવું તે પણ મહાન અર્થવાળું હોય છે. ॥૫૮॥

**૨૩** મુનિને રોજ સાત ચૈત્યવંદન કરવાના હોય તે કયા કયા વખતે કરવા તે સંબંધી દ્વાર.

**પડિકમણે ચેઈય જિમણ, ચરિમપડિકમણ સુઅણ પડિબોહે ।**
**ચિઈવંદણ ઈઅ જઈણો, સત્ત ઉ વેલા અહોરત્તે ॥૫૯॥**

સવારના પ્રતિક્રમણનું વિશાલલોચનનું, દેરાસરમાં દર્શન કરતી વખતે, ગોચરી માટે પચ્ચક્ખાણ પારવાનું, દિવસચરિમં પચ્ચક્ખાણ વખતનું, સાંજના પ્રતિક્રમણમાં નમોઽસ્તુ વર્ધમાનાયનું, સંથારા પોરિસિ ભણાવતાં ચઉક્કસાયનું અને સવારે જાગ્યા પછી 'જગચિંતામણિ'નું એ પ્રમાણે યતિને એક દિવસમાં સાત વાર ચૈત્યવંદન કરવાના હોય છે. ॥૫૯॥

શ્રાવકે કેટલા ચૈત્યવંદન ક્યારે કરવા તે જણાવે છે.

**પડિકમઓ ગિહિણોવિ હુ, સગવેલા પંચવેલ ઈઅરસ્સ ।**
**પૂઆસુ તિસંઝાસુ અ, હોઈ તિ-વેલા જહન્નેણં ॥૬૦॥**

બે ટાઈમ પ્રતિક્રમણ કરતા ગૃહસ્થને સાધુની જેમ સાત વાર અથવા એક ટાઈમ પ્રતિક્રમણ કરતા ગૃહસ્થને પાંચ વાર ચૈત્યવંદન થાય છે. પ્રતિક્રમણ નહિ કરનાર ગૃહસ્થને પ્રતિદિન ત્રણ કાળની પૂજાઓમાં જઘન્યથી ૩ વાર ચૈત્યવંદના કરવી.

**૨૪** ૧૦ આશાતનાનું દ્વાર જણાવે છે -

**તંબોલ-પાણ-ભોયણ, વાણહ-મેહુન્ન-સુઅણ-નિટ્ઠવણં ।**
**મુત્તુ-ચ્ચારં જૂઅં, વજ્જે જિણનાહ-જગઈએ ॥૬૧॥**

મુખવાસ ખાવો, પાણી પીવું, ભોજન કરવું, પગરખાં પહેરવાં, મૈથુન સેવવું, શયન કરવું, થૂંકવું અથવા નાકનો મેલ કાઢવો, પેશાબ કરવો, (લઘુનીતિ કરવી) ઝાડે જવું (વડીનીતિ કરવી) અને જુગાર રમવો એમ દશ આશાતના દહેરાસરની જગતીમાં-કોટમાં પ્રવેશ કરતાં ત્યાગ કરવી. ॥૬૧॥

ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાનો વિધિ જણાવે છે.

**ઈરિનમુકાર નમુત્થુણ, અરિહંત થુઈ લોગ સવ્વ થુઈ પુક્ખ ।**
**થુઈ સિદ્ધા વેઆ થુઈ, નમુત્થુ જાવંતિ થય જયવી ॥૬૨॥**

ઈરિયાવહિયં, નમસ્કાર એટલે ચૈત્યવંદન, નમુત્થુણં, અરિહંત ચેઈઆણં, સ્તુતિ - લોગસ્સ૦ - સવ્વલોએ૦ - સ્તુતિ - પુક્ખરવરદી૦ - સ્તુતિ - સિદ્ધાણં - વેયાવચ્ચગરાણં૦ - સ્તુતિ - નુમુત્થુણં - જાવંતિ૦.... જાવંત૦ સ્તવન-જય વીયરાય૦ એ ક્રમથી જઘન્યોકૃષ્ટ ચૈત્યવંદના થાય છે.

ઉપસંહાર કરી ગર્ભિત રીતે પોતાનું નામ સૂચવવા દ્વારા અંતિમ મંગળ કરે છે.

**સવ્વોવાહિવિસુદ્ધં, એવં જો વંદએ સયા દેવે ।**
**દેવિંદવિંદમહિઅં, પરમપયં પાવઈ લહું સો ॥૬૩॥**

સર્વ ઉપાધિ એટલે સર્વ ધર્મચિંતન વડે વિશુદ્ધ રીતે જે વ્યક્તિ દેવને હંમેશાં વંદન કરે છે, તે દેવેન્દ્રોના સમૂહ વડે પૂજાએલા એવા મોક્ષપદને શીઘ્ર પામે છે.

❖ ✦ ❖

# પૂજા વિધિ

## ચૈત્યવંદન ભાષ્યને અનુસારે

શ્રાવકે ત્રિકાળ પૂજા કરવી જોઈએ. તેમાં સવારે પ્રતિક્રમણ કર્યા પછી તે શુદ્ધ વસ્ત્ર પહેરી પરમાત્માની વાસક્ષેપ પૂજા કરી ધૂપ-દીપાદિ પૂજા કરી ચૈત્યવંદન કરે તેવી જ રીતે સાંજે સંધ્યાકાળે ધૂપ-દીપાદિ વડે પૂજા કરી ચૈત્યવંદન કરે. અત્રે મધ્યાહ્ન કાળની પૂજાની વિધિ વિસ્તારથી સમજી વિધિપૂર્વક કરવામાં આવે તો આત્માનું કલ્યાણ કરનારી બને છે. તે વિધિ પૂ.આ.ભ.શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ચૈત્યવંદન ભાષ્યમાં બતાવેલી છે. ૨૪ દ્વારમાં ૨૦૭૪ ચૈત્યવંદનના સ્થાન બતાવેલ છે તેનું સંકલન કરીને દેરાસરમાં પ્રવેશ કેવી રીતે કરવો ? તથા કઈ કઈ વખતે શાનું ચિંતન કરવું ? તેનો ખ્યાલ રાખી મનને બીજે જતું અટકાવી પરમાત્માની પૂજામાં મનને એકાગ્ર બનાવી સુંદર ભાવપૂર્વક પરમાત્માની પૂજા કરીને જીવ કર્મની નિર્જરા સાધવા દ્વારા સર્વથા કર્મથી મુક્ત થઈ શાશ્વતસુખને પામનારો બને છે.

સૌ પ્રથમ વિધિ મુજબ સ્નાનાદિ ક્રિયા કરી ઉત્તમ સામગ્રી લઈ ઋદ્ધિમંત શ્રાવક શણગારોથી અલંકૃત થઈ પાંચ અભિગમ[૧] સાચવી જિનાલયે જાય. જિનાલયના અગ્રદ્વાર ઉપર જઈ પ્રથમ નિસીહિ[૨] કહી સંસાર સંબંધી સાવદ્ય પ્રવૃત્તિનો મન-વચન-કાયાથી ત્યાગ કરી પ્રવેશ કરે અને જ્યાં પ્રભુના મુખના દર્શન થાય ત્યા અંજલિબદ્ધ[૩] પ્રણામ કરે. ત્યાર પછી પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા[૪] આપે. તે ત્રણ પ્રદક્ષિણાના દુહા અને અર્થ નીચે પ્રમાણે છે.

### પ્રદક્ષિણાના દુહા

**પ્રથમ પ્રદક્ષિણા વખતે**

કાલ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહિ પાર,
તે ભ્રમણ નિવારવા પ્રદક્ષિણા દઉં સાર (૧)
ભમતીમાં ભમતાં થકાં, “ભવ ભાવઠ” દૂર પલાય,
પ્રદક્ષિણા તે કારણે ભવિકજન ચિત્ત લાય (૨)

**બીજી પ્રદક્ષિણા વખતે**

કેવલિભાષિત વચનમાં સદ્દહણા સુખકાર,
જન્મમરણાદિક દૂર ટળે સીજે જો દરિસણ સાર (૩)

---

૧. જુઓ દ્વાર બીજું ૨. જુઓ દ્વાર પ્રથમ નિસીહિત્રિક ૩. જુઓ દ્વાર પહેલું ત્રીજી પ્રણામત્રિક ૪. જુઓ દ્વાર પહેલું બીજી પ્રદક્ષિણાત્રિક.

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના જગ જીવડો, ન લહે તત્ત્વસંકેત (૪)

**ત્રીજી પ્રદક્ષિણા વખતે**

ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ,
ચારિત્ર ભાખ્યું નિર્યુક્તિએ, તે વંદો ગુણગેહ (૫)
દરિસણ જ્ઞાન ચરિત્ર એ, રત્નત્રય નિરધાર,
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખભંજન હાર (૬)

**ભાવ :**

અનાદિ કાળથી મારા ભવભ્રમણનો પાર ન આવ્યો તેથી ભ્રમણ નિવારવા આપની પ્રદક્ષિણા આપું છું જે ભવભ્રમણને દૂર કરનાર છે. ૧,૨

કેવલી ભગવંતે પ્રરૂપેલ વચનમાં શ્રદ્ધા રાખવી તે સુખ આપનાર છે. જો તે આવી જાય તો તે સુખ કરનાર છે અને જ્ઞાન જગતમાં પણ મહાન છે તે વિના જીવ તત્ત્વને પામી શકતો નથી. ૩-૪.

ચારિત્ર - ચ=ચય, રિત્ર=રિક્ત. ભેગાં કરેલાં કર્મો ખાલી કરે તે ચારિત્ર એવું નિર્યુક્તિમાં જણાવેલ છે. તે ચારિત્રને વંદન કરું છું, આ પ્રમાણે રત્નત્રય સ્વરૂપ દર્શન જ્ઞાન ચારિત્ર એ ભવદુઃખ હરણ કરનાર છે. તે માટે પ્રદક્ષિણા આપું છું. ૫ ૬.

'ત્રણ પ્રદક્ષિણા પૂર્ણ કરી પરમાત્માની જમણી તરફ આપણી ડાબી બાજુ ઉભા રહી[1] અને બહેનો પરમાત્માની ડાબી તરફ આપણી જમણી બાજુ ઉભા રહી અર્ધાવનત પ્રણામ[2] કરે. પરમાત્માના દર્શન કે ચૈત્યવંદન કરતી વખતે ત્રણે દિશામાં જોવાનો ત્યાગ કરવો[3] ફક્ત પ્રભુ સન્મુખ દૃષ્ટિ રાખવી. પરમાત્માના દર્શન કે ચૈત્યવંદન કરતી વખતે પરમાત્માથી જઘન્યથી ૯ હાથ અને ઉત્કૃષ્ટથી ૬૦ હાથ દૂર રહેવું મધ્યમથી ૧૦ હાથથી ૫૯ હાથ દૂર રહેવું જેથી આશાતના ન થાય. દેરાસર નાનું હોય તો જુદા જુદા ૧૨ પ્રકારના અવગ્રહ ૬૦ હાથથી ૦॥ હાથ સુધીના અવગ્રહ[4] દ્વારમાં બતાવેલ છે.અને ત્યાર પછી એકથી માંડીને યાવત્ ૧૦૮ સ્તુતિઓ[5] અનુકૂળતા પ્રમાણે બોલી અને અર્થનું ચિંતન કરે. સ્તુતિમાં ભગવાનના ગુણોનું તેમ જ પોતાના દોષોનું વર્ણન હોય છે તેને ચિંતવવું. અહીં પરમાત્માની જમણી તરફ તથા બહેનોએ ડાબી તરફ ઉભા રહેવાનું જણાવ્યું છે. પ્રભુની સન્મુખ ઉભો રહે તો પાછળના વ્યક્તિઓને દર્શનમાં અંતરાય ન થાય. અહીં આવી પણ વિચારણા કરી શકાય કે પરમાત્મા સ્ફટિક જેવા નિર્મલ છે અને મારા આત્મામાં

૧. જુઓ દ્વાર ત્રીજું ૨. જુઓ દ્વાર-પ્રથમ ત્રીજી પ્રણામત્રિક ૩. જુઓ દ્વાર પ્રથમ-દિશાનિરિક્ષણવિરતિત્રિક ૪. જુઓ દ્વાર ચોથું ૫. જુઓ દ્વાર સાતમું.

કાલિમા લાગેલી છે. પરમાત્માની સન્મુખ ઉભો રહું તો મારી કાલિમાનો પડછાયો ભગવાન ઉપર ન પડે તે માટે બાજુ ઉપર ઊભા રહી દર્શન કરવાનું જણાવ્યું હશે. આવી વિચારણાપૂર્વક પરમાત્માની નિર્મલતાનું ચિંતન કરવું.

ત્યાર બાદ પૂજાની સામગ્રી કેસર પુષ્પ આદિ તૈયાર કરી તેને ધૂપથી ધૂપી ગભારામાં પૂજા માટે પ્રવેશ કરતી વખતે બીજી નિસીહિ[1] બોલવી. અહીં દેરાસર સંબંધી કોઈ કાર્ય અંગે વાત કરવાની છૂટ હતી તેનો પણ હવે નિષેધ થાય છે ફક્ત પરમાત્માની પૂજામાં લયલીન બનવાનું છે ત્યાં જલપૂજાથી માંડી ફલપૂજા સુધીના અષ્ટ પ્રકારી પૂજાના દુહા તેમાં ચંદનપૂજાની અંદર પરમાત્માની નવ અંગની પૂજાના દુહાના અર્થ ચિંતવી એક એક અંગની તેમ જ અષ્ટપ્રકારી પૂજાના અર્થ ચિંતવી પૂજા કરવી.

## અષ્ટપ્રકારી પૂજાના દુહા

### ૧ જલપૂજા :

આપણા આત્મા પર લાગેલા કર્મમેલને ધોવા માટે જળપૂજા કરવી.

**જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ**
**જલપૂજા ફલ મુજ હોજો, માંગુ એમ પ્રભુ પાસ**
**જ્ઞાન-કળશ ભરી હાથમાં સમતા રસ ભરપૂર**
**શ્રીજિનને નવરાવતાં કર્મ થાયે ચકચૂર [૧]**

**અર્થ :** જલપૂજા એવી યુક્તિપૂર્વક કરું કે જેથી આત્મા ઉપર લાગેલો અનાદિ કાળનો મેલ દૂર થાય એવી મારી જલપૂજા થાઓ એમ પરમાત્મા પાસે માગણી કરું છું. પરમાત્માની જલપૂજા કરતાં પિંડસ્થ અવસ્થા[2] ભાવવી

મેરુશિખર નવરાવે, હો સુરપતિ મેરુશિખર નવરાવે;
જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપ કરી આવે હો. સુ.૧
રત્ન પ્રમુખ અડજાતિના કળશા, ઔષધિ ચૂરણ મિલાવે;
ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે. હો. સુ. ૨
એણી પરે જિન પ્રતિમાકો નવણ કરી, બોધિબીજ માનું ભાવે;
અનુક્રમે ગુણરત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પાવે હો. સુ. ૩

### ૨. ચંદનપૂજા :

આત્માને ચંદન જેવો શીતળ બનાવવા માટે ચંદનપૂજા કરવી. પ્રક્ષાલ-પૂજા કર્યા પછી પરમાત્માને મુલાયમ મલમલના ત્રણ અંગલૂછણા કરવા. પાણી રહી ન જાય

૧. જુઓ દ્વાર પ્રથમ-પ્રથમત્રિક ૨. જુઓ દ્વાર પ્રથમ-અવસ્થાત્રિક.

તેની કાળજી રાખવી. આજુબાજુ નીચે પડેલ પાણી પાટલૂછણાથી સાફ કરવું. તેને હાથ લગાવ્યા પછી હાથ શુદ્ધ કરી દુહા મનમાં ભાવી ચંદનની વિલેપન પૂજા તેમજ નવ અંગે પૂજા કરવી. તેમ જ પરમાત્માને સુંદર અંગરચના કરવી. તે સમયે પ્રતિહાર્યથી શોભતા એવા પરમાત્માની પદસ્થ ભાવના[1] ભાવવી.

**શીતળ ગુણ જેમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ,**
**આત્મા શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ. [૨]**

**અર્થ :** ચંદનનો શીતળતાનો ગુણ છે, પ્રભુના મુખનો રંગ પણ શીતળતા ઉપજાવે છે. આત્મા કામક્રોધાદિ તાપથી તપી રહ્યો છે. તેથી હે પ્રભુ ચંદનની શીતળતા તથા આપના મુખની અંગની શીતળતાથી મારો આત્મા પણ કામક્રોધાદિના તાપથી શીતળતા અનુભવે તે માટે પૂજા કરું છું.

ચંદનમાં કેસર-કસ્તૂરી વગેરે ઉત્તમ દ્રવ્યો મેળવી પરમાત્માની નવ અંગે પૂજા કરવી.

## નવ અંગે પૂજાના દુહા

**પ્રથમ અંગ :** જમણા અને ડાબા પગનો અંગૂઠો-ભગવાનનો વિનય કરવા પગે પૂજા કરવાની છે.

**જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત,**
**ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત.... (૧)**

**અર્થ :** યુગલિકનરોએ સંપુટ પત્રમાં જળને ભરી લાવીને ઋષભ રાજાના માત્ર ચરણને જ જલપ્રક્ષાલનથી પૂજી સંતોષ માની (કારણ કે ઇન્દ્ર મહારાજાએ પહેલા ઋષભ રાજાનો રાજ્યાભિષેક કરી લીધેલો હતો. પોતે સંપૂર્ણ અભિષેકનો આગ્રહ રાખે તો શોભા બગડે) આ રીતે વિનય પ્રદર્શિત કર્યો. તેમ હું પણ સંસાર સમુદ્રનો અંત આપનાર એવા પ્રભુના ચરણના અંગૂઠે પૂજા કરી વિનય પ્રદર્શિત કરી સંસારનો અંત પામું.

**બીજુ અંગ :** જમણા તથા ડાબા પગનો ઢીંચણ-ભગવાને આ ઢીંચણ દ્વારા વિહાર-કાયોત્સર્ગાદિ કર્યા મને પણ એવી શક્તિ મળે તે માટે ઢીંચણે પૂજા કરવાની છે.

**જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશવિદેશ**
**ખડા ખડા કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ.... (૨)**

**અર્થ :** જાનુ એટલે ઢીંચણ - જે ઢીંચણના બળે પ્રભુ કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા. આર્ય અને અનાર્ય દેશમાં વિચર્યા અને યાવત્ દીક્ષાથી માંડી જ્યાં સુધી ચાર

૧. જુઓ દ્વાર પ્રથમ-અવસ્થાત્રિક.

ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જે કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહ્યા તે ઢીંચણના પ્રતાપે ! તે પ્રભુના ઢીંચણની હું પૂજા કરું છું.

**ત્રીજું અંગ :** જમણા તથા ડાબા હાથનાં કાંડા.

ભગવાને દાન કર્યું હું પણ તેવું દાન કરી શકું તે માટે હાથે પૂજા કરવાની છે.

**લોકાન્તિક વચને કરી, વરસ્યા વરસી દાન,**
**કરકાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન.... (૩)**

**અર્થ :** પરમાત્માને દીક્ષા ગ્રહણ કરવાને એક વર્ષ બાકી રહે ત્યારે દેવો પોતાનો આચાર હોવાથી ગૃહસ્થાવાસમાં રહેલ પ્રભુને વિનંતી કરે છે કે ભગવાન ! જગતના જીવોને હિત કરનાર તીર્થ પ્રવર્તાવો. ત્યારથી પરમાત્મા એક વર્ષ સુધી જે વરસીદાન આપે છે તે આ હાથના કાંડાના પ્રતાપે ! તેથી હું કરકાંડની (હાથના કાંડાની) પૂજા કરી હું પણ વરસીદાન આપી શકું એવી ભાવના કરવી.

**ચોથું અંગ :** જમણો તથા ડાબો ખભો,

ભગવાને અનંત બળ દ્વારા અભિમાનનો નાશ કર્યો મારા પણ અભિમાનનો નાશ થાય એ માટે ખભે પૂજા કરવાની છે.

**માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત,**
**ભુજાબળે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત... (૪)**

**અર્થ :** અંશ એટલે ખભો, ખભો એ માનનો સૂચક છે. પરમાત્માનું અનંત વીર્ય દેખીને માનરૂપી કષાય ચાલી ગયો. અને જે ભુજાના બળે ભવ રૂપી સમુદ્ર તરી ગયા તેથી પ્રભુના ખંધ - ખભાને હું પૂજું છું. જેથી મારું માન પણ ચાલી જાય અને એવી શક્તિ પ્રગટે કે સંસારરૂપી સાગર તરી જાઉં.

**પાંચમું અંગ :** શિરશિખા .

ભગવાન મોક્ષે ગયા તેનું સૂચક આ મસ્તકની શિખા છે માટે મને પણ તેવો મોક્ષ મળે માટે મસ્તકે પૂજા કરવાની છે.

**સિદ્ધશિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત**
**વસીયા તેણે કારણ ભવિ, શિરશિખા પૂજંત... (૫)**

**અર્થ :** લોકના અંત ભાગે રહેલી સ્ફટિક જેવી ઉજ્જવળ એવી સિદ્ધશિલા ઉપર ભગવંત વસીયા છે. તે કારણે હું પણ પ્રભુના શરીરના ઉપરના અંત ભાગે રહેલ શિરશિખાને પૂજું છું. જેથી મારો વાસ પણ લોકના અંત ભાગે થાય.

**છઠ્ઠું અંગ :** ભાલ - કપાલ (લલાટ)

ભગવાન ત્રણ લોકના નાથ હતા માટે લલાટે પૂજા કરવાની છે.

> **તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવનજન સેવંત**
> **ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલતિલક જયવંત... (૬)**

**અર્થ :** તીર્થંકર નામકર્મના પુણ્યથી પ્રભુ ત્રણે ભુવન - પાતાળલોક, પૃથ્વીલોક અને સ્વર્ગલોક વડે સેવાઈ રહ્યા છે, તથા તિલક જેમ શરીર ઉપર શોભે તેમ ત્રણે ભુવનમાં તિલકની જેમ પ્રભુ આપ શોભી રહ્યા છો. આવા પ્રભુના ભાલમાં તિલક જયકારી હો ! આપના કપાળે તિલક કરી ભાવના ભાવું છું કે, આપની આજ્ઞા સદૈવ મારા મસ્તક પર રહો.

**સાતમું અંગ :** કંઠ

ભગવાને ઉપદેશ આ કંઠ વડે આપેલ છે માટે કંઠે પૂજા કરવાની છે.

> **સોલ પ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુળ,**
> **મધુર ધ્વનિ સુરનર સુણે, તેણે ગળે તિલક અમૂલ. (૭)**

**અર્થ :** હે પ્રભુ ! આપ નિર્વાણના સમયે જગતના ભવ્ય જીવો ઉપર હિતને માટે સોલ પ્રહર સુધી દેશના રૂપી વૃષ્ટિ કંઠમાં રહેલ વર્તુળ ભાગથી વરસાવી અને જે મધુર સ્વર દેવો અને માનવોએ સાંભળ્યો અને હૃદયમાં ધન્યતા અનુભવી એવી દેશના કંઠ-ગળાના પ્રતાપે આપે આપી તેથી હું પણ આપશ્રીના ગળે અમૂલ્ય તિલક કરી એવી શક્તિની માગણી કરું છું.

**આઠમું અંગ :** હૃદય - છાતીનો મધ્યભાગ

ભગવાનના હૃદય-કમલની પૂજા કરી ઉપશમભાવની પ્રાપ્તિ માગવાની છે.

> **હૃદયકમલ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ,**
> **હિમ દહે વનખંડને, હૃદયતિલક સંતોષ.... (૮)**

**અર્થ :** હૃદયરૂપી કમલમાં ઉપશમભાવને પ્રગટાવી આપે રાગ અને દ્વેષને બાળીને કેવલજ્ઞાન પ્રગટાવ્યું. જેમ હિમ આખા વનખંડમાં રહેલી વનસ્પતિને બાળવા માટે સમર્થ બને છે તેમ આપે ઉપશમ રૂપી હિમ દ્વારા રાગ અને દ્વેષ રૂપી વનખંડને બાળી નાખ્યું. એ ઉપશમભાવ ઉત્પન્ન થવાનું સ્થાન હૃદય છે. એટલે એ હૃદયે તિલક કરી હું પણ ઉપશમભાવ પ્રગટાવી રાગદ્વેષને બાળનાર બનું.

**નવમું અંગ : નાભિ**

નાભિમાં રહેલ આઠ રૂચકપ્રદેશ કર્મરહિત છે તેમ દરેક આત્મપપ્રદેશ કર્મરહિત બને તે માટે નાભિની પૂજા કરવાની છે.

ભગવાન સર્વકર્મનો ક્ષય કરી મોક્ષે ગયા માટે નાભિએ પૂજા કરવાની છે.

**રત્નત્રયી ગુણ ઊજળી, સકલ સુગુણ વિશ્રામ**
**નાભિકમળની પૂજના, કરતાં અવિચલ ધામ. (૯)**

દરેક આત્મામાં હંમેશાં નાભિના સ્થાનના આઠ રૂચક પ્રદેશો અવિચલ (સ્થિર) હોય છે અને સર્વ કર્મરહિત શુદ્ધ હોય છે. તેથી જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ રત્નત્રયી પણ તે સ્થળે શુદ્ધ હોય છે અને સકલ ગુણોનું આશ્રયસ્થાન છે. એવા નાભિકમળની પૂજા કરી મારો આત્મા સકલ ગુણનું સ્થાન બની અવિચલ ધામ રૂમ મોક્ષ પામે.

આ રીતે દુહાના અર્થના ચિંતવન પૂર્વક નવ અંગે પૂજા કરી અંતે પ્રભુ સામે બે હાથ જોડી નીચેનો દુહો બોલવો.

**ઉપદેશક નવતત્ત્વનો, તેણે નવઅંગ જિણંદ,**
**પૂજો બહુવિધ રાગશું, કહે શુભવીર મુણિંદ... (૧૦)**

હે પ્રભુ ! આપે નવતત્ત્વનો ઉપદેશ આપ્યો તેથી આપશ્રીની નવ અંગે પૂજા કરી. આવી રીતે ઘણા પ્રકારના રાગથી હંમેશ તારી પૂજા કરું એમ શ્રી શુભવીર મુનીન્દ્ર કહે છે એવી રીતે હું પણ આવી યાચના કરું છું.

આ રીતે મનમાં ચિંતનપૂર્વક બિલકુલ મૌન રહી પરમાત્માની પૂજા કરે.

નોંધ : નવ અંગે પૂજાના દુહા ન આવડતા હોય તો નવકાર મંત્રના નવપદ એક - એક અંગે ચિંતન કરીને પણ પૂજા કરી શકાય.

## ૩. પુષ્પપૂજા

પુષ્પ શુદ્ધ, તદ્દન ખીલેલાં તેમજ સુવાસિત જોઈએ. પુષ્પની પાંદડીઓ છૂટી ન કરવી જોઈએ, તેને છેદવા કે વીંધવા નહીં તેની કળી પણ ન તોડવી જોઈએ. હાથથી પડી ગયેલ, પગે લાગેલ, જમીન ઉપર પડેલ તથા આપણે ઉપભોગ કરેલ પુષ્પ પૂજામાં વાપરવાથી મહાન આશાતના થાય છે. પુષ્પને ધોવાની કોઈ જરૂર નથી. એ સ્વયં શુદ્ધ છે. ઉત્તમ ધાતુના થાળમાં અથવા પુષ્પની ચંગેરીમાં ઉત્તમ જાતિના અખંડ અને નિર્દોષ સુગંધી પુષ્પો લઈને શ્રાવક પ્રભુની પૂજા કરે. આત્માને પુષ્પ જેવો કોમળ બનાવવા પુષ્પપૂજા કરવી.

**સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ,**
**સુમન જંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ. [૩]**

**અર્થ :** જેમના આધિ-વ્યાધિ-ઉપાધિ, જન્મ-જરા-મરણ-રૂપ સંતાપ દૂર થઈ ગયા છે; તેવા પરમાત્માની સુગંધી અને અખંડ કુસુમ વડે મનના સંતાપને દૂર કરી હું પૂજા કરું છું. આપના અંગે ચડતાં પુષ્પો જેમ ભવ્યપણાની છાપને પામે છે. તેમ મને પણ સમ્યક્ત્વની છાપ મળો.

આ રીતે પરમાત્માની અષ્ટપ્રકારી પૂજામાંથી જલ-ચંદન-પુષ્પપૂજા એમ ત્રણ પ્રકારની અંગપૂજાની વાત થઈ.[૧] હવે અગ્રપૂજા[૨] પાંચ પ્રકારની છે. તે ગંભારાની બહાર કરવી જોઈએ. તેમાં અનુક્રમે ધૂપ-દીપ-અક્ષત નૈવેધ અને ફળનો સમાવેશ થાય છે.

### ૪. ધૂપપૂજા :

આત્માના દુર્ગુણો કાઢી સદ્‌ગુણો લાવવા ધૂપપૂજા કરવી. ધૂપદાનીમાં દશાંગ, અષ્ટાંગ વિ. ઉત્તમ ધૂપ ધખાવીને પ્રભુ સન્મુખ ધૂપ કરે. ધૂપ દીપ પૂજા પુરુષો પ્રભુની જમણી બાજુ અને બહેનો ડાબી બાજુ રહી કરે. ધૂપદાની પ્રભુની ડાબી બાજુ સ્થાપવી અને દીપક જમણી બાજુ સ્થાપન કરવો.

**ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ**
**મિચ્છત્ત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ. [૪]**

**અર્થ :** આ ધૂપની ઘટા જે રીતે પ્રગટ થઈ રહી છે તેવી રીતે મારા ધ્યાનની ઘટા પ્રગટ થાઓ. આ ધૂપ પ્રગટાવવાથી જેમ દુર્ગંધ દૂર થાય છે અને સુગંધ ફેલાય છે તેમ આપની ધૂપપૂજાથી મારા આંતરિક વિચારો રૂપી મિથ્યાત્વ દુર્ગંધ દૂર થાઓ અને ધૂપની ઘટાઓ જેમ ઊંચે જઈ રહી છે તેમ હું પણ ઊર્ધ્વગતિ પામીને સિદ્ધશિલાને પ્રાપ્ત કરી આત્મસ્વરૂપને પ્રગટાવું તે માટે આપની ધૂપપૂજા કરું છું.

### ૫. દીપકપૂજા :

અજ્ઞાનનો અંધકાર દૂર કરી જ્ઞાન દીપક પ્રગટાવવા દીપક-પૂજા કરવી.

**દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક,**
**ભાવપ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક [૫]**

**અર્થ :** હે પરમાત્મન્ ! હું આપની પાસે વિવેકપૂર્વક દ્રવ્યદીપક લઈને ઊભો છું. દીપક જેમ અંધકારનો નાશ કરે છે. તેમ સુવિવેક રૂપી દીપકથી દુઃખનો નાશ થાય છે અને ભાવ દીપક રૂપી કેવલજ્ઞાન પ્રગટે છે. સર્વ લોક અલોક ભાસિત થાય છે. (દેખાય છે.) મારામાં તેવી શક્તિ પ્રગટ થાય તેમ હે પ્રભુ ! માગણી કરું છું.

૧,૨ જુઓ દ્વાર પ્રથમ-પૂજાત્રિક

### ૬. અક્ષતપૂજા :


સુંદર થાળમાં, વીણેલા ઉત્તમ જાતિના અખંડ ચોખા ભરીને પહેલાં પ્રભુ સન્મુખ ઊભો રહે. આગળ બતાવેલ ચિત્રમાં સાથિયામાં કરાતા ચાર પાંખડા એ ચાર ગતિના સૂચક છે. ઉપર જે ત્રણ ઢગલી કરાય છે તે જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયીની સૂચક છે. અર્ધચન્દ્રાકાર એ સિદ્ધિશિલાનો સૂચક છે. તેની ઉપર સીધી લાઇન છે એ સિદ્ધશિલા ઉપર વસતા સિદ્ધ ભગવંતો છે. અક્ષયપદ મેળવવા અક્ષતપૂજા કરવી.

## અક્ષત પર મારો વાસ





રત્નત્રયીની આરાધના


દર્શન



જ્ઞાન



ચારિત્ર



ચાર ગતિમાંથી છૂટવા માટે




**શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ,**
**પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાળ. [૬]**

**અર્થ :** હે પરમાત્મન્ ! આપની સન્મુખ શુદ્ધ અખંડ અક્ષતનો વિશાળ નંદાવર્ત

આલેખીને રહેલો છું. હવે એવી પ્રાર્થના કરું છું કે, જેમ આ અક્ષત વાવ્યા છતાં ફરી ઊગતા નથી. તેમ જન્મ-જરા-મરણ રૂપ જંજાળ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આપવા દ્વારા આપ ટાળો અને મારે પણ આ સંસારમાં અક્ષતની જેમ પુનઃ જન્મ પામવો નથી અને સિદ્ધશિલા ઉપર વાસ થાઓ.

**સાથિયો કરતી વખતે બોલવાના દુહા**

અક્ષતપૂજા કરતાં થકાં, સફલ કરું અવતાર,
ફળ માંગુ પ્રભુ આગળે, તારતાર મુજ તાર. ૧

સંસારિક ફલ માંગીને રઝડ્યો બહુ સંસાર
અષ્ટકર્મ નિવારવા, માંગુ મોક્ષ ફળ સાર. ૨

ચિહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ-મરણ જંજાળ,
પંચમ ગતિ વિણ જીવને, સુખ નહિ ત્રિહું કાલ. ૩

દર્શન-જ્ઞાન-ચારિત્રના, આરાધનથી સાર,
સિદ્ધશિલાની ઉપરે હોજો મુજ વાસ શ્રીકાર. ૪

**૭. નૈવેદ્યપૂજા :**

અણાહારી પદ મેળવવા માટે નૈવેદ્ય પૂજા કરવી.

**અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈ ય અનંત,**
**દૂર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત. [૭]**

(જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય ત્યારે એક-બે-ત્રણ સમયમાં બીજી ગતિમાં પહોંચે છે. આ વચ્ચેનો સમય તે વિગ્રહ ગતિ કહેવાય છે. "સમય" એ એટલો સૂક્ષ્મકાળ છે જે કેવલીની દૃષ્ટિએ પણ અવિભાજ્ય અંશ છે. એક સેકન્ડમાં આવા અસંખ્યાત સમય થઈ જાય છે. આપણે અનાદિકાળથી આ સંસારમાં ભટકીએ છીએ એટલે એક ગતિમાંથી બીજી ગતિમાં પણ અનંત વાર ગયા છીએ એટલે આપણી વિગ્રહગતિ અનંતવાર થઈ છે.)

**અર્થ :** એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં વચ્ચેની વિગ્રહગતિમાં અણાહારી પદ મેં અનંતવાર પ્રાપ્ત કર્યું. પરંતુ તે કાયમ ન હતું. માટે તેને દૂર કરીને શિવપદમાં મુક્તિમાં જે શાશ્વત અણાહારીપણું પ્રાપ્ત થાય છે. એવું અણાહારી પદ મને આપો.

**ન કરી નૈવેદ્ય પૂજના ન ધરી ગુરુની શીખ,**
**લેશે પરભાવે અશાતા, ઘર ઘર માંગશે ભીખ.**

આ પૂજામાં નૈવેદ્ય તરીકે ઉત્તમ થાળમાં સર્વ જાતિના નૈવેદ્ય સાકર-પતાસાં,

મીઠાઈ તથા પોતાને ત્યાં જમવા માટે બનાવેલ તમામ રસોઈનો થાળ (માખી વગેરે પડે તેમ હોય તો કપડાથી ઢાંકીને) ચોખાના સાથિયા પર મૂકી નૈવેદ્યપૂજા કરે.

### ૮. ફળપૂજા :

સિદ્ધશિલાની ઢગલી પર બદામ-સોપારી-શ્રીફળ-કેરી-કેળું આદિ ઉત્તમ પાકાં ફળો મૂકી ફળપૂજા કરે. મોક્ષ રૂપી ફળ મેળવવા માટે ફળપૂજા કરવી.

**ઇન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ,**
**પુરુષોત્તમ પૂજા કરી, માંગે શિવ ફળ ત્યાગ. [૮]**

**અર્થ :** ઇન્દ્ર આદિ સુર-અસુરો પરમાત્માની પૂજા માટે રાગપૂર્વક ઉત્તમ કોટિનાં ફળોને લાવીને પુરુષોમાં ઉત્તમ એવા પરમાત્માની પૂજા કરી શિવફળનું ત્યાગ એટલે દાન માગે છે. એવી રીતે હે પરમાત્મા ! હું પણ આ ફળની પૂજા કરી શિવફળનું દાન માંગું છું.

**ફળપૂજા કરતાં થકાં, સફળ કરો અવતાર,**
**ફળ માગો પ્રભુ આગળે, તાર તારમુજતાર.**

આ રીતે પ્રભુની અષ્ટ પ્રકારી પૂજાનું વિધાન છે.

### ચામર પૂજાનો દુહો :

**બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે,**
**જઈ મેરૂ ધરી ઉત્સંગે, ઇન્દ્ર ચોસઠ મળીયા રંગે,**
**પ્રભુ પાસનું મુખડું જોવા, ભવોભવના પાતિક ખોવા**

### દર્પણ પૂજાનો દુહો :

**પ્રભુ દર્શન કરવા ભણી, દર્પણ પૂજા વિશાલ,**
**આત્મ દર્શનથી જુએ, દર્શન હોય તત્કાલ**

આ રીતે અષ્ટપ્રકારી પૂજા કર્યા પછી ચામર, પંખો, દર્પણ વગેરે પૂજા કરી પર્યંકાસન વડે અથવા કાયોત્સર્ગ મુદ્રા વડે રૂપાતીત એટલે સિદ્ધત્વ અવસ્થા[1] ભાવવી. ત્રીજી નિસીહિ[2] બોલી ભાવપૂજા[3] એટલે ચૈત્યવંદન કરવું. આ ત્રીજી નિસીહિ એ દ્રવ્યપૂજાનો નિષેધ સૂચવે છે. એટલે હવે દ્રવ્યપૂજા ન કરી શકાય. આથી ચૈત્યવંદન કરતાં કરતાં પરમાત્માને પ્રક્ષાલ કે ચંદનપૂજા કરી શકાય નહિ. આ ચૈત્યવંદન જ્યાં કરવાનું હોય તે ભૂમિનું ત્રણ વાર પ્રમાર્જન[4] કરી ત્યાં ઉભા રહેવું.

---

૧. જુઓ દ્વાર પ્રથમ - અવસ્થાત્રિક. ૨ જુઓ દ્વાર પ્રથમ - નિસીહિત્રિક. ૩. જુઓ દ્વાર પ્રથમ- પૂજાત્રિક ૪. જુઓ દ્વાર પ્રથમ પદભૂમિપ્રમાર્જનત્રિક.

## ચૈત્યવંદન વિધિ

ખમાસમણ દઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ । ઇરિયાવહિયં પડિક્કમામિ ? (ઇરિયા૦ યોગ મુદ્રામાં[1] કરવી.)

ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં ॥૧॥ ઇરિયાવહિયાએ વિરાહણાએ ॥૨॥ ગમણાગમણે ॥૩॥ પાણક્કમણે બીઅક્કમણે હરિઅક્કમણે ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા-સંતાણા સંકમણે ॥૪॥ જે મે જીવા વિરાહિયા ॥૫॥ એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥૬॥ અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા કિલામિયા, ઉદ્દવિયા ઠાણાઓ ઠાણં સંકામિયા જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં ॥૭॥

તસ્સ ઉત્તરીકરણેણં પાયચ્છિત્તકરણેણં વિસોહીકરણેણં વિસલ્લીકરણેણં પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં ॥૮॥ અન્નત્થ ઉસસિએણં નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલીએ પિત્તમુચ્છાએ ॥૯॥ સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ॥૧૦॥ એવમાઈએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૧૧॥ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ॥૧૨॥ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(અહીં જિનમુદ્રાએ[2] ૧ લોગસ્સ-ચંદેસુ નિમ્મલયરા સુધી ન આવડે તો ૪ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે, અરિહંતે કિત્તઇસ્સં ચઉવીસં પિ કેવલી ॥૧॥ ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ, પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વદે ॥૨॥ સુવિહિં ચ પુપ્ફદંતં સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ વિમલ-મણંતં ચ જિણં ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ વંદામિ રિટ્ઠનેમિં પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા, ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયતું ॥૫॥ કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરુગ્ગ બોહિલાભં, સમાહિ-વર-મુત્તમં દિંતુ ॥૬॥ ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસતું ॥૭॥

---

૧. જુઓ દ્વાર પ્રથમ-મુદ્રાત્રિક ૨. જુઓ દ્વાર પ્રથમ-મુદ્રાત્રિક.

પછી ત્રણ ખમાસમણ[1] દેવાં જે ત્રણ પ્રણામના[1] રત્રીજા પ્રણામ સ્વરૂપ પંચાંગ પ્રણિપાત છે અને પ્રણિપાત નામના છટ્ઠા દ્વાર સ્વરૂપ છે.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ? ચૈત્યવંદન કરું ? ઇચ્છં (ચૈત્યવંદન, નમુત્થુણં યોગમુદ્રામાં કરવા)

સકલકુશલવલ્લી, પુષ્કરાવર્તમેઘો
દુરિત-તિમિર-ભાનુ:, કલ્પવૃક્ષોપમાન: ॥૧॥
ભવજલનિધિપોત: સર્વસંપત્તિહેતુ:
સ ભવતુ સતતં વ:, શ્રેયસે શાન્તિનાથ: ॥૨॥
જય ચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી
અષ્ટકર્મ રિપુ જિતીને, પંચમી ગતિ પામી ॥૧॥
પ્રભુ નામે આનંદકંદ, સુખ સંપત્તિ લહીએ,
પ્રભુ નામે ભવભવતણા, પાતક સવિ દહીએ ॥૨॥
ૐ હ્રીં વર્ણ જોડી કરી, જપીએ પાર્શ્વનામ
વિષ અમૃત થઈ પરિણમે, પામે અવિચલ ધામ ॥૩॥

**"જંકિંચિ" સૂત્ર** : જંકિંચિ નામતિત્થં સગ્ગે પાયાલિ માણુસે લોએ, જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ

**"નમુત્થુણં" સૂત્ર** :- નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥ આઇગરાણં તિત્થયરાણં સંયંસંબુદ્ધાણં ॥૨॥ પુરિસુત્તમાણં પુરિસ-સીહાણં પુરિસવરપુંડરીઆણં પરિસવરગંધ-હત્થીણં ॥૩॥ લોગુત્તમાણં લોગનાહાણં લોગહિયાણં લોગપઇવાણં લોગપજ્જોઅગરાણં ॥૪॥ અભયદયાણં ચક્ખુદયાણં મગ્ગદયાણં શરણદયાણં બોહિદયાણં ॥૫॥ ધમ્મદયાણં ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ॥૬॥ અપ્પડિહય-વર-નાણ-દંસણધરાણં વિયટ્ટછ-ઉમાણં ॥૭॥ જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોઅગાણં ॥૮॥ સવ્વન્નૂણં સવ્વદરિસીણં સિવ-મયલ-મરુઅ-મણંત- મક્ખય મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિગઇ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅભયાણં ॥૯॥ જે અ અઇઆ સિદ્ધા જે અ ભવિસ્સંતિ-ણાગએ કાલે સંપઇઅ વટ્ટમાણા સવ્વે તિવિહેણ વંદામિ.

---

૧. જુઓ દ્વારા પ્રથમ-પ્રણામત્રિક તથા જુઓ દ્વાર છટ્ઠું

**"જાવંતિ ચેઇઆઇં" સૂત્ર :-** જાવંતિ ચેઇઆઇં ઉડ્ઢે અ અહે અ, તિરિઅલોએ અ, સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇ ॥૧॥

("જાવંતિ ચેઇઆઇ" તથા "જાવંત કે વિ" સૂત્રો મુક્તાશુક્તિ મુદ્રામાં[૧]) ખમાસમણ દઇ

**"જાવંત કે વિ સાહુ" સૂત્ર :-** જાવંત કે વિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ, સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૧॥

## સ્તવન (યોગ મુદ્રામાં)

(આ સ્તવન[૨] કેવું બોલવું તે ૨૨મા દ્વારમાં જણાવ્યું છે.)

**નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય;**

તું પ્રભુ માહરો હું તાહરો, ક્ષણ એક મુજને નારે વિસારો
મહેર કરી મુજ વિનંતિ સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો તું... ૧

લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારા શરણે હો જિનજી
દુર્ગતિ કાપો શિવસુખ આપો, ભક્ત સેવકને નિજ પદે થાપો તું...૨

અક્ષય ખજાનો પ્રભુ તાહરો ભર્યો છે, આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે
વામાનંદન જગવંદન પ્યારા, દેવ અનેરામાં તુંહિ જ ન્યારો તું... ૩

પલ પલ સમરું શ્રી પાર્શ્વ શંખેશ્વર, સમરથ તારણ તુંહિ જિનેશ્વર
પ્રાણ થકી તું અધિકો પ્યારો, દયા કરી મુજને નેહે નિહાળો તું... ૪

ભક્તવત્સલ તુજ બિરુદ સુણી, કેડ ન છોડું પ્રભુ લેજો જાણી
ચરણોની સેવા નિત નિત ચાહુ, ઘડી ઘડી મનમાં ઉમાહું તું... ૫

જ્ઞાન વિમલ તુજ ભક્તિ પ્રભાવે, ભવો ભવના સંતાપ ગમાવે
અમીય ભરેલી તુજ મૂરતિ નિહાળી, પાપ અંતરના દેજો પખાલી તું... ૬

## "જય વીયરાય" સૂત્ર (મુક્તાશુક્તિ મુદ્રામાં)

જય વીયરાય જગ ગુરુ, હોઉ મમં તુહ પભાવઓ, ભયવં ! ભવનિવ્વેઓ, મગ્ગાણુસારિઆ ઇટ્ઠફલસિદ્ધિ ॥૧॥ લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ, સુહગુરુજોગો, તવ્વયણ-સેવણા આભવમખંડા ॥૨॥

---

૧. જુઓ દ્વાર પ્રથમ-મુદ્રાત્રિક ૨. જુઓ દ્વાર બાવીશમું.

(અહીં લલાટેથી હાથ નીચે લેવા)

વારિજ્જઇ જઇ વિ નિયાણબંધણં વીયરાય તુહ સમએ, તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥ દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ, સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં ॥૪॥ સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણકારણં, પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥ (પછી ઊભા થઈ જિનમુદ્રામાં)

અરિહંત ચેઇઆણં કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥ વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ, સમ્માણવત્તિયાએ, બોહિલાભવત્તિયાએ, નિરુવસગ્ગવત્તિયાએ ॥૨॥ સદ્ધાએ, મેહાએ, ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ ઠામિ કાઉસગ્ગં ॥૩॥... અન્નત્થ....

(એક નવકારનો કાઉસ્સગ્ગ (જિનમુદ્રામાં) કરી પારીને નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ કહી નીચેની થોય કહેવી.

## થોય

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ, મનવાંછિત પૂરણ સુરતરુ, જય વામા સુત અલવેસરુ.... પછી ખમાસમણ દઈ "અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં" કહેવું.

આ રીતે ચૈત્યવંદન પૂરું થયા પછી ખમાસમણ દઈ પચ્ચક્ખાણ કરવું. (પચ્ચક્ખાણ માટે જુઓ પેજ નં ૬૧, ૬૨) પચ્ચક્ખાણ કરી ખમાસમણ દેવું.

## ઉપસંહારમાં પરમાત્માની સ્તુતિ

**ઉપસંહાર :**

ઉત્સવ રંગ વધામણા, પ્રભુ પાસને નામે ।
કલ્યાણક ઉત્સવ કીયો, ચઢતે પરિણામે ॥ ઉ ૧.

શતાયુવર્ષ જીવીને, અક્ષયસુખ સ્વામી ।
તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખુ ખામી ॥ ઉ ૨.

સાચી ભક્તે સાહિબા, રીઝો એક વેળા ।
શ્રી શુભવીર હુએ સદા, મનવાંછિત મેળા ॥ ઉ ૩.

આવ્યો શરણે તુમારા જિનવર કરજો, આશ પૂરી હમારી
નાવ્યો ભવપાર મારો, તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી
ગાયો જિનરાજ આજે હરખ અધિકથી, પરમ આનંદ કારી,
પાયો તુમ દર્શ નાસે ભવભયભ્રમણા, નાથ સર્વે હમારી,
ભવોભવ તુમે ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા,
સામુ જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી,
જિને ભક્તિ ર્જિને ભક્તિ, ર્જિને ભક્તિ ર્દિને દિને,
સદા મેડસ્તુ સદા મેડસ્તુ સદા મેડસ્તુ ભવે ભવે.
ઉપસર્ગા: ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લય:
મન: પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે
સર્વમંગલમાંગલ્યં સર્વકલ્યાણકારણમ્
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્

❖ આ ચૈત્યવંદના સૂત્રમાં ચારે પ્રકારના જીનેશ્વરને[1] નામ-સ્થાપના દ્રવ્ય અને ભાવજિનને નમસ્કાર કરવામાં આવેલ છે.

❖ આ ચૈત્યવંદનામાં જિનેશ્વર-મુનિ-શ્રુતજ્ઞાન અને સિદ્ધ ભગવંત એ ચાર જે વંદન કરવા યોગ્ય[2] છે તેમને વંદના થાય છે.

❖ ચૈત્યવંદનામાં ચોથી થોયમાં સ્મરણ કરવા યોગ્ય[3] એવા શાસનના અધિષ્ઠાયક દેવ-દેવીને સ્મરણ કરાય છે.

❖ ચૈત્યવંદનામાં પાંચ દંડકસૂત્રનો [4]સમાવેશ થાય છે.

❖ ચૈત્યવંદના સૂત્રમાં જુદા જુદા સૂત્રોના કુલ અક્ષરલો ૧૬૪૭[5] થાય છે.

❖ ચૈત્યવંદના સૂત્રના જુદા જુદા સૂત્રોના ૧૮૧[6] પદ થાય છે.

❖ ચૈત્યવંદના સૂત્રમાં અટકવાનાં સ્થાનની ૯૭[7] સંપદા થાય છે.

❖ ત્રણ પ્રકારના જે વંદન બતાવ્યા છે તેમાં પાંચ દંડક[8] સહિતની ચૈત્યવંદના તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના જાણવી.

---

૧. જુઓ દ્વાર પંદરમું. ૨. જુઓ દ્વાર તેરમું. ૩. જુઓ દ્વાર ચૌદમું. ૪. જુઓ દ્વાર અગ્યારમું ૫. જુઓ દ્વાર આઠમું. ૬. જુઓ દ્વાર નવમું. ૭. જુઓ દ્વાર દસમું ૮. જુઓ દ્વાર પાંચમું

❖ ચૈત્યવંદનામાં ચાર થોયમાં પહેલી થોય અધિકૃત જિનની, બીજી થોય સર્વ જિનેશ્વરની, ત્રીજી થોય શ્રુતજ્ઞાનની અને ચોથી થોય[૯] શાસનના અધિષ્ઠાયક દેવના સ્મરણ માટે છે. તેના ઉપયોગપૂર્વક ચૈત્યવંદન કરવું.

❖ ચૈત્યવંદનામાં ૧૨ અધિકારના[૧૦] ઉપયોગ પૂર્વક ચૈત્યવંદન કરવું

❖ ચૈત્યવંદના ૮ નિમિત્તના[૧૧] ઉપયોગપૂર્વક કરવું.

❖ ચૈત્યવંદના ૧૨ હેતુઓ[૧૨] જાણી તે તે સૂત્રો બોલતી વખતે તે તે હેતુઓનો ઉપયોગ રાખવો.

❖ ચૈત્યવંદનામાં જે જે કાયોત્સર્ગ આવે છે, તે કાયોત્સર્ગમાં ૧૬ આગાર[૧૩] જાણી તે સિવાયની ક્રિયાનો ત્યાગ કરવો.

ચૈત્યવંદનામાં કાયોત્સર્ગના ૧૯ દોષ[૧૪] જાણી તેનો ત્યાગ કરવો

ચૈત્યવંદનામાં કાયોત્સર્ગનું પ્રમાણ[૧૫] જાણી કાયોત્સર્ગ કરવો.

ચૈત્યવંદના દિવસમાં કેટલી વાર કરવી[૧૬] ? તથા

❖ દશ આશાતનાઓ[૧૭] દેરાસરમાં વર્જવી.

આ રીતે પરમાત્માની પૂજાનો ઉપસંહાર કરી ભગવાનને પૂંઠ ન પડે તે રીતે બહાર નીકળવું અને ઉપાશ્રયે ગુરુ ભગવંતને વંદનાર્થે જવું.

**છતે હાથ ન વાવર્યો,**
**સંબલ ન કિયો સાથ**
**આય ગઇ મન ચેતીયો,**
**પછે ઘસે નિજ હાથ**

❖ ✦ ❖

૯. જુઓ દ્વાર સોળમું. ૧૦. જુઓ દ્વાર બારમું. ૧૧. જુઓ દ્વાર સત્તરમું. ૧૨. જુઓ દ્વાર અઢારમું ૧૩. જુઓ દ્વાર વીસમું. ૧૪. જુઓ દ્વાર વીસમું ૧૫. જુઓ દ્વાર એકવીસમું ૧૬. જુઓ દ્વાર ત્રેવીસમું. ૧૭. જુઓ દ્વાર ચોવીસમું.

## સવારના પચ્ચક્ખાણો

### નવકારશી

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિ આહારં, અસણં પાણં, ખાઇમં, સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગરેણં, વોસિરઇ (વોસિરામિ)

### પોરિસિ સાડ્ઢપોરિસિ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં સાઢ્ઢપોરિસિં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણ, પચ્છન્નકાલેણં, દિસામોહેણ, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ (વોસિરામિ)

### આયંબિલ-નીવિ-એકાસણું-બિયાસણું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં સાઢ્ઢપોરિસિં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં નિવ્વિગઇઅં વિગઇઓ પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પરિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એકાસણં, બિયાસણં, પચ્ચક્ખાઇ, (પચ્ચક્ખામિ) તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણવા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા, વોસિરઇ (વોસિરામિ)

(સૂચના : જો બિયાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો બિયાસણં અને એકાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો એકાસણં પાઠ ભણવો)

### ચઉવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિ આહારં, અસણં પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તારાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ (વોસિરામિ)

## તિવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ, અબ્ભત્તટ્ઠં, પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણહાર, પોરિસિં, સાઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમુઢ્ઢ, અવઢ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ (વોસિરામિ) (બે ઉપવાસ માટે છટ્ઠભત્તં, ત્રણ માટે અટ્ઠમભત્તં, ચાર માટે દસમભત્તં, પાંચ માટે બારસભત્તં, આ રીતે પાઠ બોલવો.)

(એકથી વધુ ઉપવાસવાળાએ બીજા દિવસથી પાણહારનું પચ્ચક્ખાણ લેવું પાણહાર પોરિસિથી વોસિરામિ સુધીનો પાઠ બોલવો.)

## દેશાવગાસિક

દેસાવગાસિયં, ઉવભોગં, પરિભોગં, પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરાઇ (વોસિરામિ).

**આ પચ્ચક્ખાણનો આગારનો અર્થ પચ્ચક્ખાણ ભાષ્યના અર્થમાં પાના નં. ૧૨૬ ઉપર જણાવેલ છે.**

❖ ✦ ❖

॥ ટીંટોઈમંડનશ્રીમુહરીપાર્શ્વનાથાય નમઃ ॥
॥ નમામિ નિત્યં ગુરુરામચન્દ્રમ્ ॥

# ભાવ ગુરુવંદના

"गृणाति तत्त्वं इति गुरुः" જે તત્ત્વને જણાવે તે ગુરુ - દેવ, ગુરુ અને ધર્મરૂપ ત્રણ તત્ત્વને દેવની ગેરહાજરીમાં વિશેષપણે જણાવે તે ગુરુ. કલિકાલમાં આવા ગુરુ ભગવંતની પ્રાપ્તિ થઈ જવી અને એમને વિધિપૂર્વક વંદના કરવી એ આપણું સૌભાગ્ય છે તો તે ગુરુતત્ત્વને ઓળખવાની તથા વંદન કરવાની વિધિ આપણે શ્રી ગુરુવંદન ભાષ્ય દ્વારા સમજીએ.

ગુરુને વંદન કેવી રીતે થાય ? અને શા માટે કરવાનું ? આ પ્રશ્ન ઉપસ્થિત થાય તો આપણને આ વિધિ સમજવાની જિજ્ઞાસા થાય. આજે ઘણા યુવાવર્ગને આ વિધિનું જ્ઞાન ન હોવાને કારણે ગુરુભગવંત પાસે જતાં સંકોચ પામે છે. એટલે કદાચ ઈચ્છાકાર સુહરાઈ આદિ સૂત્ર ન આવડતું હોય તો 'મત્થએણ વંદામિ' કહી નમસ્કાર કરવા એ પણ એક વંદન છે એટલે અહીં સૌ પ્રથમ ત્રણ ભેદ બતાવે છે.

(૧) ફેટ્ટાવંદન (૨) થોભવંદન (૩) દ્વાદશાવર્ત્તવંદન.

**(૧) ફેટ્ટાવંદન :** ગુરુને મસ્તક નમાવીને હાથ જોડવાથી, અંજલિ રચવાથી અથવા પાંચ અંગમાં યથાયોગ્ય ૧-૨-૩-૪ અંગ વડે નમસ્કાર કરી 'મત્થએણ વંદામિ' કહેવું તે ફેટ્ટાવંદન.

**(૨) થોભવંદન :** ગુરુને બે ખમાસમણ સંપૂર્ણ દઈ ઈચ્છકાર સુહરાઈ વગેરેથી શાતા પૂછી 'ભાત પાણીનો લાભ દેજોજી' કહી અબ્ભુટ્ઠિઓ ખામવો તે થોભવંદન છે. તે નીચે પ્રમાણે :

પ્રથમ બે ખમાસમણ દઈ -

**ઇચ્છકાર સુહરાઈ ? સુહદેવસિ ?**

ઇચ્છા કરું છું (આપ) સુખે રાત્રિ, સુખે દિવસ,

**સુખતપ ? શરીર નિરાબાધ ?**

સુખે તપશ્ચર્યામાં, શરીર સંબંધી રોગરહિતપણામાં,

**સુખ સંજમજાત્રા નિર્વહો છો જી ?**

સુખે સંયમયાત્રામાં પ્રવર્તો છો જી,

**સ્વામી શાતા છે જી ?**

હે સ્વામિન્ ! આપને શાતા છે જી ?

**ભાત પાણીનો લાભ દેજો જી ॥૧॥**

ભાત પાણીનો લાભ આપજો જી.

(હે ગુરુજી !) સુખે રાત્રિ, સુખે દિવસ, સુખે તપશ્ચર્યામાં, શરીર સંબંધી રોગરહિતપણામાં, સુખે સંયમયાત્રામાં પ્રવર્તો છો જી, એમ ઈચ્છું છું. હે સ્વામિન્ ! આપને શાતા છે જી ? ભાત પાણીનો લાભ દેજોજી.

(પદસ્થ એટલે ગણિ-પ્રવર્ત્તક-પંન્યાસ-ઉપાધ્યાય કે આચાર્ય હોય તો ખમાસમણ દઈ)

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**

ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો હે ભગવન્ !

**અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં ?**

ઉપસ્થિત થયો છું અંદર દિવસના અપરાધને ખમાવવા માટે,

**ઇચ્છં, ખામેમિ દેવસિઅં,**

આજ્ઞા પ્રમાણ છે, ખામુ છું દિવસના અપરાધને

**શબ્દાર્થ** - **અબ્ભુટ્ઠિઓમિ**-ઉપસ્થિત થયો છું, **અબ્ભિંતર**-અંદર, **દેવસિઅં**-દિવસના અપરાધને, **ખામેઉં**-ખમાવવાને, **ખામેમિ**-ખામું છું.

**અર્થ** - હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો, દિવસના અપરાધને ખમાવવા માટે ઉપસ્થિત થયો છું, (ગુરુ ભગવંત આજ્ઞા આપે એટલે) આજ્ઞા પ્રમાણ છે, દિવસના અપરાધને ખમાવું છું.

**જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે, પાણે,**

જે કોઈ અપ્રીતિ થાય તેવું, વિશેષ અપ્રીતિ થાય તેવું, ભોજનને વિષે, પાણીને વિષે,

**વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે,**

વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, એક વાર બોલવાના વિષે, વારંવાર બોલવાના વિષે,

**ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ,**

ઉંચે બેસવાથી, સમાન આસને બેસવાથી, વચ્ચે બોલવાથી, વધારીને બોલવાથી,

**શબ્દાર્થ** – **જંકિંચિ**-જે કોઈ, **અપત્તિઅં**-અપ્રીતિ ભાવ, **પરપત્તિઅં**-વિશેષ અપ્રીતિ ભાવ, **ભત્તે**-ભોજનને વિષે, **પાણે**-પાણીને વિષે, **વિણએ**-વિનયને વિષે,

**વેયાવચ્ચે**-વૈયાવચ્ચને વિષે, **આલાવે**-એકવાર બોલવાને વિષે, **સંલાવે**-વારંવાર બોલવાને વિષે, **ઉચ્ચાસણે**-ગુરુથી ઉંચે આસને બેસવાને વિષે, **સમાસણે**-ગુરુની બરાબર આસને બેસવાને વિષે, **અંતરભાસાએ**-ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં, **ઉવરિભાસાએ**-ગુરુએ કહેલી વાતને વધારીને વિશેષપણે કહેવામાં,

**અર્થ** – જે કાંઈ ભોજનને વિષે, પાણીને વિષે, વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, એકવાર બોલવાથી, વારંવાર બોલવાથી, ગુરુથી ઉંચે આસને બેસવાથી, ગુરુની સમાન આસને બેસવાથી, ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવાથી, ગુરુએ કહેલી વાતને વધારીને કહેવાથી અપ્રીતિ ભાવ કે વિશેષ અપ્રીતિ ભાવ ઉપજાવ્યો હોય,

**જંકિંચિ મજ્ઝ વિણયપરિહીણં, સુહુમં વા બાયરં વા,**

જે કાંઈ મારાથી વિનયરહિતપણું નાનું અથવા મોટું કર્યું હોય,

**તુબ્ભે જાણહ અહં ન જાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

તમે જાણો છો હું જાણતો નથી તે મિથ્યા થાઓ મારું દુષ્કૃત (પાપ)

**શબ્દાર્થ** – **જં કિંચિ**-જે કાંઈ, **મજ્ઝ**-મેં, **વિણયપરિહીણં**-વિનય રહિતપણું કર્યું હોય, **સુહુમં**-સૂક્ષ્મ, **બાયરં**-બાદર-સ્થૂલ, **તુબ્ભે**-તમે, **જાણહ**-જાણો છો, **ન જાણામિ**-જાણતો નથી.

**અર્થ**– (એવી રીતે) જે કાંઈ પણ નાનું કે મોટું મારાથી વિનય રહિતપણું થયું હોય જે તમે જાણો છો, હું જાણતો નથી તે મારું દુષ્કૃત (અપરાધ) મિથ્યા થાઓ.

અહીં બીજા પ્રકારના ગુરુવંદનમાં બે ખમાસમણ દેવાના છે અને ત્રીજા પ્રકારના ગુરુવંદનમાં બે વાંદણા આવે છે તો જે બે-બે વાર વંદના કરવાની જણાવી છે તેનું કારણ જણાવે છે કે - જેમ દૂત રાજાને નમસ્કાર કરીને કાર્યનું નિવેદન કરે અને ત્યાર બાદ રાજા તેને જવાની રજા આપે એટલે વિસર્જન કરાય ત્યારે નમસ્કાર કરીને જાય છે તેમ અહીં પણ બે વાર વંદન થાય છે.

ગુરુવંદન શા માટે કરવાનું ? આચારનું મૂળ વિનય છે અને તે વિનય ગુણવંત ગુરુની ભક્તિ કરવાથી થાય છે અને તે ભક્તિ વિધિપૂર્વક વંદન કરવાથી થાય છે અને તે વંદનની ઉત્કૃષ્ટ વિધિ દ્વાદશાવર્ત્ત વંદનમાં છે.

(૩) **દ્વાદશાવર્ત્ત વંદન :** દ્વાદશાવર્ત્ત વંદન બે વાંદણા - બે વંદન વડે કરાય છે.

આ ત્રણ પ્રકારના વંદનમાં -

**પ્રથમ ફેટ્ટાવંદન :** સકળ સંઘમાં સંઘને પરસ્પર કરાય છે. એટલે સાધુ-સાધુએ પરસ્પર, સાધ્વી-સાધ્વીએ પરસ્પર, શ્રાવક-શ્રાવકે પરસ્પર અને શ્રાવિકા-

શ્રાવિકાએ પરસ્પર ફેટ્ટાવંદન કરવું અથવા શ્રાવક તેમજ શ્રાવિકા, સાધુ વગેરે ચારને અને સાધ્વી, સાધુ તથા સાધ્વીને અને સાધુ ફક્ત સાધુને જ ફેટ્ટાવંદન કરે.

**બીજું થોભવંદન :** સાધુ વડીલ સાધુને, સાધ્વી વડીલ સાધ્વીને તથા લઘુપર્યાયવાળા પણ સાધુને, શ્રાવક સાધુને તથા શ્રાવિકા સાધુ તથા સાધ્વીને પંચાંગ વંદન કરે. આ વંદના સાધુ-સાધ્વીને જ થઈ શકે. શ્રાવક ગમે તેવો ભાવ ચારિત્રની ઈચ્છાવાળો તેમજ ઉત્કૃષ્ટ ક્રિયાપાત્ર હોય તો પણ તેને આ વંદન ન થાય.

**ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન :** સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા આચાર્યાદિ પાંચ પદવીવાળા સાધુને જ કરે અને સમાન પદવાળા સાધુઓ વધારે દીક્ષાના પર્યાયવાળા રત્નાધિક સાધુને કરે.

આ ગુરુવંદન ભાષ્યમાં મુખ્ય અધિકાર ત્રીજા વંદનરૂપ દ્વાદશાવર્ત વંદનની વિધિનો છે.

ગુરુવંદનના પાંચ નામ છે. (૧) વંદનકર્મ (૨) ચિતિકર્મ (૩) કૃતિકર્મ (૪) પૂજાકર્મ (૫) વિનયકર્મ - આ વંદન કોને કરવું ?[૧] કોણે કરવું ?[૨] ક્યારે કરવું ?[૩] કેટલીવાર કરવું ?[૪] તથા વંદનમાં શિષ્યના પ્રણામ કેટલા ?[૫] મસ્તક કેટલી વાર નમાવવું ?[૬] કેટલા આવશ્યક વડે વિશુદ્ધ કરાય છે ?[૭] કેટલા દોષથી રહિત કરાય છે ?[૮] તથા વંદન શા માટે કરાય છે ?[૯] આ ૯ પ્રકારના દ્વાર આવશ્યક નિર્યુક્તિમાં બતાવ્યા છે તેથી અહીં બતાવ્યા છે. પરંતુ દેવને વંદન કરવા માટે જેમ ચૈત્યવંદન ભાષ્યમાં ૨૪ દ્વાર વડે ૨૦૭૪ ભેદ બતાવ્યા છે. જે આપણે "ભાવ ચૈત્યવંદના" વિભાગમાં જોયા. તેમ ગુરુને વંદન કરવા માટે ગુરુવંદન ભાષ્યમાં ૨૨ દ્વાર વડે ૪૯૨ ભેદ બતાવ્યા છે તે આ "ભાવ ગુરુવંદના" વિભાગમાં સમજીશું. જેની અંદર આવશ્યક નિર્યુક્તિના ૯ દ્વારનો સમાવેશ થઈ જાય છે. સૌ પ્રથમ ૨૨ દ્વાર અને તેના ઉત્તર ભેદ નીચે પ્રમાણે છે.

[૧] ગુરુવંદનના પાંચ નામ [૫]

[૨] પાંચ ઉદાહરણ [૫]

[૩] પાંચ અયોગ્ય [૫]

[૪] પાંચ યોગ્ય [૫]

[૫] ચાર પ્રકારના સાધુ પાસે વંદના ન કરાવવી [૪]

[૬] ચાર પ્રકારના સાધુ આદિ વંદન કરે [૪]

[૭] વંદન ન કરવા માટે પાંચ નિષેધ સ્થાનો [૫]

[૮] વંદન કરવા માટેના ચાર અનિષેધ સ્થાન [૪]

[૯] વંદન કરવાના આઠ કારણો [૮]

[૧૦] વંદન કરતી વખતે ૨૫ આવશ્યક સ્થાન [૨૫]

[૧૧] મુહપત્તિની ૨૫ પડિલેહણા [૨૫]

[૧૨] શરીરની ૨૫ પડિલેહણા [૨૫]

[૧૩] ગુરુવંદનના ૩૨ દોષ [૩૨]

[૧૪] ગુરુવંદન કરવાથી છ ગુણની પ્રાપ્તિ [૬]

[૧૫] ગુરુની સ્થાપના [૧]

[૧૬] બે પ્રકારનો અવગ્રહ (ગુરુથી દૂર ઉભા રહેવાની ક્ષેત્રમર્યાદા) [૨]

[૧૭] ગુરુવંદન સૂત્રના અક્ષર-૨૨૬ અને તેમાં ૨૫ ગુરુ અક્ષર (જોડાક્ષર) [૨૨૬]

[૧૮] ગુરુવંદન સૂત્રમાં ૫૮ પદ [૫૮]

[૧૯] ગુરુવંદનમાં છ સ્થાન (શિષ્યના પ્રશ્નરૂપે) [૬]

[૨૦] છ ગુરુનાં વચન (શિષ્યના પ્રશ્નના ઉત્તરરૂપે) [૬]

[૨૧] ગુરુની ૩૩ આશાતના [૩૩]

[૨૨] ગુરુવંદનની બે વિધિ [૨]

આ પ્રકારે ૫+૫+૫+૫+૪+૪+૫+૪+૮+૨૫+૨૫+૨૫+૩૨+૬+૧+૨+૨૨૬+૫૮+૬+૬+૩૩+૨+૪૯૨

આ પ્રકારે ૨૨ દ્વાર વડે કુલ-૪૯૨ ભેદ થાય છે.

**૧ ગુરુવંદનના પાંચ નામ :** (૧) વંદનકર્મ (૨) ચિતિકર્મ (૩) કૃતિકર્મ (૪) વિનયકર્મ (૫) પૂજાકર્મ - આ પાંચ પ્રકારના નામ સામાન્યથી દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે.

સમ્યક્ પ્રકારના ફળને ન આપી શકે એવી વંદનાદિ ક્રિયા તે દ્રવ્યથી જાણવી અને સમ્યક્ પ્રકારના ફળને આપી શકે એવી વંદનાદિ ક્રિયા તે ભાવથી જાણવી.

ઘડાને જેમ કુંભ-માટલું વગેરે જુદા જુદા નામ છે પરંતુ ઘડો વસ્તુ એક જ છે. તેમ અહીં આ પાંચ નામ એ પર્યાયવાચી નામ છે - એક જ અર્થવાળા નામ છે છતાં શબ્દના

ભેદથી વ્યુત્પત્તિનો ભેદ થવાથી કાંઈક જુદા પણ છે તે આ પ્રમાણે ...

**(૧) વંદનકર્મ :** પ્રશસ્ત મન-વચન-કાયા વડે વંદન-સ્તવના કરાય તે વંદનકર્મ. મિથ્યાદૃષ્ટિ જીવે કરેલું ગુરુને વંદન તેમજ ઉપયોગરહિત સમ્યગ્દૃષ્ટિએ કરેલું ગુરુને વંદન તે દ્રવ્ય વંદનકર્મ અને ઉપયોગસહિત સમ્યગ્દૃષ્ટિએ કરેલું ગુરુને વંદન તે ભાવવંદન કર્મ છે.

**(૨) ચિતિકર્મ :** રજોહરણ આદિ ઉપધિ સહિત કુશલ કર્મનું ચિતિ=સંચયન= ગ્રહણ તે ચિતિકર્મ. તાપસાદિ મિથ્યાદૃષ્ટિ જીવોની તેમને પ્રાયોગ્ય ઉપકરણાદિ વડે કુશળ ક્રિયા તેમજ સમ્યગ્દૃષ્ટિ જીવોની ઉપયોગરહિત રજોહરણાદિ વડે કુશળ ક્રિયા તે દ્રવ્ય ચિતિકર્મ અને ઉપયોગસહિત સમ્યગ્દૃષ્ટિની રજોહરણાદિ વડે ક્રિયા તે ભાવ ચિતિકર્મ.

**(૩) કૃતિકર્મ :** મોક્ષ માટે નમસ્કારાદિ વિશિષ્ટ ક્રિયા તે કૃતિકર્મ, નિહ્નવાદિ મિથ્યાદૃષ્ટિઓની તેમજ ઉપયોગરહિત સમ્યગ્દૃષ્ટિની નમસ્કાર ક્રિયા તે દ્રવ્ય કૃતિકર્મ અને ઉપયોગ સહિતની સમ્યગ્દૃષ્ટિની નમસ્કાર ક્રિયા તે ભાવ કૃતિકર્મ.

**(૪) પૂજાકર્મ :** મન-વચન-કાયાનો પ્રશસ્ત વ્યાપાર તે પૂજાકર્મ. મિથ્યાદૃષ્ટિઓની તેમજ ઉપયોગરહિત સમ્યગ્દૃષ્ટિઓની મન-વચન-કાયા સંબંધી ક્રિયા તે દ્રવ્ય પૂજાકર્મ અને ઉપયોગપૂર્વક સમ્યગ્દૃષ્ટિઓની મન-વચન-કાયા સંબંધી પ્રશસ્ત ક્રિયા તે ભાવ પૂજાકર્મ.

**(૫) વિનયકર્મ :** જેના વડે કર્મનો વિનાશ થાય તેવી ગુરુ પ્રત્યેની અનુકૂળ પ્રવૃત્તિ તે વિનયકર્મ. મિથ્યાદૃષ્ટિ તેમજ ઉપયોગરહિત સમ્યગ્દૃષ્ટિનો ગુરુ પ્રત્યે જે વિનય તે દ્રવ્ય વિનયકર્મ અને ઉપયોગપૂર્વક સમ્યગ્દૃષ્ટિએ કરેલો ગુરુ પ્રત્યે જે વિનય તે ભાવ વિનયકર્મ.

આ પાંચ પ્રકારના નામમાંથી આ ભાષ્યમાં મુખ્ય વિષય ત્રીજું કૃતિકર્મ સંબંધી છે.

**૨ પાંચ ઉદાહરણ :** આ પાંચ પ્રકારના નામવાળા જે ગુરુવંદન છે તે દ્રવ્યથી અને

| | | | |
|---|---|---|---|
| આવશ્યકનિર્યુક્તિ | ગુરુવંદનભાષ્ય | | |
| ૧લા દ્વારનો સમાવેશ | ૪થા દ્વારમાં | ૮મા દ્વારનો સમાવેશ | ૧૩મા દ્વારમાં |
| ૨જા દ્વારનો સમાવેશ | ૫-૬ઠ્ઠા દ્વારમાં | ૯મા દ્વારનો સમાવેશ | ૧૪મા દ્વારમાં |
| ૩જા દ્વારનો સમાવેશ | ૭-૮મા દ્વારમાં | | |
| ૪થા દ્વારનો સમાવેશ | ૯મા દ્વારમાં | | |
| ૫-૬-૭મા દ્વારનો સમાવેશ | ૧૦મા દ્વારમાં | | |

ભાવથી એમ બે પ્રકારે છે. તે પ્રત્યેકનું એક એક ઉદાહરણ મળી પાંચ ઉદાહરણ કહેવાય છે.✪ (૧) દ્રવ્ય અને ભાવ વંદનકર્મમાં શીતલાચાર્યનું ઉદાહરણ.

(૨) દ્રવ્ય અને ભાવ ચિતિકર્મમાં ક્ષુલ્લકાચાર્યનું ઉદાહરણ.

---

**✪॥ ૧ – વંદનકર્મમાં શીતલાચાર્યનું દૃષ્ટાંત ॥**

શ્રીપુરનગરના શીતલ નામના રાજાએ શ્રી ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી. ગુરુએ અનુક્રમે આચાર્ય પદવી આપી જેથી શીતલાચાર્ય એવા નામથી પ્રસિદ્ધ થયા. એ શીતલ રાજાની શૃંગારમંજરી નામની બેનને ચાર પુત્ર હતા, તે શૃંગારમંજરી પોતાના પુત્રોને "તમારા મામાએ સંસાર છોડી આત્મકલ્યાણનો માર્ગ ગ્રહણ કર્યો છે અને સંસાર વસ્તુતઃ અસાર છે" ઈત્યાદિ ઉપદેશ નિરંતર આપતી હતી. જેથી પુત્રોએ પણ વૈરાગ્ય પામી કોઈ સ્થવિર પાસે દીક્ષા ગ્રહણ કરી અને ચારે ગીતાર્થ થયા; ત્યાર બાદ પોતાના મામા શીતલાચાર્યને વંદના કરવા માટે ગુરુ પાસે આજ્ઞા લઈ વિહાર કરી શીતલાચાર્ય જે નગરમાં હતા તે નગરે આવ્યા, પરંતુ સંધ્યા સમય થઈ જવાથી નગર બહાર રહી કોઈ શ્રાવક દ્વારા આચાર્યશ્રીને પોતાના ચાર ભાણેજ મુનિઓ વંદન કરવા આવ્યા છે, એવા સમાચાર પહોંચાડ્યા. અહીં રાત્રિને અવસરે ધ્યાનદશામાં એ ચારે મુનિઓ કેવળજ્ઞાન પામ્યા. તે વાતની શીતલાચાર્યને ખબર પડી નહીં, જેથી પ્રભાત થતાં ભાણેજ મુનિઓ આવવાની રાહ જોવા છતાં પણ આવ્યા નહિ ત્યારે શીતલાચાર્ય પોતે જ ભાણેજ મુનિઓ પાસે આવ્યા. ભાણેજ મુનિઓએ કેવલી હોવાથી - શીતલાચાર્યનો ગુરુ તરીકે યોગ્ય સત્કાર ન કર્યો. તેથી શીતલાચાર્યે રોષ સહિત અવિનયી અને દુષ્ટ શિષ્યો જાણીને પોતે તેમને વંદના કરી, તે **દ્રવ્ય વંદનકર્મ** જાણવું. પછી કેવલી મુનિઓએ કહ્યું કે, એ તો દ્રવ્યવંદના થઈ. માટે હવે ભાવવંદના કરો.

**શીતલાચાર્યે કહ્યું,** - શી રીતે જાણ્યું ?

**કેવલજ્ઞાનીએ કહ્યું,** - જ્ઞાનથી;

**શીતલાચાર્યે પૂછ્યું,** - કયા જ્ઞાનથી ?

**કેવલજ્ઞાનીએ કહ્યું** - અપ્રતિપાતી જ્ઞાનથી.

એમ સાંભળતાં જ શીતલાચાર્યનો ક્રોધ શાંત થયો અને પોતાનો અપરાધ ખમાવી પુનઃ ચારે મુનિને વંદના કરી. તેને પરિણામે શુભભાવે ચડતાં તેઓ પણ તરત કેવળજ્ઞાન પામ્યા. એ શીતલાચાર્યની બીજી વારની વંદના તે **ભાવ વંદનકર્મ** જાણવું. (પ્રવ. સારો. વૃત્તિ) ॥ પહેલું દૃષ્ટાંત ॥

**॥ ૨ – ચિતિકર્મમાં ક્ષુલ્લકાચાર્યનું દૃષ્ટાંત ॥**

શ્રી ગુણસુંદરસૂરિ નામના આચાર્ય એક ક્ષુલ્લકને (લઘુવયવાળા મુનિને) સંઘની સંમતિપૂર્વક સૂરિપદે સ્થાપી કાળધર્મ પામ્યાં. સર્વે ગચ્છવાસી મુનિઓ તે ક્ષુલ્લકાચાર્યની આજ્ઞામાં વર્તે છે અને ક્ષુલ્લકાચાર્ય પણ પોતે ગીતાર્થ પાસે શ્રુત અભ્યાસ કરે છે. એક વખતે મોહનીય કર્મના પ્રબલ ઉદયથી ચારિત્ર છોડવાની ઈચ્છાએ એક મુનિને સાથે લઈ તે ક્ષુલ્લકાચાર્ય દેહ ચિંતાના બહાનાથી બહાર નીકળ્યા. સાથે આવેલા મુનિ વૃક્ષો આંતરે ઊભા રહેતાં તે ન દેખે તેવી રીતે ક્ષુલ્લકાચાર્ય એક સીધી દિશા તરફ ચાલ્યા ગયા. આગળ જતાં એક સુંદર વનમાં અનેક ઉત્તમ વૃક્ષો હોવા છતાં પણ લોકોને

(૩) દ્રવ્યકૃતિકર્મમાં વીરકનું ઉદાહરણ અને ભાવ કૃતિકર્મમાં કૃષ્ણ મહારાજાનું ઉદાહરણ.

---

પીઠથી બદ્ધ (પીઠિકાવાળા=ચોતરાવાળા) એવા એક ખીજડાનું વૃક્ષ પૂજતા દેખી વિચાર્યું કે આ વૃક્ષને પૂજવામાં તેને પૂજ્ય ઠરાવીને આ બાંધેલી પીઠિકા જ કારણ છે, નહિતર બીજાં વૃક્ષોને કેમ પૂજતા નથી ? લોકોને પણ પૂછતાં એમ જ ઉત્તર મળ્યો કે, અમારા પૂર્વજો એને પૂજતા આવ્યા છે, માટે અમે આ ખીજડાને જ પૂજીએ છીએ. તે સાંભળી ક્ષુલ્લકાચાર્યને વિચાર થયો કે, "આ ખીજડા સરખો હું નિર્ગુણ છું, ગચ્છમાં તિલક, બકુલ આદિ ઉત્તમ વૃક્ષ સરખા ઘણા રાજકુમાર મુનિઓ છે, છતાં પણ ગુરુએ તેમને સૂરિપદ ન આપતાં મને આપ્યું અને આ ગચ્છના મુનિઓ મને પૂજે છે, તેનું કારણ શું ? મારામાં શ્રમણપણું તો છે નહિ, પરંતુ આ રજોહરણાદિ ઉપકરણ માત્ર રૂપ મારા ચિતિગુણ વડે (રજોહરણાદિ ઉપકરણ અંગે) અને ગુરુએ મને આચાર્ય પદ આપેલ હોવાથી વંદન કરે છે." એમ વિચારી તુર્ત પાછા વળ્યા અને ઉપાશ્રયે આવ્યા. તેમની શોધ કરનારા મુનિઓએ પૂછતાં દેહ ચિંતાએ જતાં શૂલની અકસ્માત્ વેદનાથી આટલો વિલંબ થયાનો ઉત્તર આપ્યો. ત્યાર બાદ ગચ્છ સ્વસ્થ થયો અને ક્ષુલ્લકાચાર્ય પ્રાયશ્ચિત્ત અંગીકાર કરી શુદ્ધ થયા. અહીં ક્ષુલ્લકાચાર્યને વ્રત છોડવાની ઈચ્છા વખતે તેમનો રજોહરણાદિ ઉપકરણોનો **ચિતિ=સંચય** તે **દ્રવ્ય ચિતિવંદન** અને પ્રાયશ્ચિત્ત વખતે એ જ ઉપકરણોનો સંચય તે **ભાવ ચિતિવંદન** જાણવું. (આવ. વૃત્તિ અને પ્રવ. સારો. વૃત્તિને અનુસારે)

## ॥ બીજું દષ્ટાંત ॥

## ॥ ૩ – કૃતિકર્મમાં કૃષ્ણ અને વીરકનું દષ્ટાંત ॥

દ્વારિકા નગરીમાં કૃષ્ણ-વાસુદેવનું મુખ જોયા પછી જ ભોજન કરનારો વીરક નામનો કોળી રાજસેવક હતો. ચોમાસામાં કૃષ્ણ-વાસુદેવ રાજવાડીએ ન જતા હોવાથી રાજમહેલની બહાર જ નીકળતા ન હતા. તેથી દર્શનના અભાવે વીરક શાળાપતિ દુર્બળ થયો. ચાતુર્માસ વીત્યા બાદ સર્વ રાજાઓ આવ્યા અને વીરક પણ દર્શનાર્થે આવ્યો. કૃષ્ણે દુર્બળતાનું કારણ પૂછતાં દ્વારપાલે ચાર મહિના સુધી આપના દર્શન વિના ખાધા-પીધા સિવાય બેસી રહેવાની સર્વ વિગત કહી. તે સાંભળી વીરકને અંતઃપુરમાં પણ રજા વિના પ્રવેશ કરવાની આજ્ઞા આપી. હવે કૃષ્ણની જે જે પુત્રી વિવાહ યોગ્ય થાય તેને માતા કૃષ્ણ પાસે શણગાર પહેરાવી મોકલે. ત્યારે તેને "રાણી થવું છે કે દાસી ?" એમ કૃષ્ણ પૂછે અને "રાણી થવું છે" એમ કહેનારને કૃષ્ણ મહોત્સવપૂર્વક શ્રી નેમિનાથ પાસે દીક્ષા અપાવે. એક વખત માતાએ શીખવેલી એક પુત્રીએ દાસી થવું કહેતાં તે વીરકને પુત્રી પરણાવી અને પોતાની પુત્રી પાસે સખત ઘરકામ કરાવવાની વીરકને ફરજ પાડતાં પુત્રીએ અકળાઈને અંતે રાણી થવાનું કહેતાં વીરકની અનુમતિ લઈ કૃષ્ણે દીક્ષા અપાવી. આમાં કૃષ્ણનો હેતુ એ જ કે મારી પુત્રી દુર્ગતિમાં ન જાય. એક વખત શ્રી નેમિનાથ પ્રભુ રૈવતકગિરિ (ગિરનાર) સમવસર્યા. તે વખતે કૃષ્ણ-વાસુદેવ અને એ જ વીરક શાળાપતિ પ્રભુને વંદન કરવા ગયા. ત્યાં કૃષ્ણે તો સર્વ સાધુઓને દ્વાદશાવર્ત્ત વંદન વડે વંદન કર્યું, બીજા રાજાઓ કૃષ્ણની સાથે વંદન કરતાં કરતાં થાકીને થોડા-ઘણા મુનિઓને વંદન કરીને બેઠા અને વીરકે તો કૃષ્ણની અનુવૃત્તિએ સર્વ સાધુને વંદના કરી. કૃષ્ણ પરિણામે અત્યંત થાકી ગયા ત્યારે પ્રભુને કહ્યું કે, "હે પ્રભુ ! ૩૬૦ સંગ્રામમાં પણ મને આવો થાક નથી લાગ્યો."

(૪) દ્રવ્ય વિનયકર્મમાં એક રાજસેવક અને ભાવ વિનયકર્મમાં બીજા રાજસેવકનું ઉદાહરણ.

(૫) દ્રવ્ય પૂજાકર્મમાં પાલકનું ઉદાહરણ અને ભાવ પૂજાકર્મમાં શાંબકુમારનું ઉદાહરણ.

પહેલા અને બીજા ઉદાહરણમાં આચાર્યે કરેલી એક વખતની ક્રિયા તે દ્રવ્યવંદન છે અને બીજી વખતની કરેલી ક્રિયા તે ભાવવંદન છે. જ્યારે ત્રીજા-ચોથા અને

---

પ્રભુએ કહ્યું, 'હે કૃષ્ણ ! તેં ક્ષાયિક સમ્યક્ત્વ અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે, તેમજ સાતમી નરકનું બાંધેલું આયુષ્ય તોડીને ત્રીજી નરકનું કર્યું છે.' અહીં કૃષ્ણની દ્વાદશાવર્ત વંદના તે **ભાવ કૃતિકર્મ** અને કૃષ્ણનું મન સાચવવા માટે વીરકે કરેલી વંદના તે **દ્રવ્ય કૃતિકર્મ** જાણવું.

**॥ ત્રીજું દૃષ્ટાંત ॥**

**॥ ૪ – વિનયકર્મમાં બે રાજસેવકનું દૃષ્ટાંત ॥**

નજીક રહેલા બે ગામમાં વસતા બે રાજસેવકોને પોતપોતાના ગામની સીમા માટે વાદવિવાદ થતાં તેને ન્યાય કરાવવા રાજદરબારમાં જતાં સાધુ મહારાજનાં શુકન થયાં. જેથી એક જણ તો ભાવપૂર્વક "મુનિના દર્શનથી મારું કાર્ય અવશ્ય સિદ્ધ થશે." એમ કહી પ્રદક્ષિણા પૂર્વક વંદના કરીને રાજદરબારમાં ગયો અને બીજો પહેલાના અનુકરણથી (ભાવરહિત) વંદના કરી રાજદરબારમાં ગયો. ત્યાં ન્યાય થતાં ભાવ વંદનાવાળાની તરફેણમાં ન્યાય ઉતર્યો અને બીજાનો પરાજય થયો. એમાં પહેલાનું **ભાવ વિનયકર્મ** અને તેનું અનુકરણ માત્ર કરનાર બીજાને **દ્રવ્ય વિનયકર્મ** જાણવું.

**॥ ચોથું દૃષ્ટાંત ॥**

**॥ ૫ – પૂજાકર્મ વિષે પાલક અને શાંબનું દૃષ્ટાંત ॥**

દ્વારિકા નગરીમાં કૃષ્ણ-વાસુદેવના પાલક અને શાંબકુમાર વગેરે અનેક પુત્રો હતા. એક વખત શ્રી નેમિનાથ પ્રભુ સમવસર્યા ત્યારે વાસુદેવે કહ્યું કે કાલે જે (પુત્ર) પ્રભુને પહેલી વંદના કરશે તેને હું મારો અશ્વ આપીશ. જેથી શાંબકુમારે તો પ્રભાતમાં શય્યા પરથી ઉઠીને ત્યાં રહ્યા રહ્યા જ વંદના કરી અને પાલકે તો અશ્વ મેળવવાની લાલચથી શીઘ્ર સવારે ઉઠી અશ્વરત્ન ઉપર બેસી પ્રભુ પાસે જઈને વંદના કરી. પાલક કુમાર અભવ્ય હતો તેથી કાયાથી વંદના કરી પરંતુ ચિત્તમાં તો લોભવૃત્તિ જ હતી. કૃષ્ણે પ્રભુ પાસે જઈને આપને પ્રથમ વંદના કોણે કરી ? એમ પૂછતાં પ્રભુએ કહ્યું કે - પાલકકુમારે પ્રથમ અહીં આવીને દ્રવ્યવંદના કરી અને શાંબકુમારે ઘરે બેઠા ભાવવંદના કરી છે. જેથી કૃષ્ણે શાંબકુમારને અશ્વરત્ન આપ્યો. એમાં પાલક અભવ્યનું **દ્રવ્ય પૂજાકર્મ** અને શાંબકુમારનું **ભાવ પૂજાકર્મ** જાણવું.

**॥ પાંચમુ દૃષ્ટાંત ॥**

એ પાંચેમાં વંદના વિષય જો કે તુલ્ય છે, તો પણ પ્રથમ કહેલ વ્યુત્પત્તિ અર્થવાળી ક્રિયાઓની મુખ્યતા ગણીને તે તે વંદના જુદા જુદા નામવાળી જાણવી.

પાંચમા ઉદાહરણમાં બે-બે જણની વંદનામાં એકનું દ્રવ્યવંદન અને બીજાનું ભાવવંદન છે.

[૩] **પાંચ અયોગ્ય :** પાંચ પ્રકારના સાધુ અવંદનીય છે એટલે વંદન કરવા માટે અયોગ્ય છે. (૧) પાર્શ્વસ્થ (૨) અવસન્ન (૩) કુશીલ (૪) સંસક્ત (૫) યથાછંદ તે અનુક્રમે ૨-૨-૩-૨ અને અનેક પ્રકારના છે.

(૧) **પાર્શ્વસ્થ :** જ્ઞાન-દર્શન-ચારિત્રની પાસે રહે પણ એને સેવે નંહિ તે પાર્શ્વસ્થ અથવા કર્મબંધનના હેતુ જે મિથ્યાત્વ વગેરે પાશામાં વર્તે તે પાશસ્થ. તે બે પ્રકારે છે.

**{૧} સર્વ પાર્શ્વસ્થ :** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સર્વથી રહિત ફક્ત વેષધારી હોય તે.

**{૨} દેશ પાર્શ્વસ્થ :** શય્યાતરપિંડ✿, રાજપિંડ*, નિત્યપિંડ▲ તથા અગ્રપિંડ■ને વિના કારણે ભોગવે, કુલનિશ્રા❖એ વિચરે, સ્થાપનાકુલ✦માં પ્રવેશ કરે. સંખડી-જમણવાર જોતો ફરે અને ગૃહસ્થની સ્તવના કરે તે દેશ પાર્શ્વસ્થ.

(૨) **અવસન્ન :** સાધુની સામાચારી પાલન કરવામાં જે શિથિલ હોય તે અવસન્ન કહેવાય. તે બે પ્રકારે છે -

**{૧} સર્વ અવસન્ન :** ઋતુબધ્ધકાળમાં પીઠ ફલકને* વાપરતો હોય, સ્થાપના રાખેલું વાપરતો▲ હોય અને પ્રાભૃતિકા ભોજી હોય● તે સર્વ અવસન્ન કહેવાય.

---

✿ **શય્યાતર પિંડ :** જેના મકાનમાં રહ્યા હોય તેના ઘરેથી લીધેલો આહાર તે શય્યાતર પિંડ.

* **રાજપિંડ :** રાજા અને રાજાના અમુક મુખ્ય અધિકારીઓના ઘરનો આહાર તે રાજપિંડ.

▲ **નિત્યપિંડ :** એક ઘેરથી પ્રથમ કરી રાખેલી નિમંત્રણા પ્રમાણે નિત્ય આહાર લે તે નિત્યપિંડ.

■ **અગ્રપિંડ :** ભાત વગેરેનો પ્રથમનો અગ્ર (ઉપરનો ભાગ ગ્રહણ કરે એટલે (ગૃહસ્થે પોતાને માટે આહાર કાઢ્યા પહેલાં જ ગ્રહણ કરે) તે અગ્રપિંડ.

❖ **કુલનિશ્રા :** આટલાં મારાં જ (ભાવિત કરેલાં) કુળ (સમુદાય વિશેષ) જાણી ત્યાં જ આહાર માટે વિચરે તે કુલનિશ્રા.

✦ **સ્થાપનાકુલ :** ગુરુ આદિની વિશેષ ભક્તિ કરનારાં કુળ (સમુદાય) તે સ્થાપનાકુલ.

* સંથારા માટે પાટ વગેરે ન મલે તો વર્ષાઋતુમાં વાંસ વગેરેના ઘણા કકડાઓને દોરીઓથી બાંધી સંથારો કરવો પડે, પરંતુ તેની પુનઃ બંધ છોડીને પડિલેહણા કરવી જોઈએ. તે કરે નહિ, તે ઋતુબદ્ધ પીઠફલક દોષ, અથવા વારંવાર શયન માટે સંથારો કરે અથવા સંથારો પાથર્યો રાખે અથવા ચોમાસા વિના પાટ-પાટલાદિ વાપરે તે પણ ऋतुबद्ध पीठफलक દોષ જાણવો.

▲ સાધુને માટે આહાર રાખી મૂકવો તે સ્થાપના.

● પ્રાભૃતિકાભોજી તે પોતાના ઈષ્ટ એવા પૂજ્ય મુનિને જે ઈષ્ટ આહાર હોય તે બહુમાનપૂર્વક વહોરાવવો તે प्राभृतिका. તેનું ભોજન કરે.

**{૨} દેશ અવસન્ન :** પ્રતિક્રમણ, પડિલેહણ, સ્વાધ્યાય, ભિક્ષાચર્યા, ધ્યાન, ઉપવાસાદિ, આગમન*, નિર્ગમન✦, સ્થાન■, બેસવું અને શયન કરવું - એ સર્વ સાધુ સામાચારી કરે નહિ અથવા કરે તો હીનાધિક કરે અથવા ગુરુના વચનથી બલાત્કારે કરે તે દેશથી અવસન્ન જાણવો.

**(૩) કુશીલ :** ખરાબ આચારવાળો તે કુશીલ સાધુ કહેવાય. તે ત્રણ પ્રકારે છે.

**{૧} જ્ઞાન કુશીલ :** 'કાલે વિણએ બહુમાણે' ગાથામાં કહેલા ૮ પ્રકારના જ્ઞાનાચારની વિરાધના કરે તે જ્ઞાનકુશીલ.

**{૨} દર્શન કુશીલ :** 'નિસ્સંકિઅ નિક્કંખિય' ગાથામાં કહેલા ૮ પ્રકારના દર્શનાચારની વિરાધના કરે તે દર્શન કુશીલ.

**{૩} ચારિત્ર કુશીલ :** યંત્ર-મંત્ર કરે, ચમત્કાર દેખાડે, સ્વપ્નફળ કહે, જ્યોતિષ પ્રકાશે, જડીબુટ્ટી કરે - કામણ વશીકરણ કરી ચારિત્રની વિરાધના કરે તે ચારિત્ર કુશીલ.

**(૪) સંસક્ત :** ગુણ અને દોષ વડે સંયુક્ત-મિશ્ર હોય તે સંસક્ત. મૂળગુણ અને ઉત્તરગુણમાં ઘણા દોષ હોય છે. તેના બે ભેદ છે.

**{૧} સંક્લિષ્ટ સંસક્ત :** પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવયુક્ત, રસગારવાદિ ત્રણ ગારવથી યુક્ત, સ્ત્રી અને ગૃહયુક્ત હોય ઈત્યાદિ દોષવાળો તે સંક્લિષ્ટ સંસક્ત કહેવાય.

**{૨} અસંક્લિષ્ટ સંસક્ત :** પાર્શ્વસ્થાદિ પાસે જાય ત્યારે તેવા ગુણવાળો થાય અને સંવિજ્ઞ સાધુ પાસે જાય ત્યારે તેવા આચાર-વિચાર રાખે તે અસંક્લિષ્ટ સંસક્ત છે.

**(૫) યથાછંદ :** ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, પોતાની મતિકલ્પના પ્રમાણે અર્થ પ્રરૂપે, ગૃહસ્થના કાર્યમાં પ્રવર્તે, અન્ય સાધુ કે શિષ્યના અલ્પ અપરાધમાં ક્રોધ કરે, પોતાની કલ્પના મુજબ આગમનો અર્થ કરી વિગઈ વગેરેના ઉપભોગથી સુખશીલ થઈ વિચરે, ત્રણ ગારવયુક્ત થાય વગેરે લક્ષણવાળો યથાછંદ જાણવો, તે અનેક પ્રકારે છે. આ પાંચ પ્રકારના સાધુના દરેક ભેદો પણ અવંદનીય છે.

---

*ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે પગ-પ્રમાર્જનાદિ વિધિ તથા નિસીહિ કહેવાની વિધિ તે આગમન સામાચારી.

✦ઉપાશ્રયમાંથી નીકળતી વખતે આવસ્સહિ કહેવા વગેરેની વિધિ તે નિર્ગમન સામાચારી.

■ કાયોત્સર્ગાદિ વખતે ઉભા રહેવાની વિધિ તે સ્થાન સામાચારી.

પાર્શ્વસ્થાદિ સાધુઓને વંદન કરવાથી કીર્તિ કે કર્મનિર્જરા ન થતાં કેવળ કાયક્લેશ અને કર્મબંધ જ થાય છે.

**૪ પાંચ યોગ્ય :** (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) પ્રવર્ત્તક (૪) સ્થવિર (૫) રત્નાધિક. આ પાંચ પ્રકારના સાધુ વંદન કરવા માટે યોગ્ય છે. અને કર્મની નિર્જરા માટે આ પાંચને વંદન કરવું.

(૧) ગણના નાયક, સૂત્ર-અર્થ બંનેના જાણકાર અને અર્થની વાચના આપે તે **આચાર્ય.**

(૨) ગણના નાયક થવા માટે યોગ્ય, સૂત્ર અર્થ બંનેના જાણકાર પરંતુ સૂત્રની વાચના આપે તે **ઉપાધ્યાય.**

(૩) સાધુઓને ક્રિયાકાંડમાં પ્રવર્તાવે તે **પ્રવર્ત્તક.**

(૪) સાધુપણાથી ખેદ પામતા તથા પતિત પરિણામી થતા સાધુઓને ઉપદેશાદિ વડે માર્ગમાં સ્થિર કરે તે અથવા વૃદ્ધ હોય તે **સ્થવિર.**

(૫) પર્યાયમાં વડીલ હોય તે **રત્નાધિક** કહેવાય. જ્ઞાનપર્યાય, દીક્ષાપર્યાય અને વયપર્યાય એ ૩ પ્રકારના યથાયોગ્ય પર્યાય જાણવા.

**૫ ચારની પાસે વંદના ન કરાવવી :**

દીક્ષા લીધેલ (૧) માતા, (૨) પિતા, (૩) મોટા ભાઈ, તેમજ (૪) ઉંમરમાં નાના હોય છતાં પણ દીક્ષાપર્યાયમાં મોટા હોય તેવા સર્વ રત્નાધિક પાસે વંદના ન કરાવવી. ઉપલક્ષણથી નાના (માતાના પિતા) અને દાદા (પિતાના પિતા) પાસે વંદના ન કરાવવી.

**૬ ચારે વંદના કરવી :**

ઉપરના ચાર સિવાયના બાકી (૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક (૪) શ્રાવિકાએ વંદના કરવી.

**૭ વંદન ન કરવા માટે ૫ નિષેધ સ્થાનો :**

(૧) ગુરુ જ્યારે ધર્મકાર્યની ચિંતામાં વ્યગ્ર ચિત્તવાળા હોય (૨) સન્મુખ બેઠેલા ન હોય (૩) ક્રોધ-નિદ્રા વગેરે પ્રમાદમાં વર્તતા હોય, (૪-૫) આહાર અને નિહાર કરતા હોય તેમજ કરવાની ઈચ્છાવાળા હોય ત્યારે વંદના ન કરવી.

**૮ વંદન કરવા માટે ૪ અનિષેધ સ્થાન :**

(૧) ગુરુ જ્યારે પ્રશાંત ચિત્તવાળા હોય (૨) આસન ઉપર બેઠેલા હોય (૩)

ઉપશાંત એટલે ક્રોધાદિથી રહિત હોય (૪) વંદન વખતે શિષ્યને 'છંદેણ' ઈત્યાદિ વચન કહેવા માટે ઉપસ્થિત=તત્પર હોય ત્યારે બુદ્ધિમાન શિષ્ય ગુરુની આજ્ઞા માગીને વંદન કરે.

**૯ વંદન કરવાના ૮ કારણો :**

**(૧) પ્રતિક્રમણ કરવા માટે :** વંદિત્તુ પછી જે ચાર વાર બે બે વાંદણા દેવાય છે તે.

**(૨) સ્વાધ્યાય કરવા માટે :** ગુરુ પાસે વાચના લેતી વખતે ગુરુને ત્રણ વાર❖ વંદન કરવું તે.

**(૩) કાયોત્સર્ગ માટે :** યોગોદ્વહન વખતે આયંબીલ છોડી નીવીનું પચ્ચક્ખાણ કરવા પહેલાં ગુરુને વંદન કરવું તે.

**(૪) અપરાધ ખમાવવા માટે :** ગુરુ પ્રત્યે થયેલ અપરાધ ખમાવવા માટે વંદન કરવું તે.

**(૫) પ્રાઘૂર્ણક આવે ત્યારે :** વડીલ સાધુ પ્રાઘૂર્ણક (મહેમાન) પધારે ત્યારે વંદના કરવી.

**(૬) આલોચના માટે :** અતિચાર-અનાચારની આલોચના અને પ્રાયશ્ચિત્ત સ્વીકારવું હોય ત્યારે ગુરુને વંદના કરવી.

**(૭) સંવર (પચ્ચક્ખાણ) માટે :** પચ્ચક્ખાણ કરવા માટે ગુરુને વંદન કરવું તે.

**(૮) ઉત્તમાર્થ માટે :** અનશન તથા સંલેખના સ્વીકારવા માટે.

પ્રતિક્રમણનાં ૪ અને સ્વાધ્યાયનાં ૩ એમ કુલ ૭ વંદન દિવસના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધના મળી ૧૪ ધ્રુવવંદન (નિત્યવંદન) છે અને કાઉસ્સગ્ગ વગેરે વંદનો કારણિક હોવાથી અધ્રુવવંદન છે.

**૧૦ દ્વાદશાવર્ત્ત વંદનના ૨૫ આવશ્યક :**

(૨) અવનત (૧) યથાજાત (૧૨) આવર્ત્ત (૪) શીર્ષ (૩) ગુપ્તિ (૨) પ્રવેશ (૧) નિષ્ક્રમણ - એ પ્રમાણે દ્વાદશાવર્ત્ત વંદનમાં ૨૫ આવશ્યક છે.

**૨ અવનત :** ગુરુ મહારાજને પોતાની વંદન કરવાની ઈચ્છા પ્રગટ જણાવવાને માટે ઈચ્છામિ, ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ - એટલા પાંચ પદ કહીને જે કિંચિત્ મસ્તક (સહિત શરીર) નમાવવું તે અવનત

---

❖ પટ્ઠવણાનું, પવેયણાનું અને પઠન બાદ કાળવેળાનું ગુરુવંદન તે ત્રણ ગુરુવંદન સાધુ સામાચારીથી જાણવા યોગ્ય છે.

કહેવાય. તે પહેલા વંદન વખતે પહેલું અવનત અને બીજીવારના વંદન વખતે બીજું અવનત પણ એ જ પાંચ પદના ઉચ્ચારપૂર્વક જાણવું.

**૧ યથાજાત :** અહીં શિષ્ય યથા=જેવી રીતે, જાત એટલે જન્મ્યો હતો તેવા આકારવાળા થઈને ગુરુવંદન કરવું (એટલે વાંદણાનો સૂત્રપાઠ બોલવો તે જન્મ સરખી મુદ્રા) તે યથાજાત આવશ્યક કહેવાય. ત્યાં જન્મ બે પ્રકારનો છે, એક સંસારમાયા રૂપી સ્ત્રીની કુક્ષિમાંથી (=સંસારમાંથી) બહાર નીકળવું તે દીક્ષાજન્મ અને બીજો માતાની કુક્ષિમાંથી બહાર નીકળવું તે ભવજન્મ. એ બંને જન્મનું અહીં પ્રયોજન છે. તે આ પ્રમાણે - દીક્ષાજન્મ વખતે (=દીક્ષા લેતી વખતે) જેમ ચોલપટ્ટ (કટિવસ્ત્ર), રજોહરણ (ઓઘો) અને મુહપત્તિ એ ત્રણ ઉપકરણ જ હતાં તેમ દ્વાદશાવર્ત્ત વંદન વખતે પણ એ ત્રણ જ ઉપકરણ રાખવાં અને ભવજન્મ વખતે જેમ કપાળે લાગેલા બે હાથ સહિત જન્મ્યો હતો તેમ ગુરુવંદન વખતે પણ શિષ્યે કપાળે બે હાથ લગાડી (અંજલી જોડી) વંદન કરવું તે બન્ને પ્રકારના જન્મના આકારવાળું અહીં ૧ યથાજાત આવશ્યક જાણવું.

**૧૨ આવર્ત્ત :** (વંદન સૂત્રના અમુક પદોચ્ચારપૂર્વક ગુરુના ચરણ પર તથા મસ્તકે હાથ સ્થાપવા-સ્પર્શવવા રૂપ જે) કાયવ્યાપાર વિશેષ તે આવર્ત્ત કહેવાય. તે ૧૨ આવર્ત્ત પદોના નામથી આ પ્રમાણે - ૧. અહો, ૨. કાયં, ૩. કાય, સંફાસં, ૪. ખમણિજ્જો ભે કિલામો અપ્પકિલંતાણં બહુસુભેણ ભે દિવસો વઇક્કંતો જત્તા ભે, ૫. જવણિ, ૬. જ્જં ચ ભે. એ પહેલાં ૬ આવર્ત્ત *પહેલા વંદન વખતે અવગ્રહમાં પ્રવેશ કરીને કરવાના હોય છે અને અવગ્રહમાંથી નીકળીને પુનઃ બીજા વંદન વખતે પણ અવગ્રહમાં પ્રવેશ કરીને એ જ ૬ આવર્ત્ત બીજી વાર કરવાનાં હોવાથી ૧૨ આવર્ત્ત ગણાય છે.

---

*એ ૬ આવર્ત્તમાં પહેલા ત્રણ આવર્ત્ત "અહો કાયં કાય" એ પ્રમાણે બે બે અક્ષરના ગણવા. તેમાં પહેલા અક્ષરના ઉચ્ચાર વખતે બે હથેલી ઊંધી કરી ગુરુના ચરણે લગાડવી અને બીજા અક્ષરના ઉચ્ચાર વખતે બે હથેલી ચત્તી કરી પોતાના કપાળે લગાડવી. એવા પ્રકારની ત્રણ વાર હસ્તચેષ્ટા એજ પહેલા ૩ આવર્ત્ત ગણાય અને "સંફાસં"ના ઉચ્ચાર વખતે મસ્તક ગુરુના ચરણે નમાવવું તથા બીજા પણ ત્રણ આવર્ત્ત "જત્તા ભે, જવણિ, જ્જં ચ ભેં" એ ત્રણ ત્રણ અક્ષરના ગણવા. તેમાં પહેલા અને ત્રીજા અક્ષરોચ્ચાર વખતે ઉપર કહ્યા પ્રમાણે કરવું અને મધ્ય અક્ષરના ઉચ્ચાર વખતે ચત્તી કરેલી હથેલીઓને ગુરુચરણથી પોતાના લલાટ દેશ તરફ લઈ જતાં માર્ગમાં જ (વચમાં જ) સહજ અટકાવવી, એટલે વિસામો આપવો. અહીં ત્રીજા આવર્ત્તમાં "સંફાસં" પદ અને ચોથા આવર્ત્તમાં ખમણિજ્જોથી વઈક્કંતો સુધીનાં પદ કાયવ્યાપારપૂર્વક તથા આવર્ત્તમાં ગણાતાં નથી, તો પણ સૂત્રનો અસ્ખલિત સંબંધ દર્શાવવા માટે એ પદો આવર્ત્તોની સાથે આવશ્યક વૃત્તિ આદિમાં જેમ લખ્યા છે, તેમ અહીં પણ લખ્યા છે, પરંતુ આવર્ત્ત તો બે-બે અને ત્રણ-ત્રણ અક્ષરના જ ગણવા.

**૪ શીર્ષ :** અહીં શીર્ષ માત્ર કહેવાથી પણ ગુરુ બે વાર કિંચિત્ મસ્તક નમાવે. તે ગુરુનાં બે શીર્ષ અને શિષ્ય બે વાર વિશેષ શીર્ષ નમાવે (બે વાર સંફાસં એ પદ બોલતી વખતે) તે શિષ્યનાં બે શીર્ષવંદન, એ પ્રમાણે ૪ શીર્ષવંદન જાણવાં, એટલે જે વંદનમાં ૪ શીર્ષનમન હોય તે ૪ શીર્ષવંદન જાણવાં.

**૩ ગુપ્તિ :** વંદન કરતી વખતે મનની એકાગ્રતા તે ૧ મનગુપ્તિ, વંદન સૂત્રના અક્ષરોનો શુદ્ધ અને અસ્ખલિત ઉચ્ચાર તે ૨ વચનગુપ્તિ અને કાયા વડે આવર્ત્ત વગેરે (સમ્યક્ પ્રકારે કરે પરંતુ) વિરાધે નહિ (=સદોષ ન કરે) તે ૩ કાયગુપ્તિ.

**૨ પ્રવેશ :** પહેલા વંદન વખતે ગુરુની અનુજ્ઞા (આજ્ઞા) લઈને અવગ્રહમાં પ્રથમ પ્રવેશ કરવો તે પહેલો પ્રવેશ અને અવગ્રહમાંથી બહાર નીકળ્યા બાદ બીજા વંદન વખતે પણ આજ્ઞા માગીને પ્રવેશ કરવો તે બીજો પ્રવેશ.

**૧ નિષ્ક્રમણ :** અવગ્રહમાંથી બહાર નીકળવું તે નિષ્ક્રમણ આવશ્યક કહેવાય અને તે બે વંદનમાં (અથવા બે પ્રવેશમાં) એક વખત જ હોય છે કારણ કે પહેલી વારના વાંદણામાં અવગ્રહને વિષે પ્રવેશ કરીને ત્યારબાદ ૬ આવર્ત્ત કરીને આવસ્સિયાએ એ પદ કહી તુરંત અવગ્રહમાંથી બહાર નીકળીને ઊભા રહી શેષ સૂત્રપાઠ બોલવાનો હોય છે અને બીજીવારના વાંદણા વખતે તો બીજીવાર પ્રવેશ કરીને બીજીવારના ૬ આવર્ત્ત કરી રહ્યા બાદ પણ અવગ્રહમાં રહીને જ ઊભા થઈ સર્વ સૂત્રપાઠ બોલવાનો હોય છે, એવો વિધિમાર્ગ છે. જેથી પ્રવેશ બે વાર, પરંતુ નીકળવાનું તો એક જ વાર હોય છે, પરંતુ બીજીવાર નીકળવાનું હોતું નથી તે કારણથી જ આવસ્સિયાએ એ પદ પણ બીજીવાર બોલવામાં આવતું નથી.

**ગુરુવંદન કરતો સાધુ ઉપલક્ષણથી સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ૨૫ આવશ્યકમાંથી કોઈ એક પણ આવશ્યકની વિરાધના કરે એટલે કે એક પણ આવશ્યક હીનાધિક કે જેમ તેમ કરે તો તે વંદનથી કર્મનિર્જરા રૂપી ફળનો ભાગી થતો નથી.**

## સુગુરુ વાંદણાં સૂત્ર

**ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ ॥૧॥**

હું ઇચ્છું છું હે ક્ષમાશ્રમણ ! વંદન કરવા માટે શક્તિ સહિત,
પાપ વ્યાપારનો ત્યાગ કરીને.

**અણુજાણહ, મે મિઉગ્ગહં નિસીહિ ॥૨॥**

આજ્ઞા આપો મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ ક્ષેત્ર) પાપ વ્યાપારનો ત્યાગ.

**શબ્દાર્થ** – **અણુજાણહ**-આજ્ઞા આપો, **મે**-મને, **મિઉગ્ગહં**-મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણવાળા ક્ષેત્ર)માં પ્રવેશ કરવાને, **નિસીહિ**-ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર જેણે નિષેધ્યો.

**અર્થ**– હે ક્ષમાશ્રમણ ! તપસ્વી મને આજ્ઞા આપો કે શક્તિ સહિત પાપ વ્યાપારનો ત્યાગ કરવા પૂર્વક મિત અવગ્રહમાં પ્રવેશ કરીને વંદન કરવા માટે હું ઇચ્છું છું.

**અ–હો, કા–યં, કા–ય, સંફાસં–ખમણિજ્જો ભે કિલામો ।**

અધઃકાયરૂપ આપના ચરણને શરીર વડે સ્પર્શ કરતાં ક્ષમા કરજો હે ભગવંત ! (તમોને) જે કાંઈ ખેદ (બાધા) ઉપજ્યો હોય તે,

**અપ્પકિલંતાણં બહુસુભેણ, ભે દિવસો વઈક્કંતો ? ॥૩॥**

અલ્પ ગ્લાનિવાળા એવા આપને ઘણા સમાધિભાવે કરી આપનો દિવસ વીત્યો છે ? (અહીં ગુરુ તહત્તિ કહે એટલે તે પ્રમાણે છે.)

**જ–ત્તા ભે ? ॥૪॥ જ–વ–ણિજ્જં ચ ભે ? ॥૫॥**

તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય રૂપ યાત્રા અવ્યાબાધપણે વર્તે છે હે ભગવંત ? (ગુરુ તુબ્ભંપિ વટ્ટએ તમને પણ વર્તે છે ? એમ કહે.) ઈન્દ્રિય અને નોઈન્દ્રિયથી શરીર પીડા પામતું નથી ને ? હે ભગવંત ? (અહીં ગુરુ એવં કહે એટલે -એ પ્રમાણે છે.)

**ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઈક્કમં,**

હું ખામું છું, (અહીં ગુરુ અહમવિ ખામેમિ તુમં-હું પણ તમને ખામું છું એમ કહે.) હે ક્ષમાશ્રમણ (તપસ્વી) દિવસ સંબંધી અપરાધને !

**શબ્દાર્થ** – **અહોકાયં**-અધઃકાયરૂપ આપના પગોને, **કાયસંફાસં**-શરીરે કરીને સ્પર્શ કરવાને આજ્ઞા આપો, **ખમણિજ્જો**-ખમજો, **ભે**-હે ભગવંત ! (તમોને) **કિલામો**-કાંઈ ખેદ ઉપજાવ્યો હોય, **અપ્પકિલંતાણં**-અલ્પ ગ્લાનિવાળા, **બહુસુભેણ**-ઘણા સમાધિભાવે કરી, **દિવસો**-દિવસ, **વઈક્કંતો**-વીત્યો છે ? **જત્તા**-તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય રૂપ યાત્રા, **જવણિજ્જંચ**-ઇંદ્રિય અને નોઇંદ્રિયથી પીડા નહિ પામતું શરીર છે ? **ખામેમિ**-હું ખામું છું, **દેવસિઅં**-દિવસ સંબંધી, **વઈક્કમ્મં**-અપરાધને.

**અર્થ**– હે ભગવંત ! આપના નીચેના શરીર-ચરણને શરીર વડે સ્પર્શ કરતાં જે કાંઈ ખેદ આપને થયો હોય તો ક્ષમા આપશો. અલ્પખેદવાળા આપને ઘણા

સમાધિભાવથી (આપનો) દિવસ વીત્યો છે ? હે કરુણાનિધિ ! આપને તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાયરૂપ યાત્રામાં હે ભગવંત ! આપનું ઇંદ્રિય અને નોઇંદ્રિયથી પીડા નહી પામતું શરીર છે. હે ક્ષમાશ્રમણ તપસ્વી દિવસ સંબંધી મારા દ્વારા થયેલા અપરાધને હું ખામું છું.

**આવસ્સિઆએ, પડિક્કમામિ, ખમાસમણાણં,**

આવશ્યક ક્રિયા કરતાં લાગેલા અતિચારથી હું પાછો હઠું છું, ક્ષમાશ્રમણ સંબંધી,

**દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,**

દિવસ સંબંધી થયેલી આશાતનાઓ તેત્રીશમાંથી કોઈપણ,

**જંકિંચિ મિચ્છાએ, મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ,**

જે કાંઈ મિથ્યાભાવરૂપ મન સંબંધી પાપ, વચન સંબંધી પાપ,

શરીર સંબંધી પાપ થયા હોય,

**કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,**

ક્રોધરૂપ, માનરૂપ, માયારૂપ, લોભરૂપ, આશાતનાએ કરીને.

**શબ્દાર્થ – આવસ્સિઆએ**-આવશ્યક ક્રિયા સેવતાં લાગેલા અતિચારથી, **પડિક્કમામિ**-હું નિવર્તુ છું, **ખમાસમણાણં**-ક્ષમાશ્રમણ સંબંધી, **તિત્તીસન્નયરાએ**-તેત્રીશ આશાતનામાંથી, **દેવસિઆએ આસાયણાએ**-દિવસે થયેલી આશાતનાએ કરી, **જંકિંચિ**-જે કાંઈ, **મિચ્છાએ**-મિથ્યાભાવરૂપ આશાતનાએ કરીને, **મણદુક્કડાએ**-મન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, **વયદુક્કડાએ**-વચન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, **કાયદુક્કડાએ**-શરીર સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, **કોહાએ**-ક્રોધરૂપ આશાતનાએ કરીને, **માણાએ**-માનરૂપ આશાતનાએ કરીને, **માયાએ**-માયારૂપ આશાતનાએ કરીને, **લોભાએ**-લોભરૂપ આશાતનાએ કરીને.

**અર્થ** – હે ક્ષમાશ્રમણ તપસ્વી આવશ્યક ક્રિયા આદિ કરતાં (ચરણ સિત્તરી અને કરણ સિત્તરીમાં) લાગેલા અતિચારથી અને દિવસ સંબંધી થયેલી આશાતનામાં તેત્રીશ આશાતનામાંથી જે કાંઈ મારા વડે મિથ્યાભાવરૂપ આશાતના થઈ હોય તેવી મનસંબંધી પાપ રૂપી આશાતના, વચન સંબંધી પાપરૂપી આશાતના, કાયાસંબંધી પાપરૂપી આશાતના થઈ હોય, ક્રોધરૂપ, માનરૂપ, માયારૂપ અને લોભરૂપ આશાતનાઓ કરીને.

**સવ્વકાલિઆએ, સવ્વમિચ્છોવયારાએ,**

**સવ્વધમ્માઈ-ક્કમણાએ, આસાયણાએ,**

સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (કૂડ, કપટ) રૂપ આશાતનાએ કરીને,
સર્વ ધર્મકરણીને અતિક્રમવા રૂપ, આશાતનાએ કરીને,

**જો મે અઈઆરો કઓ, તસ્સ ખમાસમણો !**

જે મેં અતિચાર કર્યા હોય તે સંબંધી ક્ષમાશ્રમણ તપસ્વી !

**પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ॥**

પાછો હઠું છું આત્મસાક્ષીએ નિંદું છું, ગુરુ સાક્ષીએ વિશેષે કરી નિંદું છું,
મારા આત્માને પાપ થકી વોસિરાવું છું.

**શબ્દાર્થ** – **સવ્વકલિઆએ**-સર્વકાળ સંબંધી, **સવ્વમિચ્છોવયારાએ**-સર્વ મિથ્યા ઉપચાર (કુડ, કપટ) રૂપ આશાતનાએ કરીને, **સવ્વધમ્માઈક્કમણાએ**-સર્વધર્મ કરણીને અતિક્રમવા રૂપ આશાતનાએ કરીને, **આસાયણાએ**- આશાતનાએ કરીને, **જો**-જે, **અઈઆરો**-અતિચાર, **કઓ**-કર્યો હોય.

**અર્થ** – સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર અર્થાત્ કૂડ અને કપટરૂપ આશાતના કરીને, સર્વધર્મકરણીને દોષથી કરીને કરેલી આશાતના જે મારા જીવે જે અતિચાર કર્યા હોય તેને હે ક્ષમાશ્રમણ તપસ્વી ! આત્મસાક્ષીએ નિંદું છું, ગુરુની સાક્ષીએ વિશેષ નિંદું છું, તેનાથી હું પાછો ફરું છું, પાપરૂપ મારા આત્માનો ત્યાગ કરું છું.

**૧૧ મુહપત્તિ❖ની ૨૫ પડિલેહણા :** (૧) દૃષ્ટિ પડિલેહણા (૬) ઊર્ધ્વ પપ્ફોડા (૯) ત્રણ ત્રણને આંતરે અખોડા (૯) પ્રમાર્જના - એમ ૨૫ પડિલેહણા મુહપત્તિની છે.

ગુરુવંદન કરનાર પ્રથમ ખમાસમણ દઈ ગુરુની આજ્ઞા માગી પગના ઉત્કટિક●

---

❖ ૧. મુહપત્તિ શ્વેત વસ્ત્રની ૧ વેંત ૪ અંગુલ પ્રમાણની સમચોરસ જોઈએ અને તેનો ૧ છેડો (ચાલુ રીતિ પ્રમાણે) બંધાયેલી કોરવાળો જોઈએ, તે કોરવાળો ભાગ જમણા હાથ તરફ રહે એવી રીતે પહેલી બરાબર અર્ધ ભાગની ૧ ઘડી વાળીને પુનઃ 'બીજી ઘડી ઉપલા ભાગમાં આશરે બે અંગુલ પહોળી દૃષ્ટિ સન્મુખ પાડવી, જેથી ઉપર બે અંગુલ જેટલા ભાગમાં ૪ પડ અને નીચે ચાર અંગુલ જેટલા ભાગમાં બે પડ થાય.

તથા ચરવળો દશીઓ સહિત ૩૨ અંગુલ રાખવો, જેમાં ૨૪ અંગુલની દાંડી અને ૮ અંગુલની દશીઓ હોય.

● બે પગ વાળી બન્ને ઘુંટણ ઊંચા રહે તેવી રીતે ઊભા પગે ભૂમિથી અદ્ધર બેસવું તે અહીં ઉક્કડુ આસન અથવા ઉત્કટિકાસન જાણવું અને મુહપત્તિપડિલેહણ વખતે બે હાથને બે પગની વચ્ચે રાખવા.

આસનથી બેસીને મૌનપણે મુહપત્તિની ૨૫ પડિલેહણા બે હાથને બે પગના આંતરામાં રાખી કરવી તે ૨૫ પડિલેહણા નીચે મુજબ છે.

**૧ દૃષ્ટિ પડિલેહણા :** મુહપત્તિનાં પડ ઉખેડી દૃષ્ટિ સન્મુખ તીર્ચ્છી વિસ્તારીને દૃષ્ટિ સન્મુખ રહેલું પહેલું પાસું દૃષ્ટિથી બરાબર તપાસવું. તેમાં જો કોઈ જીવજંતુ માલૂમ પડે તો તેને જયણાપૂર્વક યોગ્ય સ્થાને મૂકવું. ત્યાર બાદ મુહપત્તિનો બે હાથે પકડેલો ઉપલો ભાગ ડાબા હાથ ઉપર (જમણા હાથ વડે) નાખીને બીજું પાસું એવી રીતે બદલી નાખવું કે પ્રથમ ડાબા હાથમાં પકડેલો=દાબેલો ખૂણો જમણા હાથમાં આવે અને બીજું પાસું દૃષ્ટિ સન્મુખ થઈ જાય, ત્યારબાદ તે દૃષ્ટિ સન્મુખ થયેલા બીજા પાસાને પણ પહેલા પાસાવત્ દૃષ્ટિથી તપાસવું. એ પ્રમાણે, મુહપત્તિનાં બે પાસાં દૃષ્ટિથી તપાસવાં તે દૃષ્ટિ પડિલેહણા જાણવી.

**૬. ઊર્ધ્વ પપ્ફોડા (x૬ પુરિમ) :** બીજા પાસાની દૃષ્ટિ પડિલેહણા કરીને તે ઊર્ધ્વ▲ એટલે તીર્ચ્છી વિસ્તારેલી એવી મુહપત્તિનો પ્રથમ ડાબા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે પહેલા ૩ પુરિમ* કહેવાય; ત્યારબાદ (દૃષ્ટિ પડિલેહણામાં કહ્યા પ્રમાણે) મુહપત્તિનું બીજું પાસું બદલીને અને દૃષ્ટિથી તપાસીને જમણા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે બીજા ૩ પુરિમ ગણાય, એ પ્રમાણે કરેલા ૬ પુરિમ તે જ ૬ ઊર્ધ્વ પપ્ફોડા અથવા ૬ ઊર્ધ્વ પ્રસ્ફોટક કહેવાય.

**૯ અક્ખોડા :** ઉપર કહ્યા પ્રમાણે પુરિમ થઈ ગયા બાદ મુહપત્તિનો મધ્યભાગ ડાબા હાથ ઉપર નાખીને ઘડીવાળો મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો કે જેથી બરાબર બે પડની ઘડી વળી જાય અને (તે બે પડવાળી થયેલી મુહપત્તિ) દૃષ્ટિ સન્મુખ આવી જાય. ત્યાર બાદ તુર્ત તેના ત્રણ (અથવા બે) વધૂટક કરીને જમણા હાથની ચાર અંગુલીઓના ત્રણ આંતરામાં ભરાવવા-દાબવા અને તેવી રીતે

---

▲ ઉત્કટિકાસને બેસવું તે કાયોર્ધ્વ અને મુહપત્તિનો તીર્ચ્છો વિસ્તાર તે વસ્ત્રોર્ધ્વ એમ બન્ને પ્રકારની ઊર્ધ્વતા અહીં ગણાય.

* મુહપત્તિને તીર્ચ્છી વિસ્તારીને જે પુરિમ એટલે પૂર્વક્રિયા-પ્રથમ ક્રિયા કરવામાં આવે છે તે પુરિમ કહેવાય.

♣ વધૂ એટલે સ્ત્રી જેમ લજ્જા વડે શીર્ષનું વસ્ત્ર મુખ આગળ લટકતું-લંબાયમાન રાખે છે, તેમ મુહપત્તિના ૩ વળને ચાર અંગુલીઓના ૩ આંતરામાં ભરાવી-દબાવી નીચે ઝુલતા-લંબાયમાન રાખવા તે વધૂટક કહેવાય. શ્રી પ્રવ૦ સારો૦ વૃત્તિમાં બે વધૂટક પણ કરવા કહ્યા છે, પરંતુ એ પ્રચલિત નથી.

ત્રણ વધૂટક* કરેલી મુહપત્તિને ડાબા હાથની હથેલી ઉપર હથેલીને ન અડે - ન સ્પર્શે તેવી રીતે, પ્રથમ ત્રણ વાર કાંડા સુધી લઈ જવી અને એ પ્રમાણે ત્રણ વખત વચ્ચે વચ્ચે આગળ કહેવાતા પક્ખોડા કરવાપૂર્વક ત્રણ ત્રણવાર અંદર લેવી તે ૯ અક્ખોડા અથવા ૯ આખોટક અથવા ૯ આસ્ફોટક કહેવાય. (તેમાં ગ્રહણ કરવાનું હોવાથી ખંખેરવાનું નથી.)

**૯ પ્રમાર્જના (પક્ખોડા) :** ઉપર કહ્યા પ્રમાણે પહેલી વાર કાંડા તરફ ચઢતાં ત્રણ અક્ખોડા કરીને નીચે ઊતરતી વખતે હથેલીને મુહપત્તિ અડે=સ્પર્શે એવી રીતે (મુહપત્તિ વડે) ત્રણ ઘસરકા ડાબી હથેલીને કરવા તે પહેલી ૩ પ્રમાર્જના ત્યારબાદ (કાંડા તરફ ચડતાં ૩ અક્ખોડા કરી) બીજી વાર ઊતરતાં ૩ પ્રમાર્જના અને એ જ પ્રમાણે (વચ્ચે ૩ અક્ખોડા કરીને) પુનઃ ત્રીજી વખત ૩ પ્રમાર્જના કરવી તે ૯ પ્રમાર્જના અથવા ૯ પક્ખોડા અથવા ૯ પ્રસ્ફોટક કહેવાય. (ઉપર કહેલા ૬ પ્રસ્ફોટક તે આથી જુદા જાણવા, કારણ કે વિશેષતઃ એ ૬ ઊર્ધ્વ પપ્ફોડા અથવા ૬ પુરિમ કહેવાય છે, પરંતુ પ્રસિદ્ધિમાં જે ૯ પક્ખોડા ગણાય છે તે તો આ ૯ પ્રમાર્જનાનું નામ છે.

એ ૯ અક્ખોડા અને ૯ પખ્ખોડા 'તિગતિગ અંતરિયા' એટલે પરસ્પર ત્રણ ત્રણને આંતરે થાય છે, તે આ પ્રમાણે - પ્રથમ હથેલીએ ચઢતાં ૩ અક્ખોડા કરવા, ત્યારબાદ હથેલી ઉપરથી ઊતરતાં ૩ પક્ખોડા કરવા, ત્યારબાદ પુનઃ ૩ પક્ખોડા, પુનઃ ૩ અક્ખોડા, પુનઃ ૩ અક્ખોડા અને પુનઃ ૩ પક્ખોડા એ અનુક્રમે ૯ અક્ખોડા અને ૯ પક્ખોડા પરસ્પર અંતરિત ગણાય છે અથવા "*અક્ખોડાના આંતરે પક્ખોડા" એમ પણ ગણાય છે.

## મુહપત્તિની ક્રમવાર ૨૫ પડિલેહણા

મુહપત્તિની ક્રમવાર ૨૫ પડિલેહણા વખતે ક્રમવાર ચિંતવવા યોગ્ય બોલ આ પ્રમાણે -

| કઈ પડિલેહણા વખતે ? | કયા બોલ ? | |
|---|---|---|
| પહેલું પાસુ તપાસતાં | સૂત્ર | ૧ બોલ |

---

* પ્રવ. સારો. વૃત્તિ તથા ધર્મસંગ્રહ વૃત્તિમાં પક્ખોડાના આંતરે અખ્ખોડા કહ્યા છે. તો પણ અક્ખોડાના આંતરે પક્ખોડા કહેવામાં પણ વિરોધ નથી. કારણ કે પ્રારંભથી ગણીએ તો અક્ખોડાના આંતરે પક્ખોડા, અને છેડેથી ગણતાં પક્ખોડાના આંતરે અખ્ખોડા અને સામુદાયિક ગણતાં પરસ્પર અંતરિત ગણાય.

| | |
|---|---|
| બીજું પાસુ તપાસતાં | અર્થ-તત્ત્વ કરી સદ્દહું |
| પહેલા ૩ પુરિમ વખતે | સમકિત મોહનીય, મિશ્ર મોહનીય મિથ્યાત્વ મોહનીય પરિહરું (૩) |
| બીજા ૩ પુરિમ વખતે | કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગ પરિહરું (૩) |
| પહેલા ૩ અક્ખોડા કરતાં | સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું (૩) |
| પહેલા ૩ પક્ખોડા કરતાં | કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું (૩) |
| બીજા ૩ અક્ખોડા કરતાં | જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરું (૩) |
| બીજા ૩ પક્ખોડા કરતાં | જ્ઞાન-દર્શન-ચારિત્ર વિરાધના પરિહરું (૩) |
| ત્રીજા ૩ અક્ખોડા કરતાં | મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આદરું (૩) |
| ત્રીજા ૩ પખ્ખોડા કરતાં | મનદંડ-વચનદંડ-કાયદંડ પરિહરું (૩) |

**૧૨ શરીરની ૨૫ પડિલેહણા :** પ્રદક્ષિણા ક્રમે (૩) ડાબા હાથની (૩) જમણા હાથની (૩) મસ્તકની (૩) મુખની અને (૩) હૃદયની (૪) બંને બાજુના ખભાની ઉપર તથા નીચે પીઠની પ્રમાર્જના તથા (૩) ડાબા પગની અને (૩) જમણા પગની - એમ કુલ શરીરની ૨૫ પડિલેહણા કરવી. તે નીચે મુજબ -

પુરુષના શરીરની ૨૫ પડિલેહણા : જમણા હાથમાં. વધૂટક કરેલી મુહપત્તિ વડે પ્રથમ ડાબા હાથના મધ્ય, ડાબા અને જમણા ભાગને અનુક્રમે પ્રમાર્જવો તે વામભુજાની ૩ પડિલેહણા જાણવી, ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં વધૂટક કરી જમણા હાથની (ડાબા હાથની જેમ) ત્રણ પ્રમાર્જના કરવી તે જમણી ભુજાની ૩ પડિલેહણા, ત્યારબાદ વધૂટક છૂટા કરી દઈ બે છેડે ગ્રહણ કરેલી મુહપત્તિ વડે મસ્તકના મધ્ય, ડાબા અને જમણા ભાગને અનુક્રમે પ્રમાર્જવા તે શીર્ષની ૩ પડિલેહણા. ત્યારબાદ એ જ ક્રમ પ્રમાણે મુખની ૩ તથા હૃદયની ૩ મળી પાંચ અંગની ૧૫ પડિલેહણા થઈ.

ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં લઈ ડાબા ખભા પરથી ફેરવીને વાંસાનો-પીઠનો ડાબો ભાગ (ડાબાનો ઉપલો ભાગ) પ્રમાર્જવો તે પીઠની પહેલી પડિલેહણા જાણવી. ત્યારબાદ મુહપત્તિને જમણા હાથમાં લઈ ખભા ઉપરથી ફેરવી પીઠનો જમણો ભાગ (જમણા વાંસાનો ઉપરનો ભાગ) પ્રમાર્જવો તે પીઠની બીજી પડિલેહણા જાણવી. ત્યારબાદ તે જ જમણા હાથમાં રાખેલી મુહપત્તિને ડાબા હાથની કક્ષા (ડાબી કાંખ) સ્થાને ફેરવીને ડાબા વાંસાનો નીચેનો ભાગ પ્રમાર્જવો. તે પીઠની અથવા ચાલુ રીતિ પ્રમાણે કાંખની ત્રીજી પડિલેહણા જાણવી. ત્યારબાદ મુહપત્તિ ડાબા હાથમાં લઈ જમણી કક્ષા (કાંખ)ના સ્થાને ફેરવી જમણા વાંસાની નીચેનો

ભાગ પ્રમાર્જવો. એ પ્રમાણે પીઠની વાંસાની ૪ પ્રમાર્જના થઈ. એ ૪ પડિલેહણાને ૨ ખભાની અને ૨ પીઠની પડિલેહણા ગણવાનો વ્યવહાર પ્રસિદ્ધ છે.

ત્યારબાદ ચરવલા અથવા ઓઘા વડે પ્રથમ ડાબા પગનો મધ્યભાગ-ડાબો ભાગ-જમણો ભાગ અનુક્રમે પ્રમાર્જવો. ત્યારબાદ એ જ રીતે જમણા પગની પણ ૩ પ્રમાર્જના કરવી. એ પ્રમાણે બે પગની ૬ પ્રમાર્જના થઈ, જેથી સર્વ મળી શરીરની ૨૫ પડિલેહણા કરવી.●

## ॥ સ્ત્રીના શરીરની ૧૫ પડિલેહણા ॥

સ્ત્રીઓનું હૃદય તથા શીર્ષ તથા ખભા વસ્ત્ર વડે સદા આવૃત (ઢાંકેલા) હોય છે માટે તે ત્રણ અંગની (અનુક્રમે ૩-૩-૪=૧૦) પડિલેહણા હોય નહિ, માટે શેષ (=બે હાથની ૩-૩, મુખની ૩, અને બે પગની ૩-૩ એ) ૧૫ પડિલેહણા સ્ત્રીઓના શરીરની હોય છે. તેમાં પણ પ્રતિક્રમણ વખતે સાધ્વીજીનું શીર્ષ ખુલ્લું રહેવાનો વ્યવહાર હોવાથી ૩ શીર્ષ પડિલેહણા સહ ૧૮ ✱પડિલેહણા સાધ્વીજીને હોય છે.

**દ્વાદશાવર્ત્ત વંદનના ૨૫ આવશ્યક તેમજ ઉપલક્ષણથી મુહપત્તિ અને શરીરની ૨૫-૨૫ પડિલેહણા મન-વચન-કાયા રૂપ ત્રણ કરણ વડે ઉપયોગવાળો થઈને સંપૂર્ણ રીતે એટલે ઓછી પણ નહિ અને વધારે પણ નહિ તેમ પ્રયત્નપૂર્વક જે જીવ કરે તેમ તેમ અધિક અધિક નિર્જરા થાય છે અને ઉપયોગરહિત અવિધિએ ઓછીવત્તી કરે તો તે મુનિ પણ વિરાધક જાણવો.**

### ૧૩ વંદનના ૩૨ દોષ :

દ્વાદશાવર્ત્ત વંદનમાં ટાળવા યોગ્ય ૩૨ દોષ નીચે પ્રમાણે છે.

(૧) **અનાદૃત :** અનાદરપણે વંદન કરવું તે.

(૨) **સ્તબ્ધ દોષ*** : જાતિમદ વગેરેના અભિમાની બની વંદન કરવું તે.

---

●મુહપત્તિના પડિલેહણની બાબતમાં અત્યારે જુદી જુદી ઘણી પ્રવૃત્તિ વ્યવહારમાં દેખાય છે. 'વામેઅર બાહુસીસમુહ હિયએ' એ શબ્દથી પહેલા ડાબી પછી જમણી બાજુનું પડિલેહણ બતાવ્યું છે. કોઈક ઠેકાણે પહેલા જમણી પછી ડાબી બાજુનું પડિલેહણ થાય છે.

✱પ્રવૃત્તિમાં તેવો વ્યવહાર દેખાય છે. પ્રવ. સારો. અને ધર્મ સં. ની વૃત્તિમાં તો સાધ્વીજીની ૧૮ પડિલેહણા કહી નથી, ફક્ત સ્ત્રીની ૧૫ પડિલેહણા કહી છે. પરંતુ ભાષ્યના જ્ઞા. વિ. સૂ. કૃત બાલાવબોધમાં કહી છે.

* વાયુ આદિકથી નહિ નમતું અંગ દ્રવ્ય સ્તબ્ધ અને અભિમાનથી નહિ નમવું તે ભાવ સ્તબ્ધ. તેના ૪ ભાંગા આ પ્રમાણે - (૧) દ્રવ્યથી સ્તબ્ધ - ભાવથી અસ્તબ્ધ (૨) ભાવથી સ્તબ્ધ-દ્રવ્યથી અસ્તબ્ધ. (૩) દ્રવ્યથી સ્તબ્ધ - ભાવથી પણ સ્તબ્ધ અને (૪) દ્રવ્યથી અસ્તબ્ધ અને ભાવથી પણ

**(૩) પ્રવિદ્ધ દોષ :** વંદના અધૂરી રાખીને❖, ભાડૂતની જેમ✦ નાસી જાય તે.

**(૪) પરિપિંડિત દોષ :** ઘણા આચાર્યોને જુદા જુદા વંદન ન કરતાં એક જ વંદનથી સર્વને વંદન કરે અથવા આવર્તો અને સૂત્રના અક્ષરોને યથાયોગ્ય જુદા ન પાડતાં ભેગા કરી વંદના કરે અથવા બે કુક્ષિ ઉપર બે હાથ સ્થાપવાથી ભેગા થયેલા હાથ-પગ પૂર્વક વંદન કરે તે.

**(૫) ટોલગતિ દોષ :** ટોલ એટલે તીડ. એની જેમ આગળ પાછળ કૂદકા મારી વંદન કરે તે.

**(૬) અંકુશ દોષ :** હાથીને અંકુશથી ઈચ્છિત સ્થાને લઈ જવાય અથવા બેસાડાય છે તેમ શિષ્ય આચાર્યાદિનો હાથ અથવા કપડું ખેંચી યથાસ્થાને લાવી અથવા બેસાડી વંદના કરે તે અથવા રજોહરણ કે ચરવળાને અંકુશની જેમ રાખી વંદના કરે તે. અન્ય આચાર્યના મતે અંકુશથી હાથીનું મસ્તક ઉંચુ-નીચું કરાય તેમ વંદન કરતી વખતે મસ્તકને ઉંચુ-નીચું કરવું તે.

**(૭) કચ્છપરિંગિત દોષ :** કચ્છપ એટલે કાચબો. તેની જેમ✤ આગળ અને પાછળ શરીરને હિંડોળાની જેમ હલાવ્યા કરે એટલે 'તિત્તીસન્નયરાએ' ઈત્યાદિ અને બેસીને 'અહો કાયં' વગેરે અક્ષરો બોલતી વખતે શરીરને ગુરુની સન્મુખ અને પોતાની તરફ ઉભા ઉભા તેમજ બેઠા બેઠા હિંચકાની જેમ હલાવે તે.

**(૮) મત્સ્યોદ્વૃત્ત દોષ :** માછલું જેમ પાણીમાં ઉછાળો મારતું જલ્દી ઉપર આવે અને ફરી નીચે ડૂબતી વખતે પોતાનું શરીર ઉલટાવીને શીઘ્ર ડૂબી જાય છે, તેમ શિષ્ય પણ ગુરુવંદન કરતાં ઉઠતી-બેસતી વખતે ઉછાળા મારે તે અથવા ડૂબતી વખતે માછલું જેમ શરીર ઉલટાવી નાખે છે, તેમ એક ગુરુને વંદન કરી બીજા ગુરુને વંદન

---

અસ્તબ્ધ એ ચાર ભાંગામાં ચોથો ભંગ શુદ્ધ છે અને શેષ ત્રણ ભંગમાં ભાવથી સ્તબ્ધ તો અશુદ્ધ જ છે તથા દ્રવ્યથી સ્તબ્ધ તે (પહેલા ભાંગે) શુદ્ધ અને (ત્રીજે ભાંગે અશુદ્ધ પણ હોય.)

❖ પ્રથમ પ્રવેશ આદિ સાચવવા યોગ્ય સ્થાનો અધૂરાં રાખીને નાસી જવું તે અસ્થાને છોડવું ગણાય.

✦ ભાડુતી ગાડાવાળો કોઈક વ્યાપારીનાં વાસણો બીજા નગરથી તે વ્યાપારીને ત્યાં લાવ્યો. વેપારીએ કહ્યું હું વાસણો ઉતારવાનું સ્થાન દેખું તેટલી વાર જરા થોભજે. ત્યારે ભાડુતીએ કહ્યું, ભાડું નગર સુધી લાવવાનું ઠરાવ્યું છે, પરંતુ થોભીને તમારા બતાવેલા સ્થાને વાસણો ઉતારવાનું ઠરાવ્યું નથી, એમ કહી અસ્થાને જ તે વાસણો ઠાલવી ચાલ્યો ગયો તેમ.

✤ કાચબો પોતાની ડોકને પીઠમાંથી વારંવાર બહાર કાઢે છે અને પુનઃ પાછો ખેંચી લે છે, તેમ કાચબાનું રિંગણ કહેવાય.

કરતો ત્યાં બેઠો બેઠો શરીરને ફેરવી દે પરંતુ ઉઠીને ત્યાં ન જાય તે પણ મત્સ્યોદ્વૃત્ત કહેવાય છે.

**(૯) મનઃપ્રદુષ્ટ દોષ :** ગુરુ કોઈ ગુણ વડે હીન હોય તો તે હીનગુણને મનમાં લાવી અરૂચિપૂર્વક વંદના કરે તે.

**(૧૦) વેદિકાબદ્ધ દોષ :** ગુરુને વંદન કરતી વખતે પોતાના બે હાથ ઢીંચણ ઉપર સ્થાપીને અથવા નીચે રાખીને અથવા પડખે રાખીને અથવા ખોળામાં રાખીને અથવા એક ઢીંચણને બે હાથ વચ્ચે રાખીને કરે તે.

**(૧૧) ભજન્ત દોષ :** આ ગુરુ મને સારી રીતે રાખે છે. મને અનુસરે છે અથવા વંદન કરીશ તો મને અનુસરશે એવા ભાવથી વંદન કરે તે.

**(૧૨) ભય દોષ :** ગુરુને વંદન નહિ કરું તો મને સંઘથી, કુલથી અથવા ગચ્છથી બહાર કરશે, તેવા ભયથી કરે તે.

**(૧૩) મૈત્રી દોષ :** ગુરુ મારા મિત્ર છે અથવા મિત્ર થશે એમ માની વંદન કરે તે.

**(૧૪) ગૌરવ દોષ :** આ સાધુ વંદનાદિ સામાચારીમાં અતિ કુશળ છે એવું દરેક જાણે તેવા ગર્વથી આવર્ત્તાદિ આવશ્યક યથાર્થ રીતે કરે તે.

**(૧૫) કારણ દોષ :** જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ સિવાય બીજા વસ્ત્ર, પાત્ર આદિનો લાભ થશે એ કારણથી વંદન કરે તે.

**(૧૬) સ્તેન દોષ :** સ્તેન એટલે ચોર. તેની જેમ છાનો અને ઉતાવળો વંદન કરે તે. મારી લઘુતા થશે, એ કારણે છાની રીતે વંદન કરે - કોઈ દેખી ન જાય એટલે ઉતાવળથી કરે તે.

**(૧૭) પ્રત્યનીક દોષ :** વંદના નહિ કરવાના સ્થાન જણાવ્યા તે અવસરે વંદન કરે તે.

**(૧૮) રુષ્ટ દોષ :** ગુરુ અથવા પોતે રોષમાં એટલે ક્રોધમાં હોય તે વખતે વંદન કરવું તે.

**(૧૯) તર્જના દોષ :** હે ગુરુ ! કાષ્ઠના મહાદેવની જેમ વંદન નહિ કરવાથી ગુસ્સે થતા નથી અને વંદન કરવાથી પ્રસન્ન થતા નથી, માટે તમને વંદન કરવા કે ન કરવા એ બંને સમાન છે, એમ બોલી વચન દ્વારા તર્જના કરવી અથવા આંગળી વડે કાયાથી તર્જના કરતો વંદન કરે તે.

**(૨૦) શઠ દોષ :** વંદન એ વિશ્વાસ પેદા કરવાનું સાધન છે. એટલે વિશ્વાસ પેદા કરાવવા વંદન કરે અથવા માંદગીના બહાનાથી વિધિપૂર્વક વંદન ન કરે તે.

**(૨૧) હિલિત દોષ :** હે ગુરુ ! તમને વંદન કરવાથી શું લાભ ! એમ વચનથી હીલના કરતો વંદન કરે તે.

**(૨૨) વિપલિકુંચિત દોષ :** થોડી વંદના કરીને વચ્ચે વિકથાદિ કરતો વંદન કરે તે.

**(૨૩) દષ્ટાદષ્ટ દોષ :** ઘણા વંદન કરતા હોય ત્યારે ગુરુની નજર ન પડે તે રીતે કોઈકની આડે રહીને વંદન કરે અથવા ગુરુની નજર ન હોય ત્યારે વંદન કર્યા વિના ઉભો રહે કે બેસી રહે અને નજર પડે કે તરત વંદન કરે તે...

**(૨૪) શૃંગ દોષ :** પશુના શૃંગ એટલે શીંગડા મસ્તકના ડાબે અને જમણે પડખે હોય છે. તેમ "અહો કાયં કાય" વગેરે પદોના ઉચ્ચાર વખતે લલાટના મધ્ય ભાગે હાથ લગાવવાના બદલે શીંગડાની જેમ ડાબે-જમણે પડખે લગાડી વંદન કરે તે.

**(૨૫) કર દોષ :** આ ગુરુને વંદન કરવું તે અરિહંતરૂપી રાજાનો અથવા ગુરુનો કર છે એમ સમજી વંદન કરે તે.

**(૨૬) કરમોચન દોષ :** સંસારનો ત્યાગ કર્યો એટલે ત્યાંના બધા કરથી છૂટ્યા પરંતુ અહીં ભગવાનની આજ્ઞા ગુરુને વંદન કરવાની છે. એ અરિહંતરૂપી રાજાની આજ્ઞારૂપી કરથી છૂટ્યા નથી. એ કર ચૂકવી રહ્યો છું, એમ માની વંદન કરે તે.

**(૨૭) આશ્લિષ્ટ-અનાશ્લિષ્ટ :** આશ્લિષ્ટ એટલે સ્પર્શ અને અનાશ્લિષ્ટ એટલે અસ્પર્શ. "અહો કાયં કાય" ઈત્યાદિ વાંદણામાં ૬ આવર્ત્ત વખતે હાથ રજોહરણ અથવા ચરવળાને તથા મસ્તકને સ્પર્શવા જોઈએ તે યથાવિધિ ન સ્પર્શે અને વંદન કરે તે. અહીં ચાર ભાંગા થાય છે તેમાં પ્રથમ ભાંગો શુદ્ધ છે.

બે હાથ રજોહરણને સ્પર્શે અને મસ્તકને સ્પર્શે

રજોહરણને સ્પર્શે અને મસ્તકને ન સ્પર્શે

રજોહરણને ન સ્પર્શે અને મસ્તકને સ્પર્શે

રજોહરણને ન સ્પર્શે અને મસ્તકને ન સ્પર્શે.

**(૨૮) ન્યૂન દોષ :** વંદન સૂત્રના અક્ષર કે પદ ન્યૂન કરી અથવા ૨૫ આવશ્યકમાંથી કાંઈ પણ ન્યૂન કરી વંદના કરે તે.

**(૨૯) ઉત્તરચૂડ દોષ :** વંદન કર્યા પછી છેડે મોટા અવાજે 'મત્થએણ વંદામિ' એ ચૂલિકારૂપ અધિક કહેવું તે.

**(૩૦) મૂક દોષ :** મૂંગા મનુષ્યની જેમ વંદન સૂત્રના અક્ષરો, પદ કે આવર્ત્તનો પ્રગટ ઉચ્ચાર કરે નહિ પરંતુ મોઢે ગણગણીને કે મનમાં કરે તે.

(૩૧) **ઢઢ્ઢર દોષ :** ઘણા મોટા અવાજે બોલીને વંદન કરે તે.

(૩૨) **ચૂડલિક દોષ :** ચૂડલિક એટલે બળતું ઉંબાડિયું. તેને પકડીને જેમ ગોળ ભમાવાય તેમ રજોહરણને છેડેથી પકડીને ગોળ ભમાવતો વંદન કરે તે.

(જેમ અત્યારે દિવાળીમાં છોકરાઓ તારામંડળને ભમાવે છે તેમ રજોહરણને ભમાવતો વંદન કરે તે) અથવા હાથ લાંબો કરીને 'હું વંદન કરું છું' એમ કહી વંદન કરે અથવા હાથ લાંબો કરી ભમાવતો 'સર્વને વંદન કરું છું' એમ બોલી વંદન કરે તે.

**જે વ્યક્તિ ગુરુને ઉપરના બત્રીશ દોષથી શુદ્ધ એવા વંદનને કરે છે તે શીઘ્ર મોક્ષ પામે છે અથવા તો વૈમાનિક દેવપણું પામે છે. આ પ્રમાણે એક ગુરુવંદન પણ જો ભાવપૂર્વક કરવામાં આવે તો આત્માના સઘળા કર્મનો નાશ કરવા સમર્થ છે, એટલે જ ગુરુવંદન શા માટે અને કેવી રીતે કરવું એ જ્ઞાન માટેનો આ પ્રયાસ છે.**

## ૧૪ વંદન કરવાથી છ ગુણ :

(૧) **વિનયોપચાર :** ગુરુને વંદન કરવાથી વિનય ગુણ ઉત્પન્ન થાય છે.

(૨) **માનાદિ ભંગ :** વંદન કરવાથી અભિમાન વગેરેનો નાશ થાય છે.

(૩) **ગુરુપૂજા :** વંદન કરવાથી ગુરુપૂજા-ગુરુનો સત્કાર થાય છે.

(૪) **આજ્ઞાનું આરાધન :** તીર્થંકરોની આજ્ઞાનું પાલન-આરાધન થાય છે.

(૫) **શ્રુતની આરાધના :** વંદન કરીને શ્રુતજ્ઞાન ગ્રહણ થાય છે એટલે શ્રુતની આરાધના વંદનથી થાય છે.

(૬) **અક્રિયા-સિદ્ધિ :** વંદન કરવાથી પરંપરાએ અક્રિયા એટલે સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

## ૧૫ ગુરુની સ્થાપના :

સાક્ષાત્ ગુરુના અભાવે ગુરુના ગુણથી યુક્ત એવા સદ્ભૂત ગુરુની સ્થાપના કરવી. એ શક્ય ન બને તો અક્ષ વગેરે અથવા જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણોની સ્થાપના કરી તેને ગુરુ તરીકે માને.

ગુરુની સ્થાપના અક્ષમાં, કોડામાં, કાષ્ઠમાં, પુસ્તમાં અને ચિત્રકર્મમાં થાય છે. તે સ્થાપના બે પ્રકારે છે. સદ્ભાવ સ્થાપના અને અસદ્ભાવ સ્થાપના. અક્ષમાં અને કોડામાં ગુરુની સ્થાપના કરવી, તે અસદ્ભાવ સ્થાપના જાણવી. કારણ કે તેમાં ગુરુ જેવો પુરુષનો આકાર નથી.

કાષ્ઠ, લેપ્યકર્મ અને ચિત્રકર્મમાં ગુરુનો આકાર કરી શકાય છે, તે સદ્‌ભાવ સ્થાપના છે.

સદ્‌ભાવ અને અસદ્‌ભાવ સ્થાપના સામાયિક વગેરે ધર્મક્રિયા કરતાં સુધી અલ્પકાળ માટે સ્થાપવી તે ઈત્વર સ્થાપના અને પ્રતિષ્ઠાદિક વિધિપૂર્વક કરેલી સ્થાપના તે દ્રવ્ય જ્યાં સુધી રહે ત્યાં સુધી ગુરુરૂપે મનાય છે માટે તે યાવત્કથિક સ્થાપના કહેવાય છે.

સાક્ષાત્ ગુરુનો વિરહ હોય ત્યારે ગુરુની સ્થાપના કરવી જોઈએ અને તે સ્થાપના ગુરુનો આદેશ બતાવવા માટે છે. એટલે એમની સ્થાપનાના આલંબન દ્વારા તેમના આદેશનો ખ્યાલ આવે. જેમ સાક્ષાત્ જિનેશ્વરનો વિરહ હોય ત્યારે જિનેશ્વરના બિંબની સેવા અને આમંત્રણ ફળદાયી બને છે તેમ ગુરુના વિરહમાં ગુરુની પ્રતિમાની સેવા અને આમંત્રણ પણ ફળદાયી બને છે.

## ૧૬ બે પ્રકારનો અવગ્રહ :

અહીં પુરુષની અપેક્ષાએ પુરુષ અને સ્ત્રીની અપેક્ષાએ સ્ત્રી એ સ્વપક્ષ છે. પુરુષની અપેક્ષાએ સ્ત્રી અને સ્ત્રીની અપેક્ષાએ પુરુષ એ પરપક્ષી છે. આ પ્રમાણે સ્વપક્ષ અવગ્રહ અને પરપક્ષ અવગ્રહ એમ અવગ્રહ બે પ્રકારનો છે. અવગ્રહ એટલે ગુરુથી કેટલું દૂર રહેવું તેની મર્યાદા છે. તેમાં ચારે દિશામાં સ્વપક્ષમાં ૩॥ હાથ અને પરપક્ષમાં ૧૩ હાથનો અવગ્રહ છે.

| સ્વપક્ષ | પરપક્ષ |
|---|---|
| ૩॥ હાથ અવગ્રહ | ૧૩ હાથ અવગ્રહ |
| ગુરુથી સાધુને | ગુરુથી સાધ્વીને |
| ગુરુથી શ્રાવકને | ગુરુથી શ્રાવિકાને |
| ગુરુણીથી સાધ્વીને | ગુરુણીથી સાધુને |
| ગુરુણીથી શ્રાવિકાને | ગુરુણીથી શ્રાવકને |

આ અવગ્રહની અંદર ગુરુની અથવા ગુરુણીની આજ્ઞા લીધા વિના પ્રવેશ કરવો કલ્પે નહિ. શ્રાવકને સાધ્વીને વંદન કરવા કલ્પે નહિ. કારણ કે પુરુષ પ્રધાન ધર્મ છે.

## ૧૭-૧૮ ગુરુવંદન સૂત્રના અક્ષર અને પદ :

વંદન સૂત્રના સર્વ અક્ષર ૨૨૬ છે. જેમાં લઘુ અક્ષર-૨૦૧ છે અને ગુરુ અક્ષર એટલે જોડાક્ષર ૨૫ છે. તે ચ્છા, જ્જા, ગ્ગ, જ્જો-પ્પ-ક્કં-ત્તા-જ્જં-ક્કં-ક્ક-ત્તિ-ન્ન-

ચ્છા, ક્ક, ક્ક, ક્ક, વ્વ, વ્વ, ચ્છો, વ્વ, મ્મા, કક, સ્સ, ક્ક, પ્પા,

પદ-૧૯મા દ્વારમાં વંદન કરવાના ૬ સ્થાન કહેવાશે. તેમાં જુદા જુદા ૫-૩-૧૨-૨-૩-૪ પદ તથા બાકી ૨૯ પદ મળી ૫૮ પદ થાય છે.

ઈચ્છામિ[૧]-ખમાસમણો[૨]-વંદિઉં[૩]-જાવણિજ્જાએ[૪]-નિસીહિયાએ[૫] (પ્રથમ સ્થાનનાં ૫ પદ)

અણુજાણહ[૧]-મે[૨]-મિઉગ્ગહં[૩] (બીજા સ્થાનના ૩ પદ)

નિસીહિ[૧]-અહો[૨]-કાયં[૩]-કાય સંફાસં[૪]-ખમણિજ્જો[૫]-ભે[૬]-કિલામો[૭]-અપ્પકિલં-તાણં[૮]-બહુસુભેણ[૯]-ભે[૧૦]-દિવસો[૧૧]-વઈક્કંતો[૧૨] (ત્રીજા સ્થાનમાં ૧૨ પદ)

જત્તા[૧]-ભે[૨] (ચોથા સ્થાનમાં ૨ પદ)

જવણિજ્જં[૧]-ચ[૨]-ભે[૩] (પાંચમા સ્થાનમાં ૩ પદ)

ખામેમિ[૧]-ખમાસમણો[૨]-દેવસિઅં[૩]-વઈક્કમં[૪] (છઠ્ઠા સ્થાનના ૪ પદ)

આ પ્રમાણે ૬ સ્થાનમાં ૨૯ પદ થયા. બાકીના ૨૯ પદ નીચે પ્રમાણે -

આવસ્સિઆએ[૧]-પડિક્કમામિ[૨]-ખમાસમણાણં[૩]-દેવસિયાએ[૪]-આસાયણાએ[૫]-તિત્તીસન્નયરાએ[૬]-જં કિંચિ મિચ્છાએ[૭]-મણદુક્કડાએ[૮] વયદુક્કડાએ[૯]-કાયદુક્કડાએ[૧૦]-કોહાએ[૧૧]-માણાએ[૧૨]-માયાએ[૧૩]-લોભાએ[૧૪]-સવ્વકાલિયાએ[૧૫]-સવ્વમિચ્છોવયારાએ[૧૬]-સવ્વધમ્માઇક્કમણાએ[૧૭]-આસાયણાએ[૧૮]-જો[૧૯] મે[૨૦]અઇઆરો[૨૧]-કઓ[૨૨]-તસ્સ[૨૩]-ખમાસમણો[૨૪]-પડિક્કમામિ[૨૫]-નિંદામિ[૨૬]-ગરિહામિ[૨૭]-અપ્પાણં[૨૮]-વોસિરામિ[૨૯] ॥

આ પ્રમાણે કુલ ૫૮ પદ છે.

## ૧૯ વંદન કરનારના ૬ સ્થાન :

ઈચ્છા[૧]-અનુજ્ઞા[૨]-અવ્યાબાધ[૩]-સંયમયાત્રા[૪]-દેહસમાધિ[૫]-અપરાધ ક્ષમાપના એ વંદન કરનાર શિષ્યનાં ૬ સ્થાન છે.

**(૧) ઈચ્છામિ :** પ્રથમ ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ" - એ પાંચ પદ બોલવાથી શિષ્યે ગુરુને પોતાની વંદના કરવાની ઈચ્છા-અભિલાષા દર્શાવી, માટે ઈચ્છા એ શિષ્યનું પહેલું વંદન સ્થાન કહેવાય.

પહેલા સ્થાનમાં જણાવ્યું કે હું વંદન કરવા આવ્યો છું, માટે અણુજાણહ મે મિઉગ્ગહં હે ભગવંત મને મિતાવગ્રહમાં (પ્રવેશ કરવાની) અનુજ્ઞા આપો (આજ્ઞા આપો) એ ત્રણ પદ વડે અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગી તે અનુજ્ઞા. એ

શિષ્યનું બીજું વંદનસ્થાન ગણાય.

ત્યારબાદ નિસીહિથી વઇક્કંતો સુધીનાં બાર પદ બોલવા વડે શિષ્યે ગુરુને વંદના કરવા પૂર્વક અવ્યાબાધા-સુખશાતા પૂછી તે અવ્યાબાધ નામનું ત્રીજું વંદનસ્થાન જાણવું.

ત્યારબાદ "જત્તા ભે" એ પદ વડે ભે=હે ભગવંત ! આપની જત્તા=સંયમયાત્રા સુખપૂર્વક વર્તે છે ? એમ પૂછવું તે યાત્રા નામનું ચોથું વંદન સ્થાન જાણવું.

ત્યારબાદ જવણિજ્જં ચ ભે એ ૩ પદ વડે શિષ્યે ગુરુની યાપના એટલે શરીરની સમાધિ (સુખરૂપતા) પૂછી છે, માટે યાપના (=દેહસમાધિ) એ પાંચમું વંદન સ્થાન જાણવું.

ત્યારબાદ ખામેમિ ખમાસમણો દેવસિઅં વઇક્કમં એ ચાર પદ વડે શિષ્ય પોતાના તે દિવસે થયેલા અપરાધને (સામાન્યથી) ખમાવે છે. માટે અપરાધ ક્ષમાપના એ શિષ્યનું છટ્ઠું વંદનાસ્થાન જાણવું. (ત્યાર પછીના પાઠમાં વિશેષ પ્રકારના અપરાધ ખમાવે છે પરંતુ તે ક્ષમાપના કોઈ પણ સ્થાનમાં ગણાયેલી નથી.)

## ૨૦ ગુરુના ૬ વચન :

છંદેણ[૧]-અણુજાણામિ[૨]-તહત્તિ[૩]-તુબ્ભં પિ વટ્ટએ[૪]-એવં[૫] અને '[૬]અહમવિ ખામેમિ તુમં[૬]' એ ગુરુના ૬ વચન છે.

**(૧) છંદેણ :** શિષ્ય પોતાના પહેલા વંદન સ્થાનમાં ઈચ્છામિ ઈત્યાદિ પાંચ પદો વડે જ્યારે ગુરુને વંદન કરવાની ઈચ્છા જણાવે, ત્યારે વંદન કરાવવું હોય તો ગુરુ 'છંદેણ' એમ કહે તે ગુરુનું પહેલું વચન જાણવું તથા કોઈ કારણથી વંદન ન કરાવવું હોય તો પડિક્ખહ કહે અથવા તિવિહેણ કહે, ત્યારે શિષ્ય સંક્ષિપ્ત વંદન કરીને એટલે ખમાસમણ દઈને અથવા તો ફક્ત "મત્થએણ વંદામિ" એટલું જ કહીને જાય, પરંતુ સર્વથા વંદન કર્યા વિના ન જાય એ શિષ્ટાચાર છે.

**(૨) અણુજાણામિ :** ત્યારબાદ બીજા વંદનસ્થાનમાં અણુજાણહ મે મિઉગ્ગહં એ ૩ પદો વડે શિષ્ય વંદન કરવા માટે જ્યારે ગુરુના અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગે ત્યારે ગુરુ અણુજાણામિ (=આજ્ઞા આપું છું કે મારા અવગ્રહમાં પ્રવેશ કર) એમ કહે તે ગુરુનું બીજું વચન જાણવું.

**(૩) તહત્તિ :** ત્યારબાદ ત્રીજા વંદનસ્થાનમાં નિસીહિથી દિવસો વઇક્કંતો સુધીનાં બાર પદ વડે (ગુરુના ચરણને સ્પર્શ કરવાથી થયેલી અલ્પ કિલામણા ખમાવીને) આપનો આજનો દિવસ બહુ સારી રીતે વ્યતીત થયો ? એ પ્રમાણે સુખશાતા પૂછે ત્યારે ગુરુ તહત્તિ કહે તે ગુરુનું ત્રીજું વચન જાણવું.

(૪) **તુબ્ભં પિ વટ્ટએ :** ત્યારબાદ "જત્તા ભે" એ બે પદ વડે "આપની સંયમયાત્રા સુખપૂર્વક વર્તે છે ?" એમ પૂછે, ત્યારે ગુરુ તુબ્ભંપિ વટ્ટએ કહે તે ગુરુનું ચોથું વચન જાણવું.

(૫) **એવં :** ત્યારબાદ "જવણિજ્જં ચ ભે" એ ત્રણ પદ વડે ગુરુને યાપના (દેહની સુખ-સમાધિ) પૂછે, ત્યારે ગુરુ એવં કહે તે ગુરુનું પાંચમું વચન જાણવું.

(૬) **અહમવિ ખામેમિ તુમં :** ત્યારબાદ ખામેમિ ખમાસમણો દેવસિઅં વઇક્કમં એ છઠ્ઠા વંદનસ્થાનમાં ચાર પદો વડે હે ક્ષમાશ્રમણ ! મારાથી આપનો આજના દિવસ સંબંધી જે અપરાધ થયો હોય તે ખમાવું છું, એમ કહી ખમાવે ત્યારે ગુરુ અહમવિ ખામેમિ તુમં એમ કહે તે ગુરુનું છઠ્ઠું વચન જાણવું. એ પ્રમાણે શિષ્યના છ વંદનસ્થાનમાં દરેક વખતે ગુરુ એકેક ઉત્તર આપતાં જે છ ઉત્તર આપે છે, તે છ ગુરુવચન જાણવા.

## ૨૧ ગુરુની ૩૩ આશાતના :

**૧. પુરોગમન :** ગુરુની આગળ આગળ ચાલવું તે (માર્ગ દેખાડવા વગેરેના કારણથી આગળ ચાલવામાં આશાતના નથી.)

**૨. પક્ષગમન :** ગુરુની પડખે પડખે નજીકમાં ચાલવાથી (પડખે ચાલવાથી ગુરુની સમાન દેખાવાથી દોષ તથા નજીક ચાલવાથી શ્વાસ, ખાંસી, છીંક વગેરેથી શ્લેષ્મ ઉડે, તેથી આશાતના)

**૩. પૃષ્ઠગમન :** ગુરુની પાછળ નજીકમાં ચાલવું તે. અહીં ગુરુની પાછળ ચાલવું તે બરાબર છે. પરંતુ પાછળ પણ નજીક ન ચાલવું, નજીક ચાલે તો આશાતના થાય.

**૪. પુરઃસ્થ :** ગુરુની આગળ ઉભા રહેવું તે.

**૫. પક્ષસ્થ :** ગુરુની પડખે નજીકમાં ઉભા રહેવું તે.

**૬. પૃષ્ઠસ્થ :** ગુરુની પાછળ નજીકમાં ઉભા રહેવું તે.

**૭. પુરોનિષીદન :** ગુરુની આગળ બેસવું તે.

**૮. પક્ષ નિષીદન :** ગુરુની પડખે નજીકમાં બેસવું તે.

**૯. પૃષ્ઠ નિષીદન :** ગુરુની પાછળ નજીકમાં બેસવું તે.

આ પ્રમાણે ચાલવા-ઉભા રહેવાની-બેસવાની એ ત્રણ બાબતમાં આગળ-પડખે અને પાછળ એ ત્રણે રીતે થઈ કુલ ૯ આશાતના થઈ.

**૧૦. આચમન :** ગુરુની સાથે ઉચ્ચાર ભૂમિએ-વડીનીતિએ ગયેલ શિષ્ય ગુરુ

આચમન-પગની શુદ્ધિ કરે તે પહેલાં પોતે કરે તો તેવી જ રીતે આહારાદિ કરતાં ગુરુની પહેલાં શિષ્ય મુખશુદ્ધિ કરે તો.

**૧૧. આલોચન :** બહારથી ગુરુની સાથે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા પછી ગુરુની પહેલાં ઈરિયાવહી કરે તો.

**૧૨. અપ્રતિશ્રવણ :** કોઈ જાગે છે ? કોણ ઉંઘે છે ? એ પ્રમાણે રાત્રે ગુરુ પૂછે ત્યારે જાગતો હોય તો પણ સાંભળતો ન હોય એમ શિષ્ય જવાબ ન આપે તો.

**૧૩. પૂર્વાલાપન :** ઉપાશ્રયમાં ગૃહસ્થાદિક પ્રવેશ કરે તેને ગુરુએ બોલાવ્યા પહેલાં પોતે બોલાવે તો આશાતના. પૂર્વ એટલે પહેલાં આલાપન એટલે બોલાવવું તે.

**૧૪. પૂર્વાલોચન :** ગોચરી લાવીને પ્રથમ બીજા સાધુની આગળ આલોચે અને ત્યાર બાદ ગુરુ આગળ આલોચે. પૂર્વ-પહેલાં આલોચન એટલે ઈરિયાવહી આદિ કરવી તે.

**૧૫. પૂર્વોપદર્શન :** ગોચરી લાવ્યા પછી ગુરુને બતાવતા પહેલાં બીજાં કોઈ સાધુને બતાવે તો. પૂર્વ=પહેલાં - ઉપદર્શન એટલે બતાવવી તે.

**૧૬. પૂર્વનિમંત્રણ :** ગોચરી વાપરવા માટે ગુરુને નિમંત્રણ કર્યા પહેલાં બીજાને નિમંત્રણ કરે તે.

**૧૭. ખદ્ધદાન :** લાવેલી ગોચરીને ગુરુની આજ્ઞા વિના પોતે જ બીજા સાધુઓને જેમ પોતાને યોગ્ય લાગે તેમ મધુર સ્નિગ્ધાદિ ખાદ્ય આહાર વહેંચી આપે તો.

**૧૮. ખદ્ધાદન :** ખદ્ધ એટલે ખાદ્ય મધુર આહાર. अदन=ખાવું. ગુરુને થોડું આપીને ઉત્તમ દ્રવ્યોનો બનેલો આહાર પોતે વાપરે તો.

**૧૯. અપ્રતિશ્રવણ :** ગુરુ બોલાવે ત્યારે સાંભળ્યું ન હોય એમ કરી જવાબ ન આપવો. અહીં ૧૨મી અને ૧૯મી આશાતના એક સરખી છે પણ ભેદ એટલો છે કે ૧૨મી રાત્રે નિદ્રા સમયની છે અને ૧૯મી દિવસે બોલાવવા સંબંધી છે.

**૨૦. ખદ્ધ (ભાષણ) :** કઠિન-કર્કશ અને મોટા અવાજે ગુરુની સામે બોલવું તે.

**૨૧. તત્રગત (ભાષણ) :** ગુરુ બોલાવે ત્યારે તરત 'મત્થએણ વંદામિ' બોલી તરત આસન પરથી ઉઠી ગુરુ પાસે જઈ નમ્રતાથી જે સૂચન કરે તે સાંભળવું જોઈએ. તેના બદલે શિષ્ય આસન ઉપર બેઠો બેઠો જવાબ આપે તો.

**૨૨. કિં ભાષણ :** ગુરુ બોલાવે ત્યારે કેમ ? શું છે ? શું કહો છો ? વગેરે કહી સામો પ્રશ્ન કરે તો.

**૨૩. તું ભાષણ :** ગુરુને 'ભગવંત, શ્રી પૂજ્ય, આપ' વગેરે માનવાચી શબ્દો વડે બોલાવવા જોઈએ તેને બદલે તું, તને, ત્હારા - જેવા તિરસ્કારભર્યા શબ્દોથી બોલાવે તો.

**૨૪. તજ્જાત (ભાષણ) :** ગુરુ શિષ્યને કહે કે, "આ ગ્લાન-માંદા સાધુની સેવા કેમ કરતો નથી ? તું બહુ આળસુ થઈ ગયો છે. ત્યારે શિષ્ય તેવી જ જાતના વચન વડે તેમને સામો પ્રત્યુત્તર આપે કે, 'તમે પોતે કેમ સેવા કરતા નથી ? તમે પોતે જ બહુ આળસુ થઈ ગયા છો' - આવું વચન તે તજ્જાતભાષણ કહેવાય.

**૨૫. નોસુમન :** ગુરુ કથા કહેતા હોય ત્યારે આપશ્રીએ સરસ વાત સમજાવી. "અહો, આપે આ વચન ઉત્તમ કહ્યું" વગેરે પ્રશંસા વચન ન કહે અથવા કથાથી પોતાને સારી અસર થઈ છે એવો આશ્ચર્યભાવ કે હર્ષભાવ ન બતાવે પણ મનમાં ઈર્ષ્યાથી બળતો હોય તો... નો એટલે નહિ અને સુમન એટલે સારું મન - સારું મન ન રહે તે.

**૨૬. નોસ્મરણ :** ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે 'તમને આ અર્થ યાદ નથી અને એ અર્થ એ પ્રમાણે ન હોય' વગેરે કહે તો.

**૨૭. કથા છેદ :** ગુરુ કોઈક કથા કહેતા હોય તો "એ કથા હું તમને પછી સારી રીતે સમજાવીશ" - એમ કહીને અથવા તે કથા પુનઃ સમજાવીને ચાલતી કથામાં વ્યાઘાત કરે તો.

**૨૮. પરિષદ ભેદ :** ગુરુ ધર્મકથા કહેતા હોય અને સભા કથાના રસમાં મગ્ન બની ગઈ હોય, એ વખતે શિષ્ય આવીને કહે કે, 'હવે કથા કેટલી લંબાવવી છે ? ગોચરી આવી ગઈ છે, વાપરવાનો સમય થઈ ગયો છે અથવા પોરીસીની વેળા પણ થઈ ગઈ' - વગેરે શબ્દો કહી સભાનો ભેદ કરે અથવા એવું કાંઈક બોલે જેથી સભા ભેગી ન થાય.

**૨૯. અનુત્થિત કથા :** ગુરુ કથા કહી રહ્યા બાદ હજી સભા ઉઠી ન હોય તેટલામાં પોતાની હોંશિયારી-ચતુરાઈ બતાવવા ગુરુએ કહેલી કથાનો અથવા અર્થનો વિસ્તાર કહી બતાવે તો.

**૩૦. સંથારપાદઘટ્ટન :** ગુરુના સંથારાને પોતાનો પગ લગાડવો તેમજ આજ્ઞા વિના હાથ લગાડવો અથવા તેમ કરીને પછી ગુરુને તે દોષ ખમાવે નહિ તો આશાતના. કારણ કે ગુરુની જેમ ગુરુના ઉપકરણ પણ પૂજ્ય છે માટે શિષ્યનો ધર્મ છે કે તેમના ઉપકરણને પગ ન લગાડવો તેમજ આજ્ઞા વિના સ્પર્શ ન કરવો.

**૩૧. સંથારાવસ્થાન :** ગુરુના સંથારા ઉપર ઉભા રહેવું, બેસવું-સૂવું તે. ઉપલક્ષણથી ગુરુના કોઈપણ ઉપકરણ વાપરવા - આસન ઉપર બેસવું, કપડો પહેરવો આદિ.

**૩૨. ઉચ્ચાસન :** ગુરુથી અથવા ગુરુની આગળ તેમના કરતાં ઉંચા આસને બેસવું તે.

**૩૩. સમાસન :** ગુરુથી અથવા ગુરુની આગળ સમાન-સરખા આસને બેસે તે.

ગુરુની કૃપાને પ્રાપ્ત કરવા ઉપરની ૩૩ આશાતનાઓ વર્જવી તો જ્ઞાનાદિક રત્નત્રયીની પ્રાપ્તિ સુગમ બને છે.

ગુરુને પગ લગાડવો તે જઘન્ય આશાતના, થૂંક લગાડવું તે મધ્યમ આશાતના અને ગુરુની આજ્ઞા ન માનવી, તેનાથી વિપરીત કરવું, આજ્ઞા ન સાંભળવી કે સામે બોલવું તે ઉત્કૃષ્ટ આશાતના છે.

ગુરુની સ્થાપનાને પગ લગાડવો અથવા વારંવાર આમતેમ ફેરવવા તે જઘન્ય આશાતના, ભૂમિ પર પાડી નાખવા અથવા અવજ્ઞાથી જેમતેમ મૂકવા તે મધ્યમ આશાતના તથા નાશ કરવો કે ભાંગી નાખવા તે ઉત્કૃષ્ટ આશાતના.

**૨૨ ગુરુવંદનની બે વિધિ :** (૧) સવારનું બૃહત્ ગુરુવંદન (૨) સાંજનું બૃહત્ ગુરુવંદન.

**(૧) સવારનું બૃહત્ ગુરુવંદન :** સવારનું પ્રતિક્રમણ કરવાના નિયમવાળાએ કોઈ વખત પ્રતિક્રમણની સામગ્રીના અભાવે અથવા તેવી શક્તિના અભાવે બૃહત્ ગુરુવંદન અવશ્ય કરવું જોઈએ, તે બૃહત્ ગુરુવંદન "લઘુ પ્રતિક્રમણ" ગણાય છે. તેની વિધિ આ પ્રમાણે છે -

**{૧} ઈરિયાવહિયં :** સૌ પ્રથમ ઈરિયાવહિયં પડિક્કમી છેડે પ્રગટ લોગસ્સ કહેવો.

**{૨} કુસુમિણદુસુમિણનો કાઉસ્સગ્ગ :** રાત્રે રાગથી સ્ત્રીગમનાદિક કુસ્વપ્ન આવ્યા હોય અથવા દ્વેષથી આવ્યા હોય તે દુઃસ્વપ્નનો દોષ ટાળવા ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. ચારિત્ર સંબંધી વિરાધના થઈ હોય તો "સાગરવરગંભીરા" સુધી નહિતર 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાઉસ્સગ્ગ કરવો.

**{૩} ચૈત્યવંદન :** પછી જગચિંતામણિ ચૈત્યવંદન કરવું.

**{૪} મુહપત્તિ :** પછી ખમાસમણપૂર્વક આદેશ માગી મુહપત્તિનું પડિલેહણ કરવું.

**{૫} વંદન :** પછી બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

**{૬} આલોચના :** પછી ઈચ્છા૦ સંદિ૦ ભગવન્ રાઈઅં આલોઉં ? ઈચ્છં આલોએમિ જો મે રાઈઓ અઈઆરો કઓ" સૂત્ર કહી આલોચના કરવી. (આજ

મુખ્યત્વે લઘુ પ્રતિક્રમણ સૂત્ર છે.)

**{૭} વંદન :** પછી બે વાર દ્વાદશવર્ત્ત વંદન કરવું.

**{૮} ખામણા :** પછી 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈઅં ખામેઉં ? ઈચ્છં ખામેમિ રાઈઅં' કહી અબ્ભુટ્ઠિઓ ખામવો.

**{૯} વંદન :** પછી બે વાર દ્વાદશવર્ત્ત વંદન કરવું.

**{૧૦} સંવર :** પછી ગુરુ પાસે યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું.

**{૧૧} ચાર થોભવંદન :** પછી ચાર ખમાસમણપૂર્વક 'ભગવાનહં' આદિ ચારને થોભવંદન કરવું.

**{૧૨} બે સ્વાધ્યાય આદેશ :** પછી બે ખમાસમણપૂર્વક સજ્ઝાયના આદેશ માગી ગુરુ પાસે સ્વાધ્યાય કરવો.

(૨) **સાંજનું બૃહત્ ગુરુવંદન :**

**{૧} ઈરિયાવહિયં :** પ્રથમ ઈરિયાવહિયં પડિક્કમી. છેડે પ્રગટ લોગસ્સ કહેવો.

**{૨} ચૈત્યવંદન :** પછી ખમાસમણ દઈ આદેશ માગી ચૈત્યવંદન કરવું.

**{૩} મુહપત્તિ :** પછી ખમાસમણ દઈ આદેશ માગી મુહપત્તિ પડિલેહણ કરવી.

**{૪} વંદન :** પછી બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

**{૫} દિવસ ચરિમ :** પછી દિવસ ચરિમ પચ્ચક્ખાણ કરવું.

**{૬} વંદન :** પછી બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

**{૭} આલોચના :** પછી ઈચ્છા૦ સંદિ૦ ભગવન્ દેવસિઅં આલોઉં ? ઈચ્છં, આલોએમિ જો મે દેવસિઓ અઈઆરો કઓ' કહી આલોચના કરવી. (આ જ મુખ્યત્વે લઘુ પ્રતિક્રમણ સૂત્ર છે.)

**{૮} વંદન :** પછી બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

**{૯} ખામણા :** પછી ઈચ્છા૦ સંદિ૦ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં ? ઈચ્છં, ખામેમિ દેવસિઅં કહી અબ્ભુટ્ઠિઓ ખામવો.

**{૧૦} ચાર થોભવંદન :** પછી ૪ ખમાસમણપૂર્વક ૪ થોભવંદન કરવા.

**{૧૧} દેવસિક પ્રાયશ્ચિત્તનો કાઉસ્સગ્ગ :** પછી 'દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં, દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ. કહી ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

**{૧૨} બે સ્વાધ્યાય :** પછી બે ખમાસમણપૂર્વક બે આદેશ માગી સ્વાધ્યાય કરવો.

આ પ્રમાણે ૨૨ દ્વાર વડે ૪૯૨ સ્થાનપૂર્વકની વંદન વિધિને કરનાર ચરણ સિત્તરિ અને કરણ સિત્તરિમાં ઉપયોગવાળો સાધુ અનેક ભવોમાં એકઠાં કરેલા અનંતા કર્મોને ખપાવે છે - દૂર કરે છે.

આનું તાત્પર્ય છે કે સાધુ પોતાની સર્વ ક્રિયામાં કુશળ અને ઉપયોગવાળો હોય તો પણ ગુરુવંદન વિધિપૂર્વક ન કરતો હોય તો તેવો ગુરુના વિનયમાં અનાદરવાળો સાધુ કર્મની નિર્જરા કરી મુક્તિ ન પામી શકે.

છેલ્લે ગ્રંથકાર પૂ. આચાર્ય ભગવંતશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા પોતાની લઘુતા જણાવે છે કે મંદ બુદ્ધિવાળા એવા ભવ્ય જીવોને બોધ કરવા માટે મેં આ પ્રકરણ - ગુરુવંદન ભાષ્ય રચ્યું છે પરંતુ તેમાં કાંઈપણ વિપરીત લખાયું હોય અથવા ક્ષતિ હોય તો આગ્રહરહિત ઈર્ષ્યારહિત હે ગીતાર્થ મુનિઓ ! તમે શુદ્ધ કરજો.

# ગુરુવંદન ભાષ્ય

**ગુરુવંદણમહ તિવિહં, તં ફિટ્ટા છોભ બારસાવત્તં ।**
**સિરનમણાઈસુ પઢમં, પુણ્ણ ખમાસમણ દુગિ બીઅં ॥૧॥**

**ગ્રન્થ સંબંધ: વંદનના પ્રકાર**

હવે ગુરુવંદન તે ત્રણ પ્રકારે છે : (૧) ફેટ્ટાવંદન (૨) થોભવંદન (૩) દ્વાદશાવર્ત્ત વંદન. તેમાં મસ્તક નમાવવા આદિ વડે પહેલું ફેટ્ટાવંદન અને બે સંપૂર્ણ ખમાસમણ દેવા વડે થોભવંદન થાય છે.

**જહ દૂઓ રાયાણં, નમિઉં કજ્જં નિવેઈઉં પચ્છા ।**
**વીસજ્જિઓ વિ વંદિય, ગચ્છઈ, એમેવ ઇત્થ દુગં ॥૨॥**

**બે વંદનનું કારણ :**

જેમ દૂત રાજાઓને નમસ્કાર કરી, પછી કાર્ય નિવેદન કરે, ત્યાર બાદ વિસર્જન કરાયા પછી પણ નમસ્કાર કરીને જાય એ પ્રમાણે બે [ખમાસમણ દેવાય] ॥૨॥

**આયારસ્સ ઉ મૂલં, વિણઓ સો ગુણવઓ અ પડિવત્તી ।**
**સા ય વિહિવંદણાઓ, વિહી ઇમો બારસાવત્તે ॥૩॥**

**વંદનની આવશ્યકતા :**

આચારનું મૂળ તો વિનય છે, તે ગુણવાનની ભક્તિથી થાય છે અને તે ભક્તિ વિધિપૂર્વક વંદના કરવાથી થાય છે, અને એ વિધિ દ્વાદશાવર્ત વંદનમાં છે. ॥૩॥

**તઇયં તુ છંદણ-દુગે, તત્થ મિહો આઈમં સયલસંઘે ।**
**બીયં તુ દંસણીણ ય, પયટ્ઠિયાણં ચ તઈયં તુ ॥૪॥**

**કયું વંદન કોને કોને કરાય ?**

ત્રીજા પ્રકારનું વંદન તે બે વાંદણાંથી થાય છે પહેલું ફેટ્ટાવંદન ચતુર્વિધ સંઘમાં પરસ્પર થાય છે બીજું મુનિભગવંતોને અને ત્રીજું પદસ્થ મહાત્માઓને થાય છે. ॥૪॥

**વંદણચિઈકિઈકમ્મં પૂઆકમ્મં ચ વિણયકમ્મં ચ ।**
**કાયવ્વં કસ્સ વ ? કેણ, વાવિ ? કાહેવ ? કઈ-ખુત્તો ? ॥૫॥**

**વંદનનાં નામો આવશ્યક નિર્યુક્તિ સૂચિત દ્વારો :**

વંદનકર્મ: ચિતિકર્મ: કૃતિકર્મ: પૂજાકર્મ: અને વિનયકર્મ કોને ? અથવા કોણે ? અથવા ક્યારે ? અથવા કેટલીવાર ? કરવું તે જણાવાશે. ॥૫॥

**કઈઓણયં ? કઈ-સિરં !, કઈહિ વ આવસ્સએહિં પરિસુદ્ધં ? ।**
**કઈ દોસ વિપ્પમુક્કં, કિઈકમ્મં કીસ કીરઈવા ? ॥૬॥**

વન્દન કેટલા નમનવાળું ? કેટલા શીર્ષ નમસ્કારવાળું ? કેટલાં આવશ્યકો વડે વિશુદ્ધ ? કેટલા દોષ વિનાનું ? અને શા માટે ? કરાય છે. ॥૬॥

**પણનામ પણાડહરણા, અજુગ્ગપણ જુગ્ગપણ ચઉઅદાયા ।**
**ચઉદાય પણનિસેહા, ચઉ અણિસેહટ્ઠકારણયા ॥૭॥**

પાંચ નામ, પાંચ દૃષ્ટાંત, પાંચ પ્રકારના, વંદનને અયોગ્ય, પાંચ પ્રકારના વંદન યોગ્ય: વંદન કરાવવાને અયોગ્ય ચાર; ચાર યોગ્ય: વંદન કરનારના પાંચ નિષેધો: ચાર સ્થાને નિષેધ નહિ; આઠ કારણો ॥૭॥

**આવસ્સય મુહણંતય, તણુપેહ પણીસ દોસ બત્તીસા ।**
**છ ગુણ ગુરુઠવણ દુગ્ગહ, દુછવીસક્ખર ગુરુ-પણીસા ॥૮॥**

પચ્ચીશ આવશ્યક, પચ્ચીશ મુહપત્તિની પડિલેહણા, શરીરની પચ્ચીશ પડિલેહણા બત્રીશ-દોષ, છ ગુણ, ગુરુમહારાજની સ્થાપના; બે અવગ્રહ: બસો છવ્વીસ અક્ષર: પચ્ચીશ પચ્ચીશ જોડાક્ષર: ॥૮॥

**પય અડવન્ન છઠાણા, છગુરુવયણા આસાયણતિત્તીસં ।**
**દુવિહી દુવીસદારેહિં, ચઉસયા બાણઉઈ ઠાણા ॥૯॥**

અઠ્ઠાવન પદ; છ સ્થાન, ગુરુમહારાજનાં છ વચન; તેત્રીસ આશાતના; બે વિધિ; (આ પ્રમાણે બાવીશ દ્વાર વડે) ચારસો બાણું (૪૯૨) સ્થાન થાય છે. ॥૯॥

**વંદણયં ચિઈકમ્મં, કિઈકમ્મં પૂઅકમ્મં વિણયકમ્મં ।**
**ગુરુવંદણપણનામા, દવ્વે ભાવે દુહાહરણા ॥૧૦॥**

**૧.** ગુરુવંદનના પાંચ નામ:

વંદનકર્મ: ચિતિકર્મ: કૃતિકર્મ: પૂજાકર્મ અને વિનયકર્મ: એ ગુરુવંદનાના પાંચ નામ છે. અને તે દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે દૃષ્ટાંત છે. ॥૧૦॥

**સીયલય ખુડ્ડુએ વીર, કન્હ સેવગ દુ પાલએ સંબે ।**
**પંચે એ દિટ્ઠંતા, કિઈકમ્મે દવ્વભાવેહિં ॥૧૧॥**

**૨.** દ્રવ્ય અને ભાવ વન્દનના દૃષ્ટાંતો :

ગુરુવંદનમાં-દ્રવ્યથી અને ભાવથી શીતલાચાર્ય, ક્ષુલ્લક સાધુ, વીરાશાલવી અને કૃષ્ણ બે રાજસેવક તથા પાલકકુમાર અને શાંબકુમાર એ પાંચ ઉદાહરણો છે. ॥૧૧॥

**પાસત્થો ઓસન્નો, કુસીલ સંસત્તઓ અહાચ્છંદો ।**

**દુગદુગતિદુગ ણેગવિહા, અવંદણિજ્જા જિણમયંમિ ॥૧૨॥**

**૩.** અવંદનીય-૫ :

બે બે ત્રણ બે અને અનેક પ્રકારના] પાર્શ્વસ્થ અવસન્ન કુશીલ સંસક્ત અને યથાછંદ અનુક્રમે સાધુ શ્રી જૈનદર્શનમાં વંદન કરવા યોગ્ય નથી. ॥૧૨॥

**આયરિય ઉવજ્ઝાએ, પવત્તિ થેરે તહેવ રાયણિએ ।**

**કિઈકમ્મનિજ્જરટ્ઠા, કાયવ્વમિમેસિં પંચણ્હં ॥૧૩॥**

**૪.** વંદન કરવા યોગ્ય-૫

આચાર્ય: ઉપાધ્યાય: પ્રવર્તક: સ્થવિર: તેમજ રત્નાધિક: એ પાંચને નિર્જરા માટે વંદન કરવું જોઈએ. ॥૧૩॥

**માયપિયજિટ્ઠભાયા, ઓમા વિ તહેવ સવ્વરાયણિએ ।**

**કિઇકમ્મં ન કારિજ્જા, ચઉ સમણાઈ કુણંતિ પુણો ॥૧૪॥**

**૫.** અવંદનીય-૪ :

દીક્ષિત માતા: દીક્ષિત પિતા: દીક્ષિત મોટાભાઈ: તેમજ ઓછા દીક્ષા પર્યાયવાળા છતાં સર્વ રત્નાધિક: પાસે વંદન કરાવવું નહીં અને બાકીના સાધુ આદિ વંદના કરે. ॥૧૪॥

**વિક્ખિત્ત પરાહુત્તે, અપમત્તે મા કયાઇ વંદિજ્જા ।**

**આહારં નીહારં, કુણમાણે કાઉકામે ય ॥૧૫॥**

**૬.** વંદન કરવાના અનવસર-૫ :

વ્યાકુળ ચિત્તવાળા; મુખ ફેરવીને બેઠેલા હોય; પ્રમાદમાં હોય; આહાર-નિહાર કરતા હોય; અથવા કરવાની તૈયારીમાં હોય; તો ક્યારે પણ વંદન કરવું નહિ. ॥૧૫॥

**પસંતે આસણત્થે અ, ઉવસંતે ઉવટ્ઠિએ ।**

**અણુન્નવિત્તુ મેહાવી, કિઈકમ્મં પઉંજઈ ॥૧૬॥**

**૭-૮.** વંદન કરવાના અવસર-૪ :

સ્વસ્થ; આસન પર બરાબર બેઠેલા હોય શાંત; બરોબર અભિમુખ એવા ગુરુની અનુજ્ઞા મેળવીને સુજ્ઞ એવા શિષ્યે વંદન કરવું. ॥૧૬॥

**પડિકમણે સજ્ઝાએ, કાઉસ્સગ્ગાડવરાહપાહુણએ ।**

**આલોયણસંવરણે, ઉત્તમટ્ઠે ય વંદણયં ॥૧૭॥**

**૯.** **વંદન કરવાનાં નિમિત્તો-૮ :**

પ્રતિક્રમણ સ્વાધ્યાય કાઉસ્સગ્ગ માટે; અપરાધ ખમાવવા, પ્રાઘુર્ણક આવે ત્યારે, આલોચના; પ્રત્યાખ્યાન અને સંલેખનાદિ મહાન કાર્યના કુલ આઠ નિમિત્તે દ્વાદશાવર્ત્ત વંદન કરવું. ॥૧૭॥

**દોવણય મહાજાયં, આવત્તા બાર ચઉસિર તિગુત્તં ।**
**દુપવેસિગનિક્ખમણં, પણવીસાવસયકિઈકમ્મે ॥૧૮॥**

**૧૦.** **દ્વાદશાવર્ત વંદનના આવશ્યકો : ૨૫**

દ્વાદશાવર્ત વંદનમાં-બે અવનત એક યથાજાત મુદ્રા બાર આવર્ત્ત ચાર શીર્ષ નમન ત્રણ ગુપ્તિ બે વાર પ્રવેશ. એકવાર બહાર નીકળવું: એ વંદનના પચીશ આવશ્યક છે. ॥૧૮॥

**કિઈકમ્મંપિ કુણંતો, ન હોઇ કિઈકમ્મનિજ્જરાભાગી ।**
**પણવીસામન્નયરં, સાહૂ ઠાણં વિરાહંતો ॥૧૯॥**

**૨૫. આવશ્યક બરાબર ન સાચવવાથી વિરાધના થાય છે.**

વંદન કરવા છતાં સાધુ એ પચીશમાંના કોઈ એક આવશ્યકની પણ વિરાધના કરે તો વંદનથી થતી કર્મ નિર્જરાનો ભાગી થતો નથી. ॥૧૯॥

**દિટ્ઠિપડિલેહ એગા, છ ઉડ્ઢ પપ્ફોડ તિગતિગંતરિયા ।**
**અક્ખોડ પમજ્જણયા, નવ નવ મુહપત્તિ પણવીસા ॥૨૦॥**

**૧૧.** **મુહપત્તિની પડિલેહણા-૨૫ :**

એક દૃષ્ટિ પડિલેહણા: છ ઊર્ધ્વ પ્રસ્ફોટક અને ત્રણ ત્રણને આંતરે નવ અક્ખોડા, અને નવ પ્રમાર્જના એ મુહપત્તિની પચીશ પડિલેણા છે. ॥૨૦॥

**પાયાહિણેણ તિય તિય, વામેયરબાહુસીસમુહહિયએ ।**
**અંસુડ્ઢાહો પિટ્ઠે, ચઉ છપ્પય દેહપણવીસા ॥૨૧॥**

**૧૨.** **શરીરની પડિલેહણા-૨૫ :**

પ્રદક્ષિણાના ક્રમે ડાબો અને જમણો હાથ; મસ્તક; મુખ અને છાતી એ દરેકની ત્રણ ત્રણ પડિલેહણા, બે ખભાની ઉપર નીચે પાછળ એમ ચાર અને પગની છ એમ શરીરની પચીશ પડિલેહણા છે. ॥૨૧॥

**આવસ્સએસુ જહ જહ, કુણઈ પયત્તં અહીણમઈરિત્તં ।**
**તિવિહકરણોવઉત્તો, તહ તહ સે નિજ્જરા હોઈ ॥૨૨॥**

**વંદનમાં સાવધાનતા :**

ત્રણ ત્રણ કરણમાં ઉપયોગવાળો આવશ્યકોમાં અન્યૂન અને અનધિક પ્રયત્ન કરે તેમ તેને નિર્જરા થાય છે. ॥૨૨॥

**દોસ અણાઢિય થદ્ધિય, પવિદ્ધ પરિપિંડિઅં ચ ટોલગઈં ।**
**અંકુસ કચ્છપરિંગિય, મચ્છુવ્વત્તં મણપઉટ્ઠં ॥૨૩॥**
**વેઇયબદ્ધ ભયંત, ભય ગારવ મિત્ત કારણા તિન્નં ।**
**પડિણીય રુટ્ઠ તજ્જિય, સઢ હીલિય વિપલિઉં ચિયયં ॥૨૪॥**
**દિટ્ઠમદિટ્ઠં સિંગં, કરતમ્મોઅણ અણિદ્ધણાલિદ્ધં ।**
**ઊણં ઉત્તરચૂલિઅ, મૂઅં ઢઢ્ઢર ચુડલિયં ચ ॥૨૫॥**

**૧૩.** દોષ-૩૨ :

અનાદૃત-સ્તબ્ધ-પ્રવિદ્ધ-પરિપિંડિત-ટોલગતિ-અંકુશ-કચ્છપરિંગિત: મત્સ્યોદ્વૃત્ત: મન:પ્રદુષ્ટ, વેદિકાબદ્ધ ભજન્ત; ભયગારવ, મિત્ર, કારણ, સ્તેન; પ્રત્યનિક, રુષ્ટ, તર્જિત, શઠ, હીલિત, વિપરિકુંચિત, દૃષ્ટાદૃષ્ટ; શૃંગ, કર, કરમોચન, આશ્લિષ્ટ, અનાશ્લિષ્ટ, ઊણ, ઉત્તરચૂડ, મૂક, ઢઢ્ઢર, અને ચુડલિક, એ બત્રીશ દોષો છે. ॥૨૩-૨૪-૨૫॥

**બત્તીસદોસપરિસુદ્ધં, કિઈકમ્મં જો પઉંજઈ ગુરુણં ।**
**સો પાવઈ નિવ્વાણં, અચિરેણ વિમાણવાસં વા ॥૨૬॥**

**નિર્દોષ વંદનનું ફલ :**

જે વ્યક્તિ ગુરુમહારાજને બત્રીશ દોષથી રહિત શુદ્ધ દ્વાદશાવર્ત વંદન કરે તે અલ્પકાળમાં મોક્ષ અથવા વિમાનવાસને પામે છે. ॥૨૬॥

**ઈહ છચ્ચ ગુણા વિણઓવયાર માણાઈ ભંગ ગુરુપૂઆ ।**
**તિત્થયરાણ ય આણા સુય-ધમ્મા-રાહણાકિરિયા ॥૨૭॥**

**૧૪.** વંદનનાં પરિણામો-૬ ગુણ :

વંદન કરવાથી વિનયોપચાર, અભિમાન વગેરેનો નાશ, ગુરુજનની પૂજા, શ્રીજિનેશ્વર ભગવંતની આજ્ઞાનું આરાધન, શ્રુતધર્મનું આરાધન, અને અક્રિયા એમ છ ગુણ ઉત્પન્ન થાય છે. ॥૨૭॥

**ગુરુગુણજુત્તં તુ ગુરું, ઠાવિજ્જા અહવ તત્થ અક્ખાઈ ।**
**અહવા નાણાઈતિયં, ઠવિજ્જ સક્ખં ગુરુ-અભાવે ॥૨૮॥**

**૧૫.** **ગુરુની સ્થાપના :**

સાક્ષાત્ ગુરુના અભાવે ગુરુમહારાજ જેવા ગુણવાળા ગુરુ સ્થાપવા અથવા તે ઠેકાણે અક્ષ વગેરે અથવા જ્ઞાન દર્શન, ચારિત્ર એ ત્રણના ઉપકરણ સ્થાપવા. ॥૨૮॥

**અક્ખે વરાડએ વા, કટ્ઠે પુત્થે અ ચિત્તકમ્મે અ ।**
**સબ્ભાવમસબ્ભાવં, ગુરુઠવણા ઈત્તરાવકહા ॥૨૯॥**

ગુરુની સ્થાપના અક્ષમાં, કોડામાં:,કાષ્ઠમાં, પુસ્તમાં, અને ચિત્રકામમાં કરાય છે. સ્થાપના સદ્ભાવ અને અસદ્ભાવ, ઈત્વર અને યાવત્કથિત એમ બે-બે પ્રકારની છે. ॥૨૯॥

**ગુરુવિરહંમિ ઠવણા, ગુરુવએસોવદંસણત્થં ચ ।**
**જિણવિરહંમિ જિણબિંબ, સેવણામંતણં સહલં ॥૩૦॥**

**સ્થાપનાનું દૃષ્ટાંત :**

શ્રી જિનેશ્વર ભગવંતના અભાવે જેમ શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાની સેવા અને આમંત્રણ સફળ થાય છે. તેમ ગુરુમહારાજના અભાવે ગુરુના ઉપદેશને બતાવવા અને માટે સ્થાપના સફળ છે. ॥૩૦॥

**ચઉદિસિ ગુરુગ્ગહો ઈહ, અહુટ્ઠ તેરસ કરે સપરપક્ખે ।**
**અણણુન્નાયસ્સ સયા, ન કપ્પએ તત્થ પવિસેઉં ॥૩૧॥**

**૧૬.** **અવગ્રહ :**

અહીં ગુરુ મહારાજનો અવગ્રહ સ્વપક્ષમાંને પરપક્ષમાં ચારેય દિશાએ અનુક્રમે સાડા ત્રણ હાથ અને તેર હાથ હોય છે, તેમાં આજ્ઞા લીધા વિના પ્રવેશ કરવાનું હમેશાં કલ્પે નહિ. ॥૩૧॥

**પણ તિગ બારસ દુગ તિગ, ચઉરો છટ્ઠાણ પય ઈગુણતીસં ।**
**ગુણતીસ સેસ આવસ્સયાઈ, સવ્વપય અડવન્ના ॥૩૨॥**

**૧૭, ૧૮.** **વંદનસૂત્રનાં પદો-૫૮ : અક્ષર ૨૨૬ છે તે ગાથામાં બતાવી દીધું છે.**

૫, ૩, ૧૨, ૨, ૩, ૪ એ પ્રમાણે ૬ સ્થાનમાં ૨૯ પદ છે. તેમજ શેષ રહેલા બીજા પણ આવસ્સિઆએ ઈત્યાદિ ૨૯ પદ છે. જેથી સર્વ પદ ૫૮ છે. ॥૩૨॥

**ઈચ્છા ય અણુન્નવણા, અવ્વાબાહં ચ જત્ત જવણા ય ।**
**અવરાહખામણાવિ અ, વંદણદાયસ્સ છટ્ઠાણા ॥૩૩॥**

## ૧૯. શિષ્યના ૬ બોલ :

ઇચ્છા, અનુજ્ઞા, અવ્યાબાધ, સંયમયાત્રા, દેહસમાધિ અને અપરાધ ક્ષમાપના એ છ સ્થાન વંદન કરનાર શિષ્યે સાચવવાના હોય છે. ॥૩૩॥

**છંદેણણુજાણામિ, તહત્તિ તુબ્ભંપિ વટ્ટએ એવં ।**
**અહમવિ ખામેમિ તુમં, વયણાઈં વંદણરિહસ્સ ॥૩૪॥**

## ૨૦. ગુરુના ૬ બોલ :

છંદેણ અણુજાણામિ, તહત્તિ, તુબ્ભંપિવટ્ટએ, એવં અને અહમવિ ખામેમિ તુમં એ ૬ વચનો વંદન કરવા યોગ્ય ગુરુને સાચવવાના હોય છે. ॥૩૪॥

**પુરઓ પક્ખાસન્ને, ગંતા ચિટ્ઠણ-નિસીઅણા-યમણે ।**
**આલોઅણપડિસુણણે, પુવ્વાલવણે ય આલોએ ॥૩૫॥**

**તહ ઉવદંસ નિમંતણ, ખદ્ધાયયણે તહા અપડિસુણણે ।**
**ખદ્ધત્તિ ય તત્થગએ, કિં તું તજ્જાય નોસુમણે ॥૩૬॥**

**નો સરસિ કહં છિત્તા પરિસંભિત્તા અણુટ્ઠિયાઈ કહે ।**
**સંથારપાયઘટ્ટણ, ચિટ્ઠુચ્ચસમાસણે આવિ ॥૩૭॥**

## ૨૧. આશાતના-૩૩

આગળ ચાલવું[૧]-પડખે ચાલવું[૨]-પાછળ નજીક ચાલવું[૩]-આગળ ઊભા રહેવું[૪]-પડખે ઉભા રહેવું[૫]-પાછળ નજીક ઉભા રહેવું[૬]-આગળ બેસવું[૭]-પડખે બેસવું[૮]-પાછળ નજીક બેસવું[૯]-આચમન (પહેલા પગ ધોવા)[૧૦]-આલોચન (પહેલા ઈરિયાવહી કરવી)[૧૧]-અપ્રતિશ્રવણ (રાત્રે બોલાવે તો ન સાંભળવું)[૧૨]-પૂર્વાલાપન (પહેલા બોલાવવો)[૧૩]-પૂર્વાલોચન (પહેલા બીજે ગોચરી આલોચવી)[૧૪]-

પૂર્વોપદર્શન (પહેલા બીજે ગોચરી બતાવવી)[૧૫]-પૂર્વ નિમંત્રણ (પહેલા બીજાને નિમંત્રણ કરવું)[૧૬]-ખદ્ધદાન (ગુરુની આજ્ઞા વિના ગોચરી બીજાને આપવી)[૧૭]-ખદ્ધાદાન (મધુર આહાર પોતે વાપરવો)[૧૮]-અપ્રતિશ્રવણ (દિવસે બોલાવે તો ન સાંભળવું)[૧૯]-ખદ્ધ (ગુરુને કર્કશ વચન બોલવા)[૨૦]-તત્રગત (આસન પર બેઠા જવાબ આપે)[૨૧]-કિં (કેમ ? શું છે ? એવું કહેવું)[૨૨]-તું (ગુરુને તું કહીને બોલાવવા)[૨૩]-તજ્જાત (ગુરુ પૂછે તેનો સામો-ઉલટો જવાબ આપવો)[૨૪]-નો સુમન (ગુરુ કાંઈપણ કહે ત્યારે મન સારું ન રાખે)[૨૫]-

નોસ્મરણ (તમને યાદ નથી એમ કહેવું)[૨૬]-કથાછેદ (કથામાં ભંગ કરે)[૨૭]-પરિષદભેદ (સભાનો ભંગ કરે)[૨૮]-અનુત્થિત કથા (ચતુરાઈ માટે સભાને ફરીથી

કથા કહે)[૨૯]-સંથારપાદ ઘટ્ટન (સંથારાને પગ લગાવવો)[૩૦]-સંથારાવસ્થાન (સંથારામાં ઉભા રહેવું)[૩૧]-ઉચ્ચાસન (ઉંચા આસને બેસવું)[૩૨] અને સમાસન (સરખા આસને બેસવું)[૩૩] એમ કુલ ૩૩ આશાતનાઓ છે. ॥૩૫॥૩૬॥૩૭॥

**ઈરિયા કુસુમિણુસગ્ગો, ચિઈચંદણ પુત્તિ વંદણા–લોયં ।**
**વંદણ ખામણ વંદણ, સંવર ચઉછોભ દુસજ્ઝાઓ ॥૩૮॥**

**૨૨.** વિધિ-૨.

**સવારનો સંક્ષિપ્ત ગુરુવંદન વિધિ :**

ઇરિયા-કુસુમિણનો કાઉસ્સગ્ગ-ચૈત્યવંદન-મુહપત્તિ-બે વાંદણા-આલોચન: બે વાંદણા ખામણા: બે વાંદણા પચ્ચક્ખાણ: ચાર થોભવંદન: અને બે સ્વાધ્યાયના આદેશ. ॥૩૮॥

**ઈરિયા ચિઈવંદણ પુત્તિ, વંદણં ચરિમ વંદણાલોયં ।**
**વંદણખામણ ચઉછોભ, દિવસુસ્સગ્ગો દુસજ્ઝાઓ ॥૩૯॥**

**સાંજનો સંક્ષિપ્ત ગુરુવંદન વિધિ :**

ઇરિયા-ચૈત્યવંદન-મુહપત્તિ-બે વાંદણા દિવસચરિમ પચ્ચક્ખાણ-બે વાંદણા આલોચના-બે વાંદણા ખામણાં-ચાર થોભવંદન-દેવસિય પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ- અને બે આદેશપૂર્વક સ્વાધ્યાય. ॥૩૯॥

**એયં કિઈકમ્મવિહિં, જુંજંતા ચરણકરણમાઉત્તા ।**
**સાહૂ ખવંતિ કમ્મં, અણેગભવસંચિઅમણંતં ॥૪૦॥**

**ઉપસંહાર અને ફળ :**

એ પ્રમાણે ગુરુવંદનનો વિધિ કરનારા ચરણસિત્તરિ તથા કરણસિત્તરિમાં ઉપયોગવાળા સાધુમહારાજ અનેક ભવોમાં એકઠાં કરેલાં અનન્ત કર્મો ખપાવે છે. ॥૪૦॥

**અપ્પમઈભવ્વબોહત્થ, ભાસિયં વિવરીયં ચ જમિહ મએ ।**
**તં સોહંતુ ગિયત્થા, અણભિનિવેસી અમચ્છરિણો ॥૪૧॥**

**ગ્રંથકારનું અંતિમ વચન :**

આ ગ્રંથના કર્તા પૂ. આ. ભ. દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પોતાની લઘુતા બતાવવા માટે જણાવે છે, ઓછી બુદ્ધિવાળા ભવ્ય જીવોને સમજ પડે તે માટે મેં કહ્યું છે તેમાં જે કાંઈ વિપરીત હોય તે કદાગ્રહ વિનાના અને ઈર્ષ્યા વિનાના ગીતાર્થ પુરુષોએ સુધારી લેવું. ॥૪૧॥

॥ ટીંટોઈમંડન શ્રીમુહરીપાર્શ્વનાથાયનમઃ ॥
॥ નમો નમઃ શ્રીગુરુરામચન્દ્રસૂરયે ॥

# ભાવપચ્ચક્ખાણ

આ ભાષ્યમાં પચ્ચક્ખાણ લેવાની વિધિ બતાવી છે અને તેના મૂળ દ્વાર નવ છે.

**દસ પચ્ચખાણ ચઉવિહિ, આહાર દુવીસગાર અદુરુત્તા ।**
**દસવિગઇ તીસ વિગઈ-ગય દુહભંગા છસુદ્ધિ ફલં ॥૧॥**

**ગાથા-૧ :-** (૧) ૧૦ પચ્ચક્ખાણ (૨) ૪ પ્રકારની વિધિ (બોલવાની વિધિ) (૩) ૪ પ્રકારનો આહાર (૪) બીજી વાર નહિ ગણેલા ૨૨ આગાર (૫) ૧૦ વિગઈ (૬) ૩૦ નીવિયાતાં (૭) ૨ પ્રકારના ભાંગા (૮) ૬ પ્રકારની શુદ્ધિ અને (૯) ફળ બે પ્રકારના (આભવ અને પરભવ સંબંધી).

કુલ ઉત્તરભેદ : ૧૦+૪+૪+૨૨+૧૦+૩૦+૨+૬+૨+૯૦

**અણાગય-મઇક્કંતં, કોડીસહિયં નિયંટિ અણગારં ।**
**સાગાર નિરવસેસં, પરિમાણકડં સકે અદ્ધા ॥૨॥**
**નવકારસહિય પોરિસી, પુરિમડ્ઢે-ગાસણે-ગઠાણે ય ।**
**આયંબિલ અભતટ્ઠે, ચરિમે અ અભિગ્ગહે વિગઈ ॥૩॥**

## (૧) દશ પચ્ચક્ખાણ :-

[૧] **અનાગત પચ્ચક્ખાણ :-** અનાગત=નહિ આવેલો એટલે ભવિષ્યકાળ. તે ભવિષ્યકાળનું પચ્ચક્ખાણ કોઈ કારણસર વહેલું કરી લેવું તે અનાગત પચ્ચક્ખાણ.

જેમ કે પર્યુષણમાં અઠ્ઠમ કરવાનો હોય પણ તે સમયે ગુરુની, ગચ્છની, રોગી મુનિની, નવી દીક્ષાવાળા શિષ્ય એવા શૈક્ષની કે તપસ્વી વગેરેની વૈયાવચ્ચ કરવાની હોવાથી તે વખતે અઠ્ઠમ ન થઈ શકે તો તે પહેલાં જ કરી લેવો તે અનાગત પચ્ચક્ખાણ, તે મુખ્યત્વે મુનિને હોય છે.

[૨] **અતિક્રાન્ત પચ્ચક્ખાણ :-** અતિક્રાન્ત એટલે પસાર થયેલો કાળ -

ભૂતકાળ. પર્યુષણાદિમાં અટ્ઠમ વગેરે તપ કરવાનો હતો, પણ તે વખતે ઉપરની જેમ કોઈની વૈયાવચ્ચ વગેરેના કારણથી પર્યુષણ પસાર થયા પછી તે તપ કરવો તે અતિક્રાન્ત પચ્ચક્ખાણ મુખ્યત્વે મુનિને હોય છે.

[૩] **કોટિસહિત પચ્ચક્ખાણ** :- કોટિ એટલે છેડા - જે પચ્ચક્ખાણમાં બે તપના બે છેડા મળતા હોય તે બે તપના જોડાણવાળું પચ્ચક્ખાણ તે કોટિસહિત પચ્ચક્ખાણ. તે બે પ્રકારે છે. (૧) સમકોટિવાળું, (૨) વિષમકોટિવાળું.

**(૧) સમકોટિવાળું** :- ઉપવાસ પૂર્ણ થયે ઉપવાસ કરવો એટલે કે છટ્ઠ કરવો. પહેલા ઉપવાસનો અંતભાગ અને બીજા ઉપવાસનો આદિનો ભાગ, તે બંને કોટિને-છેડાને જોડવા તે સમકોટિ. તેવી રીતે આયંબિલ પૂર્ણ થયે આયંબિલ કરવું વગેરે.

**(૨) વિષમકોટિવાળું** :- ઉપવાસ પૂર્ણ થયે એકાસણાદિ કરવું. તેમાં ઉપવાસનો અંતભાગ અને એકાસણાદિના શરૂઆતના ભાગરૂપ બે છેડાને જોડવા તે વિષમકોટિ.

[૪] **નિયન્ત્રિત પચ્ચક્ખાણ** :- નિયન્ત્રિત એટલે નિશ્ચયપૂર્વક. સાજો કે માંદો હોઉં કે મોટું વિઘ્ન આવે તો પણ અમુક સમયે અમુક તપ મારે કરવો, તેવા નિશ્ચયપૂર્વકનું પચ્ચક્ખાણ તે નિયન્ત્રિત. આ પચ્ચક્ખાણ જિનકલ્પી અને ચૌદ પૂર્વધર મુનિઓના કાળમાં પ્રથમ સંઘયણવાળા સ્થવિર મુનિઓને પણ હતું. પરંતુ જિનકલ્પાદિના વિચ્છેદ સાથે આ પચ્ચક્ખાણ વિચ્છેદ પામેલ છે. આયુષ્ય, સંઘયણ અને ભાવિનો નિશ્ચય કરવાનો અભાવ હોવાથી તે અત્યારે વર્તમાનકાળમાં થઈ શકે નહિ.

[૫] **અનાગાર પચ્ચક્ખાણ** :- આગળ જે આગાર બતાવવામાં આવશે, તેમાંથી અનાભોગ આગાર અને સહસા આગાર, એ બે આગાર છોડીને બીજા આગારરહિત પચ્ચક્ખાણ કરવું તે. પહેલા સંઘયણવાળા પ્રાણાંત કષ્ટ અને ભિક્ષાનો સર્વથા અભાવ થાય એવા પ્રસંગે કરે છે. અત્યારે પ્રથમ સંઘયણનો અભાવ હોવાથી તે પચ્ચક્ખાણ કરવામાં આવતું નથી.

[૬] **સાગાર પચ્ચક્ખાણ** :- આગળ કહેવાતા આગારપૂર્વક પચ્ચક્ખાણ કરવું તે.

[૭] **નિરવશેષ પચ્ચક્ખાણ** :- ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો તે. આ પચ્ચક્ખાણ વિશેષથી અંત સમયે સંલેખના સમયે કરાય છે.

[૮] **પરિમાણ કૃત પચ્ચક્ખાણ :-** દત્તિ-કવલ=(કોળિયો)ઘર અને દ્રવ્યનું પ્રમાણ કરવું તે.

**દત્તિ** - હાથ અથવા વાસણ વગેરેમાંથી જેટલું અન્ન એક ધારાએ પાત્રમાં પડે તેટલું અન્ન એક દત્તિ કહેવાય. તેમાં ૧-૨-૩ આદિ દત્તિનું પ્રમાણ કરવું.

**કવલ** - મુખમાં સુખેથી પ્રવેશી શકે અને મુખ વિકૃત ન થાય તેવા ૩૨ કોળિયા પુરુષનો અને ૨૮ કોળિયા સ્ત્રીનો આહાર ગણીને અમુક કવલથી વધારે નહિ ખાવાનું પ્રમાણ કરવું તે.

**ઘર** - આટલા ઘરમાંથી જ ભિક્ષા લેવી, એથી વધુ નહિ, એવું પ્રમાણ કરવું તે.

**દ્રવ્ય** - ખીર, ભાત, મગાદિ દ્રવ્ય મળે તો જ આહાર લેવો એવું પ્રમાણ કરવું તે.

[૯] **સકેત અથવા સંકેત પચ્ચક્ખાણ :-** કેત એટલે ઘર, સકેત એટલે ઘરસહિત જે હોય તેવા ગૃહસ્થોનું પચ્ચક્ખાણ તે સકેત પચ્ચક્ખાણ અથવા મુનિની અપેક્ષાએ કેત એટલે ચિહ્ન, તે ચિહ્ન સહિત તે સકેત પચ્ચક્ખાણ. એનું સંકેત એ પ્રમાણે બીજું પણ નામ છે. આઠ પ્રકારના ચિહ્નના ભેદથી તે શ્રાવક અને સાધુને આઠ પ્રકારનું પચ્ચક્ખાણ છે.

જેમ કે - કોઈ શ્રાવક પોરિસી આદિ પચ્ચક્ખાણ કરે ત્યારે પચ્ચક્ખાણ પૂર્ણ થયા પછી પણ ભોજન ન કરે ત્યાં સુધી પચ્ચક્ખાણ વિના ન રહેવાના આશયથી અંગુઠો વગેરે આઠ પ્રકારના ચિહ્ન.

(૧) અંગુષ્ઠ સહિત - (અંગુટ્ઠસહિયં) જ્યાં સુધી મુઠ્ઠીમાં અંગુઠો વાળીને છૂટો ન કરું ત્યાં સુધી પચ્ચક્ખાણ છે, એમ ધારી અંગુઠો છૂટો કરે ત્યારે જ ખાવાની ચીજ મુખમાં નખાય, એવો સંકેત.

(૨) મુષ્ઠિ સહિત (મુટ્ઠિસહિયં) - એ પ્રમાણે મુઠ્ઠી વાળીને છૂટી ન કરે ત્યાં સુધી.

(૩) ગ્રન્થિ સહિત (ગંઠિસહિયં) - વસ્ત્રની અથવા દોરાની ગાંઠ વાળીને છૂટી ન કરે ત્યાં સુધી.

(૪) ઘર સહિત (ઘરસહિયં) - ઘરમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી.

(૫) સ્વેદ સહિત - પરસેવાનું બિંદુ ન સૂકાય ત્યાં સુધી.

(૬) ઉચ્છ્વાસ સહિત (ઉચ્છવાસસહિયં) - અમુક શ્વાસોચ્છ્વાસ ન થાય ત્યાં સુધી.

(૭) સ્તિબુક સહિત - પાણી વગેરેના પાત્રમાં લાગેલા જળના બિંદુ ન સૂકાય ત્યાં સુધી.

(૮) દીપક સહિત (દીવસહિયં) - દીપક ન ઓલવાય ત્યાં સુધી.

એ પ્રમાણે કરેલો કોઈપણ પ્રકારનો સંકેત પૂર્ણ થયા પહેલાં મુખમાં કોઈ ચીજ પડી જાય તો પ્રાયશ્ચિત્ત ગુરુ પાસે લેવું.

આ સંકેત પચ્ચક્ખાણો ત્રણ નવકાર ગણીને પારવાં. ત્યારબાદ ભોજન કરી ફરી સંકેત પચ્ચક્ખાણ કરી શકાય છે. એ પ્રમાણે વારંવાર પચ્ચક્ખાણ કરવાથી ભોજન સિવાયનો કાળ વિરતિપણામાં ગણાય. દરરોજ એકાસણું કરનારને આ પચ્ચક્ખાણથી એક માસમાં લગભગ ૨૯ ઉપવાસ જેટલો અને બિયાસણું કરનારને લગભગ ૨૮ ઉપવાસ જેટલો લાભ મળે છે. છૂટો શ્રાવક પણ આ પચ્ચક્ખાણ વારંવાર કરે તો એને વિરતિનો સારો લાભ મળે છે.

[૧૦] **અદ્ધા પચ્ચક્ખાણ** :- અદ્ધા એટલે કાળ, તે મુહૂર્ત્ત, પ્રહર, બે પ્રહર, દિવસ, પક્ષ, માસ ઈત્યાદિ. તે મુહૂર્ત્ત આદિ કાળની મર્યાદાવાળું જે નવકારશી-પોરિસી-સાઢપોરિસી-પુરિમઢ્ઢ-અવઢ્ઢ-એકાસણું-ઉપવાસ વગેરે અદ્ધા પચ્ચક્ખાણ કહેવાય. તેના કુલ-૧૦ પ્રકાર છે અથવા પ્રથમ દ્વારમાં જે દશ પચ્ચક્ખાણ બતાવ્યા, તે બીજી રીતે બતાવાય છે.

**(૧) નવકાર સહિયં - નમસ્કાર સહિત પચ્ચક્ખાણ :-**

સૂર્યોદયથી માંડીને *૧ મુહૂર્ત્ત=૪૮ મિનીટ સુધીનું અને પૂર્ણ થયે ત્રણ નવકાર ગણીને પારવાનું, એમ મુહૂર્ત્ત અને નવકાર એ બે વિધિવાળું પચ્ચક્ખાણ. એ નવકારશીનું પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં કરવું - ધારવું જોઈએ, અન્યથા અશુદ્ધ ગણાય.

**(૨) પોરિસી પચ્ચક્ખાણ** :- સવારમાં પુરુષની છાયા, જ્યારે પોતાના દેહ જેટલી થાય ત્યારે પોરિસી એટલે પ્રહર ગણાય છે. એટલે સૂર્યોદયથી માંડીને ૧ પ્રહર સુધીનું પચ્ચક્ખાણ તે પોરિસી. આ પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં ધારવું જોઈએ તથા દોઢ પ્રહરનું પચ્ચક્ખાણ સાઢપોરિસી, તે આની અંતર્ગત ગણાય છે.

* નમસ્કાર સહિતમાં સહિત શબ્દ મુહૂર્ત્તના જ વિશેષણવાળો છે માટે અને અદ્ધા પચ્ચક્ખાણ ૧ મુહૂર્ત્તથી ઓછું હોય નહિ. માટે નવકારસીનો ૧ મુહૂર્ત્ત કાળ અવશ્ય ગણવો જોઈએ. નવકારશી તો ૩ નવકાર ગણીને ગમે તે વખતે પારી શકાય અને કાળની મર્યાદા વિના સૂર્યોદય પહેલાં તેમ જ તરત જ ૩ નવકાર ગણીને પારી શકાય એવું પચ્ચક્ખાણ તે નવકારશી. આવી માન્યતા ભૂલભરેલી છે. સૂર્યોદય પછી બે ઘડી થયા પહેલાં ૩ નવકાર ગણીને પારે તો નવકારશીનો ભંગ થાય. તેમજ બે ઘડી થયા પછી પણ ૩ નવકાર ગણ્યા વિના પારે તો નવકારશી નહિ પારેલી ગણાય છે.

(૩) **પુરિમાર્ધ (પુરિમઢ્ઢ) પચ્ચક્ખાણ** :- પુરિમ=પહેલા અર્ધ=અડધું - દિવસના પહેલા અડધા ભાગનું પચ્ચક્ખાણ તે પુરિમઢ્ઢ. દિવસના ૪ પ્રહરમાંથી સૂર્યોદયથી પહેલા બે પ્રહર સુધીનું પચ્ચક્ખાણ અપાર્ધ (અવઢ્ઢ) અપ=પાછલા અર્ધ=અડધું, દિવસના પાછલા અડધા ભાગનું એટલે સૂર્યોદયથી ૩ પ્રહરનું પચ્ચક્ખાણ તે અવઢ્ઢ. એ પણ પુરિમઢ્ઢમાં અંતર્ગત ગણાય. આ પચ્ચક્ખાણ સવારમાં નવકારશી, પોરિસી ધાર્યા વિના પણ કરી શકાય.

(૪) **એકાશન** :- એક=એકવાર, અશન=ભોજન. એટલે જેમાં દિવસમાં એકવાર ભોજન કરવું તે અથવા એક=એક જ, નિશ્ચલ આસન=બેઠક. એ પ્રમાણે નિશ્ચલ બેઠકથી ભોજન કરવું. જેમાં ઉઠીને પુનઃ ન બેસી શકાય તેમજ બેઠા બેઠા પણ ખસી ન શકાય, તેવી રીતે ભોજન કરવું તે એકાશન. આમાં બેઠક કેડથી નીચેનો ભાગ નિશ્ચલ હોય છે, પરંતુ શેષ હાથ-પગ વગેરે અવયવોનું હલનચલન થઈ શકે. અહીં ભોજન કરીને ઉઠ્યા બાદ તિવિહાર કે ચઉવિહાર કરવો.

એકાશન-એકલઠાણું-આયંબિલ-નીવિ એ અનાગતાદિ દશ પ્રકારમાંથી આઠમા પ્રકારના પરિમાણકૃત પચ્ચક્ખાણો છે, પરંતુ પોરિસી આદિ અદ્ધા પચ્ચક્ખાણ સહિત કરાય છે. એટલે તે અદ્ધા પચ્ચક્ખાણ ગણ્યા છે.

(૫) **એકસ્થાન (એકલઠાણું)** :- એક=નિશ્ચલ, સ્થાન=આસન. નિશ્ચલ આસન. જેમાં જમણો હાથ અને મુખ, એ બે અંગ સિવાયનું બાકીનું કોઈપણ અંગ હાલે-ચાલે નહિ, તે એકલઠાણું.

એકાસણામાં સર્વ અવયવો હલાવવાની છૂટ છે, તેવી આમાં નથી. વળી અહીં ભોજન કર્યા પછી ઉઠતી વખતે ચઉવિહાર કરવાનો હોય છે.

(૬) **આયંબિલ (આચામામ્લ)** :- આચામ=ઓસામણ અને અમ્લ=ખાટો રસ. એ બેના ત્યાગવાળુ તે અચામામ્લ અથવા આચામ્લ. તે ભાત-કઠોળ અને સાથવાના આહારથી મૂળ ૩ પ્રકારનું છે. તેમ જ દ્રવ્યથી, ગુણથી અને રસથી તે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનું છે. આયંબિલના ભોજનની સામાચારી પરંપરાથી જાણવા યોગ્ય છે. સામાન્યથી મુખ્યત્વે વિગઈ અને ખટાશનો ત્યાગ હોય છે. તેમ જ નીવિયાતાનો પણ ત્યાગ હોય છે. ફક્ત રસ-કસ વિનાનો આહાર લેવાનો હોય છે.

(૭) **અભક્તાર્થ** :- અ=નથી, ભક્ત=ભોજનનું, અર્થ=પ્રયોજન, જેમાં ભોજનનું પ્રયોજન નથી, તે અભક્તાર્થ=ઉપવાસ. આજના સૂર્યોદયથી આવતી

કાલના સૂર્યોદય સુધી ચારે આહાર અથવા પાણી સિવાય ત્રણ આહારનો ત્યાગ હોય છે. તિવિહારવાળાને પણ ફક્ત દિવસે ઉકાળેલું પાણી કલ્પે છે. રાત્રે તે પાણીનો પણ ત્યાગ હોય છે. આ ઉપવાસમાં એક દિવસમાં કરાતા બે વાર ભોજનનો ત્યાગ હોય છે, પરંતુ જો એ જ ઉપવાસના આગલા દિવસે એકાશન અને પછી પારણાના દિવસે પણ એકાશન કરીએ તો ચાર વાર ભોજનનો ત્યાગ થતો હોવાથી તેને ચોથભક્ત-ચતુર્થભક્ત કહેવાય છે.

(૮) **ચરિમ પચ્ચક્ખાણ :-** ચરિમ=છેલ્લું. ત્યાં દિવસના છેલ્લા ભાગનું=રાત્રિનું જે પચ્ચક્ખાણ દિવસચરિમ તથા આયુષ્યના છેલ્લા ભાગનું એટલે મરણ વખતનું પચ્ચક્ખાણ - જીવે ત્યાં સુધીનું તે ભવચરિમ. આ પ્રમાણે દિવસચરિમ અને ભવચરિમ ભેદથી તે બે પ્રકારનું છે. દિવસચરિમ પચ્ચક્ખાણ સૂર્યાસ્તથી ૪૮ મિનીટ પહેલાં ગૃહસ્થોને દુવિહાર-તિવિહાર-ચઉવિહારવાળું અને મુનિને ચઉવિહારવાળું જ હોય છે. છૂટા શ્રાવક-સાધુને દિવસચરિમં અને એકાશનાદિવાળાને પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાણ કરવાનું હોય છે. કારણ કે, એકાશનાદિવાળાને ભોજન કર્યા પછી પાણીનો જ આહાર કરવાનો હતો, તે હવે બંધ કરવાનો છે, એટલે તે પાણહાર કરે.

**પ્રશ્ન :-** એકાશનનું પચ્ચક્ખાણ તો બીજા સૂર્યોદય સુધીનું હોય છે, તો એકાશનવાળાને પાણહાર દિવસ ચરિમં શા માટે કરવાનું ?

**ઉત્તર :-** એકાશન પચ્ચક્ખાણ આઠ આગારવાળું છે તે આગળ જણાવાશે અને પાણહાર દિવસચરિમં ચાર આગારવાળું છે, એટલે ચાર આગારનો સંક્ષેપ કરવા એ પચ્ચક્ખાણ છે.

(૯) **અભિગ્રહ પચ્ચક્ખાણ :-** અમુક કાર્ય થાય ત્યારે જ અમુક ભોજન કરવું, એવા પ્રકારનો અભિગ્રહ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી, એમ મુખ્યત્વે ચાર પ્રકારે છે.

**દ્રવ્ય અભિગ્રહ :-** અમુક દ્રવ્ય=આહાર આપે તો જ લેવો અથવા અમુક દ્રવ્ય= કડછી-ચમચા વડે આપે તો જ આહાર લેવો તે.

**ક્ષેત્ર અભિગ્રહ :-** અમુક ગામમાંથી, અમુક ઘરોમાંથી અથવા અમુક ગાઉ દૂરથી આહાર લાવવાનો નિર્ણય તે.

**કાલ અભિગ્રહ :-** ભિક્ષાકાળ પહેલાં, ભિક્ષાકાળ વખતે, ભિક્ષાકાળ પછી આહાર લાવવાનો અભિગ્રહ તે.

**ભાવ અભિગ્રહ :-** ગાતો ગાતો, રુદન કરતો, બેઠો બેઠો અથવા ઉભો ઉભો પુરુષ અથવા સ્ત્રી વહોરાવે તો જ આહાર લેવો તે.

જેમ ભગવાન મહાવીરસ્વામીએ દ્રવ્યથી અડદ, ક્ષેત્રથી સૂપડાના એક ખૂણામાં રહેલ, કાળથી ભિક્ષાચરો ભિક્ષા લઈ પાછા ફરે પછી અને ભાવથી રડતી, રાજપુત્રી દાસીભાવને પામેલી વગેરે અભિગ્રહ ગ્રહણ કર્યો, તે અભિગ્રહ પચ્ચક્ખાણ.

અનાગતાદિ ૧૦ પ્રકારના પચ્ચક્ખાણમાંનું ૮મું પરિમાણકૃત પચ્ચક્ખાણ તથા નવકારશી આદિ અદ્ધા પચ્ચક્ખાણ વિનાનું ફક્ત ૯મું સંકેત પચ્ચક્ખાણ આ અભિગ્રહ પચ્ચક્ખાણમાં ગણાય છે.

**(૧૦) વિગઈ પચ્ચક્ખાણ :-** વિગઈ=વિકૃતિ=વિકાર. વિકારવાળા એટલે ઈન્દ્રિયોના વિષયોને પ્રબળ કરનારા દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ-પકવાન્ન છે. તેમાંથી ૧-૨ યાવત્ છએ વિગઈનો ત્યાગ કરવો. વિગઈનાં ૩૦ નીવિયાતાનો યથાસંભવ ત્યાગ કરવો. તે નીવિ પચ્ચક્ખાણ અને માંસ-મધ-મદિરા-માખણ એ ૪ અભક્ષ્ય વિગઈ અથવા મહાવિગઈનો સર્વથા ત્યાગ હોવો જ જોઈએ. તે વિગઈના પચ્ચક્ખાણમાં અંતર્ગત ગણાય છે.

**ઉગ્ગએ સૂરે અ નમો, પોરિસી પચ્ચકખ ઉગ્ગએ સૂરે ।**
**સૂરે ઉગ્ગએ પુરિમં, અભત્તટ્ઠં પચ્ચખાઇ ત્તિ ॥૪॥**

## (૨) ૪ પ્રકારની ઉચ્ચારવિધિ :-

(૧) નવકારશી (૨) પોરિસી-સાઢપોરિસી (૩) પુરિમઢ્ઢ-અવઢ્ઢ (૪) ઉપવાસ. આ ૪ પ્રકારના પચ્ચક્ખાણ માટે ૪ ઉચ્ચારવિધિ જણાવી છે.

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પચ્ચક્ખાઈ એ નવકારશી માટે ઉચ્ચારવિધિ છે.

પોરિસિં સાઢ્ઢપોરિસિં પચ્ચક્ખાઈ ઉગ્ગએ સૂરે એ પોરિસી અને સાઢપોરિસી પચ્ચક્ખાણ માટે ઉચ્ચારવિધિ જાણવો.

સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં અવઢ્ઢં પચ્ચક્ખાઈ એ પુરિમઢ્ઢ અને અવઢ્ઢ માટે ઉચ્ચારવિધિ જાણવો.

સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ એ ઉપવાસ માટે ઉચ્ચારવિધિ જાણવો.

એક અહોરાત્રમાં જેટલા અદ્ધા પચ્ચક્ખાણ સૂર્યોદયથી માંડીને થઈ શકે તેની ઉચ્ચારવિધિ બતાવી.

જે બે ઉચ્ચારવિધિમાં ઉગ્ગએ સૂરે પાઠ આવે છે, તે પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં જ ધારવાથી શુદ્ધ થાય છે અને જેમાં સૂરે ઉગ્ગએ પાઠ આવે છે તે પચ્ચક્ખાણો સૂર્યોદય પછી પણ ધારી શકાય છે. જો કે બંને પાઠનો અર્થ "સૂર્યોદયથી માંડીને" છે તો પણ ક્રિયાવિધિનો તફાવત છે.

**ભણઇ ગુરુ સીસો પુણ, પચ્ચક્ખામિત્તિ એવ વોસિરઇ ।**
**ઉવઓગિત્થ પમાણં, ન પમાણં વંજણચ્છલણા ।।૫।।**

**પઢમે ઠાણે તેરસ, બીએ તિન્નિ ઇં તિગાઇ (ય) તઇયંમિ ।**
**પાણસ્સ ચઉત્થંમિ, દેસવગાસાઇ પંચમએ ।।૬।।**

બીજી રીતે ગુરુ-શિષ્યના વચનરૂપે ૪ પ્રકારનો ઉચ્ચાર વિધિ થાય છે.

ગુરુ જ્યારે "પચ્ચક્ખાઈ" કહે ત્યારે શિષ્ય "પચ્ચક્ખામિ" કહે અને ગુરુ જ્યારે "વોસિરઈ" કહે ત્યારે શિષ્ય "વોસિરામિ" કહે. એ પ્રમાણે ૪ ઉચ્ચારવિધિ છે. અહીં અક્ષરની સ્ખલના પ્રમાણ નથી. એટલે કે શિષ્ય ચઉવિહાર ઉપવાસ પચ્ચક્ખાણ માગે અને પાઠ બોલવામાં તિવિહાર બોલાઈ જાય અથવા તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ આપવામાં ચઉવિહાર બોલાઈ જાય. એકાશનને બદલે બિયાસણ અથવા બિયાસણને બદલે એકાશનનો પાઠ ભૂલથી બોલાઈ જવાય તો જે પચ્ચક્ખાણ ધાર્યું હોય તે જ પ્રમાણ ગણાય.

એકાશનાદિ પચ્ચક્ખાણમાં આવતાં પાંચ પ્રકારનાં ઉચ્ચાર સ્થાન અને તેના ૨૧ ભેદ થાય છે.

પહેલા ઉચ્ચારસ્થાનમાં ૧૩ ભેદ, બીજા ઉચ્ચારસ્થાનમાં ૩ ભેદ, ત્રીજા ઉચ્ચારસ્થાનમાં ૩ ભેદ, ચોથા ઉચ્ચારસ્થાનમાં પાણસ્સનો ૧ ભેદ અને દેશાવગાસિક વગેરેનો ૧ ભેદ એમ કુલ-૨૧ ભેદ અથવા ૨૧ ઉચ્ચારસ્થાન છે.

એકાશનાદિ જે આહારવાળા પચ્ચક્ખાણો છે, તેમાં અંતર્ગતપણે જે જુદા જુદા પ્રકારનાં પાંચ પચ્ચક્ખાણ ઉચ્ચરાવવામાં આવે છે, તે પાંચ સ્થાન કહેવાય છે. તે પાંચ પચ્ચક્ખાણના જુદા જુદા પાઠ તે પાંચ પ્રકારના ઉચ્ચારસ્થાન કહેવાય છે. જેમ એકાશન પચ્ચક્ખાણમાં "નમુક્કારસહિઅં પોરિસી" આદિ પાંચમાંથી એક અદ્ધા પચ્ચક્ખાણ અને મુટ્ઠિસહિઅં આદિ આઠમાંથી એક સંકેત પચ્ચક્ખાણ એ બે મળી પહેલું ઉચ્ચારસ્થાન. ત્યારબાદ વિગઈનું પચ્ચક્ખાણ તે બીજું ઉચ્ચારસ્થાન. તેમાં ૬ વિગઈમાંથી એક પણ વિગઈનો ત્યાગ ન કર્યો હોય તો પણ ૪ મહાવિગઈનો ત્યાગ હોવાથી તે અવશ્ય ઉચ્ચરાવાય છે. એકાશનનો પાઠ

ઉચ્ચરાવાય તે ત્રીજું ઉચ્ચારસ્થાન, પાણસ્સનો પાઠ ઉચ્ચરાવાય તે ચોથું ઉચ્ચારસ્થાન તથા સવારે અને સાંજે દેશાવગાસિકનું પચ્ચક્ખાણ અથવા સાંજે દિવસચરિમં કે પાણહારનું પચ્ચક્ખાણ ઉચ્ચરાવાય તે પાંચમું ઉચ્ચારસ્થાન છે. આ રીતે એકાશન પચ્ચક્ખાણમાં પાંચ પેટા પચ્ચક્ખાણ આવે છે, તે પાંચ ઉચ્ચારસ્થાન કહેવાય છે.

જે ૨૧ પચ્ચક્ખાણો છે તેના ઉચ્ચારપાઠ જુદા નથી, પરંતુ તે ૨૧ પચ્ચક્ખાણ ઉચ્ચરાવવામાં જે મુખ્ય પાંચ જ પાઠ છે તે પાંચ ઉચ્ચારસ્થાન ગણાય છે.

**નમુ પોરિસી સડ્ઢા પુરિ-મવડ્ઢ અંગુટ્ઠમાઇ અડ તેર ।**
**નિવિવિગઇં-બિલતિય તિય, દુઇગાસણ એગઠાણાઈ ॥૭॥**

પ્રથમ ઉચ્ચારસ્થાનના ૧૩ ભેદ નીચે મુજબ છે. (૧) નવકારશી* (૨) પોરિસી (૩) સાઢપોરિસી (૪) પુરિમઢ્ઢ (૫) અવઢ્ઢ (૬) થી (૧૩) અંગુઢ્ઢસહિઅં આદિ ૮.

બીજા ઉચ્ચારસ્થાનમાં નીવિ, વિગઈ અને આયંબિલ એ ૩ ઉચ્ચારભેદ છે.

ત્રીજા ઉચ્ચારસ્થાનમાં એકાસણું, બિયાસણું અને એકલઠાણું એ ૩ ઉચ્ચારભેદ છે.

ચોથા અને પાંચમા ઉચ્ચારસ્થાનમાં પાણસ્સ અને દેશાવગાસિકનો એકેક ઉચ્ચારભેદ છે.

એકાશનમાં ૫ ઉચ્ચારસ્થાન છે. ૧લું સંકેત સહિત અદ્ધા પચ્ચક્ખાણનું, બીજું વિગઈનું, ત્રીજું એકાશનનું, ચોથું પાણસ્સનું, પાંચમું દેશાવગાસિકનું અથવા દિવસચરિમંનું...

બિયાસણમાં ૫ ઉચ્ચારસ્થાન એકાશનની જેમ ફક્ત ત્રીજા એકાશનને બદલે બિયાસણનું.

એકઠાણામાં ૫ ઉચ્ચારસ્થાન, એકાશનની જેમ ફક્ત ચોથા એકાશનને બદલે એકલઠાણાનું.

આયંબિલમાં ૫ ઉચ્ચારસ્થાન, એકાશનની જેમ ફક્ત બીજા વિગઈના બદલે આયંબિલના પચ્ચક્ખાણનું.

નીવિમાં ૫ ઉચ્ચારસ્થાન, એકાશનની જેમ ફક્ત બીજા વિગઈના બદલે

---

* અહીં એકાશનાદિ પચ્ચક્ખાણમાં નવકારશીનું ઉચ્ચારસ્થાન બતાવેલ છે.

નીવિના પચ્ચક્ખાણનું.

**પઢમંમિ ચઉત્થાઈ, તેરસ બીયંમિ તઇય પાણસ્સ ।**

**દેસવગાસં તુરિએ, ચરિમે જહસંભવં નેયં ॥૮॥**

તિવિહાર ઉપવાસમાં ૫ ઉચ્ચારસ્થાન છે. પહેલા ઉચ્ચારસ્થાનમાં ચતુર્થ ભક્તથી ચોત્રીશ ભક્ત સુધીનું પચ્ચક્ખાણ, બીજા ઉચ્ચારસ્થાનમાં નમુક્કારસહિયં* આદિ ૧૩ પચ્ચક્ખાણ, ત્રીજા ઉચ્ચારસ્થાનમાં પાણસ્સનું પચ્ચક્ખાણ, ચોથા ઉચ્ચારસ્થાનમાં દેશાવગાસિકનું પચ્ચક્ખાણ અને પાંચમા ઉચ્ચારસ્થાનમાં સાંજે યથાસંભવ પાણહારનું એટલે ચઉવિહારનું પચ્ચક્ખાણ હોય છે અથવા તે વખતે આયુષ્ય અલ્પ છે, એમ જાણી લે તો આયુષ્ય સુધી ચારે આહારના ત્યાગ સ્વરૂપ "ભવચરિમં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં" એ પચ્ચક્ખાણ હોય છે.

ચઉવિહાર ઉપવાસ હોય ત્યારે તેનું પચ્ચક્ખાણ ઉપવાસનો ઉચ્ચાર અને દેશાવગાસિકનો ઉચ્ચાર એમ બે ઉચ્ચારસ્થાનવાળું હોય છે.

બે એકાશન યુક્ત ૧ ઉપવાસ કરનારને સૂરે ઉગ્ગએ ચઉત્થભત્તઅબ્ભતટ્ઠં નો ઉચ્ચાર હોય છે અને બે એકાશન રહિત એક ઉપવાસ (ગઈ રાત્રે ચઉવિહાર ન કર્યો હોય તો પણ) સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠંનો ઉચ્ચાર હોય છે. છઠ્ઠ વગેરે પચ્ચક્ખાણમાં ચતુર્થ ભક્તની જેમ આગળ-પાછળ એકાશનનો નિયમ નથી.

પહેલા ભગવાનના શાસનમાં એક સાથે ૧૨ માસના ઉપવાસનું, બાવીશ તીર્થંકરના શાસનમાં ૮ માસના ઉપવાસનું અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પહેલા એક સાથે ૬ માસનું પચ્ચક્ખાણ અપાતું હતું. પરંતુ હાલ સંઘયણ બળ વગેરેની હાનિના કારણે ૧૬ ઉપવાસથી વધારે પચ્ચક્ખાણ ન આપી શકાય.

**તહ મજ્ઝપચ્ચખાણેસુ ન પિહુ સૂરુગ્ગયાઇ વોસિરઇ ।**

**કરણવિહિ ઉં ન ભન્નઇ, જહાવસીઆઇ બિયછંદે ॥૯॥**

વિશેષ ઉપરના વિગઈ, એકાસણ, બિયાસન વગેરે મધ્યના પચ્ચક્ખાણમાં સૂરે ઉગ્ગએ ઈત્યાદિ અને વોસિરઈ એ પદ જુદા જુદા ન કહેવા. જેમ દ્વાદશાવર્ત્ત વંદનમાં બીજી વારના વાંદણામાં આવસ્સિઆએ પદ પૂર્વાચાર્યોની પરંપરાથી બોલાતું નથી, તેમ વિગઈ-એકાશનાદિના પચ્ચક્ખાણમાં શરૂઆતમાં સૂરે ઉગ્ગએ કે ઉગ્ગએ સૂરે અને અંતે વોસિરઈ એ બે પાઠ સંબંધવાળા હોવા છતાં બોલવા નહિ એ કરણવિધિ=પરંપરા છે.

---

* અહીં ઉપવાસના પચ્ચક્ખાણમાં નવકારશીનું ઉચ્ચારસ્થાન બતાવેલ છે.

**तह तिविह पच्चखाणे, भन्नंति य पाणगस्स आगारा ।**
**दुविहाहारे अच्चित्त-भोइणो तह य फासुजले ॥१०॥**

તિવિહાર ઉપવાસ તથા એકાશન વગેરેમાં પાણસ્સનો આગાર ઉચ્ચરાવાય છે તથા એકાશન દુવિહારવાળું હોય તો તેમાં અચિત્તભોજીને પાણસ્સનો આગાર ઉચ્ચરાવાય તથા વ્રત વિનાનો છૂટો શ્રાવક પણ ઉષ્ણ-અચિત્ત જળ પીવાના નિયમવાળો હોય તેને પાણસ્સનો આગાર ઉચ્ચરાવી શકાય. આટલા સ્થાનોમાં પાણસ્સનો આગાર ઉચ્ચરાવાય.

આ પ્રમાણે સચિત્ત ભોજન અને સચિત્ત જળવાળાને પાણીના આગાર ન હોય. સચિત્ત ભોજન પણ જળ અચિત્ત હોય તો પાણીના આગાર હોય. અચિત્ત ભોજન અને જળ સચિત્ત હોય તો પાણીના આગાર ન હોય અને અચિત્ત ભોજન અને અચિત્ત જળમાં પાણીનો આગાર હોય છે. પરંતુ વિશેષતા એ છે કે જો શ્રાવકે તિવિહાર એકાશન કર્યું હોય તો સચિત્ત આહાર-પાણીનો ત્યાગ કરવો અને પાણસ્સના આગાર ઉચ્ચરવા. પરંતુ દુવિહારી એકાશનાદિમાં સચિત્તનો ત્યાગ ન કર્યો હોય તો પાણસ્સના આગાર ન ઉચ્ચરવા.

અચિત્ત જળ વાપરનારને પાણસ્સના આગાર ઉચ્ચરવા પણ એ અચિત્ત જળ કયા કયા વ્રતમાં કોણે પીવું તે સંબંધી જણાવે છે કે -

**इत्तुच्चिय खवणंबिल-निविआइसु फासुयं चिय जलं तु ।**
**सड्ढा वि पियंति तहा, पच्चक्खंति य तिहाहारं ॥११॥**

અચિત્ત ભોજન અને અચિત્ત જળ પીવાનો નિયમ હોવાથી જ શ્રાવકો પણ ઉપવાસ, આયંબિલ અને નીવિ તેમજ એકાશન વગેરેમાં પણ અચિત્ત ભોજી શ્રાવકો અચિત્ત જળ પીએ અને વિશેષથી તિવિહારનું પચ્ચક્ખાણ કરે.

સચિત્ત ભોજીને પણ ઉપવાસ, આયંબિલ અને નીવિ, એ ત્રણ પચ્ચક્ખાણ તો તિવિહાર અને ચઉવિહાર જ હોય અને તેથી એ ત્રણ વ્રતમાં પાણી અચિત્ત જ પીવું જોઈએ અને એકાશનાદિમાં યથાસંભવ દુવિહાર, તિવિહાર અને ચઉવિહાર એમ ત્રણે પ્રકારે હોય છે. ત્યાં દુવિહારમાં અચિત્તનો નિયમ નથી.

**चउहाहारं तु नमो, रत्तिंपि मुणीण सेस तिह चउहा ।**
**निसि पोरिसिपुरिमेगा-सणाइ सड्ढाण दुतिचउहा ॥१२॥**

મુનિને નવકારશીનું પચ્ચક્ખાણ તથા રાત્રિનું દિવસચરિમં પચ્ચક્ખાણ ચઉવિહારવાળું જ હોય અને બાકીના પોરિસી આદિ પચ્ચક્ખાણ તિવિહાર,

ચઉવિહાર એમ બે પ્રકારે હોય છે. ગ્લાન-માંદગી આદિના ગાઢ કારણે મુનિને ક્વચિત્ દુવિહાર પણ હોય તથા શ્રાવકને રાત્રિનું દિવસચરિમંનું પચ્ચક્ખાણ અને પોરિસી પુરિમઢ્ઢ તથા એકાશન વગેરે પચ્ચક્ખાણો દુવિહાર, તિવિહાર, ચઉવિહાર એમ ત્રણ પ્રકારનાં હોય છે. પરંતુ શ્રાવકને પણ નવકારશીનું પચ્ચક્ખાણ, ચઉવિહાર જ હોય છે. કારણ કે નવકારશી તે ગઈ રાત્રિના ચઉવિહાર પચ્ચક્ખાણનું તીરણ=કાંઈક અધિક કરવા રૂપ પણ કહ્યું છે. આ પ્રમાણે -

| | |
|---|---|
| **નવકારશી** | - **મુનિને તથા શ્રાવકને ચઉવિહાર** |
| પોરિસી, સાઢપોરિસી | - મુનિને તિવિહાર ચઉવિહાર (ગાઢ કારણે જ દુવિહાર) |
| પુરિમઢ્ઢ, અવઢ્ઢ | - શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર |
| એકાશન | - મુનિને તિવિહાર ચઉવિહાર (ગાઢ કારણે જ દુવિહાર) |
| એકલઠાણું | - શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર (પરંતુ એકલઠાણું જમ્યા પછી ચઉવિહાર જ) |
| આયંબિલ, નીવિ, | - મુનિને તથા શ્રાવકને તિવિહાર, ચઉવિહાર |
| ઉપવાસ ભવચરિમં | - (અપવાદે નીવિ, દુવિહાર પણ થાય પણ તે વ્યવહારમાર્ગ નથી) |
| સંકેત પચ્ચક્ખાણ | - મુનિને તિવિહાર, ચઉવિહાર, શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર |
| રાત્રિ પચ્ચક્ખાણ | - મુનિને ચઉવિહાર |
| (દિવસ ચરિમં) | - શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર પરંતુ એકાશનાદિ વિશેષ વ્રતોમાં ચઉવિહાર |

એકાશનાદિ વ્રતોમાં યથાસંભવ જ્યાં જ્યાં દુવિહાર કહ્યો છે, તે મુનિને જ કોઈ ગાઢ કારણે જ હોય પરંતુ શ્રાવકોએ પણ કારણે જ દુવિહાર કરવો. વિશેષતઃ તિવિહાર કે ચઉવિહાર જ કરવો જોઈએ.

એકાશનમાં ભોજન કરવા સિવાયના સમયમાં પાણી અને સ્વાદિમની છૂટ હોય તે દુવિહાર એકાશન વગેરે કહેવાય અને ભોજન સિવાયના સમયમાં ફક્ત પાણી પીવાની છૂટ તે તિવિહાર એકાશનાદિ કહેવાય.

આ પ્રમાણે ચાર પ્રકારની વિધિના દ્વારનું વિસ્તારથી વર્ણન પૂર્ણ થયું.

**ખુહપસમ ખમેગાગી, આહારિ વ એઇ દેઇ વા સાયં ।**
**ખુહિઓ વ ખિવઇ કુટ્ઠે, જં પંકુવમં તમાહારો ॥૧૩॥**
**અસણે મુગ્ગો-અણ-સત્તુ મંડ-પય-ખજ્જ-રબ્બ-કંદાઈ ।**
**પાણે કંજિય-જવ-કયર-કક્કડોદગ સુરાઇ જલં ॥૧૪॥**
**ખાઇમિ ભત્તોસ ફલા-ઇ સાઇમે સુંઠિ જીર અજમાઈ ।**
**મહુ ગુલ તંબોલાઈ, અણહારે મોઅ નિંબાઇ ॥૧૫॥**

## (૩) ચાર પ્રકારનો આહાર :-

**આહાર :-** (૧) જે એકલું હોવા છતાં પણ ભૂખ શાંત કરવા સમર્થ હોય અથવા (૨) આહારમાં આવતું હોય અથવા (૩) આહારમાં સ્વાદ આપતું હોય અથવા (૪) ભૂખ્યો મનુષ્ય જે કાદવ જેવા નિરસ દ્રવ્યને પેટમાં નાખે તે ચાર લક્ષણવાળો આહાર કહેવાય.

જે પદાર્થ એકલો એટલે બીજામાં મિશ્ર થયા વગર ભૂખ શમાવવા માટે સમર્થ હોય તે આહાર કહેવાય. એ પ્રથમ લક્ષણવાળો આહાર ચાર પ્રકારનો છે. (૧) અશન (૨) પાન (૩) ખાદિમ (૪) સ્વાદિમ.

કૂર એટલે રાંધેલા ભાત વગેરે અશન, છાશની આછ તથા પાણી વગેરે પાન, ફળ, શેરડી વગેરે ખાદિમ અને સૂંઠ, મુખવાસ વગેરે સ્વાદિમ. એ આહારનું પ્રથમ લક્ષણ.

ભૂખ શમાવવા માટે સમર્થ ન હોય એવો એકલો આહાર અશનાદિકમાં મિશ્ર થઈને તેના ગુણમાં કે રસમાં વિશેષતા કરતો હોય તે બીજું લક્ષણ.

અશનાદિકના સ્વાદમાં વધારો કરતો હોય તેવો પદાર્થ આહાર સાથે મિશ્ર હોય કે ન હોય તો પણ તે આહાર કહેવાય તે ત્રીજું લક્ષણ.

બીજા અને ત્રીજા લક્ષણના ભેગા ઉદાહરણમાં અશનમાં મીઠું-હિંગ-જીરુ વગેરે પાણીમાં કપૂર વગેરે. ફળાદિ ખાદિમમાં મીઠું, મરી વગેરે અને મુખવાસાદિ સ્વાદિમમાં કાથો વગેરે. અહીં મીઠું-હિંગ-જીરુ-કપૂર-મરી-કાથો ભૂખ શમાવવા માટે સમર્થ નથી, પણ આહારમાં ઉપકારી હોવાથી આહાર ગણાય છે.

ભૂખ્યો માણસ ભૂખ શમાવવા માટે કાદવ જેવું નિરસ, માટી વગેરે પણ ખાય તે આહારનું ચોથું લક્ષણ છે.

ઔષધમાં કેટલાક આહાર અને કેટલાક અનાહાર પણ હોય છે, તે વિશેષ ગ્રંથોથી જાણવું.

**અશન :**

અશન શબ્દનો વ્યુત્પત્તિ અર્થ બે રીતે થાય છે.

**आशु**=શીઘ્ર ભૂખને ઉપશમાવે તે અશન અને **अश्यते भुज्यते** - જેનું ભોજન કરાય તે અશન. જો કે ફળાદિક સર્વ આહારી પદાર્થનું ભોજન કરાય છે, છતાં ભાત વગેરે અમુક પદાર્થો જ રૂઢિથી અશન ગણાય છે.

અશનમાં મગ વગેરે સર્વ કઠોળ, ભાત વગેરે સર્વ ધાન્ય, સાથુ એટલે લોટ-જુવાર-મગ વગેરે શેકીને બનાવેલો લોટ વગેરે, માંડા એટલે પૂડા, રોટલા, રોટલી વગેરે, દૂધ, દહીં, ઘી વગેરે, ખાજા વગેરે સર્વ પકવાન્ન મોદક વગેરે, રાબ વગેરે સર્વ જાતિની ઘેંસ, કંદ વગેરે વનસ્પતિના કંદમૂળ, ફળાદિકનાં રંધાયેલા શાક વગેરે. આની અશનમાં ગણતરી થાય છે.

**પાન :**- પ્રાણોને ઉપકાર કરે તે પાન અથવા **पीयते**=પીવાય તે પાન. કાંજીનું પાણી એટલે છાશની આછ, જવનું પાણી, કેરનું પાણી અને ચીભડા વગેરે ફળોની અંદર રહેલું પાણી તથા મદિરા વગેરે પાણી એ સર્વે પાણી, પાન આહારમાં ગણાય છે.

તિવિહાર પચ્ચક્ખાણવાળાને એ પાણી કલ્પે નહિ. પરંતુ નદી, કૂવા, તળાવ વગેરેનાં પાણી કે જે બીજા પાણીથી મિશ્ર ન થયા હોય તેવાં જ શુદ્ધ પાણી તિવિહારમાં કલ્પે.

**ખાદિમ :- खाद्यते**=જે ખવાય તે ખાદિમ અથવા **ख**=આકાશ એટલે મુખની જગા. તેમાં **माति**=સમાય તે ખાદિમ. જે વસ્તુઓને ખાવાથી ભૂખની પૂર્ણ શાંતિ ન થાય તો પણ કાંઈક સંતોષ થાય તેવી વસ્તુઓ ખાદિમમાં ગણાય.

શેકેલાં ધાન્ય, મમરા, પૌંઆ, શેકેલા ચણા, દાળિયા, શેકેલા મગ વગેરે તથા ખજૂર, ખારેક, નાળિયેર તથા બદામ, દ્રાક્ષ, કાજુ વગેરે મેવા, કેરી, ચીભડાં, સફરજન, ચીકુ વગેરે ફળો, શેરડી વગેરે તથા કોઠવડી, આમળા ગંઠી-આંબાગોળી, કોઠીપત્ર, લિંબુઈ પત્ર વગેરે ખાદિમ જાણવા તે દુવિહાર પચ્ચક્ખાણમાં ન કલ્પે.

**સ્વાદિમ :- स्वाद्यते** - જેનો આસ્વાદ કરાય તે સ્વાદિમ તથા ગોળ-સાકર વગેરે દ્રવ્યોને અને રસ વગેરે ગુણોને તેમજ રાગદ્વેષ રહિત આસ્વાદન કરવાથી સંયમીના સંયમગુણોને જે **स्वादयते** - સ્વાદ પમાડે તે સ્વાદિમ અથવા જેનું

આસ્વાદન કરતાં તે વસ્તુઓ પોતાના માધુર્યાદિ ગુણોને **सादयति** - નાશ પમાડે તે સ્વાદિમ. સૂંઠ-હરડે-પીપર-મરી-જીરુ-અજમો-જાયફળ-કાથો-જેઠીમધ-કેસર-એલચી-લવિંગ-સોપારી-મુખવાસ વગેરે દુવિહારમાં કલ્પે.

જીરુ સ્વાદિમ અને ખાદિમમાં પણ ગણાય. એમ બે મત છે તથા અજમાને પણ કેટલાક આચાર્યો ખાદિમ કહે છે.

મધ-ગોળ-ખાંડ-સાકર પણ સ્વાદિમમાં ગણાય, પણ તૃપ્તિ કરનાર હોવાથી દુવિહારમાં કલ્પે નહિ.

**અનાહારી વસ્તુઓ :-** આહારનું સ્વરૂપ જણાવ્યા પછી અણાહારી ચીજો કે જે આહાર સ્વરૂપ નથી, તે નીચે મુજબ છે.

લીમડાના અંગ (પત્ર-છાલ-કાષ્ઠ-ફળ-ફૂલ વગેરે) ગોમૂત્ર વગેરે મૂત્ર-ગળો-કડુ-કરિયાતુ-અતિવિષ-ચીડ-રાખ-ઉપલેટ-ત્રિફલા ઈત્યાદિ.

**દો નવકારિ છ પોરિસિ, સગ પુરિમડ્ઢે ઇગાસણે અટ્ઠ ।**
**સત્તેગઠાણિ અંબિલિ; અટ્ઠ પણ ચઉત્થિ છપ્પાણે ॥૧૬॥**

**ચઉ ચરિમે ચઉભિગ્ગહિ, પણ પાવરણે નવટ્ઠ નિવ્વીએ ।**
**આગારુક્ખિત્તવિવેગ-મુત્તુ દવવિગઇ નિયમિટ્ઠ ॥૧૭॥**

**અન્ન સહ દુ નમુક્કારે, અન્ન સહ પ્પચ્છ દિસ ય સાહુ સવ્વ ।**
**પોરિસિ છ સડ્ઢપોરિસિ, પુરિમડ્ઢે સત્ત સમહત્તરા ॥૧૮॥**

**અન્ન સહસ્સાગારિ અ, આઉંટણ ગુરુ અ પારિ મહ સવ્વ ।**
**એગ-બિયાસણિ અટ્ઠ ઉ, સગ ઇગઠાણે અઉંટ વિણા ॥૧૯॥**

**અન્ન સ્સહ લેવા ગિહ, ઉક્ખિત્ત પડુચ્ચ પારિ મહ સવ્વ ।**
**વિગઈ નિવ્વિગએ નવ, પડુચ્ચવિણુ અંબિલે અટ્ઠ ॥૨૦॥**

**અન્ન સહ પારિ મહ સવ્વ પંચખમ (વ) ણે છ પાણિલેવાઈ ।**
**ચઉ ચરિમંગુટ્ઠાઈ-ભિગ્ગહિ અન્ન સહ મહ સવ્વ ॥૨૧॥**

**પોરિસિ-સડ્ઢ-અવડ્ઢં, દુભત્ત-નિવ્વિગઇ પોરિસાઇ સમા ।**
**અંગુટ્ઠ-મુટ્ઠિ-ગંઠી-સચિત્ત દવ્વાઇ ભિગ્ગહિયં ॥૨૩॥**

**વિસ્સરણમણાભોગો; સહસાગારો સયં મુહપવેસો ।**
**પચ્છન્નકાલ મેહાઈ, દિસિવિવજ્જાસુ દિસિમોહો ॥૨૪॥**

**સાહુવયણ ઉગ્ઘાડા-પોરિસિ તણુસુત્થયા સમાહિત્તિ ।**
**સંઘાઇકજ્જ મહત્તર, ગિહત્થબન્દાઇ સાગારી ॥૨૫॥**

**આઉંટણ-મંગાણં, ગુરુપાહુણસાહુ ગુરુ અભુટ્ઠાણં ।**
**પરિઠાવણ વિહિગહિએ, જઈણ પાવરણિ કડિપટ્ટો ॥૨૬॥**

**ખરડિય લૂહિય ડોવા-ઇ લેવ સંસટ્ઠ ડુચ્ચ મંડાઈ ।**
**ઉક્ખિત્ત પિંડ વિગઈ-ણ મક્ખિયં અંગુલીહિં મણા ॥૨૭॥**

**લેવાડં આયામાઇ ઇયર સોવીર-મચ્છમુસિણજલં ।**
**ધોયણ બહુલ સસિત્થં, ઉસ્સેઇમ ઇયર સિત્થવિણા ॥૨૮॥**

## (૪) ૨૨ આગાર :-

(૧) અન્નત્થણાભોગેણં
(૨) સહસાગારેણં
(૩) મહત્તરાગારેણં
(૪) સવ્વસમાહિવત્તિયાગારેણં
(૫) પચ્છન્નકાલેણં
(૬) દિસામોહેણં
(૭) સાહુવયણેણં
(૮) લેવાલેવેણં
(૯) ગિહત્થસંસટ્ઠેણં
(૧૦) ઉક્ખિત્તવિવેગેણં
(૧૧) પડુચ્ચમક્ખિએણં
(૧૨) પારિટ્ઠાવણિયાગારેણં
(૧૩) સાગારિયાગારેણં
(૧૪) આઉંટણપસારેણં
(૧૫) ગુરુઅબ્ભુટ્ઠાણેણં
(૧૬) ચોલપટ્ટાગારેણં
(૧૭) લેવેણ વા
(૧૮) અલેવેણ વા
(૧૯) અચ્છેણ વા
(૨૦) બહુલેવેણ વા
(૨૧) સસિત્થેણ વા
(૨૨) અસિત્થેણ વા

આ ૨૨ આગારમાંથી કયા પચ્ચક્ખાણમાં કેટલા આગાર હોય છે તે જણાવે છે -

(૧) નવકારશીમાં ૨ આગાર (૨) પોરિસીમાં ૬ આગાર

(૩) સાઢપોરિસીમાં ૬ આગાર (૪) પુરિમઢ્ઢમાં ૭ આગાર

(૫) અવઢ્ઢમાં ૭ આગાર (૬) એકાસણમાં ૮ આગાર

(૭) બિયાસણમાં ૮ આગાર (૮) એકલઠાણામાં ૭ આગાર

(૯) વિગઈમાં ૯ આગાર (૧૦) નીવિમાં ૯ અથવા ૮ આગાર છે - જો

પિંડવિગઈ અને દ્રવવિગઈ બંનેનું પચ્ચક્ખાણ હોય તો ૯ આગાર અને એકલા દ્રવવિગઈના પચ્ચક્ખાણમાં ઉક્ખિત્તવિવેગેણં આગાર છોડીને ૮ આગાર હોય છે. જેનું સ્વરૂપ આગળ સમજાવાશે.

(૧૧) આંયંબિલમાં ૮ આગાર (૧૨) ચતુર્થભક્ત (ઉપવાસ)માં ૫ આગાર

(૧૩) પાણસ્સના પચ્ચક્ખાણમાં ૬ આગાર (૧૪) દિવસચરિમં અને ભવચરિમં એ પચ્ચક્ખાણમાં ૪ આગાર

(૧૫) અભિગ્રહ પચ્ચક્ખાણમાં ૪ આગાર - અભિગ્રહ શબ્દથી ૮ પ્રકારના સંકેત પચ્ચક્ખાણ તેમજ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચાર પ્રકારના અભિગ્રહમાં ૪ આગાર જાણવા. (૧૬) પ્રાવરણ એટલે વસ્ત્રના પચ્ચક્ખાણમાં ૫ આગાર હોય છે.

હવે કયા પચ્ચક્ખાણમાં કયા કયા આગાર હોય છે તે જણાવે છે.

(૧) નવકારશીના પચ્ચક્ખાણમાં અન્નત્થણાભોગેણં અને સહસાગારેણં બે આગાર હોય છે. (૨) પોરિસી અને (૩) સાઢપોરિસીમાં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં અને સવ્વસમાહિ-વત્તિયાગારેણં એમ ૬ આગાર હોય છે. (૪) પુરિમઢ્ઢ અને (૫) અવઢ્ઢ પચ્ચક્ખાણમાં અન્નત્થણાભોગેણં સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં **મહત્તરાગારેણં,** સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૭ આગાર હોય છે.

અહીં નવકારશી પચ્ચક્ખાણ અલ્પકાળનું એટલે સૂર્યોદયથી બે ઘડીનું હોવાથી અશક્ય પરિહારવાળા બે જ આગાર છે અને પોરિસી આદિ વિશેષ કાળ પ્રમાણવાળા હોવાથી આગાર વધારે છે.

(૬)-(૭) એકાસણામાં તથા બિયાસણામાં અન્નત્થણાભોગેણં[૧] સહસાગારેણં[૨] સાગારિયાગારેણં[૩], આઉંટણપસારેણં[૪], ગુરુઅબ્ભુટ્ઠાણેણં[૫], પારિટ્ઠાવણિયા-ગારેણં[૬], મહત્તરાગારેણં[૭] અને સવ્વસમાહિવત્તિયાગારેણં[૮] એ ૮ આગાર હોય છે.

(૮) એકલઠાણામાં આઉંટણપસારેણં વિના ૭ આગાર હોય છે. "આઉંટણપસારેણં" આગાર હાથ-પગને સંકોચવા અને પ્રસારવાની છૂટ માટે છે. જ્યારે એકલઠાણામાં હાથપગને લાંબા-ટૂંકા કરવાની છૂટ હોતી નથી, માટે એ આગાર ન હોય.

(૯)-(૧૦) વિગઈ અને નીવિમાં અન્નત્થણાભોગેણં[૧], સહસાગારેણં[૨], લેવાલેવેણં[૩], ગિહત્થસંસટ્ઠેણં[૪], ઉક્ખિત્તવિવેગેણં[૫], પડુચ્ચમક્ખિએણં[૬], પારિટ્ઠાવણિયાગારેણં[૭], મહત્તરાગારેણં[૮], સવ્વસમાહિવત્તિયાગારેણં[૯] એ ૯

આગાર હોય છે. ત્યાં પિંડવિગઈ અને દ્રવવિગઈ એ બંને સંબંધી નીવિમાં ૯ આગાર અને કેવળ દ્રવ્યવિગઈ સંબંધી નીવિમાં 'ઉક્ખિત્તવિવેગેણં' આગાર છોડીને ૮ આગાર હોય છે. જેમ નીવિમાં ૯ અને ૮ આગાર બતાવ્યા તેમ છૂટી વિગઈના પચ્ચક્ખાણમાં કેવળ પિંડવિગઈનું પચ્ચક્ખાણ કરે તો ૯ આગાર અને કેવળ દ્રવવિગઈનું પચ્ચક્ખાણ કરે તો 'ઉક્ખિત્તવિવેગેણં' છોડીને ૮ આગાર જાણવા.

(૧૧) આયંબિલમાં ઉપરના ૯ આગારમાંથી 'પડુચ્ચમક્ખિએણં' વિના ૮ આગાર જાણવા. આયંબિલમાં ઘી વગેરે સ્નિગ્ધ ચીકાશવાળું દ્રવ્ય કલ્પે નહિ અને પડુચ્ચમક્ખિએણં આગાર ઘી વગેરેથી કિંચિત્ મસળેલી રોટલી વગેરેના આહારની છૂટવાળો છે માટે આયંબિલમાં એ આગાર ન હોય.

(૧૨) ઉપવાસમાં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં અને સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૫ આગાર હોય છે.

(૧૩) પાણીના પચ્ચક્ખાણમાં લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા અને અસિત્થેણ વા એ છ આગાર છે.

(૧૪) દિવસચરિમં તથા ભવચરિમં પચ્ચક્ખાણમાં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૪ આગાર છે. વિશેષતા એ છે કે ભવચરિમં પચ્ચક્ખાણ કોઈ સમર્થ મહાત્મા મહત્તરાગારેણં અને સવ્વસમાહિવત્તિયાગારેણં બે આગારનું મારે ભવિષ્યમાં પ્રયોજન નથી, તો તે બે આગારવાળું પણ હોય.

(૧૫) અંગુટ્ઠસહિયં આદિ અભિગ્રહ પચ્ચક્ખાણો અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૪ આગારવાળા હોય છે.

(૧૬) પ્રાવરણ પચ્ચક્ખાણ જિતેન્દ્રિય મુનિઓ જે ચોલપટ્ટ પણ નહિ પહેરવાનો અભિગ્રહ વિશેષ કરે છે તેમાં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, ચોલપટ્ટાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં એમ ૫ આગાર હોય છે.

# આગાર યંત્ર

| ક્રમ | પચ્ચક્ખાણ | કેટલા આગાર | કયા આગાર |
|---|---|---|---|
| ૧ | નવકારશી | ૨ | અન્ન૦ સહ૦ |
| ૨ | પોરિસી | ૬ | અન્ન૦ સહ૦ પચ્છન્ન૦ દિસા૦ સાહુ૦ સવ્વ૦ |
| ૩ | સાઢપોરિસી | ૬ | પૂર્વવત્ ૬ |
| ૪ | પુરિમઢ્ઢ | ૭ | પૂર્વવત્ ૬+મહત્તરાગારેણં |
| ૫ | અવઢ્ઢ | ૭ | પૂર્વવત્ ૬+મહત્તરાગારેણં |
| ૬ | એકાસણ | ૮ | અન્ન૦ સહ૦ સાગારિ૦ આઉંટ૦ ગુરુ૦ પારિટ્ઠા૦ મહ૦ સવ્વ૦ |
| ૭ | બિયાસણ | ૮ | ,, ,, ,, |
| ૮ | એકલઠાણું | ૭ | આઉંટ૦ વિના એકાશનની જેમ |
| ૯ | વિગઈ | ૯ | અન્ન૦ સહ૦ લેવા૦ ગિહત્થ૦ ઉક્ખિત્ત૦ પડુચ્ચ૦ પારિટ્ઠા૦ મહ૦ સવ્વ૦ |
| ૧૦ | નીવિ | ૯ | વિગઈની જેમ પરંતુ દ્રવવિગઈ સંબંધી ઉક્ખિત્ત૦ વિના |
| ૧૧ | આંયંબિલ | ૮ | પડુચ્ચ૦ વિના વિગઈની જેમ |
| ૧૨ | ઉપવાસ | ૫ | અન્ન૦ સહ૦ પારિટ્ઠા૦ મહ૦ સવ્વ૦ |
| ૧૩ | પાણહાર | ૬ | લેવે૦ અલેવે૦ અચ્છે૦ બહુલે૦ સસિત્થે૦ અસિત્થે૦ |
| ૧૪ | દિવસચરિમં ભવચરિમં દેશાવગાસિક | ૪ | અન્ન૦ સહ૦ મહ૦ સવ્વ૦ |
| ૧૫ | અભિગ્રહ | ૪ | ,, ,, ,, |
| ૧૬ | પ્રાવરણ (વસ્ત્ર) | ૫ | અન્ન૦ સહ૦ ચોલપટ્ટાગા૦ મહ૦ સવ્વ૦ |

ઉપરના કોઠા મુજબ પોરિસી, સાઢપોરિસી એ બેના, પુરિમઢ્ઢ અને અવઢ્ઢ એ બેના, એકાસણા અને બિયાસણા એ બેના, નીવિ અને વિગઈ એ બેના અંગુઢ્ઢસહિયં, મુઢ્ઢિસહિયં આદિ ૮ સંકેત પચ્ચક્ખાણ અને અભિગ્રહ દેશાવગાસિક એ બેના આગારની સંખ્યા અને નામ પણ સરખા-સરખા છે.

નવકારશી પચ્ચક્ખાણમાં અન્ન૦ સહ૦ મહત્તરા૦ સવ્વસમા૦ આ ચાર આગાર બોલાય છે અને નવકારશીમાં બે આગાર જણાવ્યા છે તો ત્યાં શું સમજવું ?

ઉત્તર :- નવકારશીના અન્ન૦ અને સહ૦ એ બે જ આગાર છે. મુઢ્ઢિસહિયં પચ્ચક્ખાણ એમાં ભેગું છે. નવકારશી અદ્ધા પચ્ચક્ખાણ છે અને મુઢ્ઢિસહિયં સંકેત પચ્ચક્ખાણ છે અને સંકેત પચ્ચક્ખાણના ૪ આગાર હોય છે. એટલે નવકારશીના આગળના બે જ આગાર છે, પાછળના બે મુઢ્ઢિસહિઅંના કારણે ભેગા થયેલા છે.

તેવી જ રીતે પોરિસી અને સાઢપોરિસી પચ્ચક્ખાણમાં મુઢ્ઢિસહિઅં પચ્ચક્ખાણ હોવાથી મહત્તરાગારેણં આગાર આવે છે.

અહીં જે દોષ આપણે ટાળવાનો પ્રયત્ન કરીએ તોપણ ટાળી શકાય તેવા ન હોય તે અકસ્માત્ એટલે કુદરતી રીતે થતા હોય તે અશક્ય પરિહારવાળા કહેવાય. અન્નત્થણાભોગેણં અને સહસાગારેણં આગાર એ અશક્ય પરિહારવાળા છે, તે બે આગાર રાખ્યા વિના છૂટકો નથી. તેથી નિરાગાર=આગાર રહિત પચ્ચક્ખાણમાં પણ એ બે આગાર તો હોય જ.

હવે આગારોના અર્થ જણાવે છે.

**૧ અન્નત્થણાભોગેણં :-** સર્વ આગારોમાં પહેલો આગાર "અન્નત્થણાભોગેણં" છે, તેમાં "અન્નત્થ" અને "અનાભોગ" એ બે શબ્દ છે. ત્યાં **अन्नत्थ** એટલે અન્યત્ર (=સિવાય અથવા વર્જીને) એવો અર્થ છે અને **अनाभोग** શબ્દનો અર્થ તો વિસરી જવું એ પ્રમાણે ગાથામાં જ કહ્યો છે. તેથી જે પચ્ચક્ખાણ કર્યું છે તે પચ્ચક્ખાણ મતિદોષથી અથવા ભ્રાન્તિથી કદાચ ભૂલી જવાય અને તેથી ત્યાગ કરેલી ચીજ ભૂલથી ખાઈ લેવાય, અગર મુખમાં નાખી દેવાય તો તે **अनाभोग** કહેવાય, માટે એવો અનાભોગ (**अन्नत्थ=**) વર્જીને જ હું આ પચ્ચક્ખાણ કરું છું, એમ પચ્ચક્ખાણ લેતી વખતે તે છૂટ પ્રથમથી જ જણાવવા માટે પચ્ચક્ખાણના આલાવામાં **अन्नत्थणाभोगेणं** આગાર ઉચ્ચરવો પડે છે, જેથી વિસરી જતાં કદાચ તેવી ભૂલ થાય તો પણ કરેલા પચ્ચક્ખાણનો ભંગ (=પ્રતિજ્ઞા ભંગ) ગણાય નહિ (અથવા થાય નહિ).

વળી આ અને બીજા પણ આગારોના સંબંધમાં એટલું ધ્યાનમાં રાખવું કે ભૂલથી અથવા બીજા કોઈ પ્રકારથી ત્યાગ કરેલી ચીજ ખાઈ લેવામાં અગર મુખમાં નાખવામાં આવે તો સ્મરણમાં આવતાં તુરત જ ખાવાનું બંધ કરી મુખમાં ચાવતાં ચાવતાં પણ શેષ રહી ગયેલી ચીજ બહાર કાઢી નાખી મુખ-શુદ્ધિ કરી લેવી, પરંતુ ગળે ઉતારવી નહિ અને ફરીથી તેવી ભૂલ ન થાય તેમ પરિણામ પણ નિઃશંક-મલિન ન થાય એટલા માટે તેવી ભૂલોનું ગુરુમુખે યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત લેવું એ શુદ્ધ વ્યવહાર છે.

તથા "**अन्नत्थ**" (એટલે વર્જીને)એ શબ્દ જેમ "અનાભોગ" શબ્દ સાથે જોડવામાં આવ્યો છે, તેમ આગળ કહેવાતા સહસાકાર વગેરે બીજા આગારો સાથે પણ સંબંધવાળો છે, જેથી **अन्नत्थ सहसागारेणं-अन्नत्थ महत्तरागारेणं-अन्नत्थ सव्वसमाहिवत्तियागारेणं** ઈત્યાદિ રીતે સર્વે આગારમાં "अन्नत्थ" શબ્દ અનુસરે છે, પરંતુ ઉચ્ચારમાં વારંવાર ન બોલવાના કારણથી એ શબ્દને પહેલા ("અન્નત્થ" પદનું) અનુસરણ-સંબંધ તે દરેક પેટા પચ્ચક્ખાણના પ્રારંભમાં અનુસરતા "ઉગ્ગએ સૂરે વા સૂરે ઉગ્ગએ"ના પાઠવત્ અને પર્યંતમાં અનુસરતા "પચ્ચક્ખાઈ વા વોસિરઈ"ના (પાઠવત્) *આવે છે એમ જાણવું.

૨ **સહસાગારેણં** :- સહસા એટલે એકદમ અકસ્માત્ કોઈ કાર્ય થઈ જાય કે જે કાર્ય પોતે જાણી જોઈને ન કર્યું હોય, તેવાં સહસા કાર્યનો અકસ્માત્ કાર્યનો જે આગાર=છૂટ તે **सहसाकार** કહેવાય, જેમ કે - ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું હોય, અને છાશ વલોવતાં છાશનો છાંટો ઊડીને પોતાની મેળે મુખમાં પડી જાય તો તે સહસાકાર કહેવાય, માટે એવા સહસાકારથી પણ પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય, તે કારણથી **सहसागारेणं** આગાર રાખવામાં આવે છે.

૩ **પચ્છન્નકાલેણં** :- મેઘ વડે અથવા આકાશમાં મહાવાયુથી ચઢેલી ધૂળ વડે અથવા પર્વત વગેરેની આડથી સૂર્ય ઢંકાઈ જવાથી દિવસ કેટલો ચઢ્યો છે ? તેની સ્પષ્ટ ખબર પડે નહિ અને તેથી અનુમાનથી પોરિસી વગેરે પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ થયો જાણી તે પચ્ચક્ખાણ પારવામાં આવે, પરંતુ વાસ્તવિક રીતે પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ ન થયો હોય તો તેવા પ્રસંગે કરેલા પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે માટે **पच्छन्नकालेणं** (મેઘ વગેરેથી ઢંકાયેલા) કાળ વડે ભૂલથી અપૂર્ણ કાળે પચ્ચક્ખાણ પારી લેવાય તો પણ પચ્ચક્ખાણ ભંગ ન થાય એવો આગાર રાખવામાં આવે છે પરંતુ અહીં પચ્ચક્ખાણનો કાળ હજી પૂર્ણ નથી થયો એમ જાણવામાં આવે

* જુઓ ગાથા-૯મીનો ભાવાર્થ.

તો તુરત જ જમતાં જમતાં અટકી જવું અને બેસી રહેવું. પછી જ્યારે પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ થાય ત્યારે શેષ ભોજન જમવું અને જો કાળ પૂર્ણ નથી થયો એમ જાણ્યા છતાં પણ જમવાનું ચાલુ જ રાખે તો પચ્ચક્ખાણનો ભંગ થયો જાણવો.

**૪ દિસામોહેણં :-** પૂર્વ [૧]દિશાને પશ્ચિમ દિશા જાણે (અને [૨]પશ્ચિમને પૂર્વ દિશા જાણે), એવો દિશામોહ થતાં પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ ન થવા છતાં પણ પૂર્ણ થયો જાણી પચ્ચક્ખાણ પારે તો પણ કરેલા પચ્ચક્ખાણનો (પો૦ સાર્ધ પો૦ પુરિમ- અવ૦ એ ચારેનો અને એ ચાર સહિત થતાં બીજાં એકાશનાદિ પચ્ચક્ખાણનો પણ) ભંગ ન થાય - ન ગણાય, તે કારણથી **दिसामोहेणं** એ આગાર કહ્યો છે. અહીં દિગ્મૂઢ થવું =દિશામોહ થવો તે મતિદોષથી થાય છે, પરંતુ જાણી જોઈને થતો નથી માટે એ છૂટ રાખવી પડે છે.

**૫ સાહુવયણેણં :-** સૂર્યોદયથી ૬ ઘડી વીત્યા બાદ પહેલી [૩]સૂત્રપોરિસી પૂર્ણ થાય છે, તે વખતે પોરિસીનો કાળ પાદોનપોરિસી અથવા સૂત્રપોરિસી (પોણી પોરિસી) જેટલો થયેલો હોય છે, તે પાદોનપોરિસી અથવા સૂત્રપોરિસી થતાં મુનિ મહારાજ "ઉગ્ઘાડા પોરિસી" અથવા "બહુ પડિપુન્ના પોરિસી" કહીને મુહપત્તિ પડિલેહણા કરે, એવી સામાચારી (=મુનિનો વિધિમાર્ગ) છે, તે "ઉગ્ઘાડા પોરિસી" શબ્દથી પોરિસીના પચ્ચક્ખાણવાળો (પોરિસી પૂર્ણ થયાની) ભ્રાન્તિ ઉત્પન્ન થતાં "પોરિસી પૂર્ણ થઈ" એમ જાણી, પોણી પોરિસી વખતે જ એટલે પોરિસી પૂર્ણ થયા પહેલાં જ પચ્ચક્ખાણ પારે તો પણ પોરિસીના પચ્ચક્ખાણનો

---

૧-૨. એવી દિગ્મૂઢતા વખતે વાસ્તવિક રીતે સૂર્ય પૂર્વમાં જ હોય છે, પરંતુ તેને પશ્ચિમ જાણવાથી 'સૂર્ય પૂર્વ દિશા છોડીને પશ્ચિમ દિશામાં એટલે સુધી ખસી આવ્યો તેથી મધ્યાહ્નકાળ પણ વીતી જવાથી પોરિસી વગેરેનો કાળ તો ક્યારનોએ થઈ ગયો" એવો અભિપ્રાય ઉત્પન્ન થાય છે. તેથી પૂર્વને પશ્ચિમ જાણવાનો એક જ પ્રકાર કહેવા છતાં પણ પશ્ચિમને પૂર્વ જાણવાનો પ્રકાર તો અર્થાપત્તિથી જ પ્રાપ્ત થાય છે, જેથી એ બીજો પ્રકાર સ્પષ્ટ ન કહે તો પણ ગ્રહણ કરવામાં વિરોધ નથી, પરંતુ એ બે સિવાયના શેષ પ્રકારોનું ગ્રહણ કરવાનું અહીં કારણ નથી.'

૩ પહેલી ૬ ઘડી સુધીમાં સૂત્ર ભણી શકાય છે. માટે પહેલી **सूत्रपोरिसी**, અને બીજી ૬ ઘડી સુધીમાં અર્થ ભણાય માટે બીજી **अर्थपोरिसी** તે કારણથી જ મુનિ મહારાજ પ્રથમ (પાદોન) પોરિસીમાં અર્થાત્ સૂત્રપોરિસીમાં પહેલું સૂત્રનું વ્યાખ્યાન વાંચી સૂત્રપોરિસી પૂર્ણ થયે મુહપત્તિ પડિલેહી પુનઃ અર્થનું એટલે ચરિત્ર વગેરેનું બીજું વ્યાખ્યાન વાંચે છે, એ બે વ્યાખ્યાનની વચ્ચે સાધુ-સાધ્વી અને પૌષધવ્રતી શ્રાવકો પણ જે મુહપત્તિ પડિલેહે છે તે સૂત્ર પોરિસી પૂર્ણ થયાની અને તે વખતે શ્રાવિકાઓ વિશેષ સ્વાધ્યાય અર્થે ગહુંલી ગાય છે.

ભંગ ન થાય, તે કારણથી **साहुवयणेणं** (એટલે *"ઉગ્ઘાડા પોરિસી" એવું સાધુનું વચન સાંભળવા વડે) એ આગાર રાખવામાં આવે છે, પરંતુ પાછળથી માલૂમ પડે તો તેનો વિવેક પ્રથમ કહ્યા પ્રમાણે સાચવવો.

૬ **મહત્તરાગારેણં** :- પચ્ચક્ખાણથી થતી નિર્જરાની અપેક્ષાએ જેમાં **महत्तर**=ઘણી મોટી નિર્જરા થતી હોય તેવું સંઘનું અથવા ચૈત્યનું અથવા ગ્લાન મુનિ આદિનું કોઈ મોટું કાર્ય આવી પડ્યું હોય અને તે મહાન કાર્ય બીજા પુરુષથી થઈ શકે તેવું ન હોય તો તેવા પ્રસંગે પોરિસી આદિ પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ થયા પહેલાં પણ પોતે તે પચ્ચક્ખાણ પારીને જાય તો પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય તે કારણથી **महत्तरागारेणं**=એ આગાર રાખવામાં આવે છે.

૭ **સવ્વસમાહિવત્તિયાગારેણં** :- તીવ્ર શૂળ વગેરેની વેદનાથી અત્યંત પીડા પામતાં પ્રત્યાખ્યાનવાળા પુરુષને તે અતિ પીડાથી કદાચ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન થવાનો પણ સંભવ છે અને તેવા દુર્ધ્યાનથી તે જીવ દુર્ગતિમાં જાય છે, જેથી તેવું દુર્ધ્યાન થતું અટકાવવા માટે ઔષધાદિ લેવાના કારણે પોરિસી આદિ પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ થયા પહેલાં પણ તે વેદનાથી વ્યાકુળ થયેલો જીવ જો પોરિસી આદિ પચ્ચક્ખાણ પારે તો પણ પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય. તે માટે **सव्वसमाहिवत्तिया-गारेणं** આગાર રાખવામાં આવે છે. (અહીં દુર્ધ્યાનના **सव्व**=સર્વથા અભાવ વડે **समाहि**=સમાધિ એટલે શરીરની સ્વસ્થતા થવી તે **वत्तिय**=પ્રત્યય-હેતુ-કારણવાળા **आगारेण**=આગાર વડે પચ્ચક્ખાણ ભંગ ન ગણાય એ શબ્દાર્થ છે.)

અથવા તેવી પીડા પામતા સાધુ વગેરે ધર્મી આત્માઓનું ઔષધાદિ કરવા જનાર વૈદ્ય વગેરે પણ જો અપૂર્ણ કાળે પોરિસી આદિ પચ્ચક્ખાણ પારે તો તે વૈદ્યાદિકને પણ પચ્ચક્ખાણ ભંગ ન ગણાય. એ પ્રમાણે આ આગાર સાધુ આદિકને માટે અને વૈદ્યાદિકને માટે પણ છે. (ઈતિ ધર્મ સં. વૃત્તિ, પ્રવ૦ સારો૦ વૃત્તિ આદિ).

**સાગારિયાગારેણં** :- એકાશનાદિકમાં સાગારી આગાર આવે છે, ત્યાં **सागारी** એટલે (મુનિની અપેક્ષાએ) કોઈપણ ગૃહસ્થ અને (શ્રાવકની અપેક્ષાએ) જેની દૃષ્ટિથી અન્ન પચે નહિ એવો મનુષ્ય. અહીં તાત્પર્ય એ છે કે - મુનિ કોઈ પણ

---

* પોરિસીના પચ્ચક્ખાણનો કાળ સૂર્યોદયથી જુદા જુદા અનિયત પ્રમાણવાળો છે અને સૂત્રપોરિસીનો (=પાદોન પોરિસીનો) કાળ તો હંમેશાં સૂર્યોદયથી ૬ ઘડીનો નિયત હોય છે, માટે "ઉગ્ઘાડા પોરિસી" એ વચન પોરિસીના પચ્ચક્ખાણવાળાને ભ્રાન્તિ ઉત્પન્ન કરે છે અને તેથી અપૂર્ણ કાળે પચ્ચક્ખાણ પારવાનું બને છે.

ગૃહસ્થના દેખતાં ભોજન ન[1] કરે એવી સાધુ સામાચારી છે, તેથી એકાશન કરતી વખતે કોઈ ગૃહસ્થ આવી પડે અને જો તે વધારે સમય ઉભો નહિ રહે તેમ જણાય તો મુનિએ ક્ષણવાર ભોજન કરતાં અટકવું અને વધારે સમય ઉભો રહેશે એમ જણાય તો ભોજન કરતાં કરતાં વચમાં પણ ઊઠીને બીજે સ્થાને જઈ ભોજન કરે તો એકાશનનો ભંગ ન ગણાય. તે કારણથી **सागारिआगारेणं** એ આગાર રાખવામાં આવે છે. તેવી જ રીતે જેની દૃષ્ટિ પડવાથી ભોજન ન પચી શકે અને અવગુણ કરે તેવી દૃષ્ટિવાળો મનુષ્ય આવી પડતાં ગૃહસ્થ પણ એકાશન (ભોજન) કરતો વચમાં ઊઠીને[2] અન્ય સ્થાને જઈ ભોજન કરે. એ પ્રમાણે મુનિને તથા શ્રાવકને અંગે જે સાગારિક આગાર કહ્યો તે સાગારિકના ઉપલક્ષણથી (કેવળ સાગારિક જ નહિ પરંતુ) બન્દિ (ભાટ ચારણ આદિ) - સર્પ - અગ્નિભય-જળની રેલ તથા ઘરનું પડવું ઈત્યાદિ અનેક આગાર (આ સાગારિ આગારમાં) અન્તર્ગત જાણવા.

૯ **આઉંટણપસારેણં** :- એકાશનમાં હાથ, પગ વગેરે અવયવોને સ્થિર રાખી ઘણી વાર બેસી ન શકાય તો હાથ, પગ વગેરેને "આઉંટણ" આકુંચન કરતાં એટલે સંકોચતાં, તેમજ "પસારેણં" એટલે પસારતાં-લાંબા કરતાં એકાશનનો ભંગ ન ગણાય, તે કારણથી **आउंटणपसारेणं** આગાર રાખવામાં આવે છે.

૧૦ **ગુરુઅબ્ભુટ્ઠાણેણં** :- એકાશન કરતી વખતે ગુરુ મહારાજ પધારે અથવા તો કોઈ વડીલ પ્રાઘૂર્ણક સાધુ પધારે તો તેમનો વિનય સાચવવા માટે એકદમ ઊઠીને ઊભા થવું જોઈએ, માટે તે સમયે "અબ્ભુટ્ઠાણેણં" એટલે ઊભા[3] થતાં પણ એકાશનનો ભંગ ન ગણાય તે કારણથી **गुरुअब्भुट्ठाणेणं** આગાર રાખવામાં આવે છે, આ આગાર વિનયધર્મનું કેટલું પ્રાધાન્ય દર્શાવે છે !

૧૧ **પારિટ્ઠાવણિયાગારેણં** :- વિધિ વડે ગ્રહણ કરેલ એટલે વિધિપૂર્વક વહોરી

---

૧ તેનો હેતુ વિસ્તાર સહિત શ્રી હરિભદ્રસૂરિ કૃત અષ્ટકજીમાંથી (આહાર અષ્ટક નામના અષ્ટકમાંથી) જાણવા યોગ્ય છે.

૨ તેવી દૃષ્ટિ સિવાયનો કોઈ અન્ય ગૃહસ્થ ભોજન વખતે આવે તો તેને જમવાની યથાયોગ્ય નિમંત્રણા કરે અને નિમંત્રણા સ્વીકારે તો તેને વિવેકપૂર્વક જમાડે. તેમ જ બહાર માગણ વગેરે આવ્યા હોય તેમને યથાશક્તિ આપે, નિરાશ ન કરે. કારણ કે, ગૃહસ્થને દાનધર્મ મુખ્ય છે એટલે તેમને ભોજન વખતે ખુલ્લા દ્વાર રાખવાનું કહ્યું. કોઈ આવીને માગશે એવા ભયથી દ્વાર બંધ ન કરવું, નહિતર કૃપણતા અને એકલપેટાપણું ગણાય.

૩ આ આગાર ઊભા થવા માત્રનો છે, પણ ચાલીને સન્મુખ જવા માટેનો નથી.

લાવેલું હોય અને અન્ય મુનિઓએ વિધિપૂર્વક[૪] વાપરતાં તે ભોજન કિંચિત્ વધ્યું હોય તો તે પારિટ્ઠાવણીય એટલે પરઠવવા યોગ્ય (=સર્વથા ત્યજવા યોગ્ય) ગણાય છે; પરંતુ તે વધેલા ભોજનને પરઠવતાં અનેક દોષ જાણીને ગુરુ મહારાજ ઉપવાસ તથા એકાશનાદિ પચ્ચક્ખાણવાળા મુનિને એકાશનાદિ કરી લીધા બાદ પણ વાપરવાની આજ્ઞા કરે તો તે મુનિને ફરીથી આહાર વાપરતાં પણ ઉપવાસ તથા એકાશનાદિ પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય, તે કારણથી **पारिट्ठावणियागारेणं** આગાર રાખવામાં આવે છે. આ આગાર (આહાર)માં પચ્ચક્ખાણવાળા મુનિએ ગુરુની પવિત્ર આજ્ઞા જ આરાધવાની છે, પરંતુ આહાર ઉપર કિંચિત્માત્ર પણ લોલુપતા રાખવાની નથી, તેમજ "ગુરુમહારાજની આજ્ઞાથી આટલો પણ આહાર વાપરવાનું બન્યું તો ઠીક થયું, નહિતર આજે એકાશનાદિ પચ્ચક્ખાણ મને બહુ ભારી-આકરું થાત" ઈત્યાદિ રીતે પણ આહારની અનુમોદના કરવાની નથી. આ આગાર [૧]મુનિને જ હોય છે તથા અહીં એટલું વિશેષ છે કે - ઉપવાસ એકાશન વગેરે જો ચઉવિહારથી કરેલ હોય અને પરઠવવા યોગ્ય આહારમાં પણ અન્ન અને પાણી એ બન્ને ચીજ વધી હોય તો તે બે ચીજ ગ્રહણ કરવી કલ્પે, કારણ કે પાણી ન વધ્યું હોય અને કેવળ આહાર જ વધ્યો હોય તો ચઉવિહાર પચ્ચક્ખાણમાં મુખશુદ્ધિ કેવી રીતે થાય ? માટે આહાર સાથે પાણી પણ વધેલું હોવું જોઈએ અને જે મુનિએ ઉપવાસ વા એકાશન વગેરે તિવિહારથી કરેલ હોય તેને તો પાણી પીવાની પ્રથમથી જ છૂટ હોવાથી પાણી ન વધ્યું હોય અને કેવળ આહાર જ વધ્યો હોય તો એકલો આહાર ગ્રહણ કરવો પણ કલ્પે, કારણ કે તે વધેલો આહાર વાપરીને (તિવિહારથી છૂટા રહેલા) પાણી વડે તે મુખશુદ્ધિ કરી શકે છે.

તથા આ આગાર એકાશન=એકલઠાણું-આયંબિલ-નીવિ-ઉપવાસ-છટ્ઠ અને અટ્ઠમ સુધીના પચ્ચક્ખાણમાં હોય, તે ઉપરાંત દશભક્તાદિ (ચાર ઉપવાસ આદિ) પચ્ચક્ખાણમાં ન હોય તથા આ આગારના સંબંધમાં બીજો પણ વિશેષ વિધિ છે, તે સિદ્ધાંતથી જાણવા યોગ્ય છે.

---

૪ અહીં વિધિગ્રહિત અને વિધિભુક્ત
વિધિગ્રહિત અને અવિધિભુક્ત
અવિધિગ્રહિત અને વિધિભુક્ત
અવિધિગ્રહિત અને અવિધિભુક્ત
એ ૪ ભાંગામાંથી પહેલા ભાંગાવાળો આહાર આ આગારમાં કલ્પે, શેષ ત્રણ ભાંગોનો આહાર ન કલ્પે.

૧ શ્રાવકને એકાશનાદિ પચ્ચક્ખાણમાં આ આગાર ઉચ્ચરાવાય છે. તે પચ્ચ૦ નો આલાપક (આલાવો-પાઠ) ખંડિત ન કરવા માટે જ, પરંતુ એ આગાર શ્રાવકને પણ હોય એવા કારણથી નહિ. (- ધર્મ સં. વૃત્તિઃ)

**૧૨ ચોલપટ્ટાગારેણં :-** વસ્ત્ર ન પહેરવા છતાં પણ અવિકારી રહેનારા એવા જિતેન્દ્રિય મહામુનિઓ અમુક અમુક પ્રસંગે (કટિવસ્ત્ર વગેરે) વસ્ત્રનું પણ અભિગ્રહ પચ્ચક્ખાણ કરે છે, તેવા વસ્ત્રના ત્યાગી-અભિગ્રહધારી મુનિ વસ્ત્રરહિત થઈ બેઠા હોય અને તેવા પ્રસંગે જો કોઈ ગૃહસ્થ આવે તો ઊઠીને તુરત ચોલપટ્ટ પહેરી લે તો તે જિતેન્દ્રિય મુનિને વસ્ત્રના અભિગ્રહ પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય, તે કારણથી **चोलपट्टागारेणं** આગાર રાખવામાં આવે છે. આ આગાર પણ મુનિને જ હોય, પરંતુ શ્રાવકને [1]નહિ. અહીં ચોલ એટલે પુરુષ ચિહ્ન, તેને ઢાંકનારું પટ્ટ-વસ્ત્ર તે ચોલપટ્ટ કહેવાય એ શબ્દાર્થ છે.

વળી, પ્રાવરણના પચ્ચક્ખાણમાં અન્ન૦-સહ૦-ચોલ૦-મહ૦ સવ્વ૦ એ પાંચ આગાર પૂર્વે ૧૭મી ગાથામાં કહ્યા છે, તેથી સંભવે છે કે એ અભિગ્રહ એકાશનાદિક વિના જુદો પણ લઈ શકાય છે અને તે પચ્ચક્ખાણમાં **"पांगुरणसहिअं पच्चक्खामि" अन्नत्थणाभोगेणं** ઈત્યાદિ આલાપક ઉચ્ચરવામાં આવે છે.

**૧૩ લેવાલેવેણં :-** આયંબિલ તથા નીવિમાં ન કલ્પે એવી વિગઈ વડે **डोवाइ=** ડોયા-કડછી વગેરે. **खरडिय=**ખરડાયેલી હોય તે **लेप,** અને તેને **लूहिय=**લુછી નાખ્યાથી **अलेप** ગણાય છે, તો પણ કિંચિત્ અંશ રહી જવાથી (અર્થાત્ સર્વથા અલેપ નહિ થવાથી) લેપાલેપ ગણાય છે, માટે તેવા લેપાલેપવાળી કડછી વગેરેથી અથવા લેપાલેપ ભોજનમાંથી આહાર ગ્રહણ કરી વાપરતાં પચ્ચ૦ નો (આયંબિલ તથા નીવિનો) ભંગ થયો ન ગણાય, તે કારણથી **लेवालेवेणं** આગાર રાખવામાં આવે છે.

**૧૪ ગિહત્થસંસટ્ઠેણં :-** ડુચ્ચ=શાક તથા કરંબો વગેરેને વઘારવાદિકથી તથા (મંડાઈ=) રોટલા-રોટલી વગેરેને લેવામાં લેપવાળી હથેળી ઘસીને ગૃહસ્થે પ્રથમથી જ આયંબિલાદિકમાં ન કલ્પે એવી વિગઈ વડે પોતાના માટે (સંસૃષ્ટ=) મિશ્ર કરેલ હોય એટલે કિંચિત્ લેપવાળી કરેલ હોય, તેથી ભોજનમાં પણ તેનો કિંચિત્ અંશ આવે, તો તેવા વિગઈના અલ્પ સ્પર્શવાળા ભોજનથી પણ આંયંબિલ

---

૧ **પ્રશ્ન :-** એ આગાર વર્તમાન સમયે અપાતા પચ્ચક્ખાણના આલાવામાં કેમ બોલવામાં આવતો નથી ?

**ઉત્તર :-** વર્તમાનકાળમાં વસ્ત્રના પચ્ચક્ખાણનો અભાવ છે માટે અને પ્રાચીનકાળમાં પણ કોઈક મુનિને અંગે જ એ આગાર ઉચ્ચરાવાતો હોવાથી પચ્ચક્ખાણના આલાવામાં હંમેશ માટે સંબંધવાળો ન હોય, એમ સંભવે છે. વળી સાધ્વી હંમેશાં વસ્ત્રધારી જ હોય માટે સાધ્વીને પણ એ આગાર નથી.

પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય. તે કારણથી [૨]**गिहत्थसंसट्ठेणं** આગાર મુનિને માટે રાખવામાં આવે છે, વળી તે અકલ્પનીય વિગઈનો રસ જો સ્પષ્ટ અનુભવમાં ન આવે તો એ આગારમાં ગણાય, પરંતુ જો અનુભવમાં આવે તેવો અધિક રસ હોય તો પચ્ચક્ખાણનો ભંગ ગણાય તથા શ્રાવકને તો એવા અલ્પમિશ્ર ભોજનથી પણ આયંબિલનો ભંગ ગણાય, કારણ કે શ્રાવકે તો ભોજન સામગ્રી પોતાના ઉદ્દેશથી પોતાના હાથે બનાવવાની છે અને મુનિને તો પોતાના માટે નહિ બનાવેલું એવું નિર્દોષ ભોજન શ્રાવક પાસેથી ભિક્ષાવૃત્તિથી લેવાનું છે, માટે મુનિને જ એ આગાર રાખવાની જરૂર છે, પણ શ્રાવકને નહિ, (છતાં શ્રાવકને પચ્ચક્ખાણ આપતાં એ આગાર બોલવામાં આવે છે તે પચ્ચક્ખાણનો આલાપક ખંડિત ન થવાના કારણથી), એ આગારનો અર્થ આયંબિલને અંગે કહ્યો અને વિગઈ તથા નીવિના પચ્ચક્ખાણને અંગે જે વિશેષ - જુદો અર્થ છે, તે આગળ કહેવાતી ૩૯મી ગાથાના અર્થથી જાણવો.

**૧૫ ઉક્ખિત્તવિવેગેણં :-** રોટલી વગેરે ઉપર પ્રથમ મૂકી રાખેલી ગોળ વગેરે પિંડવિગઈને (ઉક્ખિત્ત=) ઉપાડી લઈ (વિવેગ-વિવિક્ત-) અલગ કરી દીધી હોય તો પણ તે પિંડવિગઈનો કિંચિત્ અંશ રહી જાય છે. માટે તેવી (પિંડવિગઈના કિંચિત્ સ્પર્શ-લેપવાળી) રોટલી વગેરે વાપરતાં આયંબિલાદિ પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે કારણથી **उक्खित्तविवेगेणं** આગાર રાખવામાં આવે છે. આ આગાર મુનિને માટે છે, શ્રાવક માટે નથી. સર્વથા ઉપાડી ન શકાય તેવી પિંડવિગઈને ઉપાડી લેવાથી રહેલા અધિકમિશ્રતાવાળા ભોજન વડે તો પચ્ચક્ખાણનો ભંગ જ થાય.

**૧૬ પડુચ્ચમક્ખિએણં :-** રોટલી વગેરેને કુમળી-સુંવાળી બનાવવા નીવિમાં ન કલ્પે એવી ઘી વગેરે વિગઈનો હાથ દઈ મસળવામાં આવે તો તેવી અલ્પલેપવાળી રોટલી વગેરેના ભોજનથી નીવિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે કારણથી. **पडुच्चमक्खिएणं** આગાર રાખવામાં આવે છે. (અને પડુચ્ચ=પ્રતીત્ય એટલે (સર્વથા રૂક્ષ-લૂખાની) અપેક્ષાએ મક્ખિય મ્રક્ષિત એટલે કિંચિત્ સ્નેહવાળું કરવું એવો શબ્દાર્થ છે.) આ આગાર કેવળ નીવિના પચ્ચક્ખાણમાં જ મુનિને માટે કહેવામાં આવે છે તથા વિગઈની સૂક્ષ્મ પણ ધાર રેડીને જો રોટલી વગેરે મસળી

---

૨ - આ ગ્રંથમાં આ આગાર ભોજન બનતી વખતે ભોજનની અંદર ગૃહસ્થે પોતાને માટે જાણી જોઈને પ્રથમથી જ કરેલી મિશ્રતાનો છે અને બીજા ગ્રંથોમાં તો ભોજનના પાત્રમાં પ્રથમથી લેપાયેલી (પણ લૂછ્યા વિનાની) વિગઈથી થયેલી મિશ્રતાનો કહ્યો છે.

હોય તો તેવા ભોજનથી નીવિના પચ્ચક્ખાણનો ભંગ થાય છે.

**૧૭ લેવેણવા :-** તિવિહારના પચ્ચક્ખાણમાં (અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એ ૪ પ્રકારના આહારમાંથી) કેવળ પાણીનો એક જ આહાર કલ્પે છે અને શેષ ત્રણ આહારનો ત્યાગ થાય છે, જેથી કદાચ શુદ્ધ પાણી ન મળે અને [1]ઓસામણનું પાણી અથવા [2]ખજુરનું, આમલીનું કે દ્રાક્ષ વગેરેનું ઈત્યાદિ લેપકૃત્ [3]પાણી મળે, કે જેમાં ત્યાગ કરેલ અશન અથવા ખાદિમ વા સ્વાદિમ પદાર્થનાં રજકણો મિશ્ર થયેલ હોય તો કારણસર તેવું લેપકૃત્ પાણી પીવાથી પણ પચ્ચક્ખાણનો (તિવિહાર ઉપવાસાદિકનો) ભંગ ન ગણાય, તે કારણથી [4]**લેવેણ વા** આગાર રાખવામાં આવે છે. એ દ્રાક્ષાદિકનાં પાણી ભાજનમાં રાખવાથી ભાજનને લેપવાળું-ચીકણું કરે છે માટે એ પાણીઓને શાસ્ત્રમાં "લેપકૃત્" (=લેપ-ચીકાશ કરનારાં) કહ્યાં છે.

**૧૮ અલેવેણવા :-** શુદ્ધ પાણીના અભાવે કદાચ કારણસર સોવીર-કાંજી (છાશની આછ) ઈત્યાદિ અલેપકૃત્ પાણી મળે તો તેવું પાણી (કાંજી વગેરે) પીવાથી તિવિહાર ઉપવાસાદિ પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે કારણથી **અલેવેણ વા** આગાર રાખવામાં આવે છે. કાંજી વગેરેનું પાણી જે ભાજનમાં રહ્યું હોય તે ભાજનને અલેપ રાખે છે, એટલે તે ભાજન ચીકાશવાળું થતું નથી માટે કાંજી વગેરેને અલેપકૃત્ પાણી કહ્યું છે. (અહીં અલેપ એટલે અલ્પ લેપ એવો અર્થ સંભવે છે.)

**૧૯ અચ્છેણવા :-** અચ્છ=નિર્મળ જળ એટલે ઉષ્ણ જળ કે જે ત્રણ *ઉકાળા વડે જ ઉકાળેલું હોય તો સર્વથા અચિત્ત થાય છે, તે પાણી પીવાથી તિવિહાર

---

૧ - રાંધેલા અનાજનું દાણા વિનાનું અને ડહોળું નહિ એવું નીતર્યું પાણી.

૨ - ગૃહસ્થે ખજૂરના ગળપણમાં કરેલું નીતર્યું પાણી, તેવી જ રીતે દ્રાક્ષાદિકના પાણી પણ નીતર્યા હોય તે લેવા સંભવે, પરંતુ ડહોળા હોય તો ખજૂરાદિનો (ત્યાગ કરેલ પદાર્થોનો) ચાવવા જેવો ભાગ આવી જવાથી પચ્ચ૦ ભંગ થાય. અહીં ખજૂરાદિકનું પાણી બનાવી કપડાથી ગાળેલું હોય તો તે નીતર્યા પાણી તરીકે કલ્પે એ સંભવે છે.

૩ - ભાજનમાં રાખવાથી ભાજનનો લેપ-ચીકાશવાળું કરે છે માટે, દ્રાક્ષાદિકના જળને શાસ્ત્રમાં લેપકૃત્ જળ તરીકે કહેલ છે.

૪ - **વા** શબ્દની સાર્થકતા છ આગારના પર્યન્તે કહેવાશે.

* કાચું પાણી પ્રાયઃ ઘણું સચિત્ત અને થોડુ અચિત્ત એવું મિશ્ર હોય છે. એક વાર ઉકાળો આવેલું પાણી તેથી ઘણું અચિત્ત બે ઉકાળા આવેલું પાણી, તેથી પણ અતિ ઘણું અચિત્ત (અને અલ્પ સચિત્ત) એવું મિશ્ર હોય છે, અને ત્રણ ઉકાળા આવેલું પાણી જ સર્વથા અચિત્ત થાય છે માટે વ્રતધારીઓએ ત્રણ ઉકાળા આવેલું પાણી પીવું, જેવું તેવું ઉકાળેલું પાણી વ્રતમાં દૂષણવાળું છે.

ઉપવાસાદિકનો ભંગ ન થાય તે કારણથી **अच्छेण वा** આગાર કહેવામાં આવે છે. (તિવિહારમાં બનતાં સુધી આ જ પાણી પીવાનું હોય છે અને શેષ પાંચ આગારવાળા પાણી તો અપવાદથી કારણસર પીવાનાં હોય છે. તેમાં પણ ગૃહસ્થને તો વિશેષતઃ ઉષ્ણજળ પીવું જોઈએ, માટે શેષ પાંચ આગાર પ્રાયઃ ગૃહસ્થ માટે નહિ, પરંતુ વિશેષતઃ મુનિને માટે જાણવા.) વળી ફળાદિકનાં ધોવણ અથવા ફળાદિકનાં નિર્મળ[1] અચિત્ત જળ પણ આ આગારમાં ગણાય છે.

૨૦ **બહુલેવેણવા :-** તલનું ધોવણ અથવા તંદુલનું ધોવણ વગેરે ગડુલજળ અથવા બહુલજળ કહેવાય છે, તેવું બહુલજળ પીવાથી પણ પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે કારણથી **बहुलेवेण वा** આગાર રાખવામાં આવે છે.

૨૧ **સસિત્થેણવા :- सित्थ** એટલે ધાન્યનો દાણો તે (**स=**) સહિત જે જળ તે સસિત્થ જળ કહેવાય, જેથી ઓસામણ વગેરે પાણીમાં રંધાયેલો દાણો રહી ગયો હોય અથવા રંધાયેલા દાણાનો નરમ ભાગ રહી ગયો હોય તો તેવું ઓસામણ વગેરે પાણી પીવાથી પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય, તેમજ તલનું ધોવણ, તંદુલનું ધોવણ વગેરેમાં તલનો નહીં રંધાયેલો કાચો દાણો રહી ગયો હોય તો તેવું પાણી પીવાથી પચ્ચક્ખાણ ભંગ ન થાય. તે કારણથી **ससित्थेण वा** આગાર રાખવામાં આવે છે તથા ગાથામાં કહેલ ઉત્સ્વેદિમનું તાત્પર્ય આ પ્રમાણે - પિષ્ટજળ અને પિષ્ટ ધોવણ એ બન્ને પ્રકારનું ઉત્સ્વેદિમ જળ તે સસિત્થ જળ કહેવાય, ત્યાં મદિરાદિ બનાવવા માટે લોટ પલાળ્યો હોય તેવું (લોટ કોહ્યા પહેલાંનું) જળ તે પિષ્ટ જળ અને લોટથી ખરડાયેલ હાથથી ભાજન વગેરે ધોયાં હોય તે પિષ્ટ ધોવણ કહેવાય, એ બન્ને પ્રકારના પાણીમાં રજકણો આવે છે. માટે તેવું પાણી પીવાથી પચ્ચક્ખાણ ભંગ ન ગણાય તે કારણથી **ससित्थेण वा** આગાર રાખવામાં આવે છે.

૨૨ **અસિત્થેણવા :-** ઉપર કહેલા સસિત્થ જળને જો ગાળવામાં આવે તો દાણો તથા લોટના રજકણો (સ્થૂળ રજકણો) ન આવવાથી એ જ અસિત્થ જળ કહેવાય, તેવું જળ પીવાથી પણ પચ્ચક્ખાણ ભંગ ન ગણાય તે કારણથી **असित्थेण वा** આગાર રાખવામાં આવે છે. (અહીં પણ અસિત્થ એટલે સર્વથા સિત્થનો અભાવ નહીં, પરંતુ અલ્પસિત્થ એવો અર્થ સંભવે છે.)

---

૧ - **अच्छमुष्णजलमुत्कालितमन्यदपि निर्मलं** એ અવચૂ૦ વગેરેના પાઠમાં ઉકાળેલા જળ સિવાયનું બીજું પણ નિર્મળ કહ્યું છે અને જ્ઞા૦ વિ૦ સૂ૦ કૃત બાળાવબોધમાં ફળાદિકનાં ધોવણ કહ્યાં છે માટે અહીં ફળનું જળ પણ "અચ્છેણ વા' માં કહ્યું છે.

અહીં દરેક આગારમાં **વા** શબ્દ આવે છે, તે છ આગારોમાં પ્રતિપક્ષી બે બે આગારોની સમાનતા દર્શાવવા માટે છે, તે આ પ્રમાણે - જેમ અલેવેણ વા આગારથી એટલે લેપ રહિત જળથી પચ્ચક્ખાણ ભંગ થતો નથી. તેમ લેવેણ વા એટલે લેપવાળા જળથી પણ પચ્ચક્ખાણ ભંગ થતો નથી. એ પ્રમાણે જેમ (અચ્છેણ વા=) નિર્મળ જળથી પચ્ચક્ખાણ ભંગ થતો નથી, તેમ (બહુલેવેણ વા=) બહુલ જળ વડે પણ પચ્ચક્ખાણ ભંગ થતો નથી તથા જેમ (અસિત્થેણ વા=) અસિત્થ જળ વડે પચ્ચક્ખાણ ભંગ થતો નથી તેમ (સસિત્થેણ વા=) સસિત્થ જળ વડે પણ પચ્ચક્ખાણ ભંગ થતો નથી, એ પ્રમાણે અહીં **વા** શબ્દથી બે બે પ્રતિપક્ષી આગારોની અવિશેષતા દર્શાવી છે.

**પણ ચઉ ચઉ ચઉ દુ દુવિહ, છ ભક્ખ દુદ્ધાઇ વિગઇ ઇગવીસં ।**
**તિ દુ તિ ચઉવિહ અભક્ખા, ચઉ મહુમાઈ વિગઇબાર ॥૨૯॥**
**ખીર ઘય દહિય તિલ્લં, ગુલ પક્કન્નં છ ભક્ખ વિગઈઓ ।**
**ગો-મહિસિ-ઉટ્ટિ-અય-એલગાણ પણ દુદ્ધ અહ ચઉરો ॥૩૦॥**
**ઘય દહિયા ઉટ્ટિવિણા, તિલ સરિસવ અયસિ લટ્ટ તિલ્લ ચઊ ।**
**દવગુડ પિંડગુડા દો, પક્કન્નં તિલ્લ ઘયતલિયં ॥૩૧॥**

## (૫) દશ વિગઈ :-

વિગઈઓમાં કુલ ભેદ-૧૦ છે.

છ ભક્ષ્ય વિગઈ અને ૪ અભક્ષ્ય વિગઈ (મહાવિગઈ) દૂધ-દહીં-ઘી-ગોળ-તેલ-પકવાન્ન એ ૬ ભક્ષ્ય વિગઈ છે. માંસ-મદિરા-મધ-માખણ એ અભક્ષ્ય વિગઈ છે.

બીજી રીતે વિગઈના ત્રણ ભેદ છે.

(૧) દ્રવવિગઈ (૨) પિંડદ્રવવિગઈ (મિશ્ર વિગઈ) (૩) પિંડ વિગઈ.

દૂધ-મધ-મદિરા અને તેલ એ દ્રવવિગઈ છે.

ઘી-ગોળ-દહીં અને માંસ એ પિંડદ્રવવિગઈ છે.

માખણ અને પકવાન્ન એ બે પિંડવિગઈ છે.

દ્રવ એટલે રેલો ચાલે તેવી અતિ નરમ વિગઈ તે દ્રવવિગઈ.

પિંડદ્રવવિગઈ એટલે અગ્નિ આદિ સામગ્રી વડે જે વિગઈ પ્રવાહી રૂપ થાય અને એવી સામગ્રીના અભાવે ફરીથી પિંડરૂપ કઠિન પણ થતી હોય એટલે કે જામી જાય, ઠરી જાય, તે પિંડદ્રવવિગઈ.

પિંડવિગઈ એટલે જેના અંશો પરસ્પર બાઝીને જોડાઈને રહીને જથ્થારૂપ-પિંડીભૂત થયેલા હોય તેવી કઠિનતાવાળી વિગઈ તે પિંડવિગઈ છે.

છ ભક્ષ્ય વિગઈના ૨૧ ભેદ અને ચાર અભક્ષ્ય વિગઈના ૧૨ ભેદ મળી કુલ-૩૩ ભેદ થાય છે.

| | | |
|---|---|---|
| દૂધના ૫ ભેદ | - | ગાય-ભેંસનું-ઊંટડીનું-બકરીનું-ઘેટીનું |
| દહીંના ૪ ભેદ | - | ગાયનું-ભેંસનું-બકરીનું-ઘેટીનું |
| ઘીના ૪ ભેદ | - | ગાયનું-ભેંસનું-બકરીનું-ઘેટીનું |
| તેલના ૪ ભેદ | - | સરસવ, અતસી, કુસુંભ, તલ |
| ગોળના ૨ ભેદ | - | દ્રવગુડ, પિંડગુડ |
| પકવાન્નના ૨ ભેદ | - | તેલમાં અને ઘીમાં તળેલું |

છ ભક્ષ્ય વિગઈમાં દૂધના વિષયમાં ગાયનું, ભેંસનું, ઊંટડીનું, બકરીનું અને ઘેટીનું દૂધ એ વિગઈ છે, એટલે વિકૃતિ કરનાર છે. એટલે વિષયવૃત્તિ ઉત્પન્ન કરનાર છે. સ્ત્રી વગેરેના દૂધ વિગઈ તરીકે નથી.

દહીં અને ઘીના વિષયમાં ઊંટડીના દૂધનું દહીં અને ઘી બનતું નથી. તેથી તેના ચાર ભેદ છે.

તેલના વિષયમાં સરસવ, અતસી, કુસુંભ અને તલ સિવાયના એરંડિયુ, ડોળિયું, સિંગતેલ, કોપરેલનું-કપાસિયાનું તેલ વિગઈ નથી તો પણ તે તેલ લેપકૃત ગણવાં જોઈએ. જેથી આયંબિલાદિકમાં પણ તેનો ત્યાગ થાય છે. તેમ જ વિગઈ રહિત તેલોના લેપથી લેવાલેવેણં આગાર રાખવો જોઈએ.

આ છ ભક્ષ્ય વિગઈઓ વિકાર કરવાના સ્વભાવવાળી છે તે વિકૃતિ સ્વભાવ જે રીતે દૂર થઈ અવિકૃતિ સ્વભાવવાળી બને છે, તે નીવિયાતું (નિર્વિકૃતિક) બને છે. તે સંબંધી હવે જણાવે છે. કુલ-૩૦ નીવિયાતાં છે.

## (૬) ત્રીશ નીવિયાતાં :-

**દુદ્ધ-મહુ-મજ્જ-તિલ્લં, ચઉરો દવવિગઈ ચઉર પિંડદવા ।**
**ઘય-ગુલ-દહિયં-પિસિયં, મક્ખણ-પક્કન્ન દો પિંડા ॥૨૨॥**
**પયસાડિ-ખીર-પેયા-વલેહિ-દુદ્ધટ્ટિ દુદ્ધવિગઇગયા ।**
**દક્ખ બહુ અપ્પતંદુલ, તચ્ચુન્નંબિલસહિયદુદ્ધે ॥૩૨॥**

નિબ્ભંજણ-વીસંદણ-પક્કોસહિતરિય-કિટ્ટિ પક્કઘયં ।
દહિએ કરંબ-સિહરિણિ-સલવણદહિ ધોલ-ધોલવડા ॥૩૩॥

તિલકુટ્ટી નિબ્ભંજણ, પકતિલ પક્કુસહિતરિય તિલ્લમલી ।
સક્કર ગુલવાણય, પાય ખંડ અદ્ધકઢિ ઇક્ખુરસો ॥૩૪॥

પૂરિય તવપૂઆ બી-અપૂઅ તન્નેહ તુરિયઘાણાઈ ।
ગુલહાણી જલલપ્પસિ, અ પંચમો પુત્તિકયપૂઓ ॥૩૫॥

દુદ્ધ દહી ચઉરંગુલ, દવગુલ ઘય તિલ્લ એગ ભત્તુવરિં ।
પિંડગુડમક્ખણાણં, અદ્દામલયં ચ સંસટ્ઠં ॥૩૬॥

દવ્વહયા વિગઈ વિગઇ-ગય પુણો તેણ તં હયં દવ્વં ।
ઉદ્ધરિએ તત્તંમિ ય, ઉક્કિટ્ઠદવ્વં ઇમં ચન્ને ॥૩૭॥

તિલસક્કુલિ વરસોલા-ઇ રાયણંબાઇ દક્ખવાણાઈ ।
ડોલી તિલ્લાઈ ઇય, સરસુત્તમદવ્વ લેવકડા ॥૩૮॥

વિગઇગયા સંસટ્ઠા, ઉત્તમદવ્વા ય નિવ્વિગઇયંમિ ।
કારણજાયં મુત્તું, કપ્પંતિ ન ભુત્તું જં વુત્તં ॥૩૯॥

વિગઇં વિગઈભીઓ, વિગઇગયં જો ઇં ભુંજએ સાહૂ ।
વિગઈ વિગઇસહાવા, વિગઈ વિગઇં બલા નેઇ ॥૪૦॥

કુત્તિય-મચ્છિય-ભામર, મહું તિહા કટ્ઠ પિટ્ઠ મજ્જ દુહા ।
જલ-થલ-ખગમંસ તિહા, ઘયવ્વ મક્ખણ ચઉ અભક્ખા ॥૪૧॥

દૂધના-૫, દહીંના-૫, ઘીના-૫, ગોળનાં-૫, તેલના-૫ અને પકવાન્નના-૫ નીવિયાતાં.

દૂધના - પયઃશાટી, ખીર, પેયા, અવલેહિકા, દુગ્ઘાટી.

દહીંના - કરંબ, શીખંડ, સલવણ, ઘોલ, ઘોલવડા

ઘીના - નિર્ભંજન ઘી, વિસ્પંદન ઘી, પક્વૌષધિ તરિત, કિટ્ટી, પક્વઘૃત

ગોળના - સાકર, ગુલવાણી, પાકો ગોળ, ખાંડ, અર્ધ ઉકાળેલો શેરડીનો રસ

તેલના - તિલકુટ્ટી, નિર્ભંજન, પક્વતેલ, પક્વૌષધિરહિત, તેલની મલી,

પક્વાન્નના - દ્વિતીય પૂડલો, ચતુર્થ ઘાણાદિ, ગોળધાણી, જળલાપસી, પોતું દીધેલો પૂડલો

**(૧) પયઃશાટી :-** દ્રાક્ષ સહિત રાંધેલું દૂધ તે પયઃશાટી (બાસુંદી).✪

**(૨) ખીર :-** ઘણા ચોખા વગેરે સહિત રાંધેલું દૂધ તે ખીર. રાંધેલા ભાત અને કોઈક ઠેકાણે ચોખા નાખીને પણ ખીર બનાવાય છે. દૂધપાક જેટલી જાડી નહિ, પરંતુ થોડી જાડી બનાવાય છે.

**(૩) પેયા :-** થોડા ચોખા સહિત રાંધેલું દૂધ તે પેયા હાલમાં જે દૂધપાક કહેવાય છે તે પેયા છે. કોઈક ગ્રંથમાં દૂધની કાંજી તરીકે ઓળખાવે છે, જેમાં ચોખા થોડા આવવાથી એક શેર દૂધમાં લગભગ ૧ તોલો જેટલા આવવાથી દૂધપાક ઉકાળીને જાડો બનાવવામાં આવે છે.

**(૪) અવલેહિકા :-** ચોખાના લોટ સહિત રાંધેલું દૂધ તે અવલેહિકા.

**(૫) દુગ્ધાટી :-** કાંજી આદિ ખાટા પદાર્થ સાથે રાંધેલું દૂધ તે દુગ્ઘાટી કહેવાય છે. કેટલાક આચાર્યો દુગ્ઘાટીને બદલે "બહલિકા" કહે છે. જે પ્રાયઃ તરતની વીયાયેલી ભેંસ વગેરેના દૂધની બને છે, તેને 'બળી' કહેવાય છે.

આ પાંચ દૂધના નીવિયાતાં જોગ અથવા ઉપધાન સંબંધી નીવિના પચ્ચક્ખાણમાં કલ્પે, બીજી નીવિમાં નહિ.

દહીંના પાંચ નીવિયાતાં.

**(૧) કરંબ :-** દહીંમાં ભાત મેળવ્યો હોય તે ભાતવાળું દહીં તે કરંબ.

**(૨) શીખંડ :-** દહીંનું પાણી કાઢી નાખવાથી રહેલા માવામાં અથવા પાણીવાળા દહીંમાં પણ ખાંડ નાખી વસ્ત્રથી છાણેલું ઘસીને ગાળેલું દહીં તે શીખંડ.

**(૩) સલવણ :-** મીઠું નાખીને મંથન કરેલું દહીં તે સલવણ.

**(૪) ઘોલ :-** વસ્ત્રથી ગાળેલું દહીં તે ઘોલ.

**(૫) ઘોલવડાં :-** તે ઘોલમાં વડાં નાખ્યાં હોય તે ઘોલવડાં અથવા ઘોલ નાખીને બનાવેલાં વડાં તે ઘોલવડાં.

ઘીનાં પાંચ નીવિયાતાં.

**(૧) નિર્ભંજન ઘી :-** પકવાન્ન તળાઈ રહ્યા બાદ કઢાઈમાંનું વધેલું, બળેલું ઘી તે નિર્ભંજન.

---

✪ હાલમાં બાસુંદી દ્રાક્ષરહિત ફક્ત દૂધ ઉકાળીને બનાવવામાં આવે છે. દૂધપાકમાં ચોખા વગેરે મેળવીને બનાવાય છે. ૩૭મી ગાથાના ભાવાર્થ પ્રમાણે અન્ય યોગ દ્રવ્યોના સંયોગ વિના વિકૃતિ દ્રવ્યો નિર્વિકૃતિક થતાં નથી. હાલમાં બાસુંદીને નીવિયાતું ગણવાનો વ્યવહાર છે.

(૨) **વિસ્પંદન :-** દહીંની તર અને લોટ એ બે મેળવીને બનાવેલ કુલેર તે વિસ્પંદન અથવા અર્ધ બળેલ ઘીમાં ચોખા નાખીને બનાવેલ ભોજન વિશેષ તે વિસ્પંદન.*

(૩) **પક્વૌષધિતરિત :-** ઔષધિ નાખીને ઉકાળેલા ઘીની ઉપરની તરી તે પક્વૌષધિતરિત.

(૪) **કિટ્ટી :-** ઘી ઉકળતાં ઘી ઉપર જે ઘીનો મેલ તરી આવે છે તે મેલનું નામ કિટ્ટી.

(૫) **પક્વઘૃત :-** આમળાં વગેરે ઔષધિ નાખીને પકાવેલું ઉકાળેલું ઘી તે પક્વઘૃત.

ગોળના પાંચ નીવિયાતાં.

(૧) **સાકર :-** જે ગાંગળા-કાંકરા જેવી હોય તે.

(૨) **ગુલવાણી :-** ગોળનું પાણી જે પૂડા વગેરે સાથે ખવાય છે તે.

(૩) **પાકો ગોળ :-** ઉકાળીને કરેલો પાકો ગોળ કે જે ખાજા વગેરે ઉપર લેપ કરવામાં આવે છે તે ગોળની ચાસણી.

(૪) **ખાંડ :-** સર્વ પ્રકારની ખાંડ.

(૫) **અડધો ઉકળેલ શેરડીનો રસ :-** ગોળ શેરડીના રસમાંથી બને છે. એટલે ઉકાળવાનું શરૂ કર્યા પછી તે અડધો ઉકળેલો શેરડીનો રસ નિર્વિકારક બને છે. સંપૂર્ણ ઉકળ્યા પછી ગોળ બની જાય છે. માટે અડધો ઉકળેલો શેરડીનો રસ નીવિયાતો છે.

અહીં પ્રશ્ન થાય કે અડધો ઉકળેલો શેરડીનો રસ અવિગઈ થાય તો સંપૂર્ણ ઉકળેલ રસ તો સહેજે અવિગઈ થાય. પણ એવું નથી. શેરડીના રસથી બનેલો ગોળ એ શેરડીના રસથી દ્રવ્યાન્તર ઉત્પન્ન થયું. માટે ગોળમાં ગોળને અનુસરતું વિગઈપણું ઉત્પન્ન થયું. તેમાં દ્રવ્યાન્તરોત્પત્તિ એ જ હેતુ સંભવે.

શેરડીનો રસ વિગઈ નથી - અડધો ઉકળેલો રસ, નીવિયાતું અને ગોળ વિગઈ છે એમ સમજવું.

**તેલના પાંચ નીવિયાતાં :-**

તેલના અને ઘીના ૪ નીવિયાતાં સરખા નામવાળા અને સરખા અર્થવાળા છે.

* સિદ્ધાંતમાં અર્ધ બળેલ ઘીમાં તંદૂલ નાંખીને બનાવેલું ભોજન વિશેષ તે વિસ્પંદન એમ કહ્યું છે.

તલમાં તિલકુટ્ટી અને ઘીમાં વિસ્પંદન ઘી એ બે જુદા પડે છે.

**(૧) તિલકુટ્ટી :-** તલ તથા કઠિન ગોળ એ બેને ભેગા કરી ખાંડણીમાં ખાંડી એકરસ બનાવે તે તિલકુટ્ટી અથવા તિલવટી. એ સિવાય પ્રથમ તલને ખાંડીને ત્યારબાદ ઉપરથી કાચો ગોળ નાખવામાં આવે છે. તે તલની સાણી કહેવાય છે તથા આખા તલમાં કાચો ગોળ ભેળવાય છે. તે તલસાંકળી એ બંને નીવિના પચ્ચક્ખાણમાં ન કલ્પે. કારણ કે એ બંનેમાં કાચો ગોળ આવે છે, પરંતુ ગોળનો પાયો કરી, એટલે ગોળનો ઉકાળી પાકો ગોળ કરી તલ મેળવાય છે. તે પાકા ગોળની તલસાંકળી નીવિમાં કલ્પનીય છે.

**(૨) નિર્ભંજન :-** પકવાન્ન તળ્યા બાદ કઢાઈમાં વધેલું બળેલું તેલ તે નિર્ભંજન તેલ.

**(૩) પક્વતેલ :-** ઔષધિ નાખી પકાવેલું તેલ તે પક્વતેલ.

**(૪) પક્વૌષધિતરિત તેલ :-** ઔષધિઓ નાખીને પકાવાતા તેલમાં ઉપર જે તરી વળે છે તે પક્વૌષધિતરિત તેલ.

**(૫) મલી અથવા કિટ્ટી :-** ઉકળેલા તલની કિટ્ટી-મેલ તે તેલની મલી.

**પકવાન્ન (કડાહ)નાં પાંચ નીવિયાતાં :-**

કઢાઈ અથવા તવીમાં તળીને થઈ શકે તેવા ભોજનને પકવાન્ન તરીકે ગણવું. લોકપ્રસિદ્ધ ખાજા, સૂતરફેણી, ઘેબર ઈત્યાદિ પકવાન્ન ગણાય છે તેટલા જ પકવાન્ન એમ નહિ ગણવું. જેથી ભજીયાં, પૂરી, તળેલા પાપડ ઈત્યાદિ કટાહ= કઢાઈમાં ઘી વગેરેની અંદર તળીને બનતા હોવાથી કટાહ વિગઈ કહેવાય. એ પ્રમાણે ઘી કે તેલમાં તળેલી બે પ્રકારની ચીજ કટાહ વિગઈ સ્વરૂપ છે.

**(૧) દ્વિતીય પૂડલો - તવી પૂરાય તેવા પહેલા પૂડલાથી બીજો પૂડલો :-** કઢાઈમાં સંપૂર્ણ સમાય એવો એક જ મોટો પૂડલો પહેલો પૂડલો તળીને બીજો, ત્રીજો આદિ પૂડલો અથવા પૂરીઓ વગેરે તળે તો પહેલો પૂડલો વિગઈ, બીજો, ત્રીજો આદિ નીવિયાતાં ગણાય. એમાં વચ્ચે બીજું ઘી ઉમેર્યું ન હોય તો, જો વચ્ચે ઘી ઉમેરે તો પુનઃ પહેલો મોટો પૂડલો તળવો જોઈએ.

**(૨) તત્સ્નેહચતુર્થાદિઘાણ :-** જે ઘી પ્રથમ પૂરેલું છે તે જ ઘીમાં નાની પૂરીઓના ત્રણ ઘાણ તળી લીધા પછી ચોથો, પાંચમો ઈત્યાદિ જેટલા ઘાણ તળાય તે નીવિયાતા. વચ્ચે બીજું ઘી ઉમેરેલું ન જોઈએ.

**(૩) ગોળધાણી :-** જે જુવાર, મકાઈ વગેરે શેકીને ધાણી બનાવાય છે, તે ધાણીને કાચા ગોળ સાથે મેળવી હોય તો તે નીવિયાતું નહિ પણ ગોળનો પાયો કરીને ધાણી મેળવી હોય તો તે ગોળધાણી નીવિયાતું ગણાય. ગોળધાણીના લાડુ બનાવાય છે.

**(૪) જલલાપસી :-** પકવાન્ન તળીને કાઢ્યા બાદ વધેલું ઘી પણ કાઢી લઈને તવીમાં જે ચીકાશ વળગી રહી હોય તે ચીકાશ ટાળવા માટે ઘઉંનો કાંકરીયાળો લોટ-ભરડો શેકી ગોળનું પાણી રેડી જે છૂટો દાણાદાર શીરો અથવા કંસાર બનાવાય છે તે જલલાપસી. ઉપલક્ષણથી કોરી કઢાઈમાં બનાવાતો શીરો અને કંસાર નીવિયાતા જાણવા. પરંતુ ચૂલા ઉપરથી ઉતર્યા પછી ઘી ઉમેરવામાં આવે તો નીવિયાતું ન ગણાય.

**(૫) પોતકૃત પૂડલો : પોતું દીધેલ પૂડલો :-** તવીમાંનું બળેલું ઘી કાઢી લીધા બાદ ખરડેલી તવીમાં ગળ્યા પૂડા અથવા ખાટા પૂડા ઘી અથવા તેલનું પોતું દઈને કરવામાં આવે તો તે પોતું દીધેલ પૂડલા પોતકૃત પૂડલા કહેવાય અથવા કોરી તવીમાં બનાવાતા ગળ્યા અથવા ખાટા પૂડા, થેપલા, પરોઠા વગેરે નીવિયાતું ગણી શકાય. પરંતુ ચૂલા પરથી ઉતર્યા પછી ઘી કે તેલનો છાંટો ઉમેરવો નહિ.

**પ્રશ્ન :-** પકવાન્નના છેલ્લા ત્રણ નીવિયાતામાં તળવાની ક્રિયા થતી નથી તો તેને કટાહ વિગઈમાં નીવિયાતાં કેમ કહેવાય ? અર્થાત્ પકવાન્ન એટલે તળેલી ચીજ, એ અર્થ છેલ્લા ત્રણ નીવિયાતામાં કેમ ઘટતો નથી ?

**ઉત્તર :-** અહીં પકવાન્ન એટલે "ઘી અથવા તેલ વગેરે સ્નેહદ્રવ્યમાં પક્વ થયેલી એટલે તળાયેલી અથવા શેકાયેલી વસ્તુ" એ અર્થ ઘટિત છે અને કટાહ એટલે ફક્ત કઢાઈ એકલી નહિ, પરંતુ તવી, લોઢી, તપેલી ઈત્યાદિ વાસણો પણ જાણવાં.

ઘી અથવા તેલાદિ સ્નિગ્ધ દ્રવ્યોમાં અવગાહવા વડે - બોળાઈને જે પક્વ થાય છે તે અવગાહિમ એ પાંચ નીવિયાતાવાળી પકવાન્ન વિગઈનું જ નામ છે. ગુડધાણી, જલલાપસી અને પોતકૃત પૂડલો એ છેલ્લા ત્રણ નીવિયાતાં ડૂબાડૂબ ઘી-તેલમાં તળાતાં નથી તો પણ પોતે ચૂસી શકે એટલા ઘી-તેલમાં તળાય અથવા શેકાય તો પણ પકવાન્નના નીવિયાતામાં ગણાય.

પકવાન્નનો જે કાળ ૧૫, ૨૦ અને ૩૦ દિવસ કહેવાય છે, ત્યાં પણ તળેલી અને શેકેલી ચીજોને પણ પકવાન્ન તરીકે ગણી કાળ કહેલો છે. પૂડલાને પોતું દીધેલું હોવા છતાં તે શેકેલા નથી કહેવાતા પણ તળેલા કહેવાય છે. એટલે ડૂબાડૂબ ઘી

વડે તળેલું એવો વ્યવહાર છે એમ અવગાહન જેટલા અલ્પ ઘી વડે તળેલું અથવા શેકેલું એમ બંને કહેવાની પ્રવૃત્તિ છે. એટલે છેલ્લા ત્રણ નીવિયાતાં પકવાન્નનાં ગણાય છે.

આ વિગઈની સાથે ગિહત્થસંસટ્ઠેણં આગારથી પૂર્વે આયંબિલમાં કલ્પે એવાં દ્રવ્ય કહ્યાં છે અને હવે એ જ આગારથી નીવિમાં તથા વિગઈના પચ્ચક્ખાણમાં કલ્પે એવા ગૃહસ્થ સંસૃષ્ટ દ્રવ્યો બતાવે છે.

ગૃહસ્થે પોતાને માટે ભાત વગેરેને દૂધ અને દહીંથી મિશ્ર કર્યો હોય એટલે ભાતમાં દૂધ કે દહીં ભાતને ડૂબાડીને ૪ અંગુલ ઊંચુ ચઢ્યું હોય એવું તરબોળ કરી દીધું હોય તો તે દૂધ અથવા દહીં સંસૃષ્ટ દ્રવ્ય કહેવાય તે મુનિને નીવિ તથા વિગઈના પચ્ચક્ખાણમાં કલ્પે, પણ ચાર અંગુલથી વધુ ચઢ્યું હોય તો તે વિગઈમાં ગણાય. એવી રીતે દ્રવગોળ (ઢીલો ગોળ), ઘી અને તેલ, ભાત ઉપર ૧ અંગુલ ઊંચુ ચઢ્યું હોય તો તે ગોળ, ઘી, તેલ, સંસૃષ્ટ દ્રવ્ય કહેવાય.

તથા કઠિન ગોળ ચૂરમા વગેરેમાં મિશ્ર હોય અને કઠિન માખણ ભાત વગેરેમાં મિશ્ર હોય તે સર્વથા એકરસ ન થયા હોય તો પણ પીલુ અથવા શીણ વૃક્ષના મહોર જેવાં ઝીણા કણિયા થઈ ગયા હોય તો પણ ગોળ અને માખણ સંસૃષ્ટ દ્રવ્ય કહેવાય. એટલે નીવિયાતાં ગણાય, પણ એનાથી મોટા કણિયા હોય તો નીવિ કે વિગઈના પચ્ચક્ખાણમાં ન કલ્પે.

એમ દૂધ-દહીં-ઘી-ગોળ-તેલ-કડા અને માખણ એ ૭ વિગઈ સંસૃષ્ટ દ્રવ્ય ગણાય અને ગિહત્થસંસટ્ઠેણં આગારમાં આવી શકે, પરંતુ માખણ અભક્ષ્ય હોવાથી વાપરવું કલ્પે નહિ.

તંદુલ-ચોખા આદિ દ્રવ્યો વડે હણાયેલી એવી દૂધ વગેરે વિગઈ તે વિકૃતિગત-નિર્વિકૃતિક સ્વભાવવાળી-નીવિયાતું કહેવાય છે. તે કારણથી આવી રીતે હણાયેલું દૂધ વગેરે દ્રવ્ય કહેવાય છે, વિગઈ કહેવાતી નથી.

કઢાઈ વગેરેમાંથી સુખડી આદિ કાઢી લીધા પછી વધેલું - ઉદ્ધરેલું ઘી તેને ચૂલા ઉપરથી ઉતાર્યા પછી ઠંડુ થયા બાદ તેમાં કણિક્કાદિ મેળવીએ ત્યારે તે કણિક્કાનું બનેલું દ્રવ્ય નીવિયાતું થાય. તેને કેટલાક આચાર્યો ઉત્કૃષ્ટ દ્રવ્ય કહે છે.

જેમ સંસૃષ્ટ દ્રવ્ય, ઉત્કૃષ્ટ દ્રવ્ય નીવિમાં કલ્પે તેમ સરસોત્તમ દ્રવ્યો પણ કારણે નીવિમાં કલ્પનીય બતાવ્યા છે, તે નીચે મુજબ છે.

તલ તથા ગોળનો પાયો કરી બનાવેલી તલસાંકળી, (કાચા ગોળ સાથે તલ

ભેળવીને કરાય તે નહિ) તથા છેદ પાડી દોરો પરોવી હારડા રૂપે કરેલ કોપરાં, ખારેક, શિંગોડાં વગેરે વરસોલા કહેવાય. તેમ જ સાકરનાં દ્રવ્યો સાકરિયા-ચણા સાકરિયા, કાજુ વગેરે અખોડ, બદામ વગેરે સર્વ જાતિના મેવા તથા અચિત્ત કરેલાં ખાંડથી મિશ્ર રાયણ અને કેરી વગેરે ફળો, દ્રાક્ષનું પાણી, નાળિયેરનું પાણી તેમ જ કાકડી વગેરેની અંદર રહેલું અચિત્ત થયેલું પાણી તથા ડોળીનું એટલે મહુડાના બીજનું તેલ તે ડોળિયું. તેમ જ બીજાં એરંડીયું, કુસુંભિયું વગેરે સરસોત્તમ એટલે ઉત્તમ દ્રવ્યમાં ગણાય છે અને તે લેપકૃત છે.

આ પ્રમાણે પૂર્વેના ૩૦ નીવિયાતાં તથા સંસૃષ્ટ દ્રવ્યો તથા સરસોત્તમ-ઉત્તમ દ્રવ્યો એ ત્રણ પ્રકારનાં દ્રવ્યો વિગઈ રહિત છે તો પણ નીવિના પચ્ચક્ખાણમાં કારણ ઉત્પન્ન થયું હોય તો તે કારણ છોડીને શેષ નીવિમાં કલ્પે નહિ. તથા પ્રકારના પ્રબળ કારણ વિના એ દ્રવ્યો નીવિમાં કલ્પે નહિ. જે કારણથી નિશીથ ભાષ્યમાં કહ્યું છે કે -

મુનિ યોગવહન કરે ત્યારે વિશેષ સામર્થ્ય ન હોય અથવા દીર્ઘકાળ નીવિની તપશ્ચર્યા ચાલતી હોય અથવા યાવજ્જીવ વિગઈનો ત્યાગ હોય, બહુ તપસ્વી હોય અથવા નીવિના તપ સાથે ગ્લાન મુનિ, ગુરુ તથા બીજા સાધુની વૈયાવચ્ચ કરનાર હોય અને સર્વથા નીરસ દ્રવ્યોથી અશક્તિ પ્રાપ્ત થતાં વૈયાવચ્ચમાં વ્યાઘાત થતો હોય ત્યારે તેવા મુનિઓને ગુરુની આજ્ઞાથી નીવિમાં ત્રણે પ્રકારના દ્રવ્ય કલ્પે. બાકી જિહ્વાના લોભથી નીવિયાતાં હોવા છતાં કલ્પે નહિ. જો કે તે દ્રવ્યો વિકૃતિ રહિત કહ્યાં છે છતાં સર્વથા વિકૃતિ રહિત નથી અને સુસ્વાદ રહિત તો નથી જ અને તપશ્ચર્યા તો સ્વાદિષ્ટ આહારના ત્યાગથી જ સાર્થક ગણાય.

દૂધ અને દહીં આદિ વિગઈઓ જ્યાં સુધી અન્ય દ્રવ્યો વડે હણાઈ ન હોય ત્યાં સુધી તે સાક્ષાત્ વિકૃતિ કરવાના સ્વભાવવાળી છે અને એ વિગઈઓ અન્ય દ્રવ્યો વડે હણાઈ હોય તો તેનાથી બનેલાં દૂધપાક, શીખંડ વગેરે નીવિયાતાં જો કે વિગઈના ત્યાગવાળાને કલ્પે છે. છતાં એ ઉત્કૃષ્ટ દ્રવ્યોને ખાનારને મનોવિકાર ઉત્પન્ન કરે છે. એટલે વિગઈના ત્યાગવાળા તપસ્વીને ઉત્કૃષ્ટ નિર્જરા થતી નથી. આથી દુર્ગતિથી ભય પામેલો જે સાધુ વિગઈને અને નીવિયાતાંને તથા સંસૃષ્ટ દ્રવ્ય અને ઉત્તમ દ્રવ્યને વાપરે છે, તે સાધુને વિગઈ તેમ નીવિયાતા આદિ ત્રણે પ્રકારની વસ્તુઓ ઈન્દ્રિયના વિકારને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી હોવાથી તે બળાત્કારે દુર્ગતિમાં લઈ જાય છે. આ પ્રમાણે ભક્ષ્ય વિગઈ અને તેના ૨૧ ભેદોનું સ્વરૂપ

સાથે નીવિયાતાનું સ્વરૂપ બતાવી અભક્ષ્ય વિગઈનું સ્વરૂપ અને તેના ૧૨ ભેદનું વર્ણન :-

| | |
|---|---|
| મધના | ૩ ભેદ |
| મદિરાના | ૨ ભેદ |
| માંસના | ૩ ભેદ |
| માખણના | ૪ ભેદ |
| | ૧૨ |

**(૧) મધ :-** કુંતિયાં અથવા કુંતાં તે જંગલમાં ઉત્પન્ન થનારા ક્ષુદ્ર જંતુઓ છે. તેનું મધ, માખીઓનું મધ અને ભમરીઓનું મધ - એમ કુલ ત્રણ પ્રકારે છે.

**(૨) મદિરા :-** કાષ્ઠની મદિરા અને લોટની મદિરા

કાષ્ઠ એટલે વનસ્પતિના અવયવ સ્કંધ-પુષ્પ તથા ફળ વગેરે. તે અવયવોને અત્યંત કહોવરાવીને જે ઉન્માદક આસવ-સત્ત્વ ખેંચવામાં આવે તે મદિરા. શેરડી વગેરેની મદિરા તે સ્કંધની, મહુડા વગેરેની મદિરા તે પુષ્પની અને દ્રાક્ષ વગેરેની મદિરા તે ફળની. એ રીતે બીજા અંગોની પણ કાષ્ઠ મદિરા જાણવી.

જુવાર વગેરેના લોટને કહોવરાવીને જે માદક સત્ત્વ ખેંચવામાં આવે તે પિષ્ટ મદિરા.

**(૩) માંસ :-** જલચર પ્રાણીઓનું માછલા, કાચબા વગેરેનું માંસ

સ્થલચર પ્રાણીઓનું - મનુષ્ય, ગાય, ભેંસ વગેરેનું માંસ

ખેચર પક્ષીઓનું - ચકલી વગેરેનું માંસ - એમ ત્રણ પ્રકારનું માંસ છે અથવા લોહી-ચરબી-ચામડુ એમ ત્રણ પ્રકારનું માંસ છે.

**(૪) માખણ :-** ઘીની જેમ ઊંટડીના માખણ વિના ચાર પ્રકારનું છે. ઊંટડીના દૂધમાંથી દહીં ન બને, તેથી માખણ પણ ન બને એ સિવાય ગાય, ભેંસ, બકરી અને ઘેટીનું માખણ એમ ચાર પ્રકારનું માખણ છે. તે છાશથી જુદું પડેલું હોય તો અભક્ષ્ય થાય છે.

**आमासु य पक्कासु य, विपच्चमाणासु मंसपेसीसु ।**
**सययं चिय उववाओ, भणिओ य निगोयजीवाणं ।।**

કાચા માંસમાં, પાકા માંસમાં તેમ જ અગ્નિ ઉપર રંધાતા માંસમાં - એ ત્રણે

અવસ્થામાં નિશ્ચય નિગોદ જીવોનો, અનંત બાદર સાધારણ વનસ્પતિ જીવોનો ઉપપાત-ઉત્પત્તિ પ્રતિસમય કહેલ છે. અનંત નિગોદ જીવોની ઉત્પત્તિ થાય તો સહેજે બેઈન્દ્રિયાદિ જીવો ત્રસ જીવો હોય જ. વળી માંસમાં બીજા અભક્ષ્યોની માફક અન્તર્મુહૂર્ત પછી જીવોત્પત્તિં થાય છે એવું નથી. પરંતુ જીવથી જુદું પડ્યા બાદ તરત જ જીવોત્પત્તિ થાય છે.

**मज्जे महुम्मि मंसंमि, नवणीयम्मि चउत्थए ।**
**उप्पज्जंति अणंता, तव्वन्ना तत्थ जंतुणो ।।**

મદિરામાં, મધમાં, માંસમાં અને ચોથા માખણમાં મદિરા વગેરે વર્ણના જેવા વર્ણવાળા અનંત[1] (અનેક) જીવો ઉત્પન્ન થાય છે. એટલે ચાર મહાવિગઈઓ અભક્ષ્ય છે. માંસમાં અનંત નિગોદ જીવોની અને અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ અને બાકીના ત્રણમાં એટલે મદિરા, મધ અને માખણમાં અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ જાણવી.

**મણ-વયણ-કાય-મણવય-મણતણુ-વયતણુ-તિજોગિ સગ સત્ત ।**
**કર કારણુ મઇ દુતિજુઇ, તિકાલિસીયાલ ભંગસયં ।।૪૨।।**
**એયં ચ ઉત્તકાલે, સયં ચ મણ વય તણૂહિં પાલણિયં ।**
**જાણગ જાણગપાસત્તિ ભંગચઉગે તિસુ અણુન્ના ।।૪૩।।**

## (૭) બે ભાંગા :-

અહીં ભાંગા એટલે પ્રકાર. પચ્ચક્ખાણ બે પ્રકારે લેવાય છે. યોગના ભાંગાથી અને કરણના ભાંગાથી. તે વિસ્તારથી સમજાવે છે કે યોગ ત્રણ પ્રકારે છે. મન-વચન-કાયા અને કરણ ત્રણ પ્રકારે છે. કરવું-કરાવવું-અનુમોદવું.

અહીં યોગના એક સંયોગી ભાંગા ત્રણ, બે સંયોગી ભાંગા ત્રણ અને ત્રણ સંયોગી ભાંગો ૧ થશે, એમ કુલ સાત ભાંગા થશે. જેમ કે -

---

૧. અહીં અનંત શબ્દનો અર્થ અનેક કરવાનો છે. જેથી માંસમાં અનંત નિગોદ જીવોની તથા અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે અને બાકીના મદિરા, મધ અને માખણમાં અસંખ્ય ત્રસજીવોની ઉત્પત્તિ થાય છે અથવા આ ગાથા ફક્ત ત્રસજીવોની ઉત્પત્તિને અંગે ગણી શકાય. એટલે અનંત=અનેક=અસંખ્ય ત્રસજીવોની ઉત્પત્તિ થાય છે. ટૂંકમાં માંસમાં અનંત નિગોદ જીવો તથા અસંખ્ય ત્રસજીવો જ્યારે બાકીના ત્રણમાં અસંખ્ય ત્રસજીવો ઉત્પન્ન થાય છે.

મનથી, વચનથી, કાયાથી - એક સંયોગી ભાંગા ત્રણ

મન-વચનથી, વચન-કાયાથી, કાયા-મનથી - બે સંયોગી ભાંગા ત્રણ

મન-વચન-કાયાથી - એક સંયોગી ભાંગો <u>એક</u>

૭

એવી જ રીતે કરણના એક સંયોગી ભાંગા ત્રણ, બે સંયોગી ભાંગા ત્રણ અને ત્રણ સંયોગી ભાંગો એક થશે.

જેમ કે - કરવું, કરાવવું, અનુમોદવું - ત્રણ

કરવું-કરાવવું, કરાવવું-અનુમોદવું, અનુમોદવું-કરવું ત્રણ

કરવું કરાવવું અનુમોદવું - <u>એક</u>

૭ ભાંગા

આ પ્રમાણે યોગના સાત ભાંગાને કરણના સાત ભાંગે ગુણતાં સાત સપ્તકના ૪૯ ભાંગા થાય. તેને ત્રણ કાળ સાથે ગુણતાં ૧૪૭ ભાંગા થાય. જેથી એક જ પચ્ચક્ખાણ લેનાર ૪૯ વ્યક્તિ અથવા ૧૪૭ વ્યક્તિ હોય તો દરેકને જુદી જુદી રીતે પચ્ચક્ખાણ આપી શકાય.

ફક્ત કરું નહિ, એ પ્રમાણે કરણના એક સંયોગી ભાંગા સાથે સાત યોગના ભાંગા જોડવા.

| | | |
|---|---|---|
| (૧) મનથી કરું નહિ | | |
| (૨) વચનથી કરું નહિ | | |
| (૩) કાયાથી કરું નહિ | મનથી કરાવું નહિ | મનથી અનુમોદું |
| (૪) મન-વચનથી કરું નહિ | આદિ ૭ ભાંગા | નહિ આદિ ૭ |
| (૫) વચન-કાયાથી કરું નહિ | | ભાંગા |
| (૬) કાયા-મનથી કરું નહિ | | |
| (૭) મન-વચન-કાયાથી કરું નહિ | | |

તેવી જ રીતે કરાવું નહિ અને અનુમોદું નહિ, એમ ૭-૭ ભાંગા સાથે કુલ-૨૧ ભાંગા થયા.

હવે બીજા ૨૧ ભાંગામાં કરણના ભાંગા જે એક સંયોગી જ હતા, તે હવે બે સંયોગી કરવા અને યોગના સાત ભાંગા તે જ રાખવા.

| | | |
|---|---|---|
| (૧) મનથી કરું નહિ, કરાવું નહિ | તેવી રીતે મનથી | તેવી રીતે મનથી |
| (૨) વચનથી કરું નહિ, કરાવું નહિ | કરાવું નહિ | કરું નહિ, અનુમોદું |
| (૩) કાયાથી કરું નહિ, કરાવું નહિ | અનુમોદું નહિ | નહિ આદિ |
| (૪) મન-વચનથી કરું નહિ, કરાવું નહિ | આદિ ૭ ભાંગા | ૭ ભાંગા |

(૫) વચન-કાયાથી કરું નહિ, કરાવું નહિ

(૬) કાયા-મનથી કરું નહિ, કરાવું નહિ

(૭) મન-વચન-કાયાથી કરું નહિ, કરાવું નહિ

આ પ્રમાણે કરણના દ્વિસંયોગી ભાંગા સાથે યોગના ૭ ભાંગા ગુણતાં બીજા ૨૧ ભેદ થયા - કુલ-૪૨ ભાંગા થયા.

હવે કરણના ત્રિસંયોગી ભાંગા સાથે યોગના સાત ભાંગા કરતાં ૭ ભેદ થશે.

(૧) મનથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ

(૨) વચનથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ

(૩) કાયાથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ

(૪) મન-વચનથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ

(૫) વચન-કાયાથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ

(૬) કાયા-મનથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ

(૭) મન-વચન-કાયાથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ

આ પ્રમાણે કુલ-૪૯ ભાંગા થાય.

પચ્ચક્ખાણના ૪૯ ભાંગાને ત્રણ કાળે ગુણી કુલ-૧૪૭ ભાંગા બતાવ્યા. તેમાં પચ્ચક્ખાણ તો ભવિષ્યકાળ માટે હોય છે. એટલે કે ભવિષ્યમાં અનુચિત આચરણના ત્યાગવાળું હોય જે ભૂતકાળમાં થઈ ગયું છે, તેનું પચ્ચક્ખાણ કેવી રીતે શક્ય બને ? તેનો ખુલાસો કરતાં જણાવે છે. ભૂતકાળનું પચ્ચક્ખાણ એટલે કે ભૂતકાળમાં જે અનુચિત આચરણ થયું હોય તેની નિંદા અને ગર્હા કરું છું અને વર્તમાનકાળમાં અનુચિત આચાર સેવી રહ્યો છું, એને અટકાવું છું અને ભવિષ્યકાળમાં નહિ કરું, એ પ્રમાણે નિયમ કરે છે. એટલે પચ્ચક્ખાણ આ પ્રમાણે ત્રણે કાળના વિષયવાળું હોય છે.

પોરિસી આદિ પચ્ચક્ખાણોના જે જે કાળ કહ્યા છે, તેટલા કાળ સુધી તે

પચ્ચક્ખાણનું પરમ આદરપૂર્વક રક્ષણ કરવું તે તેનું પાલન છે. કોઈપણ સાંસારિક સ્વાર્થ કે લાભને ખાતર કાળ પૂર્ણ થયા પહેલાં પાળવું નહિ એટલે ભોજન ન કરવું. કારણ કે સંસારના વ્યવહારમાં પણ પ્રતિજ્ઞા લઈ બીજા લાભ ગુમાવીને લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરે છે તે વ્યવહારકુશળ કહેવાય છે અને લાભ પણ થાય છે તો મોક્ષમાર્ગ જેવા મહાન લાભ માટે કરેલી પ્રતિજ્ઞા તુચ્છ લાભોની ખાતર કેવી રીતે ભંગાય ?

પચ્ચક્ખાણના અર્થ વગેરેના જાણકાર-અજાણકાર સંબંધી ચતુર્ભંગી નીચે પ્રમાણે છે.

(૧) પચ્ચક્ખાણ કરનાર જાણકાર, કરાવનાર જાણકાર

(૨) પચ્ચક્ખાણ કરનાર જાણકાર, કરાવનાર અજાણ

(૩) પચ્ચક્ખાણ કરનાર અજાણ, કરાવનાર જાણકાર

(૪) પચ્ચક્ખાણ કરનાર અજાણ કરાવનાર અજાણ

આ ચાર ભાંગામાં પહેલા ત્રણ શુદ્ધ છે. કારણ કે આગાર અને કાળના સ્વરૂપને બંનેને જાણે તે પરમ શુદ્ધ છે. પરંતુ ગુરુ કદાચ અલ્પ ક્ષયોપશમવાળા અથવા વયમાં નાના હોય અને પચ્ચક્ખાણનું સ્વરૂપાદિ ન જાણતા હોય તો પણ શ્રદ્ધાળુ શ્રાવકે અથવા શિષ્યે ગુરુના બહુમાન માટે ગુરુ સાક્ષીએ જ પચ્ચક્ખાણ કરવું. એ શાસ્ત્રવિધિ સાચવવા અજાણ ગુરુ પાસે પચ્ચક્ખાણ કરે તો પણ તે જાણકાર હોવાથી યથાર્થ પાલન કરી શકે છે. માટે બીજો ભાંગો પણ શુદ્ધ છે. ત્રીજા ભાંગામાં ગુરુ જાણકાર હોય, એટલે પચ્ચક્ખાણનું સ્વરૂપ સમજાવીને પચ્ચક્ખાણ આપે એટલે પચ્ચક્ખાણનું યથાર્થ પાલન થાય છે. માટે ત્રીજો ભાંગો પણ શુદ્ધ છે. જ્યારે ચોથા ભાંગામાં બંને અજાણ હોવાથી તે સ્પષ્ટ અશુદ્ધ જ છે.

**ફાસિય પાલિય સોહિય તીરિય કિટ્ટિય આરાહિય છ સુદ્ધં ।**
**પચ્ચક્ખાણં ફાસિય, વિહિણોચિયકાલિ જં પત્તં ॥૪૪॥**

**પાલિય પુણપુણ સરિયં, સોહિય ગુરુદત્તસેસભોયણઓ ।**
**તીરિય સમહિય કાલા, કિટ્ટિય ભોયણસમયસરણા ॥૪૫॥**

**ઇય પડિયરિયં આરા-હિયં તુ અહવા છ સુદ્ધિ સદ્દહણા ।**
**જાણણ વિણયડણુભાસણ, અણુપાલણ ભાવસુદ્ધિત્તિ ॥૪૬॥**

## (૮) છ પ્રકારની શુદ્ધિ :-

કરેલું પચ્ચક્ખાણ છ પ્રકારે વિશેષ શુદ્ધ થાય છે.

(૧) સ્પર્શિત (૨) પાલિત (૩) શોધિત (૪) તીરિત (૫) કીર્તિત અને (૬) આરાધિત.

**(૧) સ્પર્શિત** :- પચ્ચક્ખાણના સ્વરૂપને સમજનાર સાધુ અથવા શ્રાવક સૂર્યોદય પહેલાં પોતે એકલો અથવા ચૈત્ય સમક્ષ અથવા સ્થાપનાચાર્ય કે ગુરુ સમક્ષ પચ્ચક્ખાણ ઉચ્ચરીને પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ થાય એ પહેલાં ગુરુને વંદન કરી ગુરુ પાસે રાગ-દ્વેષ રહિત અને નિયાણા રહિત પચ્ચક્ખાણ કરે. તે વખતે ગુરુની સાથે પોતે પણ અતિ મંદ સ્વરે પચ્ચક્ખાણના આલાપકના અક્ષરો બોલે તે રીતે લીધેલું પચ્ચક્ખાણ સ્પર્શિત કહેવાય.

**(૨) પાલિત** :- કરેલા પચ્ચક્ખાણને વારંવાર સંભાર્યું હોય તો તે પાલિત કહેવાય.

**(૩) શોધિત** :- ગુરુને આપતાં જે શેષ વધ્યું હોય તે ભોજન કરવાથી પચ્ચક્ખાણ શોધિત કહેવાય અથવા શોભિત કહેવાય.

**(૪) તીરિત** :- પચ્ચક્ખાણનો જે કાળ કહ્યો હોય તે કાળથી પણ અધિક કાળ કરવાથી - મોડું પચ્ચક્ખાણ પારવાથી તે પચ્ચક્ખાણ તરતું રાખ્યું, એટલે તીરિત કહેવાય.

**(૫) કીર્તિત** :- ભોજન કરવા બેસતી વખતે "મારે અમુક પચ્ચક્ખાણ હતું તે પૂર્ણ થયું, માટે હવે હું ભોજન કરીશ" એમ ઉચ્ચાર કરવાથી, એટલે ભોજન સમયે ફરીથી સંભારવાથી તે પચ્ચક્ખાણ કીર્તિત કર્યું કહેવાય.

**(૬) આરાધિત** :- ઉપરની પાંચ રીતિએ આચરેલું - આરાધેલું પચ્ચક્ખાણ તે આરાધિત કહેવાય છે.

અથવા છ પ્રકારની શુદ્ધિ બીજી રીતે.

(૧) શ્રદ્ધાશુદ્ધિ (૨) જ્ઞાનશુદ્ધિ (૩) વિનયશુદ્ધિ (૪) અનુભાષણશુદ્ધિ (૫) અનુપાલનશુદ્ધિ (૬) ભાવશુદ્ધિ.

**(૧) શ્રદ્ધાશુદ્ધિ** :- સિદ્ધાંતમાં સાધુ સંબંધી અથવા શ્રાવક સંબંધી પ્રત્યાખ્યાન જે રીતે[૧] જે અવસ્થામાં[૨] અને જે કાળમાં[૩] કરવાનું કહ્યું છે તે રીતે તે અવસ્થામાં

---

૧. અહીં **"રીતિ"** તે મુનિને પંચમહાવ્રતરૂપ મૂળગુણ પચ્ચક્ખાણ અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણ પચ્ચક્ખાણ અને શ્રાવકને પાંચ અણુવ્રતરૂપ મૂળગુણ પ્રત્યાખ્યાન અને દિશિપરિમાણ આદિ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન અને તે સર્વનો ઉચ્ચારવિધિ જાણવો.

અને તે કાળે જ તે પચ્ચક્ખાણ કરવું યોગ્ય છે, એવી જે શ્રદ્ધા રાખવી તે.

(૨) **જ્ઞાનશુદ્ધિ** :- અમુક પચ્ચક્ખાણ અમુક અવસ્થામાં અમુક કાળે અમુક રીતે કરવું યોગ્ય છે અને અમુક રીતે કરવું અયોગ્ય છે, એવા પ્રકારનું જે જ્ઞાન તે.

(૩) **વિનયશુદ્ધિ** :- ગુરુને વંદન કરવા પૂર્વક જે પચ્ચક્ખાણ કરવું તે.

(૪) **અનુભાષણશુદ્ધિ** :- ગુરુ પચ્ચક્ખાણ ઉચ્ચરાવે તે વખતે મંદ સ્વરે પોતે પણ પચ્ચક્ખાણનો આલાપક ગુરુ સાથે બોલવો-ઉચ્ચરવો તે. (અથવા ગુરુ પચ્ચક્ખાઈ કહે ત્યારે પચ્ચક્ખામિ અને વોસિરઈ કહે ત્યારે વોસિરામિ કહેવું તે.)

(૫) **અનુપાલનશુદ્ધિ** :- વિષમ સંકટ (પ્રાપ્ત થતાં પણ પચ્ચક્ખાણ ભાંગવું નહિ, પરંતુ સમ્યક્ પ્રકારે) પાલન કરવું તે.

(૬) **ભાવશુદ્ધિ** :- આ લોકમાં ચક્રવર્તી આદિના સુખની ઈચ્છા તથા પરલોકમાં ઈન્દ્રાદિકના સુખની અભિલાષા રહિત (=એટલે નિયાણા રહિત) તેમજ બીજા કોઈ પણ પ્રકારના [૪]રાગદ્વેષ રહિત થઈ પચ્ચક્ખાણ પૂર્ણ કરવું તે.

---

૨. "**अवस्था**" તે સાધુને અંગે જિનકલ્પ-સ્થવિરકલ્પ-પરિહારકલ્પ-યથાલંદકલ્પ-બાર પ્રતિમાધારી ઈત્યાદિ તેમ જ ગ્લાનાદિ અવસ્થા અને શ્રાવકને અંગે ૧૧ પ્રતિમાધર, પ્રતિમારહિત, નિયતવ્રતી (અમુક વખતે અમુક પચ્ચક્ખાણ કરવાની નિત્ય પ્રતિજ્ઞાવાળા) અને અનિયતવ્રતી (છૂટા) ઈત્યાદિ.

૩. "**काळ**" તે સુકાળ-દુષ્કાળ-વર્ષાકાળ-શેષકાળ ઈત્યાદિ અથવા નમુક્કારસહિયંનો ગ્રહણકાળ સૂર્યોદય પહેલાં અને પૂર્ણ કાળ સૂર્યોદયથી ૧ મુહૂર્ત્ત બાદ ઈત્યાદિ રીતે પણ પ્રત્યેક પચ્ચક્ખાણનો યથાસંભવ કાળ જાણવો.

૪. ગુરુને પોતાના તરફ રાગી બનાવવા માટે, લોકોને પોતાના ભક્તિભાવવાળા બનાવવા માટે, કોઈ પ્રિય વસ્તુનો વિરહ થતાં તેને પુનઃ પ્રાપ્ત કરવા માટે (બાધા-આખડીના સ્વરૂપમાં એ પ્રત્યાખ્યાન લોકપ્રસિદ્ધ છે.) ચમત્કારી શક્તિઓ ઉત્પન્ન કરવા માટે અને આ ભવ-પરભવનું સુખ મેળવવા માટે જે તપશ્ચર્યા કરવી તે સર્વ **रागसहित** પ્રત્યાખ્યાન કહેવાય તથા આ વસ્તુ ભાવતી નથી અથવા ગમતી નથી, તેનો ત્યાગ કરવો અથવા વિરોધીને સંતાપ ઉપજાવવાને તેજોલેશ્યાદિ લબ્ધિ પ્રાપ્ત કરવા માટે ઈત્યાદિ કારણથી द्वेषसहित પ્રત્યાખ્યાન કહેવાય. અથવા ચાલુ તપશ્ચર્યામાં તે તપશ્ચર્યા પ્રત્યે (આકરી લાગવાથી) ક્રોધ-ખેદ કરવો અથવા બીજા કોઈ પ્રત્યે ક્રોધ કરવો, અથવા ગુરુ આદિકથી રીસાઈને આહારાદિકનો ત્યાગ કરવો તથા તે તપ સંબંધી (હું આવો મહાન તપસ્વી છું એવું) અભિમાન ધરવું અથવા બીજા પદાર્થોના લાભથી પણ અભિમાની થવું, તે **द्वेषसहित** પ્રત્યાખ્યાન અને ચાલુ તપશ્ચર્યામાં (શ્રી મલ્લિનાથ પ્રભુના પૂર્વ ભવના જીવની જેમ) તે તપ સંબંધી માયા-પ્રપંચ કરવો અથવા બીજા કોઈ પ્રકારનો માયા-પ્રપંચ કરવો તથા (તપ સંબંધી લોભ કરવા યોગ્ય હોવાથી તપ સિવાય અન્ય) ધન-ધાન્યાદિ સંબંધી લોભ કરવો તે रागसहित પ્રત્યાખ્યાન કહેવાય. માટે તેવા તેવા સર્વ પ્રકારના રાગ-દ્વેષ રહિત થઈ પ્રત્યાખ્યાન કરવું.

**પચ્ચક્ખાણસ્સ ફલં, ઇહપરલોએ ય હોઇ દુવિહં તુ ।**
**ઇહલોએ ધમ્મિલાઈ, દામન્નગમાઇ પરલોએ ॥૪૭॥**
**પચ્ચક્ખાણમિણં સે-વિઊણ ભાવેણ જિણવરુદ્દિટ્ઠં ।**
**પત્તા અણંત જીવા, સાસયસુક્ખં અણાબાહં ॥૪૮॥**

**(૯) ફળ :-**

આ રીતે કરેલું પચ્ચક્ખાણ બે પ્રકારે ફળ આપે છે. (૧) ઈહલોક ફળ, (૨) પરલોક ફળ. જેમાં આ લોકમાં શું ફળ મળ્યું, તેના ઉપર ધમ્મિલકુમાર વગેરેનું દૃષ્ટાંત છે અને પરલોકમાં શું ફળ મળ્યું, તેના ઉપર દામન્નક વગેરેનું દૃષ્ટાંત છે.

## ધમ્મિલકુમારનું દૃષ્ટાંત (આ લોકના ફળ સંબંધી)

જંબૂદ્વીપના દક્ષિણ ભરત ક્ષેત્રમાં કુશાર્ત નામના નગરમાં સુરેન્દ્રદત્ત નામના શ્રેષ્ઠિને સુભદ્રા નામની સ્ત્રી હતી. તેને સંતતિ ન હોવાથી બન્ને જણ અતિ ચિંતાગ્રસ્ત રહે છે, પરંતુ ધર્મના પ્રસાદથી પુત્ર પ્રાપ્તિ થશે, એમ જાણી અત્યંત ધર્મારાધનમાં કાળ વ્યતીત કરે છે; કેટલેક કાળે પુત્રનો જન્મ થયો, તેનું **ધમ્મિલ** એવું નામ સ્થાપ્યું. તે અનુક્રમે મોટો થતાં અનેક કળાઓમાં નિપુણ થયો. સાથે ધર્મશાસ્ત્ર પણ શીખ્યો અને ધર્મક્રિયામાં અત્યંત પ્રીતિવાળો થયો. માતા-પિતાએ એ જ નગરના ધનવસુ શેઠની યશોમતિ નામની કન્યા પરણાવી કે જે એક જ જૈન ગુરુ પાસે ભણતાં ધમ્મિલ પ્રત્યે અનુરાગવાળી થઈ હતી. બન્ને જણ પોતાનો સંસાર-વ્યવહાર સુખપૂર્વક ચલાવે છે, પરંતુ થોડે કાળે ધમ્મિલકુમાર ધર્મવૃત્તિમાં અને અધ્યાત્મરસમાં બહુ રસિક થવાથી સંસારવ્યવહારથી વિરક્ત જેવો થયો, નવપરિણીત સ્ત્રીને પણ માયાજાળ સરખી ગણવા લાગ્યો. યશોમતિએ પોતાના પતિની વિમુખતા અને પોતાના દુઃખની વાત સખીઓને કહી અને સખીઓ પાસેથી ધમ્મિલની માતાએ પણ તે વાત જાણી શેઠને કહી. શેઠને પણ ચિંતા થઈ કે પુત્ર વ્યવહારમાર્ગ જાણતો નથી અને લોકમાં પણ તે મૂર્ખ ગણાય છે. ત્યારબાદ તેના ઉપાય માટે શેઠની ઘણી મના છતાં શેઠાણીએ સંસારકુશળ થવા માટે ધમ્મિલને જુગારીઓને સોંપ્યો. તેમાંથી અનુક્રમે વેશ્યાગામી થયો. માતા વેશ્યાને ત્યાં દરરોજ ધમ્મિલના મંગાવ્યા પ્રમાણે ધન મોકલે છે. અંતે ઘણે કાળે માતાએ પુત્રને તેડવા મોકલ્યો. છતાં ઘેર ન આવ્યો. માતા-પિતા પુત્રના વિયોગમાં ને વિયોગમાં જ મરણ પામ્યાં અને યશોમતિને માથે સર્વ ઘરભાર આવી પડ્યો. પોતાના પતિ ધન મંગાવે તે પ્રમાણે મોકલતાં યશોમતિ પણ સર્વથા નિર્ધન થવાથી પિયર ચાલી ગઈ.

હવે ધનપ્રાપ્તિ બંધ થવાથી વસંતતિલકા પુત્રીનો અતિ પ્રેમ છતાં વસંતસેના વેશ્યાએ (અક્કાએ) ધમ્મિલની દુર્દશા કરી ઘરમાંથી કાઢી મૂક્યો. તેને ભમતાં ભમતાં શ્રી અગડદત્ત મહામુનિ મળ્યા. તેમણે પોતાનું સવિસ્તર ચરિત્ર કહીને તે દ્વારા ઉપદેશ આપ્યો. તેથી પ્રતિબોધ પામ્યા છતાં ધમ્મિલકુમારે ગુરુ મહારાજને કહ્યું કે - હે ગુરુ મહારાજ ! મને હજી સંસારસુખની ઈચ્છા રહેલી છે, તે પૂર્ણ થાય એવો ઉપાય બતાવો, પછી આપ કહેશો તેમ કરીશ. ગુરુએ કહ્યું - મુનિ સાંસારિક સુખનો ઉપાય બતાવે નહિ, પણ આમાં પરિણામે આશ્રવ તે સંવરરૂપ થનાર છે માટે ઉપાય બતાવું છું કે - તમારે છ માસ પર્યન્ત આયંબિલનો ચઉવિહાર તપ કરવો, પણ દ્રવ્યથી મુનિવેષ અંગીકાર કરવો, દોષ રહિત ગોચરી કરવી, મુનિપણું જાળવવું અને નવકાર મંત્રના નવ લાખ જાપ ઉપરાંત ષોડશાક્ષરી મંત્ર હું બતાવું છું, તેનો પણ જાપ કરવો. આ પ્રમાણે છ માસ સુધી કરવાથી તમારી ઈચ્છા પૂર્ણ થશે. (અહીં શ્રી અગડદત્ત મુનિએ ધમ્મિલકુમારને ઘણો વિશેષ વિધિ વગેરે બતાવ્યો છે તે ધમ્મિલકુમારના ચરિત્રથી તથા રાસ વગેરેથી જાણવો.)

ધમ્મિલકુમારે ગુરુ મહારાજના કહેવા પ્રમાણે યથાર્થ રીતે છ માસ પર્યન્ત તપ, જપ વગેરે કરી મુનિવેષ તજી દીધો. ત્યારબાદ દેવની પ્રસન્નતાથી તેમજ પૂર્વભવમાં બાંધેલા અશુભ કર્મના ક્ષયથી રાજ્ય, સ્ત્રી, પુત્રાદિકના વૈભવરૂપ અનેક પ્રકારનાં સાંસારિક સુખ પામ્યા.

પ્રાન્તે ધર્મરુચિ નામના ગુરુ મળ્યા. તેમણે ઉપદેશ આપ્યો અને પૂર્વભવ કહ્યો. તેથી વૈરાગ્ય પામી રાજ્ય પુત્રને સોંપી પોતે સ્ત્રીઓ સહિત ચારિત્ર અંગીકાર કર્યું અને દીર્ઘકાળ પર્યંત ચારિત્રનું પાલન કરી અંતે માસનું અનશન કરી ધમ્મિલ મુનિ અને બે સાધ્વી કાળ કરી બારમા અચ્યુત નામના દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી મોક્ષપદ પામશે.

એ પ્રમાણે ધમ્મિલકુમારે પચ્ચક્ખાણના (તપના) પ્રભાવથી આ ભવ સંબંધી સુખ મેળવ્યું અને પ્રાન્તે મોક્ષપદ પામ્યા.

## દામન્નકનું દૃષ્ટાંત (પરલોકના ફળ સંબંધી)

રાજપુર નગરમાં રહેતા સુનંદ નામના કુલપુત્રે પોતાના મિત્ર જિનદાસ શ્રાવકના ઉપદેશથી સાધુ પાસે માંસનું પચ્ચક્ખાણ કર્યું. દેશમાં દુષ્કાળ પડવાથી સર્વ લોક માંસાહારી થયા. સુનંદનું કુટુંબ ક્ષુધાથી પીડાય છે, છતાં સુનંદ મત્સ્ય મારવા જતો નથી. એક વાર સાળો આગ્રહ કરીને સુનંદને સરોવર પર લઈ ગયો

અને જાળ આપી મચ્છ પકડવા કહ્યું તો પણ જાળમાં જે મચ્છ આવે તેને છોડી મૂકે, એમ ત્રણ દિવસ સુધી કર્યું. અન્તે સુનંદ અનશન કરી મરણ પામી માંસ પચ્ચક્ખાણના પ્રભાવે રાજગૃહ નગરમાં દામન્નક નામનો શ્રેષ્ઠિપુત્ર થયો. ત્યાં આઠ વર્ષનો થતાં સર્વ કુટુંબ મરકીના રોગથી મરણ પામ્યું, ત્યારે સુનંદ એ જ નગરમાં સાગરદત્ત નામના શેઠને ત્યાં રહ્યો. ત્યાં ભિક્ષાર્થે આવેલા સાધુઓમાં મોટા સાધુએ સામુદ્રિક શાસ્ત્રના જ્ઞાનથી "આ દામન્નક, શેઠના ઘરનો માલિક થશે." એમ બીજા સાધુને કહ્યું, તે શ્રેષ્ઠિએ સાંભળવાથી તેને ચંડાલો પાસે મારી નાખવા મોકલ્યો, પરંતુ ચંડાલોએ નાની આંગળી છેદી તેને નસાડી મૂક્યો; તે નાસીને એ જ શેઠના ગોકુલવાળા ગામમાં ગયો. ત્યાં ગોકુલના રક્ષક સ્વામીએ તેને પુત્રપણે રાખ્યો. કેટલેક વર્ષે ત્યાં આવેલા સાગર શેઠે તેને ઓળખી ફરીથી મારી નખાવવા કાગળમાં "વિષ આપજો" એમ લખી તે લેખ સાથે પોતાને ઘેર મોકલ્યો, પરંતુ થાક લાગવાથી તે જ નગરની બહાર દેવમંદિરમાં તે સૂતો છે; તેટલામાં ત્યાં આવેલી તે જ શેઠની વિષા નામની કન્યાએ તે દામન્નક પર મોહ પામવાથી પાસે રહેલા પત્રમાં "વિષ"ને બદલે "વિષા" સુધાર્યું, જેથી ઘેર જતાં તેને શેઠના કુટુંબીઓએ શેઠની વિષા કન્યા પરણાવી. શેઠે ઘેર આવતાં અનર્થ થયો જાણી પુનઃ મારી નખાવવાનો ઉપાય રચ્યો, પરંતુ વિધિના યોગે તેને બદલે શેઠનો પુત્ર જ હણાયો. એટલે સાધુનું વચન અસત્ય નહિ થાય એમ માની શેઠે તેને ઘરનો માલિક કર્યો. અનુક્રમે રાજાએ પણ નગરશેઠની પદવી આપી. તે નગરમાં ગુરુ પધાર્યા જાણી વંદના કરવા ગયો. ત્યાં ધર્મદેશના સાંભળી પૂર્વભવનું માંસનું પચ્ચક્ખાણ સ્મરણમાં આવ્યું, તેથી સમ્યક્ત્વ પામી ધર્મારાધન કરી દેવલોકમાં ગયો. ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ મોક્ષપદ પામશે.

આ પ્રમાણે પચ્ચક્ખાણનો સર્વ વિધિ અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરોએ જ કહ્યો છે અને તેનું સર્વોત્તમ ફળ મોક્ષસુખ પ્રાપ્ત થવું એ જ છે. આ પચ્ચક્ખાણ વિધિ આચરીને ભૂતકાળમાં અનંત જીવો મોક્ષસુખ પામ્યા છે. વર્તમાનકાળમાં અનેક જીવો મોક્ષસુખ પામે છે અને ભવિષ્યમાં અનંત જીવો મોક્ષસુખ પામશે.

## પચ્ચક્ખાણ ધર્મ આદરવાનો અને તે સંબંધી લૌકિક કુપ્રવચનો ત્યાગ કરવાનો ઉપદેશ

વળી અહીં વિશેષ સમજવા યોગ્ય એ છે કે - પ્રભુએ પ્રરૂપેલો પ્રત્યાખ્યાન ધર્મ પાલન કરવો એ જ મનુષ્યભવ અને જૈન ધર્મ પામ્યાનું સર્વોત્કૃષ્ટ ફળ છે, તે

પાલન કરવાથી જ આત્મધર્મ સંપૂર્ણ પ્રગટ થઈ પરમાનંદની (મોક્ષની) પ્રાપ્તિ થાય છે. છતાં તે પ્રભુ પ્રરૂપિત પ્રત્યાખ્યાન ધર્મને પાલન કરવા જેવી શક્તિ (વીર્યાન્તરાય કર્મની પ્રબલતા વડે) ન હોવાથી અથવા તેવો ભાવ પણ (અપ્રત્યાખ્યાનાદિ કષાય મોહનીય કર્મની પ્રબળતા વડે) ન થવાથી જો તે ગ્રહણ ન કરી શકીએ, તો પણ પ્રત્યાખ્યાન ધર્મ મોક્ષનું પરમ અંગ છે અને કેવળ ભાવથી (અવ્યક્ત) અથવા તો દ્રવ્ય સહિત ભાવથી (વ્યક્ત) પણ પ્રત્યાખ્યાન ધર્મ જ્યાં સુધી પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી આત્માની મુક્તિ પણ નહિ જ થાય, એવી સમ્યક્ શ્રદ્ધા તો અવશ્ય રાખવી.

## પ્રત્યાખ્યાન ધર્મ સંબંધી લૌકિક કુપ્રવચનો

વળી પ્રત્યાખ્યાન ધર્મની સન્મુખ થયેલા ધર્મી જીવોએ પ્રત્યાખ્યાન ધર્મથી અને તેની ભાવનાથી પણ પતિત કરનારાં જે લૌકિક કુપ્રવચનો છે, તે જાણી-સમજીને તેનો ત્યાગ કરવો યોગ્ય છે, તે કુપ્રવચનો આ પ્રમાણે[૧] -

૧ - મનની ધારણા માત્રથી ધારી લેવું તે પચ્ચક્ખાણ જ છે, હાથ જોડીને ઉચ્ચારવાથી શું વિશેષ છે ? - એ કુપ્રવચન.

૨ - મરૂદેવા માતાએ* ક્યાં પચ્ચક્ખાણ કર્યું હતું ? છતાં ભાવના માત્રથી મોક્ષે ગયા માટે ભાવના ઉત્તમ છે - એ કુપ્રવચન.

૩ - ભરત ચક્રવર્તી છ ખંડનું રાજ્ય ભોગવતાં પણ વ્રત નિયમ વિના ભાવના માત્રથી કેવલજ્ઞાન પામ્યા - એ કુપ્રવચન.

૪ - શ્રેણિક રાજાએ નવકારશી જેવું પચ્ચક્ખાણ ન કરવા છતાં પણ પ્રભુ ઉપરના પ્રેમ માત્રથી તીર્થંકર ગોત્ર બાંધ્યું. માટે પચ્ચક્ખાણથી શું વિશેષ છે ? - એ કુપ્રવચન.

---

૧ આ કુપ્રવચનોમાં કેટલાંક વચનો શાસ્ત્રોક્ત પણ છે, પરંતુ શાસ્ત્રમાં તો તે વચનો જીવોને ધર્મ સન્મુખ કરવાની અપેક્ષાએ કહ્યાં છે, છતાં એ જ વચનો પ્રત્યાખ્યાન ધર્મને હલકો પાડવા માટે બોલાતાં હોવાથી કુપ્રવચનો કહેવાય.

* મરૂદેવા માતા, ભરત ચક્રી અને શ્રેણિક રાજા ઈત્યાદિ જીવો જો કે વ્યક્ત (લોકદૃષ્ટિમાં આવે એવો) પ્રત્યાખ્યાન ધર્મ પામ્યા નથી, તો પણ શાસ્ત્રદૃષ્ટિએ તો વ્રત-નિયમાદિ અવ્યક્ત પણ પ્રત્યાખ્યાન ધર્મથી જ મોક્ષ ઈત્યાદિ ભાવ પામ્યા છે, તો પણ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં પરાધીન બનેલા અને તેથી જ વિષયો ત્યાજ્ય છે એવી માન્યતારૂપ શ્રદ્ધામાર્ગમાં નહિ આવેલ જીવો જ એવાં પ્રવચનો પ્રગટ કરી પ્રત્યાખ્યાન ધર્મને હલકો પાડે છે, પોતાની વિષયાધીનતાનો બચાવ કરે છે અને ભક્ષ્યાભક્ષ્ય જેવા વિવેકમાં ન આવ્યા છતાં પણ આત્મધર્મીપણું દર્શાવવા પ્રયત્ન કરે છે.

૫ - દાન, શીલ, તપ અને ભાવના. આ ચાર ધર્મમાં પણ ભાવ ધર્મપ્રધાન કહ્યો છે, પરંતુ દાનાદિક નહિ - એ કુપ્રવચન.

૬ - વ્રત-નિયમ પચ્ચક્ખાણ એ તો ક્રિયા ધર્મ છે અને ક્રિયા તો જ્ઞાનની દાસી છે, માટે જ્ઞાનાદિક રૂપ ભાવના ઉત્તમ છે, પણ વ્રત-નિયમાદિ ક્રિયા ઉત્તમ નથી - એ કુપ્રવચન.

૭ - વળી પચ્ચક્ખાણ લઈને પાળી ન શકાય તો વ્રતભંગ કરવાથી મહાદોષ પ્રાપ્ત થાય છે, તે કરતાં ભાવના માત્રથી પચ્ચક્ખાણ લીધા વિના જ વ્રત-નિયમ પાળવા તે ઉત્તમ છે - એ કુપ્રવચન.

૮ - પચ્ચક્ખાણ લઈને પણ મન કાબૂમાં રહેતું નથી, નિત્ય નિયમ પ્રમાણે મન તો આહાર-વિહારમાં ભમતું જ રહે છે, ત્યારે પચ્ચક્ખાણ લીધું કામનું શું ? - એ કુપ્રવચન.

૯ - કોઈ જીવ અણભાવતી અથવા અલભ્ય (પ્રાયઃ ન મળી શકે એવી) વસ્તુનું પચ્ચક્ખાણ કરે ત્યારે તેની હાંસી કરે કે - એમાં તેં શું છોડ્યું ? ના મળી નારી ત્યારે બાવો બ્રહ્મચારી - એ કુપ્રવચન.

૧૦ - લોક સમક્ષ ઉભા થઈ હાથ જોડી ઠાઠમાઠથી પ્રત્યાખ્યાન ઉચ્ચરવું એ તો મેં પચ્ચક્ખાણ કર્યું એવો લોકદેખાવ-આડંબર છે, માટે જેમ ગુપ્તદાન ઘણા ફળવાળું છે, તેમ મન માત્રની ધારણાથી ધારેલું અને પાળેલું પચ્ચક્ખાણ ઘણા ફળવાળું છે - એ કુપ્રવચન.

ઈત્યાદિ બીજાં પણ અનેક કુપ્રવચનો છે, તો પણ એ ૧૦ મુખ્ય જાણી કહ્યાં છે. એ કુપ્રવચનો પ્રત્યાખ્યાન ધર્મનાં વિઘાતક અને ધર્મથી પતિત કરનારાં હોવાથી પ્રત્યાખ્યાન ધર્મમાં ઉજમાળ થયેલા જીવોએ આદરવાં નહિ, બોલવાં નહિ તેમ સાંભળવા પણ નહિ.

# પચ્ચક્ખાણ ભાષ્ય ગાથાર્થ

# પચ્ચક્ખાણ ભાષ્ય

[૧]દસ પચ્ચખાણ [૨]ચઉવિહિ, [૩]આહાર [૪]દુવીસગાર અદુરુત્તા ।
દસવિગઇ[૫] તીસ વિ[૬]ગઈ-ગય [૭]દુહભંગા [૮]છસુદ્ધિ [૯]ફલં ॥૧॥

અણાગ[૧]યમઇક્કંતં[૨] કોડી[૩]-સહિયં [૪]નિયંટિ [૫]અણગારં ।
સાગાર[૬] નિર[૭]વસેસં, પરિમાણ[૮]કડં [૯]સકે [૧૦]અદ્ધા ॥૨॥

નવકારસહિ[૧]ય પોરિસિ,[૨] પુરિમડ્ઢે [૩]ગાસણે[૪]ગઠાણે [૫]ય ।
આયંબિ[૬]લ [૭]અભતટ્ઠં, ચરિમે[૮] અ [૯]અભિગ્ગહે વિ[૧૦]ગઈ ॥૩॥

ઉગ્ગએ સૂરે અ નમો, પોરિસી પચ્ચક્ખ ઉગ્ગએ સૂરે ।
સૂરે ઉગ્ગએ પુરિમં, અભતટ્ઠં પચ્ચક્ખાઇ ત્તિ ॥૪॥

ભણઇ ગુરુ સીસો પુણ, પચ્ચક્ખામિ ત્તિ એવ વોસિરઇ ।
ઉવઓગિત્થ પમાણં, ન પમાણં વંજણચ્છલણા ॥૫॥

પઢમે ઠાણે તેરસ, બીએ તિન્નિ ઉ તિગાઇ તઇયંમિ ।
પાણસ્સ ચઉત્થંમી, દેસવગાસાઇ પંચમએ ॥૬॥

નમુ પોરિસિ સડ્ઢા, પુરિમવડ્ઢ અંગુટ્ઠમાઇ અડ તેર ।
નિવિ વિગઇંબિલ તિય, તિય દુ ઇગાસણ એગઠાણાઇ ॥૭॥

## ભાવાર્થ

દશ પચ્ચક્ખાણ, ચાર પ્રકારનો વિધિ આહાર, ફરીથી નહિ ઉચ્ચરાયેલા બાવીશ આગાર, દશ વિગઈ, ત્રીશ નીવિયાતા, બે પ્રકારના ભાંગા, છ વિશુદ્ધિ અને ફળ. ।।૧।। (આ નવ દ્વારના ૯૦ પ્રકાર થાય છે)

### ૧. દશ પચ્ચક્ખાણ

અનાગત, અતિક્રાન્ત, કોટિ સહિત, નિયંત્રિત, અનાગાર, સાગાર, નિરવશેષ, પરિમાણ કૃત, સાંકેતિક અને અદ્ધા. ।।૨।।

### દશ કાળ પચ્ચક્ખાણ

નવકારસહિત, પોરિસી, પુરિમઢ્ઢ, એકાશન, એકલઠાણું, આયંબિલ, ઉપવાસ, ચરિમ, અભિગ્રહ અને વિગઈ. ।।૩।।

### ૨. ચાર પ્રકારનો ઉચ્ચારવિધિ

નવકાર સહિતના પચ્ચક્ખાણમાં "ઉગ્ગએ સૂરે", પોરિસીના પચ્ચક્ખાણમાં "ઉગ્ગએ સૂરે", પુરિમઢ્ઢ અને ઉપવાસમાં "સૂરે ઉગ્ગએ", પુરિમઢ્ઢ અને ઉપવાસમાં "સૂરે ઉગ્ગએ", "પચ્ચક્ખાઈ" એમ ગુરુ કહે, ત્યારે પણ શિષ્ય "પચ્ચક્ખામિ" એમ કહે, એ પ્રમાણે વોસિરઈ વખતે શિષ્ય વોસિરામિ કહે.

અહીં ઉપયોગ પ્રમાણ છે, અક્ષરની ભૂલ પ્રમાણ નથી ગણાતી. ।।૪-૫।।

### ઉચ્ચાર-ભેદો

પહેલા સ્થાનમાં તેર, બીજામાં ત્રણ અને ત્રીજામાં ત્રણ, ચોથામાં પાણસ્સના અને પાંચમામાં દેશાવકાશિક વગેરેનો (ઉચ્ચાર થાય છે.) ।।૬।।

### સ્થાનોમાં ઉચ્ચાર પદો

નવકારસી, પોરિસી-સાઢ્ઢપોરિસી, પુરિમઢ્ઢ, અવઢ્ઢ અને અંગુઢ્ઢ સહિયં આદિ આઠ મળીને તેર, નીવિ, વિગઈ અને આયંબિલ, એ ત્રણ, બિઆસણ, એકાસણ અને એકલઠાણું એ ત્રણ. ।।૭।।

પઢમંમિ ચઉત્થાઈ, તેરસ બીયંમિ તઇય પાણસ્સ ।
દેસવગાસં તુરિએ, ચરિમે જહ-સંભવં નેયં ॥૮॥

તહ મજ્જ-પચ્ચક્ખાણેસુ, ન પિહુ સૂરુગ્ગયાઇ વોસિરઇ ।
કરણવિહિ ઇં ન ભન્નઇ, જહા-ઽઽવસીઆઇ બિય-છંદે ॥૯॥

તહ તિવિહ પચ્ચક્ખાણે, ભન્નંતિ ય પાણગસ્સ આગારા ।
દુવિહા-ઽઽહારે અચ્ચિત્ત-ભોઇણો તહ ય ફાસુ-જલે ॥૧૦॥

ઇત્તુચ્ચિય ખવણંબિલ-નિવિઆઇસુ ફાસુયં ચિય જલં તુ ।
સડ્ઢા વિ પિયંતિ તહા, પચ્ચક્ખંતિ ય તિહા-ઽઽહારં ॥૧૧॥

ચઉહાઽઽહારં તુ નમો રત્તિંપિ મુણીણ સેસ તિહ ચઉહા ।
નિસિ પોરિસિ પુરિમેગા-ઽઽસણાઇ સડ્ઢાણ દુ-તિ-ચઉહા ॥૧૨॥

ખુહ-પસમ-ખમેગાગી, આહારિ વ એઇ દેઇ વા સાયં ।
ખુહિઓ વ ખિવઇ કુટ્ઠે, જં પંકુવમં તમાહારો ॥૧૩॥

અસણે મુગ્ગોઅણ-સત્તુ-મંડ-પય-ખજ્જ-રબ્બ-કંદાઈ ।
પાણે કંજિય-જવ-કયર-કક્કડોદગ-સુરાઇ-જલં ॥૧૪॥

ખાઇમિ ભત્તોસ ફલા-ઽઽઇ, સાઇમે સુંઠિ-જીર-અજમાઈ ।
મહુ-ગુલ-તંબોલાઈ, અણહારે મોઅ-નિંબાઈ ॥૧૫॥

પહેલા ઉચ્ચારસ્થાનમાં ચોથ ભક્તાદિ, બીજામાં તેર, ત્રીજામાં પાણસ્સ, ચોથામાં દેશાવગાસિક અને ચરિમ-છેલ્લામાં (પાંચમામાં) યથાસંભવ જાણવું. ॥૮॥

બીજા વાંદણામાં જેમ "આવસ્સિઆએ" પદ ફરીથી કહેવાતું નથી, તેમ વચલા પચ્ચક્ખાણોમાં "સૂરે ઉગ્ગએ" વગેરે અને "વોસિરઈ" જુદા જુદા કહેવા નહિ; કેમ કે, (એવો) ક્રિયાવિધિ છે. ॥૯॥

તથા તિવિહારના પચ્ચક્ખાણમાં, અચિત્તભોજીના દુવિહારમાં તેમજ પ્રાસુક જળના પચ્ચક્ખાણમાં, પાણસ્સના (છ) આગાર કહેવાય છે. ॥૧૦॥

એટલા માટે જ, ઉપવાસ, આયંબિલ અને નીવિ, વગેરેમાં શ્રાવકો પણ પ્રાસુક જળ જ પીએ છે અને તિવિહારનું પચ્ચક્ખાણ કરે છે. ॥૧૧॥

નવકારસી અને મુનિ મહારાજનાં રાત્રિનાં પણ પચ્ચક્ખાણો ચઉવિહારમાં જ હોય, બાકીનાં પચ્ચક્ખાણો તિવિહાર અથવા ચઉવિહારવાળાં હોય અને રાત્રિનાં પચ્ચક્ખાણો, પોરિસી વગેરે પુરિમઢ્ઢ વગેરે અને એકાશન વગેરે પચ્ચક્ખાણો, શ્રાવકોને દુવિહાર, તિવિહાર અથવા ચઉવિહાર હોય. ॥૧૨॥

## 3. ચાર પ્રકારનો આહાર

એકલો પદાર્થ ક્ષુધા શમાવવામાં સમર્થ હોય અથવા આહાર સાથે ભળેલો હોય; અથવા સ્વાદ આપતો હોય અથવા કાદવ સરખો હોવા છતાં પણ ભૂખ્યો થયેલો માણસ પેટમાં જે ઉતારી જાય, તે આહાર ગણાય. ॥૧૩॥

**અશનમાં :-** મગ, ઓદન, સાથવો, માંડા, દૂધ, ખાજા વગેરે. ખાદ્ય, રાબ અને કંદ વગેરે અને **પાનમાં :-** કાંજીનું, જવનું, કેરાંનું, કાકડીનું પાણી તથા મદિરા વગેરેનું પાણી છે. ॥૧૪॥

**ખાદિમમાં :-** ભૂંજેલા ધાન્ય અને ફળ વગેરે, **સ્વાદિમમાં :-** સૂંઠ, જીરુ, અજમો વગેરે તથા મધ, ગોળ, પાન-સોપારી વગેરે અને અણાહારીમાં મૂત્ર અને લીમડો વગેરે છે. ॥૧૫॥

દો નવકારિ છ પોરિસિ, સગ પુરિમડ્ઢે ઇગાસણે અટ્ઠ ।
સત્તેગઠાણિ અંબિલિ, અટ્ઠ પણ ચઉત્થિ છ પ્પાણે ॥૧૬॥

ચઉ ચરિમે ચઉભિગ્ગહિ, પણ પાવરણે નવટ્ઠ નિવ્વીએ ।
આગારુક્ખિત્તવિવેગ, મુત્તુ દવ-વિગઇ-નિયમિટ્ઠ ॥૧૭॥

અન્ન સહ દુ નમુક્કારે, અન્ન સહ પ્પચ્છ દિસ ય સાહુ સવ્વ ।
પોરિસી છ સડ્ઢ-પોરિસિસ પુરિમડ્ઢે સત્ત સમહત્તરા ॥૧૮॥

અન્ન સહસ્સાગારિઅ, આઉંટણ ગુરુ અ પારિ મહ સવ્વ ।
એગ-બિયાસણિ અટ્ઠ ઉ, સગ ઇગઠાણે અઉંટ વિણા ॥૧૯॥

અન્ન સ્સહ લેવા ગિહ, ઉક્ખિત્ત પડુચ્ચ પારિ મહ સવ્વ ।
વિગઈ નિવ્વિગએ નવ, પડુચ્ચ-વિણુ અંબિલે અટ્ઠ ॥૨૦॥

અન્ન સહ પારિ મહ સવ્વ, પંચ ખમ(વ)ણે છ પાણિ લેવાઈ ।
ચઉ ચરિમંગુટ્ઠાઈ-ડભિગ્ગહિ અન્ન સહ મહ સવ્વ ॥૨૧॥

દુદ્ધ-મહુ-મજ્જ-તિલ્લં, ચઉરો દવ-વિગઇ ચઉર પિંડ-દવા ।
ઘય-ગુલ-દહિયં પિસિયં, મક્ખણ-પક્કન્ન દો પિંડા ॥૨૨॥

પોરિસિ-સડ્ઢ-અવડ્ઢં, દુ-ભત્ત-નિવ્વિગઇ પોરિસાઇ સમા ।
અંગુટ્ઠ-મુટ્ઠિ-ગંઠી-સચિત્ત-દવ્વાઇડભિગ્ગહિયં ॥૨૩॥

## ૪. બાવીશ આગાર

નવકારસીમાં બે, પોરિસીમાં છ, પુરિમઢ્ઢમાં સાત, એકાશનમાં આઠ, એકલઠાણમાં સાત, આયંબિલમાં આઠ, ઉપવાસમાં પાંચ અને પાણસ્સમાં છ આગાર છે. ॥૧૬॥

ચરિમમાં ચાર, અભિગ્રહમાં ચાર, પ્રાવરણમાં પાંચ અને નીવિમાં નવ અથવા આઠ આગાર છે. ત્યાં દ્રવવિગઈના ત્યાગમાં "ઉક્ખિત્તવિવેગેણં" આગાર છોડીને બાકીના આઠ છે. ॥૧૭॥

નવકારસીમાં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, એ બે, પોરિસીમાં ને સાર્ધપોરિસીમાં અન્ન૰ સહ૰ પચ્છન્ન૰ દિસામો૰ સાહુવ૰ સવ્વસમા૰ છ અને પુરિમઢ્ઢમાં મહત્તરા૰ સહિત સાત આગારો છે. ॥૧૮॥

એકાશન અને બિઆસણમાં અન્નત્થ૰ સહસા૰ સાગારિઆ૰ આઉંટણ૰ ગુરુ અબ્ભુ૰ પારિટ્ઠા૰ મહત્તરા૰ અને સવ્વસમાહિ૰ એ આઠ અને એકલઠાણામાં આઉંટણપસારેણં વિના સાત આગાર છે. ॥૧૯॥

વિગઈ અને નીવિમાં અન્નત્થણા૰ સહસા૰ લેવાલેવે૰ ગિહત્થસં૰ ઉક્ખિત્તવિવે૰ પડુચ્ચ૰ પારિટ્ઠા૰ મહત્તરા૰ સવ્વસમાહિ૰ એ નવ અને આયંબિલમાં પડુચ્ચમક્ખિએણં વિના આઠ આગાર છે. ॥૨૦॥

ઉપવાસમાં અન્નત્થણા૰ સહસા૰ પારિટ્ઠા૰ મહત્તરા૰ સવ્વસમાહિ૰ એ પાંચ. પાણસ્સમાં લેવેણ વા આદિ છ તથા ચરિમમાં, અંગુટ્ઠસહિયં વગેરેમાં અને અભિગ્રહમાં અન્નત્થણા૰ સહસા૰ મહત્તરા૰ સવ્વસમાહિ૰ એ ચાર આગાર છે. ॥૨૧॥

દૂધ, મધ, મદિરા ને તેલ, એ ચાર દ્રવ-વિગઈ, ઘી, ગોળ, દહીં ને માંસ, એ ચાર પિંડદ્રવ વિગઈ તથા માખણ અને પકવાન્ન, એ બે પિંડ વિગઈ છે. ॥૨૨॥

પોરિસી અને સાઢ્ઢપોરિસીમાં, પુરિમઢ્ઢ અને અવઢ્ઢમાં, એકાસણા અને બેઆસણામાં, નીવિ અને વિગઈના પચ્ચક્ખાણમાં તથા અંગુટ્ઠ-મુટ્ઠિ-ગંઠિસહિત, સચિત્ત દ્રવ્યાદિક અને અભિગ્રહમાં પણ નામથી અને સંખ્યાથી સરખા આગાર હોય છે. ॥૨૩॥

વિસ્સરણમણાભોગો, સહસાગારો સયં મુહ-પવેસો ।
પચ્છન્ન-કાલ મેહાઈ, દિસિવિવજ્જાસુ દિસિ મોહો ॥૨૪॥

સાહુ-વયણ-'ઉગ્ઘાડા-પોરિસિ' તણુ-સુત્થયા સમાહિત્તિ ।
સંઘા-ડડઇ-કજ્જ મહત્તર, ગિહત્થ-બન્દાઇ સાગારી ॥૨૫॥

આઉંટણમંગાણં ગુરુ-પાહુણ-સાહુગુરુ-અભુટ્ઠાણં ।
પરિઠાવણ વિહિગહિએ, જઈણ પાવરણિ કડિ-પટ્ટો ॥૨૬॥

ખરડિય લૂહિય ડોવાઇ, લેવ સંસટ્ઠ ડુચ્ચ મંડાઇ ।
ઉખિત્ત પિંડવિગઈણ, મક્ખિયં અંગુલીહિં મણા ॥૨૭॥

લેવાડં આયામાઇ, ઇયર સોવીરમચ્છમુસિણ-જલં ।
ધોયણ બહુલ સસિત્થં, ઉસ્સેઇમ ઇયર સિત્થવિણા ॥૨૮॥

પણ ચઉ ચઉ ચઉ દુ દુવિહ, છ ભક્ખ દુદ્ધાઇ વિગઇ ઇગવીસં ।
તિ દુ તિ ચઉવિહ અભક્ખા, ચઉ મહુમાઇ વિગઇ બાર ॥૨૯॥

ખીર ઘય દહિય તિલ્લં, ગુલ પક્કન્નં છ ભક્ખ-વિગઈઓ ।
ગો-મહિસિ-ઉટ્ટિ-અય-એલગાણ પણ દુદ્ધ અહ ચઉરો ॥૩૦॥
ઘય દહિયા ઉટ્ટિ-વિણા-તિલ સરિસવ અયસિ લટ્ટ તિલ્લ ચઉ ।
દવ-ગુડ-પિંડ-ગુડા દો, પક્કન્નં તિલ્લ-ઘય-તલિયં ॥૩૧॥

અનાભોગ= ભૂલી જવું, સહસાગાર= અચાનક મોઢામાં આવી પડવું, પ્રચ્છન્નકાલ= વાદળા વગેરેથી, દિગ્મોહ= દિશા ભૂલી જવી. ॥૨૪॥

સાધુ વચન= "ઉગ્ઘાડા પોરિસી" શબ્દો, સમાધિ= શરીરની સ્વસ્થતા, મહત્તર= સંઘાદિકનું કામ, સાગારિક= ગૃહસ્થ, બન્દી વગેરે. ॥૨૫॥

આકુંચન (પ્રસારણ)= શરીરનાં અંગોનું, ગુરુ અભ્યુત્થાન= ગુરુ, પ્રાઘુર્ણિક સાધુ નિમિત્તે ઊભા થવું, મુનિઓને-પરિઠાવણ= પરઠવવા યોગ્યને વિધિપૂર્વક ગ્રહણ કરવાનું અને પ્રાવરણ= ચોલપટ્ટો લેવાનો હોય. ॥૨૬॥

લેપાલેપ, ખરડાયા પછી લૂછી નાખેલી કડછી વગેરે આશ્રયી, સંસૃષ્ટ= શાક અને માંડા વગેરેને સ્પર્શ થયો હોય, ઉત્ક્ષિપ્ત= કઠણ વિગઈ મૂકીને ઉપાડી લીધી હોય, મ્રક્ષિત= આંગળી વગેરેથી સહેજ ચોપડેલ હોય. ॥૨૭॥

ઓસામણ વગેરે લેપકૃત્, અલેપકૃત્= કાંજી વગેરે અચ્છ= ઉષ્ણ જળ, બહુલ= ધોવણ, સસિક્થ= ઉત્સેદિત-દાણા, આટા વગેરે સહિત. અસિક્થ= દાણા, આટા વગેરે રહિત. ॥૨૮॥

### ૫. દશ વિગઈઓ

દૂધ વગેરે છ ભક્ષ્ય વિગઈઓ :- પાંચ, ચાર, ચાર, ચાર, બે અને બે પ્રકારે, એમ એકવીસ થાય છે. મધ વગેરે ચાર અભક્ષ્ય વિગઈઓ ત્રણ, બે, ત્રણ અને ચાર પ્રકારે એમ બાર થાય છે. ॥૨૯॥

### ૧૦. વિગઈઓ અને તેના ૩૩ પેટા ભેદો

દૂધ, ઘી, દહીં, તેલ, ગોળ અને પકવાન્ન, છ ભક્ષ્ય વિગઈઓ છે. ગાય, ભેંસ, ઊંટડી, બકરી અને ઘેટીનું એમ પાંચ પ્રકારે દૂધ, હવે ચાર પ્રકારે. ॥૩૦॥ ઘી તથા દહીં - તે ઊંટડી વિના. તલ, સરસવ, અળસી અને કસુંબી. તેલ, ઢીલો ગોળ અને કઠણ ગોળ, એમ બે પ્રકારે ગોળ અને તેલમાં અને ઘીમાં તળેલ પકવાન્ન. ॥૩૦-૩૧॥

પય-સાડિ-ખીર-પેયા-ડવલેહિ-દુદ્ધટ્ટિ દુદ્ધ-વિગઇ-ગયા ।
દકખ-બહુ-અપ્પ-તંદુલ-તચ્ચુન્નંબિલ-સહિય દુદ્ધે ॥૩૨॥

નિબ્ભંજણ-વીસંદણ-પક્કોસહિ-તરિય-કિટ્ટિ-પક્ક-ઘયં ।
દહિએ કરંબ-સિહરિણિ-સ-લવણ-દહિ-ઘોલ-ઘોલ-વડા ॥૩૩॥

તિલકુટ્ટી-નિબ્ભંજણ-પક્કતિલ-પક્કુસહિતરિય-તિલ્લ-મલી ।
સક્કર-ગુલ-વાણય-પાય-ખંડ-અદ્ધ-કઢિ-ઇકખુ-રસો ॥૩૪॥

પૂરિય-તવપૂઆ બીઅ-પૂઅ તન્નેહ-તુરિય-ઘાણાઈ ।
ગુલ-હાણી જલ-લપ્પસિ, અ પંચમો પુત્તિ-કયપૂઓ ॥૩૫॥

દુદ્ધ દહી ચઉરંગુલ, દવ-ગુલ ઘય-તિલ્લ એગ ભત્તુવરિં ।
પિંડ-ગુડ-મકખણાણં, અદ્દા-ડડમલયં ચ સંસટ્ઠં ॥૩૬॥

દવ્વ-હયા વિગઈ વિગઇ-ગય પુણો તેણ તં હયં દવ્વં ।
ઉદ્ધરિએ તત્તંમિ ય, ઉક્કિટ્ઠ-દવ્વં ઇમં ચન્ને ॥૩૭॥

## ૭. ત્રીશ નીવિયાતાં

### દૂધનાં નીવિયાતાં

દ્રાક્ષ, ઘણા અને થોડા ચોખા, ચોખાનો આટો અને ખાટા પદાર્થ, સહિત દૂધ, તે પયસાડી, ખીર, પેયા, અવલેહિકા (ચટાય તેવી), રાબ, દુગ્ધાટી, દૂધ વિગઈ સંબંધી છે. ॥૩૨॥

### ઘીના અને દહીંના પાંચ પાંચ નીવિયાતાં

દાઝીયું, દહીંની તર અને આટો પકાવેલું ઘી, ઔષધિઓ નાખીને ઉકાળેલા ઘીની તરી, કીટ્ટી અને કાંઈ નાંખીને ઉકાળેલ ઘી.

દહીંના - કરંબો, શીખંડ, મીઠાવાળું દહીં, કપડે છણેલું દહીં અને તે (છણેલું) વડાવાળું દહીં. ॥૩૩॥

### તેલ અને ગોળનાં પાંચ પાંચ નીવિયાતાં

તિલવટી, બાળેલું તેલ, ઔષધિ નાખી ઉકાળેલું તેલ, પકવેલી ઔષધિની તરનું તેલ અને તેલની મલી.

તથા સાકર, ગળમાણું, પાયો કરેલો ગોળ, ખાંડ અને અર્ધ ઉકાળેલ શેલડીનો રસ (એ પાંચ ગોળનાં નીવિયાતાં છે.) ॥૩૪॥

### પક્વાન્નનાં પાંચ નીવિયાતાં

આખી તવીમાં સમાય તેવડા એક પૂડલા પછીનો બીજો પૂડલો, તે જ સ્નેહમાંનો ચોથો વગેરે ઘાણ, ગોળધાણી, જળલાપસી અને પાંચમો - પોતું દઈ તળેલો પૂડલો. ॥૩૫॥

### સંસૃષ્ટ દ્રવ્ય

ખાવાની વસ્તુ ઉપર દૂધ અને દહીં, ચાર આંગળ, ઢીલો ગોળ, ઘી અને તેલ. એક-એક આંગળ હોય, કઠણ ગોળ અને માખણના પીલુના મ્હોર જેવડા કકડા હોય, તો સંસૃષ્ટ (કહેવાય). ॥૩૬॥

### નીવિયાતાનું લક્ષણ અને મતાન્તરે બીજું નામ

દ્રવ્યથી હણાયેલી વિગઈ અને તે કારણથી તે વડે હણાયેલું દ્રવ્ય, તળતાં વધેલું ઘી વગેરે. તેમાં નાંખેલું તે દ્રવ્ય પણ, નીવિયાતું છે. બીજા આચાર્ય ભગવંતો એને ઉત્કૃષ્ટ દ્રવ્ય (કહે છે.) ॥૩૭॥

તિલ-સક્કુલિ વર-સોલાઇ, રાયણંબાઇ દક્ખ-વાણાઈ ।
ડોલી તિલ્લાઈ ઈય, સરસુત્તમ-દવ્વ લેવ-કડા ॥૩૮॥

વિગઇ-ગયા સંસટ્ઠા, ઉત્તમદવ્વા ય નિવ્વિગઇયંમિ ।
કારણ-જાયં મુત્તું, કપ્પંતિ ન ભુત્તું જં વુત્તં ॥૩૯॥

વિગઇં વિગઈ-ભીઓ, વિગઇ-ગયં જો ઇં ભુંજએ સાહૂ ।
વિગઈ વિગઇ-સહાવા, વિગઈ વિગઇં બલા નેઇ ॥૪૦॥

કુત્તિય-મચ્છિય-ભામર-મહું તિહા કટ્ઠ-પિટ્ઠ-મજ્જ દુહા ।
જલ-થલ-ખગ-મંસ તિહા, ઘયવ્વ મક્ખણ ચઉ અભક્ખા ॥૪૧॥

મણ-વયણ-કાય-મણવય-મણતણુ-વયતણુ-તિજોગી સગ સત્ત ।
કર-કારણુમઇ દુ-તિ-જુઇ, તિકાલિ સીયાલ-ભંગ-સયં ॥૪૨॥

એયં ચ ઉત્ત-કાલે, સયં ચ મણ-વય-તણૂહિં પાલણીયં ।
જાણગ-ડજાણગ-પાસત્તિ, ભંગચઉગે તિસુ અણુન્ના ॥૪૩॥

ફાસિય-પાલિય-સોહિય-તીરિયકિટ્ટિય-આરાહિય છ સુદ્ધં ।
પચ્ચક્ખાણં ફાસિયવિહિણોચિયકાલિ જં પત્તં ॥૪૪॥
પાલિયં પુણપુણ સરિયં, સોહિય ગુરુ-દત્ત-સેસ-ભોયણઓ ।
તિરિય સમહિય-કાલાકિટ્ટિય ભોયણ-સમય-સરણા ॥૪૫॥

ઇય પડિયરિયં આરાહિયં, તુ અહવા છ સુદ્ધિ સદ્દહણા ।
જાણણ વિણયડણુભાસણ-અણુપાલણ ભાવસુદ્ધિ-ત્તિ ॥૪૬॥

### સરસોત્તમ દ્રવ્ય

તલસાંકળી, વરસોલાં વગેરે, રાયણ અને કેરી વગેરે તથા દ્રાક્ષનું પાણી વગેરે, ડોળીયું અને તેલ વગેરે. એ સરસ-ઉત્તમ દ્રવ્ય અને લેપકૃત કહેવાય છે. ॥૩૮॥

### નીવિયાતાં : સંસૃષ્ટ અને ઉત્તમ દ્રવ્યોની કલ્પ્યાકલ્પતા

નીવિમાં-નીવિયાતાં, સંસૃષ્ટ દ્રવ્યો અને ઉત્તમ દ્રવ્યો, કોઈ ખાસ કારણ હોય તે સિવાય ખાવા ન કલ્પે; કેમ કે કહ્યું છે કે – ॥૩૯॥

### વિગઈ અને નીવિયાતાં ખાવાથી નુકસાન

દુર્ગતિથી ભય પામેલા જે મુનિરાજ વિગઈ અને નીવિયાતાં ખાય, તેથી વિકારી સ્વભાવવાળી વિગઈઓ વિકારરૂપ હોવાથી બળાત્કારે દુર્ગતિમાં લઈ જાય છે. ॥૪૦॥

### ચાર અભક્ષ્ય મહાવિગઈઓ

કુંતા, માખી અને ભમરીનું મધ - ત્રણ પ્રકારે, કાષ્ઠ અને લોટની મદિરા - બે પ્રકારે, જળચર, સ્થલચર અને ખેચરનું માંસ - ત્રણ પ્રકારે તથા ઘીની જેમ માખણ ચાર પ્રકારે છે, એ અભક્ષ્ય છે. ॥૪૧॥

### ૭. બે પ્રકારે પચ્ચક્ખાણના ભાંગા

મન, વચન, કાયા. મન-વચન, મન-કાયા, વચન-કાયા અને ત્રિસંયોગે, કરવું, કરાવવું, અનુમોદવું, બબ્બેના અને ત્રણેયના યોગે, સાતીયા સાત અને ત્રણ કાળ. એકસો સુડતાલીશ ભાંગા. ॥૪૨॥

એ પચ્ચક્ખાણ શાસ્ત્રમાં કહેલા કાળ પ્રમાણે અને પોતે મન-વચન-કાયાથી પાળવું તથા જાણ અને અજાણ, પાસેથી - એમ ચારભાંગામાં ત્રણ ભાંગાની આજ્ઞા છે. ॥૪૩॥

### ૮. પચ્ચક્ખાણની છ શુદ્ધિઓ

સ્પર્શિત, પાલિત, શોધિત, તીરિત, કીર્તિત અને આરાધિત, એ છ શુદ્ધિ છે અને વિધિપૂર્વક જે પચ્ચક્ખાણ યોગ્ય વખતે લીધું હોય તે સ્પર્શિત. ॥૪૪॥

વારંવાર સંભાર્યું હોય - તે પાલિત, ગુરુ મહારાજને વહોરાવ્યા પછી વધેલાનું ભોજન, તે શોધિત, કંઈક અધિક કાળ થવા દેવો તે તીરિત અને ભોજન વખતે સંભારવું, તે કીર્તિત. ॥૪૫॥

એ પ્રમાણે બરાબર જાળવેલું, તે આરાધિત, અથવા પચ્ચક્ખાણ (તરફ) શ્રદ્ધા, જાણપણું, વિનય, અનુભાષણ, અનુપાલન અને ભાવશુદ્ધિ, એ પ્રકારે છ શુદ્ધિઓ છે. ॥૪૬॥

પચ્ચક્ખાણસ્સ ફલં, ઇહ પર-લોએ ય હોઇ દુવિહં તુ ।
ઇહ-લોએ ધમ્મિલાઇ, દામન્નગમાઇ પર-લોએ ॥૪૭॥

પચ્ચક્ખાણમિણં સેવિઊણ, ભાવેણ જિણ-વરુદ્દિટ્ઠં ।
પત્તા અણંત-જીવા સાસય-સુક્ખં અણાબાહં ॥૪૮॥

## ૯. બે પ્રકારનું ફળ

આ લોકમાં અને પરલોકમાં એમ બે પ્રકારે પચ્ચક્ખાણનું ફળ છે. તેમાં - આ લોકમાં ધમ્મિલકુમાર અને પરલોકમાં દામન્નક વગેરે. ॥૪૭॥

શ્રી જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલ આ પચ્ચક્ખાણને ભાવપૂર્વક આદરીને અનંત જીવો બાધા રહિત શાશ્વત્ સુખ પામ્યા છે. ॥૪૮॥

## પ્રશ્નોત્તરી

(૧) પચ્ચક્ખાણ કેટલા પ્રકારના છે ? અહીં જે ૯ દ્વાર બતાવ્યા તે કયા પચ્ચક્ખાણના છે ?

ઉ. પચ્ચક્ખાણ

- સમ્યક્ત્વ
- ગુણપચ્ચક્ખાણ
  - મૂળગુણ પચ્ચક્ખાણ
    - દેશમૂળગુણ — અણુવ્રત
    - સર્વમૂળગુણ — મહાવ્રતો
  - ઉત્તરગુણ પચ્ચક્ખાણ
    - દેશઉત્તરગુણ — ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત, સંલેખના
    - સર્વઉત્તરગુણ — અનાગતાદિ ૧૦ પચ્ચક્ખાણ

આ પ્રમાણે સર્વ ઉત્તરગુણ પચ્ચક્ખાણના અત્રે ૯ દ્વારો છે.

(૨) કોઈ પચ્ચક્ખાણ ન હોય અને નવું શરૂ કરે તો તેની બે કોટિ ન મળે તો તે પચ્ચક્ખાણ કયું કહેવાય ?

ઉ. કોઈ પચ્ચક્ખાણ ન હોય અને નવું શરૂ કરે તો તે અકોટિ પચ્ચક્ખાણ કહેવાય. કોટિ સહિત પચ્ચક્ખાણમાં સમકોટિ અને વિષમકોટિ બતાવેલ છે તે આરાધક આત્મા પચ્ચક્ખાણ વગર રહેતો નથી, એની અપેક્ષાએ છે. તેથી આ અકોટિ પચ્ચક્ખાણ સાક્ષાત્ ગ્રહણ કર્યું નથી, પણ ઉપલક્ષણથી જાણવું.

(૩) જેમાં અનાભોગ અને સહસાત્કાર આ બે જ આગાર હોય તે અનાગાર પચ્ચક્ખાણ જાણવું. તો મુટ્ઠિસહિઅં વગરના નવકારશી પચ્ચક્ખાણમાં બે જ આગાર છે તો તે અનાગાર કહેવાય ?

ઉ. એ પચ્ચક્ખાણને અનાગાર ગણવામાં નથી આવ્યું. કારણ કે તે અલ્પકાળનું છે અને તે સામાચારી મુજબ મુટ્ઠિસહિઅં સહિત કરાય છે. તેથી ચાર આગારવાળું છે.

(૪) પાણસ્સના પચ્ચક્ખાણમાં અન્નત્થણાભોગેણં સહસાગારેણં કેમ નહિ ?

ઉ. સામાન્યથી ઉત્તરગુણ પચ્ચક્ખાણમાં આ બે આગાર હોય જ છે. પાણસ્સમાં જે પાણી નથી ખપતા તેને પાણી તરીકે ન ગણતાં આહારરૂપ ગણ્યા છે. તેથી અનાભોગથી કે સહસાત્કારથી તેનું સેવન થઈ જાય તોપણ એની છૂટ અદ્ધા પચ્ચક્ખાણ અને વચ્ચેના સ્થાનના આગારથી ગણી લીધી હોવાથી પચ્ચક્ખાણ ભંગ થતો નથી.

(૫) પચ્ચક્ખાણ ભૂલી જવાથી વિસ્મૃતિના કારણ કે મુખમાં ખાવાની બુદ્ધિથી નાખે તો અનાભોગ આગાર છે તે પ્રમાણે નવકારશી આદિ નક્કી કર્યું હોવા છતાં રોજની ટેવથી વિશેષ ઉપયોગ વગર આયંબિલના સામાન્ય ઉપયોગથી કરેલ પચ્ચક્ખાણ વ્યંજન છલના ગણાય કે અનાભોગ ગણાય ?

ઉ. અનાભોગથી થયેલ સારું કાર્ય જાળવી રાખવું તે ઉત્તમતા છે. છતાં તેવી શક્તિ ન હોય તો અનાભોગના સ્થાને ગણવામાં બાધ જણાતો નથી. છતાં લેનાર અને આપનારની વ્યંજન છલના સમજવી.

(૬) ઉપવાસમાં પ્રથમ અદ્ધા પચ્ચક્ખાણ કેમ નહિ ? ક્રમભેદ શા માટે ?

ઉ. દિવસભર માટે કોઈપણ આહારનો જેમાં સંપૂર્ણ ત્યાગ હોય તેનું પચ્ચક્ખાણ પહેલાં આવે અને અમુક કાળ માટે ત્યાગ હોય તે પચ્ચક્ખાણ પછી આવે એવો ક્રમ છે. એકાસણા વગેરેમાં ચારે આહારમાંથી એક પણ આહારનો આખા દિવસ માટે ત્યાગ નથી. તેથી પ્રથમ પચ્ચક્ખાણ તેમાં નથી, તેથી બીજું અદ્ધા પચ્ચક્ખાણ પ્રથમ આવે છે.

ચઉવિહાર ઉપવાસમાં ચારે આહારનો સંપૂર્ણ ત્યાગ હોવાથી તેનું પચ્ચક્ખાણ પહેલું આવે અને અદ્ધા પચ્ચક્ખાણ હોતું નથી. તિવિહાર ઉપવાસમાં ૩ આહારનો સંપૂર્ણ ત્યાગ હોવાથી તેનું પચ્ચક્ખાણ પહેલાં કર્યા પછી અમુક કાળ માટેના પાણીના ત્યાગ રૂપ અદ્ધા પચ્ચક્ખાણ બીજુ આવે છે. તેમ જ વિગઈ અને સ્થાન પચ્ચક્ખાણ હોતા નથી. તે પછી પાણસ્સ અને દેશાવગાસિક ક્રમશઃ જ છે એટલે ક્રમભેદ નથી.

(૭) સાધુને પોરિસી દુવિહાર કેમ નહિ ?

ઉ. સાધુને ખાદિમ, સ્વાદિમ સામાન્યતઃ લેવાનું નથી. તેથી દુવિહારનું પચ્ચક્ખાણ ગણ્યું નથી.

(૮) બીજા બધાં પચ્ચક્ખાણમાં 'પચ્ચક્ખામિ' પદ આવે છે તો પાણસ્સનાં પચ્ચક્ખાણમાં કેમ નહિ ?

ઉ. (૧) પાણસ્સનું જુદું સ્થાન હોવાથી "પાણં પચ્ચક્ખામિ" એ અધ્યાહારથી સમજવું. (૨) અહીં પાણીનો ત્યાગ કરું છું. એવો અર્થ ન કરતાં વ્યાખ્યાનથી સચિત્ત પાણીનો ત્યાગ કરું છું, એવો અર્થ કરવો. (૩) જેમાં બીજા દાણા વગેરે ન હોય તે પાણી લોકવ્યવહારમાં શુદ્ધ પાણી ગણાતું નથી. તેથી 'લેવેણ વા' ઈત્યાદિ આગાર મૂકવા પડ્યાં. (૪) જેમાં દાણા કે લેપ વગેરે હોય તે પાણી આંશિક આહાર રૂપ હોવા છતાં પાણીનું પ્રાધાન્ય હોવાથી પાણીના આગાર તરીકે લીધાં છે. (૫) અન્નત્થણાભોગેણં વગેરે જ આગારો અહીં પણ અધ્યાહારથી સમજવા.

(૯) પૂર્વકાળમાં એકાસણું-બેસણું એકલઠાણવાળા પણ સચિત્ત પાણી પીતાં હતાં. તેઓને પાણસ્સના આગાર ખરાં કે નહિ ?

ઉ. રૂઢી અર્થમાં અચિત્ત પાણી માટેના આ આગાર છે. તેથી તેઓને હોય નહીં. પણ પાઠની અખંડિતતા જળવાઈ રહે, એ માટે અથવા તેઓને પણ પાણીમાં આ અંશનો આહાર હોય તો પણ તે પાણી કલ્પે એ માટે જાણવા. તિવિહાર એકાસણામાં પાણીના ત્યાગનું પચ્ચક્ખાણ ન હોવા છતાં પાણીમાં આવતા આ અંશના આહારની છૂટ અશક્યપરિહાર રૂપે અપવાદ તરીકે, પાણીની પ્રધાનતાથી બતાવાઈ છે.

(૧૦) કાઉસ્સગ્ગ સૂત્રમાં 'અન્નત્થણાભોગ' વગેરે ૨ કે ૪ આગાર કેમ નથી ?

ઉ. (૧) ત્યાં બીજી વિવક્ષાથી આગારો બતાવાયા છે. (૨) જે પચ્ચક્ખાણના પ્રવૃત્તિકાળ દરમ્યાન અનેક જુદી જુદી પ્રવૃત્તિઓ હોય તેમાં અનાભોગને આંશિક સ્થાન છે. કાયોત્સર્ગમાં તો મુખ્યતયા એ જ એક પ્રવૃત્તિ હોવાથી ઉપયોગ જ મુખ્યરૂપે છે. તેથી સામાન્યથી અનાભોગ ન ચાલે, ન બતાવાય.

છતાં અર્થથી ૪ આગારો અહીં પણ ગૌણરૂપે અધ્યાહારથી જાણવાં.

વિકલેન્દ્રિય જીવહિંસા વગેરે રૂપ ઈર્યાસમિતિ ભંગ વગેરેમાં પણ અનાભોગ સહસાત્કાર દ્વિતીય પદથી લેવાયા છે.

(૧૧) અણાહારી વસ્તુ પણ મુખમાં નંખાતી હોવાથી કવલાહાર રૂપ છે તો તેનો ૪ આહારમાં સમાવેશ કેમ નથી ? તેનું પચ્ચક્ખાણ કેમ નથી ?

ઉ. ચારે પ્રકારના આહારનું કાર્ય - ક્ષુધાનાશ - તૃપ્તિ, તૃષાનાશ, મુખ સ્વાદિષ્ટ કરવું કે સ્વાદયુક્ત-રુચિકારક ચીજ ખાવાની સંજ્ઞા પોષવી.

જે ચીજો તૃપ્તિકારક નથી, તૃષાકારક નથી, આહારસંજ્ઞાપોષક નથી, અનિષ્ટ

સ્વાદવાળી છે. તે આહારનું ઉપરોક્ત કાર્ય મુખ્યતયા કરતી નથી. સંપ્રદાયમાન્ય આવી ચીજ અસ્વસ્થતામાં સ્વસ્થતા કરી આપવા દ્વારા જ્ઞાનાદિ વૃદ્ધિકારક બનતી હોવાથી કવલ રૂપ હોવા છતાં કવલાહાર રૂપ ગણી નથી. અણાહારી મનાય છે. પણ કેવળ મુખની રુચિથી જેઓ ત્રિફળા ગોળી વગેરે લે છે, તેઓને એ આહારસંજ્ઞા પોષક બનતી હોવાથી અણાહારી ન ગણાય.

(૧૨) 'બહુપડિપુણ્ણા પોરિસિ' ના આદેશથી જ ભ્રમનો પ્રસંગ હોય તો આવો પ્રસંગ માત્ર પોરિસિ પચ્ચક્ખાણમાં જ સંભવિત હોવાથી ત્યાં જ આ આગાર ઘટે, સાઢપોરિસી વગેરેમાં આની જરૂર રહેશે નહિ, છતાં આ આગાર તેમાં પણ છે તો એનો શું અર્થ કરવો ?

ઉ. 'બહુપડિપુણ્ણા પોરિસિ'નું આદેશ વચન એ ઉપલક્ષણ છે. તેથી સાધુનું કે બીજા શિષ્ટ પુરુષના એવા કોઈ વચનબળથી પચ્ચક્ખાણનો કાળ પૂરો થયો જાણી પચ્ચક્ખાણ પારે તો આ આગારનો કાળ પૂરો થયો જાણી પચ્ચક્ખાણ પારે તો આ આગારનો અમલ થાય. આ જ રીતે દ્રવ્યાદિ અભિગ્રહમાં ધારેલ દ્રવ્યાદિ સંપન્ન થઈ ગયા છે. એવું સાધુ વચન કે શિષ્ટ પુરુષના વચનથી જણાય ગ્રને અભિગ્રહપૂર્ણ થવાને અનુરૂપ પ્રવૃત્તિ થાય તે બધી આ આગરનો વિષય જાણવો.

(૧૩) અલ્પલેપવાળી વસ્તુ માટેના લેવાલેવેણં અને ગિહત્થસંસટ્ઠેણં અને ઉક્ખિત્તવિવેગેણં આયંબિલમાં છે તો પ્રતીત્યમ્રક્ષિત વસ્તુ પણ અલ્પ લેપવાળી હોવાથી પડુચ્ચમક્ખિએણં આગાર આયંબિલમાં કેમ નથી ?

ઉ. આ ત્રણેમાં વસ્તુ અલ્પ અવયવવાળી હોવા છતાં, વસ્તુને લેપ આદિ કરવાની દૃષ્ટિથી તેવી કરવામાં નથી આવી. જ્યારે પ્રતીત્યમ્રક્ષિત તો ખાસ, કોમળ બનાવવા જ જાણીને ઘી-તેલવાળી કરેલ છે. આભોગ-પ્રક્ષેપ હોવાથી આયંબિલમાં ન ખપે. આ આગાર ગૃહસ્થ માટે ખાસ છે. સાધુઓ માટે કુણી રોટલી-પોચા ખાખરા વગેરેના ઉદ્દેશથી મોણવાળું લેવાય તો એ દોષરૂપ છે. પચ્ચક્ખાણ ભંગરૂપ બને.

ફક્ત નિર્દોષ ગોચરીના લક્ષ્યપૂર્વક અશક્યપરિહાર તરીકે આછા મોણવાળા ખાખરા કે રોટલી આયંબિલમાં તેવો આગાર ન હોવા છતાં અપવાદ તરીકે કલ્પે.

(૧૪) જેમ હિંસા વગેરેના પચ્ચક્ખાણમાં કરવાનો, કરાવવાનો અને અનુમોદવાનો ત્યાગ હોવાથી પચ્ચક્ખાણ કરનાર બીજા પાસે કરાવતો નથી કે કરતા એવા બીજાની અનુમોદના કરતો નથી, તેમ ઉપવાસાદિ કરનારે આહારનો

ત્યાગ કર્યો હોવાથી બીજા માટે ગોચરી લાવીને કે સાધર્મિક ભક્તિ વગેરે દ્વારા બીજાને આહાર શી રીતે કરાવી શકે ? અર્થાત્ કરાવણ-અનુમતિનું પચ્ચક્ખાણ અહીં કેમ નથી ?

ઉ. કોઈપણ પચ્ચક્ખાણનું સાધ્ય સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. એ જેનાથી પોષાતા હોય તેનો ત્યાગ કરવાનો ન હોય. બીજાને જ્ઞાનાદિ વૃદ્ધિ માટે આહારાદિ જરૂરી હોય તો તે કરાવવા આવશ્યક હોવાથી તેનું તો પચ્ચક્ખાણ કરવું એ સાવદ્ય છે.

જેમ જાતે આહારાદિ ત્યાગ કરવો યોગ્ય છે, તેમ શક્તિસંપન્ન હોય એવા બીજાને પ્રેરણા કરવી પણ યોગ્ય છે. પરંતુ જેઓ અસમર્થ છે, તેઓને આહારાદિના સંપાદન દ્વારા જ્ઞાનાદિ વૃદ્ધિ કરવી તે પણ આરાધના છે. તેથી આ આહાર પચ્ચક્ખાણમાં - ઉત્તરગુણ પચ્ચક્ખાણમાં કરાવણ-અનુમતિનો નિષેધ હોતો નથી.

માત્ર મૂળગુણ પચ્ચક્ખાણ અને સમ્યક્ત્વમાં કરાવણ-અનુમતિનો નિષેધ હોય છે.

(૧૫) કયા પચ્ચક્ખાણમાં ચઉવિહંપિ આહારં, તિવિહંપિ આહારં બોલવું અને કયા પચ્ચક્ખાણમાં ન બોલવું ?

ઉ. ● પાણસ્સના પચ્ચક્ખાણનો માત્ર પાણી જ વિષય હોવાથી ચઉવિહંપિ તિવિહંપિ ન બોલવું.

● વિગઈ પચ્ચક્ખાણમાં વિગઈ તરીકે અશન-પાન બે જ આવે છે. તે ઉપલક્ષણથી જાણવું. તેથી તેમાં પણ એ બે પદ હોતાં નથી.

● પાણહારના બે પચ્ચક્ખાણ (સવાર-સાંજના) માત્ર પાણી વિષયક હોવાથી તેમાં પણ ન બોલવાં.

● અભિગ્રહ પચ્ચક્ખાણ આહાર સિવાયના પણ હોય છે. તેથી એમાં ધારણામાં આવી જાય, તેથી જુદો પાઠ નહિ.

● નવકારશી-એકાસણું-બેસણું-ઉપવાસ આદિમાં એ બે પદ આવે છે.

● સંકેત પચ્ચક્ખાણમાં તો જે વસ્તુનો 'સંકેત' સુધી ત્યાગ હોય તેનો તે સંકેત પૂર્ણાહુતિ સુધી ત્યાગ થઈ જ જતો હોવાથી આહારાદિ માટે જુદા પદોની જરૂર રહેતી નથી. હાલમાં મુટ્ઠિસહિયંનો રિવાજ ચારે આહારના ત્યાગ માટે છે. પણ પૂર્વે

ગંઠસી વગેરે ગમે તે ધારેલ ચીજ માટે થતા હતા. જેમ કે કપર્દીયક્ષને પૂર્વભવના દારૂના ત્યાગ માટે ગંઠસી પચ્ચક્ખાણ કરાવેલ. રેશમની ગાંઠ ન ખૂલવાથી મરીને યક્ષ થયા.

આના પરથી જણાય છે કે મુટ્ઠિસહિયં વગેરે સંકેત પચ્ચક્ખાણોમાં પણ તિવિહંપિ ચઉવિહંપિનો પાઠ હોવો ન જોઈએ. તેથી જ્યાં બોલાય છે ત્યાં એ પાછળથી પ્રક્ષેપ થયા રૂપ જાણવો. પાયચંદ ગચ્છની વિધિમાં આ પ્રક્ષેપ છે. ત્યાંથી કોઈએ આપણે ત્યાં ઉતારો કર્યો જણાય છે.

(૧૬) પચ્ચક્ખાણ અને પ્રણિધાનમાં શું તફાવત ? મનોમન નિશ્ચય કરી લેવા રૂપ પ્રણિધાનથી કેમ ન ચાલે ? પચ્ચક્ખાણ લેવું જરૂરી કેમ ?

ઉ. પ્રણિધાન કેવળ ભાવરૂપ છે, પચ્ચક્ખાણ દ્રવ્ય-ભાવ ઉભયરૂપ છે. વ્યવહારમાં દ્રવ્યને ભાવનું કારક, રક્ષક, પોષક માનેલું છે. તેથી બધા વ્યવહાર ધર્મો પ્રાયઃ પાંચની સાક્ષીએ કરવાના હોય છે. અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ અને આત્મસાક્ષી.

પોતાનો ભાવ ઉપયોગ હોવો તે આત્મસાક્ષી. જિનમૂર્તિ કે સ્થાપનાજી સમક્ષ વ્રત પચ્ચક્ખાણ કરવા તે અરિહંત સાક્ષી. સિદ્ધોની સાક્ષી આપણે ભાવથી વિચારવાની છે. તે આ રીતે - સિદ્ધોનું જ્ઞાન સર્વવ્યાપ્ત હોવાથી આપણી પચ્ચક્ખાણ કરવાની ક્રિયાને પણ તેઓ જુએ છે, જાણે છે. દૂર રહેલાં પણ સમકિતી દેવોની ઉપયોગથી નજીકમાં સંભાવના ધારી સાક્ષાત્ સાક્ષી માનવાની છે. એ રીતે સાધુની સમક્ષમાં વ્રત પચ્ચક્ખાણ કરવાથી સાધુ સાક્ષી..... અહીં ઉપલક્ષણથી ગુરુઓ, વડીલો અને છેવટે આપણને વ્રતભંગ થવામાંથી અટકાવે તેવા વ્યક્તિઓ-સાધર્મિકોની સાક્ષી અવશ્ય કરવી જોઈએ. તેથી લોચ જેવી ક્રિયા પછી "तुम्हाणं पवेइअं संदिसह साहूणं पवेएमि" એ આદેશ માંગવાનો હોય છે.

માટે દરેક પ્રકારના પચ્ચક્ખાણ અને ધર્મક્રિયા અવશ્ય સાધુ-સાધર્મિકની સાક્ષીએ કરવા તે વ્યવહારશુદ્ધિ ધર્મ છે. તેથી માત્ર પ્રણિધાન ચાલે નહિ.

સાક્ષીપૂર્વક કરાયેલું પચ્ચક્ખાણ અખંડિત રીતે પળાય છે, ક્ષયોપશમ વધે છે, બીજાનો ટેકો મળે છે; બીજાઓને કરવા પ્રેરણા મળે છે, સામાન્ય આપત્તિમાં પણ મક્કમતાથી પળાય છે.

પરિણામ મંદ થયા હોય તો પણ લોકલાજે મક્કમ થવાય. આમ પચ્ચક્ખાણ ભાવને દૃઢ બનાવવા અને વ્યવહાર ધર્મના પાલન માટે "પચ્ચક્ખાણ" કરવું

આવશ્યક છે.

(૧૭) પાણસ્સના ૬ આગાર છે, તે પાણી અચિત્ત છે તો પાણીના આગાર શી રીતે ? પાણીમાં જે ચીકાશ, દાંણા અથવા અનાજનો અંશ આવે છે તે આહાર બંધ હોય, વિગઈ બંધ હોય કે નિયમ હોય તેના આગારમાં આવે ને ?

ઉ. બધા એટલે કે અદ્ધા, વિગઈ અને આહારના અંતે પાણસ્સનું પચ્ચક્ખાણ આવે - તેથી પાણીમાં તે તે અંશ છે. તેથી પાણીની પ્રધાનતાથી પાણીના આગારમાં તે લીધા છે, પરંતુ અંતે છે એટલે પૂર્વના ત્રણે પચ્ચક્ખાણમાં આગાર રૂપે સમજવા. તેમાં અદ્ધાના આગાર રૂપે - જ્યારે નવકારશી કે પોરિસી ચોવિહાર કરી ઉપરનું કાળ પચ્ચક્ખાણ "પોરિસી" "સાઢપોરિસી" તિવિહાર કરે ત્યારે ત્યાં સુધી ત્રણ આહાર ત્યાગ છે. તેથી તે પાણીમાં અંશ રૂપે આવવાથી પચ્ચક્ખાણ ભંગ ન થાય તે માટે આગાર છે. એ રીતે વિગઈ ત્યાગ હોય અને તેનો અંશ આવે તો વિગઈ પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે માટે આગાર છે અને ... એકાસણા કે બેસણાના પચ્ચક્ખાણમાં તે આસન સિવાયના સમયમાં પાણી પીવામાં પાણી ભેગાં તે અંશો આવવાથી તે વખતે અશન-સ્વાદિમ કે ખાદિમનો ત્યાગ હોવાથી પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે માટે પણ આ આગાર છે.

ઉપવાસના પચ્ચક્ખાણમાં અદ્ધા પચ્ચક્ખાણથી ત્રણ આહારનો ત્યાગ હોવાથી આ અંશો આવે ત્યારે તે પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે માટે તેના આગાર સમજવા.

આમ હોવા છતાં અદ્ધા - વિગઈ કે સ્થાપનાના તે તે પચ્ચક્ખાણો ભેગા આ આગારો ન બતાવતાં પાણીની પ્રધાનતા હોવાથી પાણીના આગાર રૂપે બતાવ્યા છે અને અંતે બતાવ્યા છે. તેથી પૂર્વના ત્રણે ય પચ્ચક્ખાણોના આ આગારો સમજવા જોઈએ.

(૧૮) આયંબિલ-એકાસણું-નીવિ કર્યા પછી કયું પચ્ચક્ખાણ કરે ?

ઉ. ઉપરના ત્રણે પચ્ચક્ખાણ કર્યા પછી દિવસચરિમં તિવિહાર પચ્ચક્ખાણ કરવું એટલે ત્રણ આહારના ત્યાગવાળું પચ્ચક્ખાણ કરવું. સાથે પાણી ખુલ્લુ રહે છે. તેને ત્યાગ કરવા મુઠ્ઠિસહિઅંનું પચ્ચક્ખાણ કરવું. એટલે મુઠ્ઠીવાળી ત્રણ નવકાર ગણીએ, પછી પાણી ખુલ્લું થાય. એ સિવાય બધો આહાર બંધ રહે તો વિરતિનો લાભ મળે.

(૧૯) આયંબિલાદિમાં પોરિસી પચ્ચક્ખાણે પાણી વાપરવું હોય અને પુરિમુઢ્ઢ આયંબિલ કરવું હોય તો કયું પચ્ચક્ખાણ કરવું ?

ઉ. ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં સૂરે ઉગ્ગએ પુરિમુઢ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં અસણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં... આદિ.

(૨૦) ઉપરનું પચ્ચક્ખાણ પારવાનું કેવી રીતે ?

ઉ. ૧ નવકાર ગણી ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું. ચઉવિહાર અને સૂરે ઉગ્ગએ પુરિમુઢ્ઢં મુટ્ઠિસહિઅં આયંબિલ-એકાસણું પચ્ચક્ખાણ કર્યું. તિવિહાર પચ્ચક્ખાણ ફાસિઅં પાલિઅં સોહિઅં તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

આ રીતે ન ફાવે તો બંને સમય ત્રણ ત્રણ નવકાર ગણી પારી શકાય. જેમ અત્યારે ફક્ત એકાસણાનું પચ્ચક્ખાણ હોય તો પણ ફક્ત ત્રણ નવકાર ગણીને પારે છે તે રીતે.

(૨૧) સાંજે તિવિહારનું પચ્ચક્ખાણ કરવું પડે અને પાણી એકથી વધારે વાર ન વાપરવું હોય તો કયું પચ્ચક્ખાણ કરવું ?

ઉ. તિવિહારનું પચ્ચક્ખાણ કર્યા પછી એકથી વધારે વાર પાણી ન વાપરવા માટે ધારણા અભિગ્રહં પચ્ચક્ખાણ કરી શકાય. તેવી જ રીતે રાત્રે ૧૦ વાગ્યા પછી નહીં વાપરવું, એવું ધારણા પચ્ચક્ખાણ કરી શકાય અને એ પણ જ્યાં સુધી ન વાપરે ત્યાં સુધી ચારે આહારના ત્યાગ રૂપ વિરતિ કરવા માટે મુટ્ઠિસહિઅંનું પચ્ચક્ખાણ પણ કરી શકાય.

(૨૨) રાત્રિભોજન કર્યું હોય તે નવકારશી કરી શકે ?

ઉ. પ્રથમ રાત્રિભોજન કરવું તે ઉચિત નથી. છતાં કારણસર કરવું પડે તો સવારે નવકારશી પચ્ચક્ખાણ કરવામાં બાધ નથી. રાત્રે છેલ્લું જમ્યા પછી ધારણા અભિગ્રહ પચ્ચક્ખાણ કરી લેવું કે સવારે નવકારશી ન આવે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ એ રીતે ધારણા કરવી.

(૨૩) વિશેષ પચ્ચક્ખાણો કયા કરી શકાય ?

ઉ. આ સિવાય અવિરતિનો દોષ ન લાગે તે માટે મુટ્ઠિસહિઅં અને ધારણા અભિગ્રહં પચ્ચક્ખાણ કરવું જોઈએ.

મુટ્ઠિસહિઅં - સવારે નવકારશી કર્યા પછી ૧૧ વાગે જમવાનું હોય છે ત્યાં

સુધી આહાર ન લેવાનો હોય તો પણ પચ્ચક્ખાણ કરવામાં ન આવે તો તે આહાર ત્યાગનો લાભ મળતો નથી. તેથી મુઠ્ઠી વાળી ત્રણ નવકાર ન ગણું ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ, એ પ્રમાણે મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કરે તો આખા દિવસમાં ખાવા-પીવાના કલાક ૨ થી વધારે ન થાય. મહિનાના ૬૦ કલાક અને ૬૦ કલાકના ૨॥ દિવસ તો ૨૭॥ દિવસ ઉપવાસનો એટલે ચાર આહારના ત્યાગ રૂપ વિરતિનો લાભ મળે. માટે મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાણ દરેકે કરવું જોઈએ. નાના છોકરાથી માંડીને મોટી ઉંમરના જીવનના છેલ્લા શ્વાસ સુધી આ પચ્ચક્ખાણ કરી શકે, પણ ઘરમાં આ સમજ આપનાર જ્ઞાની હોય તો કામ થાય.

તેમ જ ધારણા અભિગ્રહ પચ્ચક્ખાણમાં જુદી જુદી ધારણા કરી શકાય. ૧૪ નિયમ ધારીને દેશાવગાસિક પચ્ચક્ખાણ કરે, એ પહેલે નંબરે, પણ એ શક્ય ન બને ત્યાં સુધી દિવસમાં ૩૦ દ્રવ્યથી વધુ નહીં વાપરું. ઘરમાં કદાચ ૩૦ દ્રવ્યો બનતા પણ ન હોય છતાં "વિણ ખાધે વિણ ભોગવે ફોગટ કરમ બંધાય" એ ન્યાયે આપણે નિયમ ન કરીએ તો ન ખાવા છતાં અવિરતિનું પાપ લાગે છે. જેમ ઘરમાં ઈલેક્ટ્રિકનું Connection કરાવ્યા પછી લાઈટ ચાલુ ન કરીએ કે બહાર ગયા પછી ફોન એક મહિના સુધી ન વાપરીએ તો પણ Minimum Charge લાગે છે. તે રીતે અહીં આપણું દરેક ચીજ સાથે Connection હોવાથી અવિરતિનું પાપ લાગે છે માટે નિયમ કરવો જોઈએ. તેવી રીતે બીજા નિયમ પણ કરી શકાય. દા. ત. ૧૦૦ કિ.મી.ની બહાર જઈશ નહિ. મુંબઈ, અમદાવાદ, સુરત જેવા શહેરમાં પણ રોજ ૨૫-૫૦ કિ.મી. થી બહાર જવાનું હોતું નથી, તો એટલી દિશાને સંક્ષેપી લેવી અને તે મુજબ ધારણા અભિગ્રહં પચ્ચક્ખાણ કરી શકાય. રાત્રિભોજન કરવું પડતું હોય તે પણ રાત્રે ૮-૯ વાગ્યા પછી ચારે આહાર ત્યાગ અને સાંજે તિવિહાર પચ્ચક્ખાણ કરવાવાળા પણ અમુક સમય પછી પાણી પણ ત્યાગ અને પાણીનું પ્રમાણ ૧ ગ્લાસ - ૨ ગ્લાસથી વધારે નહિ, એ પ્રમાણે ધારણા અભિગ્રહં પચ્ચક્ખાણ કરી વિરતિનો લાભ અવશ્ય મેળવવો જોઈએ.

**જુદી જુદી રીતે ધારણા કરી શકાય તેવા નિયમો :-**

(૧) ૩૦ દ્રવ્યથી વધુ વાપરીશ નહિ.

(૨) ૧૦૦ કિ.મી. થી વધુ બહાર જઈશ નહિ.

(૩) આજે એકવારથી વધુ સ્નાન નહિ કરું.

(૪) આજે પીવાનું તથા વાપરવાનું પાણી ૧૦ ડોલથી વધારે નહિ વાપરું.

(૫) આજે એક લુખી રોટલી વાપરીશ.

(૬) વસ્ત્ર ૨૫ થી વધારે નહિ વાપરું.

(૭) આજે ફળનો ત્યાગ.

(૮) આજે લીલોતરી ત્યાગ.

(૯) આજે ૫ વાહનથી વધુ ઉપયોગ કરીશ નહિ. (લિફ્ટ પણ વાહનમાં ગણવી.)

પુસ્તકો માટે આજીવન સભ્ય ફી માત્ર રૂ. ૫૦૦૦/-

## સન્માર્ગ પ્રકાશન


જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧
Ph. : 2535 2072, Fax : 2539 2789, E-mail : sanmargp@icenet.net


સારા એરિયામાં માત્ર એક સ્કવેઅર ફુટ જગ્યા મળે એટલી જ રકમમાં જીવનભર માટે જીવનને અધ્યાત્મના ઉજાસથી ભરતા અઢળક પુસ્તકો મેળવો !

***સન્માર્ગ પ્રકાશન*** દ્વારા પ્રકાશિત થતાં પુસ્તકો જૈન આચાર, વિચાર અને તત્ત્વજ્ઞાનને ખૂબ જ સરળ ભાષામાં, સુબોધ શૈલીમાં, આકર્ષક રૂપરંગમાં પ્રસ્તુત કરે છે.

દસ વર્ષના ગાળામાં બસો જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. એક એક પુસ્તકે કૈંકનાં જીવન પલટ્યાં છે. નવી દૃષ્ટિ આપી છે. મૂરઝાયેલી ધર્મચેતનાને ફરીથી જીવતી અને જાગતી કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

પ્રતિવર્ષ લગભગ ૮૦૦ થી ૧૦૦૦ પાનાં જેટલું શાસ્ત્રાનુસારી માર્ગસ્થ સાહિત્ય ઘેરબેઠાં પ્રાપ્ત થશે.

માત્ર લાભ જ લાભ આ યોજનામાં હોઈ આજે જ રૂ. ૫૦૦૦/- ભરી ***સન્માર્ગ પ્રકાશન*** - પુસ્તક યોજનાના આજીવન સભ્ય બનો.

સભ્ય બનતાંની સાથે જ તમારી પસંદગીનાં રૂ. ૧૦૦૦/-નાં પુસ્તકો ભેટ અપાશે.

## ❖ પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ : સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથમાળા ❖

| | | |
|---|---|---|
| ૧. | जीवनसाफल्यदर्शनम् (श्रीविजयरामचन्द्रसूरि) प्रत | (अप्राप्य) |
| २. | दर्शनशुद्धिप्रकरणम् (बृहद्वृत्ति सह) प्रत | (अप्राप्य) |
| ३. | धर्मोपदेशकाव्यम् सटीक (श्रीलक्ष्मीवल्लभगणि) प्रत | (अप्राप्य) |
| ४. | नवस्मरण-गौतमस्वामी रास (मोटा टाइप) प्रत | (अप्राप्य) |
| ५. | इन्द्रियपराजयशतक सटीक (श्रीगुणविनयगणि) प्रत | (अप्राप्य) |
| ६. | दीपोत्सवकल्प (श्रीहेमचन्द्रसूरि) प्रत | ५०-०० |
| ७. | श्रीश्रीपालचरित्रम् (श्रीज्ञानविमलसूरि) प्रत | ६५-०० |
| ८. | श्रीश्रीपालचरित्रम् (श्रीसत्यराजगणि) प्रत | १००-०० |
| ९. | योगविंशिका-प्रकरणम् सटीक (भाषांतर) पुस्तक | २५-०० |
| १०. | हितोपदेशः सटीक (श्री प्रभानंदसूरि) प्रत | ३००-०० |
| ११. | उत्तराध्ययनसूत्र सटीक प्रत (पं. श्री भाव वि.) प्रत | ३००-०० |
| १२. | षड्दर्शनसमुच्चय (गुज. भावानुवाद) भाग-१ पुस्तक | १३०-०० |
| १३. | षड्दर्शनसमुच्चय (गुज. भावानुवाद) भाग-२ पुस्तक | १५५-०० |
| १४. | हितोपदेशः (मूल-वृत्ति-कथा-तुला-टिप्पणीसमन्वितः) पुस्तक | १७५-०० |
| १५. | हितोपदेशः (कथारहित-वृत्तिसमन्वितः) पुस्तक | ७५-०० |
| १६. | योगविंशिकाप्रकरणम् (टीका-टीप्पण-अनुवाद-तात्पर्य-परिशिष्ट-समेतम्) | ९०-०० |
| १७. | आचारप्रदीपः (श्रीरत्नशेखरसूरि.) | १००-०० |
| १८. | प्राकृत-संस्कृत शब्दकोश | ४०-०० |
| १९. | नेमिदूतकाव्यम् - (संस्कृत - हिन्दी - गुज.) | ५०-०० |
| ૨૦. | उपदेशसप्ततिः (ભાષાંતર સાથે) | (અપ્રાપ્ય) |
| ૨૧. | ओघनिर्युक्ति પરાગ | (અપ્રાપ્ય) |
| ૨૨. | पिंडनिर्युक्ति પરાગ | (અપ્રાપ્ય) |
| ૨૩. | શ્રમણ ઉપયોગી સૂત્ર-સાર્થ | ૪૦-૦૦ |

## ❖ પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા ❖

| નં. | નામ | કિંમત |
|---|---|---|
| ૧ થી | સ્મૃતિ ગ્રંથમાળા (૨૧-૨૨ પુસ્તકોના ચાર સેટ) | (અપ્રાપ્ય) |
| ૧૦૮ | સ્મૃતિ ગ્રંથમાળા (૨૧-૨૨ પુસ્તકોનો પાંચમો સેટ) | ૧૨૫/- |
| ૧૦૯ | ભગવાને ભાખ્યા ભાવિના લેખ | (અપ્રાપ્ય) |
| ૧૧૦ | સમ્યગ્દર્શન | (અપ્રાપ્ય) |
| ૧૧૧ થી ૧૨૫ | આચારાંગ સૂત્રનાં (ધૂતાધ્યયન)-વ્યાખ્યાનો (ભાગ ૧-૧૫) | ૨૦૭૦/- |
| ૧૩૧ | જૈનશાસનની મિલકત | (અપ્રાપ્ય) |
| ૧૩૨ | આત્માની ત્રણ અવસ્થાઓ | (અપ્રાપ્ય) |
| ૧૩૩ | સનાતન સત્યનો સાક્ષાત્કાર | ૪૦/- |
| ૧૩૪ | વંદિત્તા સૂત્રનું વિવરણ | ૫૦/- |
| ૧૩૫ | રામાયણનો રસાસ્વાદ | (અપ્રાપ્ય) |
| ૧૩૬ | આર્યસંસ્કૃતિનો આદર્શ | (અપ્રાપ્ય) |
| ૧૩૭ | વિંશતિ-વિંશિકા | ૬૦/- |
| ૧૩૮ થી ૧૪૦ | સંઘ સ્વરૂપ દર્શન ભાગ ૧થી ૩ (સેટ) | ૨૫૦/- |
| ૧૪૧ | ધોબીડા તું ધોજે મનનું ધોતીયું | ૧૦/- |
| ૧. | जिनशासन के प्रति हमारा उत्तरदायित्व (हिंदी ग्रंथमाला) | ३५/- |

## ✤ અન્ય પ્રકાશનો ✤

| | | |
|---|---|---|
| ૧. | સન્માર્ગદર્શન ભાગ-૧ | (અપ્રાપ્ય) |
| ૨. | સન્માર્ગદર્શન ભાગ-૨ | (અપ્રાપ્ય) |
| ૩. | त्रैलोक्यप्रकाश | (અપ્રાપ્ય) |
| ૪. | મૃત્યુની મંગળપળે - સમાધિની સાધના (ત્રીજી આવૃત્તિ) | ૫૦/- |
| ૫. | અરિહંતના અતિશયો | (અપ્રાપ્ય) |
| ૬. | અર્હન્નમસ્કારાવલી | ૨૦/- |
| ૭. | વિશ્વવિજ્ઞાન પ્રાચીન અને નવીન | (અપ્રાપ્ય) |
| ૮. | દ્રવ્યસપ્તતિકા | ૧૦૦/- |
| ૯. | પ્રેરક પરિવર્તન (બીજી આવૃત્તિ) | ૫૦/- |
| ૧૦. | ભાવપ્રતિક્રમણનું તાળું ખોલો (છઠ્ઠી આવૃત્તિ) | ૬૦/- |
| ૧૧. | વૈરાગ્યશતક-ઈન્દ્રિયપરાજયશતક | ૭૦/- |
| ૧૨. | શ્રાદ્ધવિધિ પ્રકરણ (ગુજરાતી ભાષાંતર) | ૧૨૫/- |
| ૧૩. | સૂત્રસંવેદના ભાગ-૧ | (અપ્રાપ્ય) |
| ૧૪. | સૂત્રસંવેદના ભાગ-૨ | (અપ્રાપ્ય) |
| ૧૫. | સૂત્રસંવેદના ભાગ-૪ | ૬૦/- |
| ૧૬. | શ્રાવકધર્મ-ધર્મસંગ્રહ સારોદ્ધાર ભાગ-૧ | ૬૦/- |
| ૧૭. | શ્રમણધર્મ-ધર્મસંગ્રહ સારોદ્ધાર ભાગ-૨ | ૫૦/- |
| ૧૮. | અગમ્ય જીવસૃષ્ટિ | (અપ્રાપ્ય) |
| ૧૯. | માંદગીમાં મનની માવજત (ચોથી આવૃત્તિ) | ૧૫/- |
| ૨૦. | શ્રુત મહાપૂજા | ૧૦/- |

## ✦ પ્રવચનપ્રભાવક ગ્રંથમાળા ✦

(પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂ. મ. સા.)

| નં. | નામ | કિંમત |
|---|---|---|
| ૧. | પ્રવચનનું પ્રતિબિંબ | ૫૦/- |
| ૨. | નવપદ ઉપાસના (બીજી આવૃત્તિ) | ૬૦/- |
| ૩. | નવપદના ઉપાસકો (શ્રીપાળ-મયણા) (બીજી આવૃત્તિ) | ૪૦/- |
| ૪. | સાધના જીવનના ચડાવ ઉતાર | (અપ્રાપ્ય) |
| ૫. | પ્રાર્થના સૂત્રના માધ્યમે પરમાત્માને પ્રાર્થના (બીજી આ.) | ૩૦/- |
| ૬. | જિનાજ્ઞા પરમમંત્ર (બીજી આવૃત્તિ) | ૩૦/- |
| ૭. | માર્ગ : દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિનો | (અપ્રાપ્ય) |
| ૮. | આત્મા જ સંસાર, આત્મા જ મોક્ષ | (અપ્રાપ્ય) |
| ૯. | જિનાજ્ઞા જીવનમંત્ર | (અપ્રાપ્ય) |
| ૧૦. | અહિંસાનો પરમાર્થ | ૨૫/- |
| ૧૧. | ધર્મમાં ભાવવિશુદ્ધિની અનિવાર્યતા | ૨૦/- |
| ૧૨. | તપસ્યા કરતાં કરતાં હો ડંકા જોર બજાયા હો... | ૨૫/- |
| ૧૩. | સાધના અને સાધક | ૨૦/- |
| ૧૪. | આત્મધ્યાનના અવસરે | (અપ્રાપ્ય) |
| ૧૫. | સમકિતનો સંગ મુક્તિનો રંગ | ૪૦/- |
| ૧૫/૧. | અંજન શલાકાના રહસ્યો | ૨૦/- |
| ૧૬. | જૈનસંઘના મોભીઓને માર્ગદર્શન (બીજી આવૃત્તિ) | ૫૦/- |
| ૧૭. | ઝાણં : (મનને જાણો ! મનને જીતો !) (HB) | ૫૦/- |
| ૧૮. | આગમ જાણો ! (સૂયગડાંગ સૂત્રનાં વ્યાખ્યાનો ભા. ૧) | ૬૦/- |
| ૧૯. | આતમ જાગો ! (સૂયગડાંગ સૂત્રનાં વ્યાખ્યાનો ભા. ૨) | ૬૦/- |
| ૨૦. | બંધન જાણો ! બંધન તોડો ! (સૂયગડાંગ સૂત્રનાં વ્યાખ્યાનો ભા.૩) | ૬૦/- |
| ૨૧. | શ્રી આદિનાથ ચરિત્ર (સચિત્ર) | ૧૦/- |
| ૨૧/૧ | સન્માર્ગ પ્રશ્નોત્તર ભાગ-૧ | ૨૦/- |
| ૨૨. | સન્માર્ગ પ્રશ્નોત્તર ભાગ-૨ | ૨૦/- |

## ✤ प्रवचनप्रभावक हिन्दी ग्रंथमाला ✤

| | | |
|---|---|---|
| १. | जिनाज्ञा परममंत्र | ३५/- |
| २. | प्रार्थनासूत्र के माध्यम से परमात्मा को प्रार्थना | २५/- |
| ३. | जैन संघ के अग्रणिओं को मार्गदर्शन | ५०/- |
| ४. | आत्मध्यान के अवसर पर | ३०/- |
| ५. | नवपद के उपासक - श्रीपाल - मयणा | ५०/- |
| ६. | समकित का संग मुक्ति का रंग | ५०/- |

## ✱ English Books ✱

| | | |
|---|---|---|
| 1. | Jainism A Glimpse | 20/- |
| 2. | Atma The Self | 25/- |

બુદ્ધિમાન તે જ કે સાચા-ખોટાની પરીક્ષા કરે

# સન્માર્ગ

પાક્ષિક

પ્રકાશન પારિવારિક સમાચાર

सन्मार्गेणैव गन्तव्यं, नोन्मार्गेण कदाऽपि हि । सन्मार्गाज्जायते सिद्धि-रुन्मार्गाद्भववर्द्धनम् ।।

સન્માર્ગ પ્રકાશન : જૈન આરાધના ભવન ટ્રસ્ટ, પાછીયાની પોળ,
રીલીફ રોડ, અમદાવાદ-380001. ફોન : 2535 2072
E-mail : sanmargp@icenet.net ફેક્સ : 2539 2789

દર પંદર દિવસે
ગુજરાતી અને હિન્દી ભાષામાં
જૈનત્વ જાગૃત કરતું પાક્ષિક

## *સન્માર્ગ પ્રકાશન પારિવારિક સમાચાર*

## પાક્ષિક પત્ર ગુજરાતી-હિંદી અલગ અલગ આવૃત્તિરૂપે

દર પંદર દિવસે ઘરે આવી સૂતેલા આતમરામને ઢંઢોળી અનંત સુખના સ્વામી બનવાનો કિમીયો બતાવતું ***સન્માર્ગ પાક્ષિક*** જન-જનમાં જાણીતું અને માણીતું બની ચૂક્યું છે.

વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. શ્રી વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સચોટ પ્રવચનાંશો તેમજ પ્રવચનપ્રભાવક પૂ. આ. શ્રી વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજનાં પ્રવચનોથી આ પાક્ષિકનાં પૃષ્ઠો અલંકૃત બનેલાં છે.

તે ઉપરાંત જૈનશાસનનું તત્ત્વજ્ઞાન, સ્વાધ્યાયનો સથવારો, ચૂંટેલા શાસ્ત્ર શ્લોકો, સરળ ભાષામાં નવતત્ત્વ અને દર્શન-પૂજાની વિસ્તૃત સમજ, પૂજ્ય પુરુષોનો પરિચય અને મુંઝવતા પ્રશ્નોના શાસ્ત્રીય સમાધાનો આ પાક્ષિકની વિરલ વિશેષતા છે. ***સન્માર્ગના*** અનેકાનેક વિશેષાંકો ચતુર્વિધ શ્રીસંઘ ખૂબ જ આત્મીયતાથી સંઘરી રાખે છે; કેમ કે તે અંકો તે તે વિષયના પ્રામાણિક સંદર્ભો બની રહે છે.

વર્ષે ૩૦૦થી વધુ પાનાં **A/4** સાઈઝના ઉજળા ભારે કાગળ પર બહુરંગી-ઑફસેટ પ્રિન્ટીંગમાં છપાતું ***સન્માર્ગ*** બાહ્યાભ્યંતર આકર્ષક રૂપરંગ ધરાવે છે.

**માત્ર ૧૦૦૦/- રૂપિયા એક જ વાર ભરી આજીવનપર્યંત ઘેર બેઠાં મેળવો.**

**જે ભાષાની આવૃત્તિ જોઈએ તે લખી જણાવશો.**

## *સન્માર્ગ પ્રકાશન*

**જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧**
Ph. : 2535 2072, Fax : 2539 2789, E-mail : sanmargp@icenet.net

**માત્ર ૧૦૦૦/- રૂ. માં જિંદગીનો અધ્યાત્મ વીમો ઉતરાવો.**

સન્માર્ગ પ્રકાશન

Sanmarg (079) 25352072
Title by Khushi Designs :09227504555